વિવિધ ગ્રંથમાળા: પુસ્તક ૪૧, ૪૨, ૪૩, વર્ષ ચોથું.

टुंकी वार्ताओ.

ભાગ ૨ જો.

(કુટુંબ બોધક ૧૯ ટુંકાં ગૃહચિત્ર.)

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी

અનુવાદક,
વ્રજલાલ જાદવજી ઠક્કર. અમદાવાદ.
સંપાદક અને પ્રકાશક,
ભિક્ષુ અખંડાનંદ-ઠે. કાલબાદેવીરોડ. મુંબઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૩૦૦ સં ૧૯૭૦. ઈ. ૧૯૧૪.

વાર્ષિક ફાળે મૂલ્ય ૫ આના. પાકું પૂઠું ૧૦ આના
છૂટક મૂલ્ય એથી બેવડું, પો. જૂદું.

અમદાવાદમાં શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

અનુક્રમણિકા.

પ્રકીર્ણ વિષયો.

ટુંકી વાર્તાઓ.

નિવેદન.

વિવિધ ગ્રંથમાળાના ૪૧, ૪૨, ૪૩ પુસ્તક તરીકે "ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો" વાચકોના કરકમળમાં સાદર થાય છે.

ગત વર્ષમાં પુસ્તક ૩૪ થી ૩૬ તરીકે પ્રકટ થએલા ટુંકી વાર્તાઓના પ્રથમ ભાગમાં ઐતિહાસિક વાર્તાઓ આપવામાં આવી હતી. આ બીજા ભાગમા નાની વાર્તાઓ રૂપે ૧૯ ટુંકાં કુટુંબ બોધક ગૃહચિત્ર આપવામાં આવ્યાં છે.

સમર્થ મહર્ષિઓએ બહુ ઉંડી બુદ્ધિપૂર્વક ગુણ કર્મ સ્વભાવના ભેદ પ્રમાણે ચાર વર્ણની યોજના કરવા સાથે, મનુષ્યોની શારીરિક અને માનસિક અવસ્થાના ચાર મુખ્ય વિભાગો રૂપે જે ચાર આશ્રમો દર્શાવ્યા છે; તેનો હેતુ મનુષ્યોની દરેક પ્રકારની ઉન્નતિ, આરોગ્ય અને સુખ સધાઇ પરિણામે સર્વોત્તમ આનંદની સદાકાળ માટે પ્રાપ્તિ થવા રૂપ મોક્ષપદ તેઓ મેળવી શકે એજ છે.

એ ચાર આશ્રમો તે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત છે. હિંદુ સંસારનો એ દરેક આશ્રમરૂપ વિભાગ, જુજ અપવાદોને બાજુએ રાખતાં જ્યાં ત્યાં અજ્ઞાન, દુઃખ, દીનતા, દુર્ગુણ અને વ્યાધિ એ મહાન શત્રુઓવડેજ ઘેરાઇ રહેલો છે. **मूलं नास्ति कुतः शाखा** એ ન્યાયે, માનવસંસારરૂપી વૃક્ષના મૂળસ્વરૂપ બ્રહ્મચર્યનું પાલન અને પરિણામ જ્યાં માબાપોજ સમજતાં હોય નહિ; ત્યાં તેમની પ્રજા તો ક્યાંથીજ સમજે અને પાળે? અને આખા જીવનના પાયારૂપ એ આશ્રમનું પાલન નહિ, ત્યાં પછી એ પાયા ઉપર ઉભી કરાતી ગૃહસ્થાશ્રમરૂપી ઇમારતમાં શો સાર આવે? યથાર્થ વાનપ્રસ્થ અને સન્યાસ પણ તે વિના ક્યાંથી પ્રકટે, અને ક્યાંથી એવા સખ્યા-

બંધ ઉત્તમ વાનપ્રસ્થો અને સંન્યાસીઓ જનસમાજને ઉન્નતિના સત્ય પંથે દોરનારા નીકળે? ભારતભૂમિપર બાવન લાખ બાવાઓના પડતા ભારના હિસાબો ગણ્યા કરી ભલે ભેજા બાળ્યા કરો અને ભવાં ચ્હડાવ્યા કરો, પરંતુ એકાદ ગંધાતા કૂવામાંથી નીકળેલા પાણીમાંથી સુગંધ, આરોગ્ય અને શાન્તિ ઇચ્છવા જેટલુંજ તે ભૂલભરેલું છે.

જે કૂવાના તળીઆમાં કહોવાટ જામ્યો હોય, તેનું બધુંજ પાણી અને તેમાંથી કાઢીને બહારના હવાડામાં ભરેલું તેમજ તેમાંથી લાવીને ઘરમાં ભરેલું પાણી પણ ગંધાયાંજ કરવાનું.

બ્રહ્મચર્યાશ્રમ એ કૂવામાંનું પાણી છે, અને ગૃહસ્થો તેમજ સંન્યાસીઓ તેમાંથી બહાર કાઢેલું પાણી છે. જેથી કૂવાને તળીએ જામેલા કચરાને દૂર કરવાનું—એટલે કે બાળકોને બ્રહ્મચર્યના પાલન તથા સુશિક્ષણરૂપી ઉપાયોવડે અજ્ઞાન અને નિર્બળતારૂપી કચરાથી દૂર રાખવાનું કાર્ય સર્વથી અધિક મહત્વનું છે.

જેમ એ કાર્ય બજાવવાનું કર્ત્તવ્ય ગૃહસ્થાશ્રમીઓનું છે; તેમ પોતપોતાના વર્ત્તમાન કુટુંબોમાંની સ્ત્રીઓ, બંધુઓ અને કન્યાઓમાં વ્યાપી રહેલી અજ્ઞાનતા અને તેના બાળબચ્ચારૂપ કુસંપ, કલેશ, ઇર્ષ્યા, વ્યાધિ, કંજુસાઇ, ઉડાઉપણું ઇત્યાદિ અવગુણોમાં સુધારણા કરી પોતાના વર્તમાન કુટુંબોને બને તેટલા સુખી અને સદ્‌ગુણી બનાવવાનું અને તેમ કરીને તેમનો તેમજ પોતાનો સંસાર બને તેટલો ઉન્નત અને સરળ બનાવવાનું કાર્ય પણ તેમનેજ કરવાનું છે. એ કાર્ય બજાવવામાં તેમને કાંઇ પણ સહાય મળે, એજ ઉદ્દેશ આ પુસ્તકને પ્રકટ કરવાનો છે.

હરકોઇ વિષયનો બોધ દૃષ્ટાંત કે વાર્તામાં ગુંથીને આપવાથી તે અધિક રસિક અને અસરકારક થઈ પડતો હોવાથી તેવા ઉદ્દેશથી

અનેક વાર્તાઓ પ્રકટ થાય છે; પરંતુ ઘણી વાર્તાઓમાં કેટલેક સ્થળે યોગ્ય મર્યાદા ન રહેવાથી તેમાં આનંદ તથા સદ્બોધદાયક અંશો રહેલા હોય છતાં પણ માતા, ભગિની, બંધુ કે વૃદ્ધજનોને એવી વાર્તાઓ વાંચવા આપી શકાતી નથી કે વાચી સંભળાવી શકાતી નથી; જેથી એવો અંતરાય ન નડે અને કુટુંબીઓને વિના સંકોચે વંચાવી, સંભળાવી શકાય, તેમજ શાળાઓમાં ઈનામ દાખલ વહેંચી શકાય એવી વાર્તાઓ વધુ ને વધુ પ્રકટ થતી ચાલવાની જરૂર છે.

આ પુસ્તકમાં એવી ઉપકારક વાર્તાઓજ બનતી કાળજીથી ચુંટી કહાડીને દાખલ કરવામા આવી છે, જેથી આશા છે કે વાચકો તેનો ઉપયોગ પોતાનાં ભણેલા તેમજ વગર ભણેલા કુટુંબી જનો વગેરે માટે કાંઇ પણ સંકોચ સિવાય છૂટથી કરી શકશે.

આમાંની વાર્તાઓમાં ગુણ તેમજ અવગુણના પ્રદર્શક જે પાત્ર અને ચિત્ર આપેલા છે; તેમાંના થોડાં વા ઘણા જેને લાગુ પડતાં ન હોય, તેમજ એમાથી પ્રાપ્ત થતો સદ્બોધ જેમને ઉપકારક ન થઈ પડે તેમ હોય, એવું એક પણ મનુષ્ય જેમના ગૃહકુટુંબમા ન હોય; તેમને એવા સદ્ભાગ્ય માટે મુબારકબાદી આપી બાકીના સર્વ જન-સમાજ માટે તો કહેવુંજ પડશે કે વધુ નહિ તો એક પણ એવું સુધારણાને પાત્ર મનુષ્ય દરેક ગૃહમા કોઈ નહિ ને કોઇ હશે ને હશેજ.

આવી વાર્તાઓ એવા મનુષ્યોના શ્રવણમા કે વાચનમા સીધી કે આડકતરી રીતે લાવવાની કાળજી રાખવાથી તેમને વિનોદ તથા આનંદ સાથે સદ્બોધ પ્રાપ્ત થઇ તેમના સ્વભાવ તેમજ સ્થિતિમાં કાંઇ પણ સુધારો થયા વિના રહેશે નહિ; એવી આ વાર્તાઓની ખુબી છે. ગુણવાન મનુષ્યને પણ આવી વાર્તાઓ વિનોદ સાથે આનંદ આપી તેમના સતસંસ્કારોમાં વૃદ્ધિ અને દઢતા કરનારીજ થઈ પડશે.

આવાં ઉપકારક પુસ્તકો પોતાનાં યુવાન પુત્ર પુત્રીઓ અને બંધુ-

ભગિનીઓને એક મહત્વની ભેટ તરીકે અપાવાં જોઇએ. વિવિધ ગ્રંથમાળાની યોજના મુખ્યત્વે તેનાં સભવિત વાર્ષિક ગ્રાહકો પુરતી અને તેમના તરફથી આગાઉથી મળતા લવાજમને આધારેજ ચાલતી હોવાથી તે દ્વારા નીકળતાં પુસ્તકો છુટથી છૂટક વેચવાને બની શકતું નથી; અને અમુક પ્રમાણમાં છુટક વેચવાનુ અજમાયશી ધોરણ હાલ ચાલુ કર્યું છે તે માટે પણ એવડી કિમતનુંજ ધોરણ રાખવું પડેલું છે; તોપણ જો આ પુસ્તકની છુટક વધુ માગણી થતી જણાશે, તેમજ કેળવણી ખાતાના અધિકારીઓની પસંદગીને પાત્ર તે થશે, તો બનતી સગવડે તેની બીજી આવૃત્તિ મૂળ કિમતે કહાડવા યત્ન થશેજ.

આ પુસ્તકમાની ખણીખરી વાર્તાઓ આગ્રાના રાજપુત એંગ્લો ઓરિયન્ટલ પ્રેસના અધિપતિ, કુંવર હનુમતસિંહ રઘુવંશી તરફથી હિંદીમા પ્રકટ થએલા નાનાં પુસ્તકો “ગૃહસ્થ ચરિત્ર” “વિનોદ” તથા “વનિતા હિતૈષિણી” એમાથી તેમજ નબર ૧૩,૧૪,૧૬,૧૭,૧૮ વાળી વાર્તાઓ માનનીય મહારાષ્ટ્રીય લેખક શ્રીયુત્ હરિનારાયણ આપ્ટે એમનાં મરાઠી પુસ્તકોપરથી લેવામા આવી છે. જે વિષેની પરવાનગી હર્ષપૂર્વક આપવા બદલ એ મહાશયોનો સપ્રેમ આભાર માનવામાં આવે છે. એ સિવાય નબર ૭ વાળી વાર્તા મરાઠી “ લોક મિત્ર ” માસિક પરથી, નબર ૧૦, ૧૯, વાળી હિંદી માસક “ ઈન્દુ ” પરથી; તથા નંબર ૧૨ ની વાર્તા હિદીમાં “ ફ્રેન્ડ એન્ડ કંપની–મથુરા ” દ્વારા નીકળેલી બુક ઉપરથી સંગ્રથિત કરવામાં આવી છે. જે બદલ એ સર્વ વાર્તાઓના મૂળ પ્રકાશક તેમજ લેખક મહાશયોનો પણ આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

આ વાર્તાઓ ગુજરાતીમાં તૈયાર કરવામાં અનુવાદકે તેમજ સંપાદકે યોગ્ય લાગ્યું ત્યાં ત્યાં યથામતિ ફેરફાર કર્યા છે; તેમજ વાર્તાઓની છેવટે આવતા ઉદ્ગારો કેટલેક સ્થળે છુટથી સુધારી વધા-

રીતે તેમજ કેટલેક સ્થળે નવેસરથી પણ લખ્યા છે. અનુભવીઓ તરફથી આ વાર્તાઓના લેખનમાં તેમજ યોજનાઓમા હિતાવહ સુધારો વધારો કરવાની જે કાઇ સૂચનાઓ આપવા કૃપા થશે તેનો લાભ આભાર સાથે પુનરાવૃત્તિ સમયે લેવાશેજ.

આ વાર્તાઓના અનુવાદક શ્રીયુત્ વ્રજલાલ જાદવજી ઠક્કર એક નવીન કિદૃભવતા લેખક હોવા છતા સરળ અને સચ્કારી ભાષામા આ કાર્ય તેમણે સમયસર અને કાળજીપૂર્વક કરી આપીને વાચકો આગળ સત્વર સાદર કરવાનો જે સુયોગ આપ્યો છે, તે બદલ તેઓને પણ ધન્યવાદ આપી ઇચ્છીશું કે પોતાના અભ્યાસ અને યોગ્યતામા વૃદ્ધિ કરતા જઇ ગુજરાતી પ્રજાને શુભ સાહિત્ય અધિકાધિક પુરૂં પાડવામાં તેઓ સફળમનોરથ થાય.

આમાની શ્રીયુત્ હરિનારાયણ આપ્ટેવાળી વાર્તાઓ સ્વ૦ નારાયણ હેમચંદ્રે એક નાના પુસ્તકના રૂપમા અગાઉ પ્રગટ કરી હતી, પરંતુ તેમાં ભાષા સુધારવામાં રહેવી મહેનત જોતાં ફરીથી ભાષાતર કરાવી લેવાનુજ ઠીક લાગ્યું છે.

આ પછીના ઉલ્લેખોમાં આવેલી ઉપયોગી બાબતો જેમકે-હિંદી લેખકની પ્રસ્તાવના, આર્યભિષક્ પ્રકટ થવાની હકીકત, બુક્કર ટી. વૉશિંગ્ટનનું આત્મચરિત્ર, આ સાથેનાં છુટાં કાર્ડ, વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકો વધારવાની સૂચના ઈ. વિષયો તરફ દરેક વાચકનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે. ॐ तत्सत्.

ચૈત્ર શુકલ પંચમી સં. ૧૯૭૦ }
માર્ચ ૪. સ. ૧૯૧૪. }

ભિક્ષુ-અખંડાનંદ.

પ્રસ્તાવના.

(કુમાર હનુમંતસિંહની હિંદી પ્રસ્તાવનાનો ભાવાર્થ.)

જે ગૃહસ્થાશ્રમને શ્રી મનુ મહારાજે સર્વશ્રેષ્ઠ આશ્રમ દર્શાવ્યો છે તેની આજે કેવી ખેદજનક અવસ્થા છે ? સુખ પ્રાપ્ત થવાની ઇચ્છાથીજ લોકો ગૃહસ્થાશ્રમી બને છે, પરંતુ શોકની વાત છે કે ઘણાખરાઓને આજકાલ ગૃહસ્થાશ્રમમાં સુખને બદલે દુઃખજ અધિક પ્રાપ્ત થાય છે. ઘણાખરા ગૃહસ્થો દુઃખના ભારથી દબાયલા છે. આમ હોવાનું કારણ શું ? આનું ખાસ કારણ એ છે કે ગૃહોને સુખમય બનાવવાં એ ગૃહિણીઓના હાથમાં છે. આ ગૃહિણીઓની દશાજ સર્વથા શોચનીય છે; એટલે પછી ગૃહસ્થાશ્રમમાં સુખ કેવી રીતે મળે ?. એક નીતિજ્ઞે કહ્યું છે કે:—

माता यस्य गृहे नास्ति भार्या चाप्रियवादिनी।
अरण्यम् तेन गन्तव्यम् यथारण्यम् तथा गृहम् ॥

અર્થાત્ "જેના ઘરમા માતા નથી અને ભાર્યા અપ્રિયવાદિની છે, તેણે વનમાજ શા માટે વાસ ન કરવો ? કારણ કે તેને માટે ઘર અને વન એક સરખાજ છે" ગૃહકાર્યમાં સુદક્ષ, મિષ્ટભાષિણી, તેમજ આજ્ઞાધીન ધર્મપત્ની હોય છે ત્યારેજ ગૃહસ્થાશ્રમમા સુખ મળે છે. જો પતિ તેમજ પત્ની વચ્ચે ખરો પ્રેમ હોય છે તથા એક બીજાના સુખની ચિંતા હોય છે તોજ સાધારણ અથવા ગરીબ સ્થિતિમાં પણ તેઓ સુખી રહી શકે છે,

આ પ્રમાણે જે સ્ત્રીઓ ગૃહસ્થાશ્રમના આધારરૂપ અને સુખ તથા શાંતિને આપનારી જણાય છે તેમાંનીજ ઘણીખરી સ્ત્રીઓ આજે કઠિન-હૃદયવાળી, ગૃહકાર્યમાં આવડતવિનાની અને ખરાબ સ્વભાવ-

વાળી દેખાય છે; અને તેથી હિંદુ સંસાર જ્યાં ત્યાં નરકતુલ્ય બની રહ્યો છે! એક સમયે જે ગૃહોમાં સ્વર્ગસુખનો ઉપભોગ થયા કરતો હતો તેજ ગૃહોમા આજે નરકની પીડા પ્રસરી રહી છે! કોઇ પોતાની સ્રીના કર્કશ સ્વભાવ અગર તો મૂર્ખતાને લીધે શોક કરે છે, તો કોઇ પુત્રવધૂના કલહકારી સ્વભાવને લીધે પોતાના દુઃખને રડે છે! કોઇ માતાને પોતાની સ્ત્રી સાથે કઠોર વ્યવહાર રાખનારી કહે છે, તો કોઇ પોતાની તથા બધુની સ્રીના પરસ્પરના કલહ કકાસને લીધે, કે કાતો નણદ ભોજાઇના પરસ્પરના દ્વેષભાવને લીધે દુખી છે આ સઘળુ શાથી બને છે? કારણ ફક્ત એટલુજ છે કે, સ્રીઓને તેમની બાલ્યાવસ્થાનાજ ઉપયોગી શિક્ષણ આપવામા આવતું નથી. તેમના સ્વભાવને કેળવવાનો તેમજ તેમના ચરિત્રનુ સંગઠન કરવાનો યત્ન કરવામા આવતો નથી. બાળકીઓને પારકુ ધન સમજી તેમને સુધારવા તરફ વિશેષ લક્ષ અપાતું નથી. જો માતાપિતા પોતપોતાની પુત્રીઓને લખતાં વાંચતાં શીખવવા સાથે બાલ્યકાળથીજ ઉત્તમ શિક્ષણ આપતાં રહી સુબોધક વાર્તાઓ તેમજ મહાન સ્રીઓના જીવનચરિત્રો તેમને વખતો વખત સંભળાવતાં રહે, તેમજ એ પ્રકારનાં ઉપદેશપૂર્ણ પુસ્તકો તેમને વાંચવાને આપતાં રહે, તથા ગૃહકાર્યાદિમાં તેમને નિપુણ કરવાની કાળજી રાખ્યા કરે, તેમજ પતિ પણ પોતાની સ્રીને એવી બાબતો વાંચી સંભળાવે, તથા તેમને લખતાં વાંચતાં શીખવીને એવાં ઉત્તમ પુસ્તકો વાંચવા આપે તો આપણો ગૃહસ્થાશ્રમ ફરીથી પણ સુખપૂર્ણ થઇ શકે એ સ્પષ્ટજ છે.

સ્રીઓને વિદ્યારૂપી ભૂષણથી ભૂષિત ન કરવામાં તથા તેમને સર્વથા અજ્ઞાન અને અયોગ્ય રાખવામાં પુરૂષવર્ગજ દોષવાન છે.

અનેક ગૃહોમાં પુરૂષો પણ પોતાની અર્ધાંગનાઓ સાથે અનુચિત વર્તન ચલાવે છે; અને તેથી તેમની ભલી સ્ત્રીઓ બિચારી સદાકાળ શોકગ્રસ્ત અને દુઃખી તથા રોગિષ્ટ રહે છે. આમ થવાથી તેમનાં સંતાન અયોગ્ય ઉત્પન્ન થાય , અને તેમને પણ પાછું સુશિક્ષણ મળવાનું નહિ, એટલે દિવસે દિવસે ગ્રહસ્થાશ્રમની વધારે ને વધારેજ દુર્દશા થતી જાય છે.

આજકાલ આપણા ગૃહસ્થાશ્રમની જેવી શોચનીય દશા છે તથા તેને સુખદાયક બનાવવાને સુશિક્ષણવડે તેમ જ અન્ય બનતા પ્રકારે તેમાં સુધારો કરવાનું આપણું જે મુખ્ય કર્ત્તવ્ય છે, એ બાબતો દર્શાવી આપવાને માટે જ આ પુસ્તકમાંની વાર્તાઓ લખવામાં આવી છે. આશા છે કે વાચક બંધુઓ અને બ્હેનો તેનો બનતો સદુપયોગ કરીને વિનોદ સાથે યથાયોગ્ય બોધ ગ્રહણ કરશે, તથા સર્વ પ્રત્યે પોતપોતાનું કર્ત્તવ્ય બજાવવાનો યત્ન કરીને પોતાનાં ગૃહોને સુખ, સંપત્તિ અને શાન્તિના ધામરૂપ બનાવીને અમારા આ પરિશ્રમને સફળ કરશે.

વિવિધ ગ્રંથમાળાના જેટલાંજ થઈ ગયાં હોય, અને તેનું સસ્તાપણું પણ તે માળાની બરાબરજ લાવી શકાયું હોય.

ઉપલા પુસ્તકમાં આપેલા મંત્રીના નિવેદનનુ જુદું ચોપાનીયું છપાવી વિવિધગ્રંથમાળાનાં દરેક ગ્રાહકપર આ સાથે મોકલ્યું છે. આશા છે કે દરેક વાચક તે વાંચીને આવાં ઉત્તમ ચરિત્રોની અગત્ય સમજી યોગ્ય લાગે તો ચરિત્રમાળાના પણ ગ્રાહક થવા તસ્દી લેશે, તેમજ આ ચોપાનીયુ પોતાના અધિક મિત્રોમાં વચાય તેમ કરશે.

આ પુસ્તક પોણાચારસો પૃષ્ટનું હોઇ તેમાં બે ચિત્રો છે. છુટક દોઢી કિંમતે એટલે કે કાચા પૂઠાનું બાર આને અને પાકા પૂઠાનુ અઢાર આને મોકલાશે. પણ તેમ ખરીદવા કરતાં ચરિત્રમાળાના ચાલુ વર્ષના ગ્રાહક થઇને આ પુસ્તક ઉપરાત પણ બીજું ત્રણગણું વાચન (દર વર્ષે કુલ પૃષ્ટ ૧૫૦૦ જેટલું) પોસ્ટેજ સાથે રૂ. ૨) માં મેળવવુ એજ અધિક યોગ્ય છે.

(૩) આ સાથેનાં છુટાં કાર્ડ.

(क) 'આર્યભિષક્'ના અગાઉથી ગ્રાહક થવાનું કાર્ડ.

આ વિષેની સર્વ હકીકત આગલા પૃષ્ટપર આવી ગઇ છેજ.

(ख) વિવિધ ગ્રંથમાળા અથવા ચરિત્રમાળાના નવીન ગ્રાહક કરી ભરાવી મોકલવાનું કાર્ડ.

'વિવિધ ગ્રંથમાળા'નાં દોઢ રૂ. વાળા વર્ગમાં પણ ત્રણ રૂ. વાળા વર્ગના જેવાજ સારા, મજબુત, વધુ ભાવના કાગળો વાપરવાની લાંબા સમયથી ઇચ્છા છતાં, યોજના પ્રમાણેનાં પાંચ હજાર ગ્રાહકો પૂરાં ન થવાથી તેમ બની શકતું નથી. દરેક નવા વર્ષની શરૂમાં લવાજમ ભરવા સમયે એ સંખ્યામાં સાતસેં આઠસેંનો ઘટાડો થઇ

વર્ષ પૂરૂં થતાં સુધીમાં તે પાછો પૂરાઇ જઇ ચાર હજારની સંખ્યા જારી રહેતી આવી છે. થોડું લવાજમ વધારીને પણ ઉત્તમ કાગળો વાપરવાની ભલામણ કંઈ એક સજ્જનો તરફથી મળતી રહી છે; પરંતુ જ્યાં સુધી કદમાં કે લખાણમાં વધારો ન થતો હોય ત્યાં સુધી માત્ર કાગળોની ફેરફારીને ખાતરજ લવાજમ વધારવું પસંદ નથી.

ઉપલા કારણસર ગ્રાહકો વધારવાનો ખાસ વિશેષ પ્રયત્ન એક વખત થવાની ખાસ જરૂર છે. હેંડબીલ, જાહેર ખબરોવડે એ ખાતે કેટલોક યત્ન જો કે હાલ ચાલુ કર્યો છેજ; પરંતુ મોટા પાયાપર ધંધો કરનારા બ્હોળી આવકવાળા ધંધાદારીઓના જેટલો ખર્ચ એ ખાતે થઇ શકવો અશક્ય હોવાથી જાહેર ખબરોની ભારે બૂમા-બૂમવાળા આ જમાનામાં આ ખાતાનો એવો સામાન્ય યત્ન નગાર-ખાનામાં તુતીના આવાજ જેવોજ નીવડે તેમ છે. જેથી આ કાર્યનો ખરો આધાર ચાલુ ગ્રાહકોપરજ રહેલો સમજી દરેકે દરેક ગ્રાહકને ખાસ પ્રાર્થના છે કે આ બાબતને ખાસ મહત્વની સમજી એક વખત બને તેટલી વિશેષ કાળજીપૂર્વક તેમણે પ્રયાસ કરવો. દરેક વાચક બંધુની અડોશપડોશમાં તેમજ જાણુ પીછાણુવાળાઓમાં એવા કઇ એક મનુષ્યો હજી પડયા હશે કે જેઓને ગ્રંથમાળાની ઉપયોગિતા તથા સસ્તાપણાની માહિતી આપવામા આવતાં તેમાથી થોડાઘણા પણ નવીન ગ્રાહક નીકળી આવ્યા વિના રહેજ નહિ. આશા છે કે દરેક ગ્રાહક આ બાબત ખાતે વધુ નહિ તો એક બે દિવસ પણ કાળજીપૂર્વક યત્ન કરી સફળતા મેળવશેજ.

એ કાર્યના ઉપયોગ માટે ગયા પુસ્તક સાથે પ્રત્યેક ગ્રાહકપર છુટાં હસ્તપત્ર મોકલાઇ ચૂકયાં છે. આ પુસ્તક સાથે એ વિષયન છુટાં કાર્ડ મોકલવામાં આવ્યાં છે, જે નવીન ગ્રાહક થનાર પાસે ભરાવી મોકલવાના ઉપયોગનાં છે.

વધુ કાર્ડ અથવા હેંડબીલ મંગાવશે તેમને તે તરતજ મોકલી આપવામાં આવશે.

ચ્હડતા કાગળો વાપરતાં તે બદલ દરેક ગ્રાહક દીઠ બેથી ત્રણ આના જેટલો જે વધારાનો ખર્ચ થાય, તેટલું જુજ લવાજમ વધારીને તેવા કાગળ વાપરવામાં આવે તો પણ ગુણજ્ઞ ગ્રાહકો ના પાડે એમ નથી, પરંતુ કદમાં વધારો થયા વિના તેવો વધારો હમેશ માટે તેમનાપર ચ્હડે એ ઠીક ન લાગવાથીજ ઉપલી વિનંતિ કરવામાં આવી છે; અને તેથી દરેક વાચકે પોતાના હિતને ખાતર પણ તેપર ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

(૪) છુટાં પુસ્તકોનું બેવડું મૂલ્ય.

'વિવિધગ્રંથમાળા' નાં પુસ્તકો છુટક બેવડી કિંમતે આપવાના ધોરણ વિષેની હકીકત આગળ ૩૭-૩૮ મા પુસ્તકના નિવેદનમાં કારણસહિત જણાવેલી છે; છતાં કોઇ કોઇ સજ્જનો હજી મૂળ કિંમતેજ માગતા હોવાથી પુનઃ પણ ધ્યાન ખેંચવામાં આવે છે કે,–અગાઉ છુટક વેચવાનું બિલકુલ બંધ હતું તેને બદલે, ખાસ છુટકની આવશ્યકતા હોય તેમને નિરાશ ન કરવા પડે, એ હેતુથીજ માત્ર અજમાયશી આ રસ્તો કહાડવામાં આવ્યો છે. જેથી બેવડી કિંમતની માગણી આવ્યા સિવાય છુટક પુસ્તક મોકલાશે નહિ.

શરૂના સમયમાં છુટક આપવાનું ધોરણ ચાલુ રહ્યાના પરિણામે સેંકડો વાર્ષિક સૅટ વિખરાઇ જઇ બાકીના દરેક પુસ્તકની ૧૦૦ થી ૩૦૦ સુધીની જે સંખ્યા સિલકે રહી હતી, તે હાલ સુધી પડી રહ્યા પછી, છુટક વેચાણથી નિકાલ થવાની આશા ત્યજીને અન્ય ઇલાજ

ન રહેવાથી છેવટે મણુકા દીઠ માત્ર ૦)ાા થી ૦)− જેવી પાણીની કિંમતે થોડાજ સમયપર સામટાં વેચી દેવાં પડયાં છે; અને એ પ્રકારે કેટલાંક પુસ્તકોનો નિકાલ થવા ઉપરાંત હજી જે રહ્યાં છે તે વિષેની સૂચના આ પછીની બાબતમાં આપેલી જણાશે. લ્હાણી અને ઇનામ વહેંચવાની આ એક ઉત્તમ તકનો અતિશય સસ્તામાં લાભ લેવા ઉદાર વાચકોનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

મૂળ કિંમતે છુટક વેચવાનું દર વર્ષે આવું પરિણામ આવે અને નાણાં ઓછાં ઉપજે તેમજ વ્યવસ્થામાં વધારો થાય, તે બાબતો ધ્યાનમાં ન લેતાં, તેમજ તે ખાતે યોગ્ય માર્ગ કે દલીલ ન દર્શાવી શકતાં, ' બીજી બાબતોનું ગમે તેમ થાય પણ પોતાને મૂળ કિંમતે મળે ' એટલીજ સ્હમજણ રાખીને કોઇ કોઇ તો કંઇનું કંઇ લખી દે છે; જેથી તેના લંબાણ ખુલાસાઓ લખવાનું ન બનતાં તેવા પત્રો નકામા જાય છે. હાલનું ધોરણ પણ અમુક સંખ્યાનાંજ પુસ્તકો વેચવા પુરતું હોઇ તે રીતે ઉપજતાં નાણાં, તથા ટુટક પડતા સૅટો-માંનાં વધેલાં પુસ્તકો સસ્તાં આપી દેવાથી ઉપજતાં નાણાં મળીને વાર્ષિક લવાજમ જેટલી તેની કિંમત સરવાળે બંધ બેસી રહેતી જણાશે, તોજ એ ધોરણ પણ ચાલુ રહી શકે તેમ છે; અને નહિ તો બેવડી કિંમતે વેચવાનું પણ બંધ કરવું પડી પ્રથમની પેઠે છુટક નજ વેચ-વાનું ધોરણ ચાલુ થશે.

સંભવિત ગ્રાહકો કરતાં વધુ પ્રતો છપાવવાનું ધોરણ પણ પાછળથી સૅટ ખરીદનારાઓની સગવડ અને તે સાથે જોડાયલી અન્ય યોજનાને લીધેજ રહેલું હોવાથી, તે કારણો બંધ પડતાં માત્ર ગ્રાહકો જેટલીજ પ્રતો કહડાવવાનું ધોરણ ચાલુ થશે, ત્યારે તો પછી બેવડી તો શું પણ ચોવડી કિંમતે પણ છુટક પુસ્તકો આપી શકાશે નહિ. ન કરે નારાયણ ને તેવો યોગ બન્યો તો પછી બનવા યોગ્ય છે કે કોઇ

કોઇ મારતે મિયાંઓ તો અમદાવાદ કે મુંબઇનાંજ છાપાંઓમાં દોડી જવાની ધમકી આપીને અથવા દોડી જઇને નહિ અટકતાં એથીએ ભારે પરાક્રમો કરવા મંડી જશે! ધન્ય!

તાત્પર્ય એજ કે-વિવિધ ગ્રંથમાળાની યોજના વાર્ષિક કદ, વાર્ષિક મૂલ્ય અને વાર્ષિક ગ્રાહકોના બંધારણપરજ યોજાયલી અને ટકી રહેલી હોવાથી, તે ધોરણને અનુસરીનેજ તેનાં ગમે તે અને ગમે તેટલાં ગ્રાહકો થઇ શકે; પરંતુ અનિયમિતપણે હરકોઇ પુસ્તક મૂળ કિંમતે છુટક વેચવાનું રાખી તેના પ્રતાપે વાર્ષિક સૅટોમાં ભંગ થવાથી બાકીનાં પુસ્તકો પાણીના મૂલ્યે વેચવાં પડે એવું ધોરણ બની શકશે નહિ.

જો કોઇ સજ્જન સો, બસો કે વધુ વાર્ષિક સૅટના પ્રથમથી ગ્રાહક બનીને તે સૅટોમાંથી જેને જે જોઇએ તે પુસ્તક મૂળ કિંમતે છુટક અપાવવાનું રખાવશે, તો વધારાની વ્યવસ્થા બદલ પોસ્ટેજ જુદું લેવાનું રાખીને તે પ્રમાણે ખુશીથી કરવામાં આવશે; અને વર્ષ આખરે વધેલાં પુસ્તકો તે ધણીને સ્વાધીન કરી દેવામાં આવશે, અથવા તે ધણીની ખોટથી સ્વલ્પ મૂલ્યે તેનો નીકાલ કરવામાં આવશે. જેઓ મૂળથીજ સ્વહસ્તે આવી વ્યવસ્થા રાખવા ઇચ્છશે તેમનો એથીએ અધિક ઉપકાર થએલો ગણાશે. આવા કાર્યસાધકજ નીકળવા મુશ્કેલ છે. પોતાની બુદ્ધિ અને બહાદુરીને આવા રસ્તા કહાડવામાં સહાયક બનાવવાને બદલે માત્ર ખાલી સ્તુતિ, નિંદા કે ટીકામાં તેને બરબાદ કરવી હોય તેમને માટે બધાજ દરવાજા ઉઘાડા છે. અમને તેની કશીજ કિંમત નથી. તેવાઓ સાથે તેવીજ ખટપટમાં કે પત્રવ્યવહારમાં સમય ન ખોતાં તેમનાં હૃદયભેદી વચન બાણ સહન કરી લઈ મુંગે મોઢે કાર્ય કર્યા જવું, એજ અમારૂં તો ધોરણ રહેતું આવ્યું છે અને રહેશે.

૫. છુટક રહેલાં પુસ્તકોનો નિકાલ.

નીચલાં પુસ્તકો નીચલી નામની કિમતે આપી દેવા ઠરાવ્યું છે. એમાંનાં ગમે તે એક યા વધુ પ્રકારનાં મળીને કમમાં કમ પાંચ રૂા. નાં સાથે લેવાથીજ એ કિમતે મળશે. કિમત તેમજ ટપાલખર્ચ દર રૂપિયાનાં પુસ્તકો દીઠ સુમારે આઠ આનાને હિસાબે જે રકમ થાય તે પ્રથમ મોકલ્યાથીજ મોકલાશે. વી. પી. ની રીતે મોકલાશે નહિ. રેલ્વેરસ્તે ખર્ચ થોડોજ આવતો હોવાથી તે રસ્તે મંગાવનારે કિંમત ઉપરાંત પેકીંગ ખર્ચનો દર રૂપિયાનાં પુસ્તકો દીઠ એકેક આનો પ્રથમથીજ મોકલવો. આ પ્રમાણે ન કરનાર તેમજ રૂ. ૫) થી ઓછાનાં પુસ્તકો એવી કિંમતે મગાવનારના પત્રોપર ધ્યાન ન અપાતાં તે નકામા જશે. આવશ્યક ખુલાસો રીપ્લાઇ મોકલ્યાથીજ મળશે.

આ પ્રકારે વેચી દેવાનાં પુસ્તકોનાં નામ તથા મૂલ્ય.

આર્યધર્મ નીતિ. ૦)=	પદ્યાત્મક ગીતા. ૦)ાા પાકુ પૂઠું. ૦)-	
સંસારમાં સુખ ક્યાં છે? ૦)-	**નવલકથા સંગ્રહ.** ૦)ાાા પા.પૂ. ૦)=	
અક્ષર માળા. ૦)-	**છોટાલાલ પદ્ય બોધિની.** ૦)ાાા પા.પૂ. ૦)=	

(૬) ગ્રંથ સત્કાર.

શ્રી દિવ્ય મૂર્તિ—રચનાર શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાન, પ્રસિદ્ધ કરનાર શ્રેયસ્સાધક અધિકારી વર્ગ—વડોદરા, કાગળ સારા, પૂઠું પાકું, ડેમી ૧૬ પેજી, પૃષ્ઠ ૨૦૦, મૂલ્ય રૂ. ૧).

શંકર સંગીતાવળી—લેખક તથા પ્રકાશક—મહારાણીશંકર અંબાશંકર શર્મા. મળવાનું સ્થળ—રામપ્રસાદ નારાયણભાઇ માસ્તર,

વાડીફળીઆ સુરત. કાગળ સારા, ગેયલ બાર પેજી, પૃષ્ઠ ૨૦૦, કાચું પૂઠું રૂ. ૦।।=

રજનીકાંત—લેખક તથા પ્રકાશક છોટાલાલ ગીરધરલાલ સજ્જન નડીયાદ. કાગળ સારા, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૨૩૦, પૂઠું બોર્ડ પટીનું મૂલ્ય રૂ. ૧. પાકું પૂઠું રૂ. ૧।।.

શ્રી નાથજીનું પ્રાગટ્ય—લેખક ભીખાભાઇ છોટાલાલ ચોધરી વડનગર (ઉ. ગુજરાત) કાગળ ૨૬, રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૦૦, કાચું પૂઠું રૂ. ૦।।.

શ્રી શ્રેયઃસુધાકર—(શ્રેયસ્સાધક વર્ગનાં કીર્તનોમાંથી સંગૃહીત) પ્રકાશક-પ્રભુશંકર નરભેરામ વ્યાસ, ચંદ્રપ્રકાશના તંત્રી-સુરત. ડેમી ૧૨ પેજી પૃષ્ઠ ૨૯૦, કાગળ સારા, પૂઠું સોનેરી. રૂ. ૧).

પ્રાણાયામ—ભાગ ૧લો. રચી પ્રસિદ્ધકર્તા શ્રીયુત્ પ્રભાશંકર નરભેરામ વ્યાસ. તંત્રી 'ચંદ્રપ્રકાશ' સુરત. કદ ડેમી ૧૬ પેજી પૃષ્ઠ ૨૨૫, કાગળ સારા, પૂઠું સામાન્ય, મૂલ્ય ૦।।. પ્રાણાયામના વિષય માટે આ પુસ્તક બહુજ ઉપયોગી છે. દરેક મનુષ્યે આ વિષય સમજવાની આવશ્યકતા છે.

નીચેનાં પુસ્તકો શા. પુંજાભાઇ હીરાચંદ માણેકચોક-અમદાવાદ. ના તરફથી 'શ્રીમદ્ રાજચંદ્ર સાહિત્ય મંદિર વાચનશાળા' ખૂલ્લી મુકાઇ તે સમયે મળ્યા છે.

૧ રાજજયંતિ વ્યાખ્યાનો, ૨ અથ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પ્રારંભ, ૩ રાજબોધ.

ટીપણ—રા. રા. પુંજાભાઈ એક સાદા અને ધાર્મિક વૃત્તિના ઉદારાત્મા જૈન ગૃહસ્થ છે. વિખ્યાત તત્વવેત્તા શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે તેમનો પૂર્ણ સદ્ભાવ હોવાથી તેમનું નામ જોડી જૈન આગમો કઢાવવા માટે પચ્ચીસેક હજારની રકમ તેમણે રોકી છે. ઉપરાંત સાંકડી

શેરી સમીપના પોતાના મકાનમાં એક સાર્વજનિક વાચનશાળા રા. રા. મણીલાલ નથુભાઇ દોશી બી. એ. ની દેખરેખ નીચે તેમણે પોતાને ખર્ચે ખોલી છે. જેમાં અગ્રેજી, મરાઠી, હીંદી ઇ. ભાષાઓનાં સારાં સારાં માસિકો આ દેશમાંથી તેમજ યૂરોપ અમેરિકામાંથી મંગાવવા ગોઠવણ કરી છે. એ વાચનશાળા રા. રા. આનંદશંકર બાપુભાઇ ધ્રુવના સુહસ્તે તેમણે ખુલી મૂકાવી, ત્યારે ત્યાં હાજર થએલા મનુષ્યોને ઉપલાં પુસ્તકો ભેટ દાખલ આપવામાં આવ્યાં હતાં.

રા. પુંજાભાઇ એક અસલી રીતભાતવાળા ગૃહસ્થ દેખાતા હોવા છતાં, પૂજા પાતરીમાં કે ધાર્મિક જમણવારોમાં પૈસાનું પાણી કરવાને બદલે મનુષ્ય જાતિને જન્મો જન્મને માટે જ્ઞાનનો પ્રકાશ અને આનંદ આપનાર ઉત્તમ વાચનનો પ્રચાર કરવાના રૂડા માર્ગમાં પોતાના દ્રવ્યનો ઉદારતાથી વ્યય કરે છે તે જોઇ આનંદ થાય છે. વિશેષ એટલા માટે કે વાચનશાળાની યોજના તેમણે સાંકડા હૃદયની-એક-દેશી ન રાખતાં સાવજનિક રાખી છે; અને તેમાં સર્વ સાધારણને ઉપયોગી થાય તેવું વાચન પુરૂં પાડવાની ગોઠવણ રાખી છે. અમદાવાદ તેમજ અન્ય શહેરોમાં હજી આવી વાચનશાળાઓ મહેલ્લે મહેલ્લે થવાની જરૂર છે; અને તેનો લાભ પણ હવે ઠીક પ્રમાણમાં લેવાય તેમ છે. રા. પુંજાભાઇનું અનુકરણ કરી એવી બાબતોમાં પોતાના સદ્ દ્રવ્યનો ઉપયોગ કરવાની બુદ્ધિ અન્ય ગાડરીઆ પ્રવાહે તણાતા ગૃહસ્થોને પણ પ્રાપ્ત થાઓ.

અન્ય પુસ્તકો—ઉપલા સિવાય અન્ય પણ કેટલાંક પુસ્તકો વગેરે મળેલાં છે. જેમાંનાં કેટલાંએક અધિક વિવેચનને પાત્ર છે. સ્થળ સંકોચને લીધે તેની નોંધ આવતા પુસ્તકપર રાખવી પડી છે.

(૭) સહાય સ્વીકાર.

નીચેની રકમો ધન્યવાદ સહિત સ્વીકારવામાં આવે છે.

૨૦) એક સદ્‍ગૃહસ્થ તરફથી. કોટ–મુબઇ.

૧૦) સ્વ૦ સરૈયા ઇશ્વરદાસ પુરૂષોત્તમદાસ તથા તેમનાં ધર્મપત્નીની સદ્‍ગતિ નિમિત્ત, તેમની મિલકતના વહિવટદારો તરફથી, સરૈયા ગોકળદાસ મોતીલાલ મારફત.

૫) રા. વિઠ્ઠલદાસ કહાનજી ઠક્કર. કોટ–મુબઇ. દીવાળી સમયે.

૩ા પેટલાદ રંગશાળાવાળા શેઠ તરફથી રા. હરિલાલ રામદાસ માર્ફત.

૩) રા. તુલસીદાસ હાથીભાઇ પટેલ મુ. ધર્મજ.

૩) સ્વ. બાઈ સુરજ, તે પટેલ કેસુરભાઇ રામજીભાઇનાં ધર્મપત્નીના પુન્યાર્થે. (મુ. ગણુપતપુરા) પ્રોફેસર સ્વામી નારાયણુ મારફત.

૨) શેઠ અમરચંદ માધવજી–કરાંચી.

૨) રા. અંબાલાલ પી. દેશાઇ–કલકત્તા.

૧ા રા. લાલજી દેવજી પટેલ–મુબઇ.

૧ા રા. મણિલાલ મગનલાલ શાહ–અમદાવાદ.

૧) સ્વ૦ ગોકળદાસ પરમાનંદના પુન્યાર્થે હા. વિઠ્ઠલદાસ પરમાનંદ. જુનાગઢ.

ા રા. અમૃતલાલ મનમોહનદાસ મહેતા–ભાવનગર.

(૮) આ ખાતાનો હિસાબ.

ગયા વર્ષ સુધીનો આ ખાતાનો હિસાબ તૈયાર કરવાનું કામ બનતી ઝડપથી ચાલુ છે; અને ચાલુ વર્ષ પુરૂં થવા પહેલાંજ તે પ્રકટ કરી શકાવા આશા છે.

(૯) એક અભિપ્રાય.

('ચરિત્રમાળા' દ્વારા હાલમાજ બહાર પડેલું **બુકર ટી. વાશિં-ગ્ટનનું** આત્મચરિત્ર પ્રથમ મરાઠીમા છપાયલુ તે પર ' લોકમિત્ર ' નામક મરાઠી માસિકે આપેલા અભિપ્રાયનો ભાવાર્થરૂપે સારાશ.)

સ્વામી (રામતીર્થ)જીએ જે વેદાન્ત તત્ત્વોનો ઉપદેશ કર્યો છે અને જે તત્ત્વોને માટે 'આ અમારૂં' એમ કહેતાં અમને આનંદ-પૂર્વક અભિમાન ઉપજે છે, તેજ તત્ત્વોને પ્રત્યક્ષ કાર્યપદ્ધતિમાં (અમલમાં) મૂકનાર, પ્રસ્તુત ચરિત્ર નાયક **બુકર ટી. વૉશિંગ્ટનની જોડી સમગ્ર હિંદુસ્તાનમાં પણ મળવી કઠિન છે.** નિગ્રો જાતિ ઉપર એક સરખો છળ ચલાવનાર અને તેમને ગુલામી અવસ્થામાં કંઇ વર્ષો સુધી રીબાવનાર ગોરાઓ માટે વૉશિગ્ટને કાઢેલા ઉદ્‌ગાર પછાત પડેલા વર્ગોપર સ્નેહ ધરાવનાર અને પોતાને તેમના હિતચિંતક કહેવડાવનાર લોકોએ અવસ્ય વાચવા, એમ અમારી ભલામણ છે. **શ્રમનું મહત્વ અને ગરીબ સ્રી પુરૂષોની યોગ્યતા,** એ બે મુખ્ય તત્ત્વો અને તે સાથેજ શિક્ષણની દિશા, વ્યક્તિ માત્રને સ્વા-શ્રયની આવસ્યકતા, મહાનકાર્યમા નડતા મહાન અન્તરાયો અને તેમને દૂર કરવાના માર્ગ વગેરે વિષયોમાં, **આત્મોદ્ધાર કરવામાં મુઝાઈ ગએલા હિંદી સમાજને આદર્શરૂપ થઇ પડે એવી માહિતી આ પુસ્તકમાંથી મળી આવે છે.**

સમાજના ઉદ્ધારની મોટી મોટી વાતોજ માત્ર કરીને બેસી રહેનારા આ દેશના અનેક લોકોને પોતાના વર્તનવડે પોતાના વિચારો અમલમાં લાવી બતાવવાનું શીખવા માટે આ પુસ્તક વાંચવાની ખાસ ભલામણ કરવી એ કદાચ અપ્રિય થશે, તોપણ શ્રેયસ્કર તો છેજ !

टूंकी वार्ताओ.

ભાગ ૨ જો.

— —

૧

દેરાણીનો કલહ.

મી. મોતીલાલ એમ. એ. યુક્ત પ્રદેશની એક કૉલેજમાં ફિલૉ-સોફીના પ્રોફેસર છે. મે-વેકેશનની રજાઓ પડી છે. આ રજાઓનો આનંદ લેવા તથા કુટુંબનું સુખ ભોગવવાને તેઓ પોતાને ઘેર આવ્યા હતા. મોતીલાલનો ભાઇ શ્યામલાલ ઘણોજ સીધો અને સાદો માણસ છે. તે પોતાનો નિર્વાહ કાપડની દુકાનવડે ચલાવે છે. પોતાના વડિલ બંધુ પ્રત્યે તે પિતાના જેવો સ્નેહ અને સન્માન રાખે છે. મોતીલાલ પણ પોતાના કનિષ્ઠ બંધુ શ્યામલાલને પુત્રસમાન સમજે છે, તથા પોતે અન્ય નગરમાં રહેતા હોવાથી પોતાના માસિક પગારમાંથી જે કાંઈ બચાવે છે તે પોતાના નાના ભાઇને મોકલી આપે છે. સર્વ ગૃહ-વ્યવહારમાં શ્યામલાલજ માત્ર કર્ત્તા હર્ત્તા છે.

શ્યામલાલની સ્ત્રી ચમેલી પોતાની જેઠાણી હરિદાસી સાથે સારૂં નહિ તેમ ખોટું વર્ત્તન પણ ચલાવતી નહોતી. એક સમયે કોઇ આવશ્યક કારણને લીધે ચમેલીને કેટલાક માસ પોતાના પિયરમાં રહેવું પડયું. આ સમય દરમ્યાન ચમેલીનો સ્વભાવ ઘણોજ બદલાઈ ગયો, તે દ્વેષી બની ગઈ; અને પોતાના મનથી એવો વિચાર નક્કી

કર્યો કે, 'હવેની વખતે સાસરે જઇને, હરેક પ્રકારે મ્હારા પતિને હરિદાસીથી જૂદો પડાવી સ્વતંત્ર બનીશ, અને મ્હારા દિવસો આનંદમાં ગાળીશ.' ઇંગ્રેજીમાં કહેવત છે કે, We are always influenced by the company we keep, અર્થાત્ **'સોબતે અસર અને તોખમે તાસિર'** આ નિયમજ ચમેલીના સંબંધમાં પણ અહીં સત્ય ઠર્યો હતો. ચમેલીના સ્વભાવમાં આ પ્રમાણે જે કાંઈ પરિવર્તન થયું હતું તેનું મુખ્ય કારણ તેની ભાભી હતી. તેની જેઠાણી ઉપર તેના હૃદયમાં દ્વેષ ઉત્પન્ન કરાવનાર એની ભાભી જ હતી. એ સ્ત્રી ઘણીજ કર્કશા હતી; અને જેઠાણી સાથે લડીને જૂદી પડેલી હતી. એ સ્ત્રીની વાતોથી તેમજ એના સંસર્ગથીજ ચમેલીને એવી ઉત્કટ ઇચ્છા થઈ હતી કે, 'સ્વતંત્રતા વિનાનું મનુષ્ય પશુસમાન છે.' 'પરાધીનતા જેવું અન્ય દુઃખ આ સકળ સંસારમાં એક પણ નથી.' અસ્તુ!

હરિદાસીનો સ્વભાવ ઘણો જ કોમળ અને સરળ હતો. તે શ્યામલાલને પોતાના પુત્રવત્ લેખતી હતી. બાલ્યાવસ્થામાંથી તેણે જ તેનું પ્રતિપાલન કરીને મોટો કર્યો હતો. પોતાની પ્રેમમયી માતાના પરલોકવાસ સમયે શ્યામલાલની ઉમર ફક્ત પાંચ જ વર્ષની હતી. વડિલ બંધુ તથા ભાભીએ જ માતા-પિતા જેવો સ્નેહ રાખી તેને કોઇ પણ પ્રકારે ઓછું આવવા દીધું નહોતું. ભાઇ તથા ભાભી ઉભયે તેને ભણાવવાને માટે મહામહેનત કરી હતી, પરંતુ પૂર્વદત્ત સંસ્કાર નહિ હોવાથી તે ફક્ત પાંચજ ધોરણ ભણ્યો; આમ હોવાથી વડિલ બંધુ મોતીલાલે તેને પાંચ હજાર રૂપિયા આપી સ્વદેશી કાપડની દુકાન ઉઘાડી આપી હતી; તથા સાધારણ લાભ લઈ એકજ ભાવથી રોકડે પૈસે વેચાણ કરવાની સૂચના કરી હતી. ઘણાખરા ભણેલા ગણેલા સ્વદેશાભિમાની લોક આ દુકાનમાંથીજ

સ્વદેશી વસ્ત્રો ખરિદ કરવા લાગ્યા; આથી કરીને ત્રણ વર્ષ જેટલા ટુંક સમયમાંજ દુકાનની ઘણી ઉન્નતિ થઈ તથા વીસથી ત્રીસ હજાર રૂપિયા સુધીનો માલ દુકાનમા રહેવા લાગ્યો.

મે–વેકેશનની રજાઓ પડતા પૂર્વે એક માસ અગાઉજ ચમેલી સાસરે આવી પહોચી હતી ને પોતાના પ્રપંચ–નાટકની શરૂઆત કરી દીધી હતી. અગાઉની પેઠે હવે ચમેલી તથા હરિદાસીને અરસપરસ બનતું નહોતું. કારણ ચમેલીએ અજ્ઞાનતાને લીધે પોતાના સકળ સદ્‌ગુણોને તિલાજલી આપીને દુર્ગુણોનીજ પ્રાપ્તિ કરી હતી. ચમેલીને બે પુત્રો હતા. મોટો પુત્ર સાત વર્ષનો હતો. ત્યારે નાનો ચાર વર્ષનો હતો. હારદાસી ઇચ્છતી કે મોટો બાળક નિયમિત રીતે નિશાળે જાય તો સારૂં; પરંતુ ચમેલી હરિદાસી સાથે દ્વેષ રાખતી હોવાથી પોતાના પુત્રને ગૃહમાજ રાખી મૂકવાનો યત્ન કરતી ! ચમેલી હરિદાસીને કહ્યા કરતી કે: “મ્હારે કાઇ મ્હારા છોકરાને માસ્તર ફાસ્તર બનાવવો નથી ! નહિ ભણે તોએ એના નશીબમા હશે તો ચાર પૈસા રળી ખાશેજ.”

હરિદાસી ઉપર્યુક્ત વ્યંગ વાક્ય શુ ઉદ્દેશથી બોલવામાં આવતુ હતું તે સારી રીતે સમજતી હતી, છતા પોતે કેળવાએલી અને ઉદારહૃદયા સ્ત્રી હોવાથી તે એ બન્ને બાળકોને પોતાના પુત્ર-તુલ્યજ સમજતી હતી

એક દિવસે ચમેલીનો મોટો પુત્ર રામલાલ કેટલાક દિવસની પડેલી રજાઓ પૂરી થઇ ગયા પછી પણ નિશાળમાં ગયો નહિ. હરિદાસીની એવી માન્યતા હતી કે **શિક્ષણ મેળવ્યા સિવાયનો પુત્ર પશુસમાન જીવન ગુજારી મહા દુ:ખી થાય છે,** છતાં ચમેલીનો વિચાર તે જાણી ગએલી હોવાથી ગૃહમાં ક્લેશ થવાના ભયથી તે રામલાલને ભણાવવા તરફ લક્ષ્ય આપવા સંબંધીનું વારં-વાર કહેતી નહોતી.

એક દિવસે હરિદાસીએ રામલાલને પોતાની પાસે બોલાવીને કહ્યું: "ભાઇ! આજે ભણવા જાઓ. સાત આઠ દિવસ પછી રજાઓ પડવાની છે. ત્યારે ત્હારા કાકા અહીં આવનાર છે જેથી હું તેમને ત્હારે માટે એક ઇંગ્રેજી વાજું લઇ આવવાનું લખીશ. જાઓ ભાઇ! ભણવાને જાઓ."

ઘણું સમજાવ્યા પછી જ્યારે રામલાલ નિશાળે જવા તૈયાર થયો ત્યારે ચમેલીએ ગૃહની બહાર નીકળી તેનો હાથ પકડી ગુસ્સાથી કહ્યું: "ખબરદાર, જો નિશાળે ગયો તો! અમારે નોકરીનો ટુકડો ખાવો નથી; જા, ઉપર જા." રામલાલ પોતાની માતાનાં વાક્યો સાભળી ગભરાતો ગભરાતો ગૃહમાં પાછો ગયો. આ બનાવની હરિદાસીને કશી ખબર પડી નહિ. જેથી થોડા સમય પછી રામલાલ જ્યારે તેની દૃષ્ટિએ પડયો ત્યારે તે તેના ઉપર ક્રોધે ભરાઈ બોલી ઉઠી કે "કેમ રે રામલાલ! તું ભણવાને કેમ ન ગયો?" આમ કહી તેણે તેને એક થપ્પડ મારી. રામલાલ થપ્પડ વાગવાથી રડવા લાગ્યો. જો કે હરિદાસીએ તેના હિતને માટેજ તેને શિક્ષા કરી હતી, પરંતુ આ નજીવી શિક્ષાને લીધે ગૃહમા ભયંકર કલહ ઉભો થયો. કોઈ કોઈ સમયે મૂર્ખને ઉપદેશ આપવા જતાં દુઃખ સહન કરવાનો પ્રસંગ પણ આવી જાય છે. હરિદાસીએ રામલાલને થપ્પડ મારી તે ઉપરાંત વળી ચમેલી તેને વિશેષ માર મારવા લાગી, તથા તેના મસ્તિષ્કમાંથી લોહી કાઢી તે હરિદાસી સાથે ગમે તેવાં વેણુ બોલી તકરાર કરવા લાગી.

ચમેલી આ તકરારમાં હરિદાસી કરતાં ચડી ગઇ. આખો દિવસ તેણે કલહ કર્યાજ કર્યો; અને ભોજન પણ બનાવ્યુ નહિ, તેમ આહાર સુદ્ધાં પણ કર્યો નહિ. હરિદાસીએ ચમેલીના ગાલિપ્રદાનનો એવો ઉત્તર આપ્યો કે: "રામલાલ લુચ્ચાઇ કરી નિશાળમાં ગયો નહિ

તેથીજ મ્હેં તો માત્ર સાધારણ શિક્ષા તેને કરી હતી."

ચમેલીએ કહ્યું: "એમ નથી પણ તું વાંઝણી હોવાથી મને તેમજ મ્હારા પુત્રને જોઈ શકતી નથી; અને તેથીજ રાત્રિ દિવસ અમારી અદેખાઈ કર્યા કરે છે. પણ એમાં અમે શું કરીએ? ત્હારા નશીબનોજ વાંક છે તો ત્હારા નશીબનેજ શા માટે નથી મારતી?"

રાત્રે જ્યારે શ્યામલાલ ગૃહમાં આવ્યો ત્યારે તેણે સર્વ હકીકત જાણી. આવો પ્રસંગ જોવાનું તેને માટે આ પ્રથમવારજ હતું. ચમેલીએ પતિને પુત્રનુ શિર દેખાડ્યુ તથા અનેક સાચી જૂઠી વાતો કરીને પતિનું મન ભાભી ઉપરથી બહુજ ઉદાસ કરી દીધું.

આજ દિવસે રાત્રે મોતીલાલ પણ ઘેર આવી પહોચ્યા તથા હરિદાસીદ્વારા તેમણે જાણ્યુ કે પોતે જે આનંદની પ્રાપ્તિ અર્થે પોતાને ઘેર આવ્યા છે, તે આનંદની પ્રાપ્તિ થઈ શકે તેમ નથી. પોતાનો ભાઈ તથા ભોજાઈ હવે જૂદાં રહેવાનો વિચાર કરે છે એ હકીકત પણ પત્નીદ્વારા મોતીલાલના જાણવામાં આવી. આ સર્વ પ્રકાર જાણતાજ તેમણે એક ગાઢ નિશ્વાસ મૂક્યો અને કહ્યું: "ભારત! ત્હારાં સ્ત્રી પુરૂષોને જોઈ મને ઘણુંજ દુ:ખ થાય છે. અરેરે! અમે ઉભય સહોદર હોવા છતાં પણ સલાહસંપથી એકત્ર નહિ રહી શકીએ? નહિ, નહિ કાલે પ્રાતઃકાળેજ હું શ્યામલાલનું સમાધાન કરીશ. બાલ્યાવસ્થાથીજ મ્હેં એનુ પ્રતિપાલન કર્યું છે તો હવે તેનો ત્યાગ કરવો ઉચિત નથી."

હરિદાસીએ પણ ઉત્તર આપ્યો કે: "આપણે માત્ર ચારજ મનુષ્યો છીએ છતાં જો આપણ સર્વે સલાહસંપથી એકત્ર ન રહી શકીએ તો તે ઘણાજ શોકની વાત કહેવાય."

પ્રાતઃકાળ થતાંજ શ્યામલાલ વડિલ બંધુની નિકટ આવ્યો. પ્રણામ કર્યા પશ્ચાત્ તે અગાઉની પેઠે નવાજૂના સમાચાર ન કહેતાં

બેસીજ રહ્યો. છેવટે મોતીલાલે પ્રશ્ન કર્યો: "કેમ સર્વે ખુશી આનંદમાં તો છો ને? હું કૅાંગ્રેસમાં જવાને માટે મુંબઈ થઈ સુરત જનાર છું. જો કાંઇ મુંબઈનુ કામકાજ હોય તો કહો."

શ્યામલાલે ઉત્તર આપ્યો: "ભાઇ સાહેબ! મુંબઈથી સુરતની કૅાંગ્રેસમા જઈને શુ કરશો? પ્રથમ આપણા ગૃહનીજ કૅાંગ્રેસનાં દર્શન કરોને! (રામલાલનુ મસ્તિષ્ક બતાવી) આ જુઓ તો ખરા કે ભાભી સાહેબની અમારા ઉપર કેટલી બધી કૃપા છે?!"

મોતીલાલે કહ્યુ: "તમે મ્હારા સહોદર હોવા છતા સ્ત્રી જાતિના કહેવાથી આ પ્રમાણે કેમ ચડી જાઓ છો? આવી વાત કરવી એ શું તમને યોગ્ય છે? રામલાલ! જા ભાઈ, ત્હારી કાકી પાસેથી દ્રાક્ષની પેટી લઈ આવ."

મોતીલાલે ચમેલી તથા શ્યામલાલને ત્રણ ચાર દિવસ સુધી ઘણુંએ સમજાવ્યા, તથા કહ્યું કે: "સર્વે એકત્ર રહો. એકના બે ગૃહ કરવા સારાં નથી. જુઓ, બગાળાના બે ભાગ થઈ જવાથી બગાળીઓ કેટલા બધા દુ:ખી થયા હતા! ભાઇ ભાઇનો ધર્મ એવો નથી કે એક બીજાથી લડી પોતાના ગૃહને નરકવાસ જેવુ બનાવી દેવું."

મોતીલાલે આ પ્રમાણે ઘણા બોધવચનો કહ્યા પણ શ્યામલાલ તથા ચમેલી ઉપર તેની લેશ પણ અસર થઈ નહિ. ચમેલીએ શ્યામલાલના મનમા એવું તો ઉંધુ છતું ભરાવી રાખ્યુ હતુ કે જેથી પ્રોફેસર સાહેબ તે પોતાનો પાઠ શીખવી શક્યા નહિ.

આવી રીતે કલહકકાસમાં એક પખવાડીઉં વીતી ગયું. મોતીલાલે ચમેલીને પણ ઘણું સમજાવ્યુ કે: "અમારાથી જૂદુ રહેવુ એ તમારો ધર્મ નથી. તમે મોટા ઘરના સતાન છો, તમારાં માતા પિતા પણ સારા સ્વભાવના માણસ છે. માટે જૂદા રહેવાના વિચારનો ત્યાગ કરો. તમારાથી તમારી જેઠાણીની શોભા છે અને તમારી

જેઠાણીથી તમારી શોભા છે. જૂદાં રહેવાથી આગળ જતાં બન્નેને પસ્તાવું પડશે. તમે ફક્ત તમારા લાભનો વિચાર કરી જુઓ તો પણ તમારે જૂદાં થવું એ સારૂં નથી રામલાલને હું મ્હારી પાસે રાખીને ભણાવીશ, તથા તેના ભવિષ્યના ભલાને માટે શિક્ષા પણ કરીશ. તમે જાણો છોજ કે: મ્હારે કોઇ સતાન નથી. હૃ જે કમાઉં છુ તે બધુ તમારા તથા તમારી પ્રજાને માટેજ છે. રામલાલ અને મનહરલાલ એ બન્નેને હું મ્હારા જ પુત્રો પ્રમાણે ગણું છુ; અને તેથી જૂદા થવાનો વિચાર સુદ્ધા તમારા મનમા લાવવો જોઇએ નહિ."

મોતીલાલનાં આવાં બોધપૂર્ણ વચનોનો પ્રભાવ પણ શ્યામલાલ તથા ચમેલી ઉપર થયો નહિ. કદાચ શ્યામલાલ કાંઇ સમજતો તો પાછી ચમેલી તેની સમજણને દૂર કરી દેતી હતી. આમ થતાં થતાં મોતીલાલની રજાઓ પણ આ કલહકંકાસમાંજ પૂરી થઈ ગઈ. શ્યામલાલ મોતીલાલથી જૂદા રહેવાની સર્વ તૈયારીઓ કરી ચૂક્યો. જ્યારે તેણે ગૃહની સકળ સંપત્તિ વહેંચી નાખવાનુ ભાઇને કહ્યું, ત્યારે તેમણે પ્રત્યુત્તર આપ્યો કે "તમારે જૂદાં રહેવાની ઇચ્છા છે તો ભલે જૂદા રહો. જે કાંઈ સપત્તિ તમારી યા તો મ્હારી હાલ તમારી પાસે છે એ સર્વ ઉપરથી હું મ્હારો અધિકાર ઉઠાવી લઉં છું. ભલે તમે જૂદાં થઈ જાઓ, પરતુ મ્હારા હૃદયથી તો હું તમને જૂદાં થએલા નહિજ માનુ."

હરિદાસીએ ચમેલીને કહ્યું: "બ્હેન ! તમે ભલે આજ ગૃહમાં રહો. મ્હારે તેમાં કાંઇ લેવું દેવું નથી. હું તો એમની સાથેજ જાઉં છુ. શ્યામલાલ, રામલાલ, મનહરલાલ તથા તમે સર્વે અમારાજ છો. હું ત્યાં જઇશ તોપણ તમારા પ્રત્યેની મ્હારી પ્રેમભાવનામાં કાંઇ પણ ફેરફાર થનાર નથી એ અવસ્ય યાદ રાખજો."

આ પ્રમાણે પોતાના સ્વાર્થને તિલાંજલિ આપી પતિ પત્ની ચાલ્યાં ગયાં. જવા સમયે પ્રોફેસર સાહેબે કહ્યું કે. “ ભારતવાસીઓના સંસાર કલહકંકાસથીજ પરિપૂર્ણ છે. સ્ત્રીઓને શિક્ષણ આપ્યા સિવાય, તેમને ગુણિયલ તથા મોટા મનની બનાવ્યા સિવાય, કદિ પણ ભારત સંતાનો પોતાના સંસારમાંથી સુખપ્રાપ્તિ કરી શકનાર નથી.”

હરિદાસીએ વિદાય થતી વખતે ચમેલીને કહ્યું: “જુઓ બ્હેન! મ્હારો કાંઇ અપરાધ જણાયો હોય તો ક્ષમા કરજો, પરંતુ રામલાલને ભણાવવા તરફ દુર્લક્ષ્ય કરશો નહિ.”

પ્રોફેસર મોતીલાલે રેલ્વે સ્ટેશનપર જઇને કૉંગ્રેસના સમાચાર જાણવાને માટે એક ઇંગ્રેજી દૈનિક પત્ર ખરિદ્યું. તો તેમાં માલૂમ પડયુ કેઃ એમના ગૃહની પેઠેજ એ સમયની સુરતની કૉંગ્રેસમા પણ ગરમ તથા નરમ એવા બે વિભાગો પડયા હતા, અર્થાત્ દેરાણી જેઠાણી જેવું થયુ હતું. આથી કરીને મોતીલાલે પોતાના મનમાં વિચાર્યું કે “ નારાયણ કરે ને અમારા ગૃહના કલહ પ્રમાણે આ કલહનો પણ અંત આવે ! ”

૨

કર્કશા સાસુ.

સરસ્વતી પોતાનાં માતપિતાની વ્હાલી પુત્રી છે. એના માતા પિતાએ અત્યાર સુધી એનુ પુત્રવત્ પાલન કર્યું છે. એવાં માતપિતાને પેટ જન્મ થયો એ પણ તેના મોટા ભાગ્યનીજ વાત કહેવાય. નહિ તો આજકાલ અનેક ગૃહોમાં એવું જોવામાં આવે છે કે પુત્રીનુ પુત્રની પેઠે હેતપ્રેમથી લાલનપાલન કરવામાં આવતુ નથી. પુત્રને લોકો **'ગૃહની દોલત'** તથા પુત્રીને **'પારકું ધન'** સમજે છે. સરસ્વતીની માતાની પ્રબળ ઇચ્છા હતી કે પોતાની પુત્રી ગુણવાન, નીતિવાન તેમજ સુશીલ બને. તેનું માનવું એવું હતું કે સુપુત્રથી તો એકજ કુળમાં પ્રકાશ થાય છે. પરંતુ સુપુત્રી તો બન્ને કુળોની કીર્તિને વધારે છે. જેથી સરસ્વતીને તેણે લખવા, વાંચવા અને સદ્‌ગુણોનું શિક્ષણ આપવામાં કશી ન્યૂનતા રાખી નહોતી. પુત્રી પણ ચપળ હોવાથી બાર વર્ષની બાલ્યાવસ્થામાંજ તેણે ઉત્તમ પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરી લીધી.

સરસ્વતીનો પતિ રામલાલ એન્ટ્રેન્સની પરીક્ષા પાસ કરીને નોકરીની શોધમાં ફરતો ફરતો રેલ્વે ઑફિસમાં નોકરી ઉપર રહી ગયો હતો. તેનો પિતા એક સજ્જન પુરૂષ હતો તથા લેવડદેવડનો ધંધો કરી પોતાના કુટુંબની આજીવિકા ચલાવતો હતો.

સરસ્વતીનાં માતપિતા પણ ગુણવાન હતાં. તેમણે રામલાલને યોગ્ય વર તરિકે જોઈ પોતાની વહાલી પુત્રી તેને અર્પણ કરી. સરસ્વતીને માટે રામલાલ યોગ્ય પતિ મળ્યો, પરંતુ દુઃખની કથા એ

હતી કે: તેની સાસુ ઘણી કર્કશા હતી. બે વખત પછી ત્રીજી વખત જ્યારે સરસ્વતી પોતાને સાસરે ગઇ ત્યારથી તેની સાસુએ પોતાના અવનવા રંગ ઢંગ દર્શાવવા શરૂ કર્યા. રામલાલ આજ્ઞાકારી પુત્ર હતો, તેથી માતાપિતાની આજ્ઞા સિવાય પોતાની યુવાન ધર્મપત્નીને પોતાની સાથે લઈ જઇ શકયો નહિ. સરસ્વતીની ઉમર તે સમયે સોળ વર્ષની હતી. તેણે પોતાની યોગ્યતા અને પવિત્રતાથી સસરાના ગૃહને આનંદમય બનાવવા ઇચ્છયું પરંતુ તેની સાસુનો સ્વભાવ એવો તો ક્રૂર હતો કે તે ઇચ્છા ધૂળધાણી થઇ ગઈ. તેની સાસુ વાતવાતમાં તેને વઢતી હતી. સરસ્વતીના માતપિતા ઉપર તે વિના કારણ જ્યારે ત્યારે ખરાબ શબ્દોનો વરસાદ વરસાવ્યા કરતી હતી. જો કોઇ કોઇ સમયે ગૃહકાર્યાદિથી મુકત થયા પછી સરસ્વતી કાંઇ વાચતી લખતી તો તે ઘણીજ ક્રોધમા આવી જઇને કહેતી કે: "ત્હારે ભણી ભણીને કચેરીમાં નોકરી કરવા જવું છે કે શું? ખબરદાર, જો મ્હારા ગૃહમાં ચોપડી ઉઘાડી છે તો!"

સરસ્વતી પોતાની સાસુ તરફથી અનેક પ્રકારનું દુઃખ પડવા છતાં શાંતિ ધારણ કરી બધું સહન કરતી હતી; છતા પોતાની સાસુને પોતાના વિદ્યાભ્યાસની આડે આવતી જોઇને તેનો આત્મા ઘણોજ દુઃખી થતો, કારણ એને નવાં નવાં પુસ્તકો વાચવાનો ઘણો શોખ હતો તથા તેનો પતિ રામલાલ પણ એની ઇચ્છાનુસાર ઉત્તમ પ્રકારનાં સ્ત્રીઉપયોગી પુસ્તકો મોકલી આપતો.

સરસ્વતીની સાસુની બ્હેનનું નામ લલિતા હતું. લલિતા વિધવા હતી તથા પોતાના ઘરની દરિદ્રતાને લીધે તે પોતાની ભગિનીના ગૃહમાં કામધંધો કરવામાં મદદ કરી દિવસો કાઢતી હતી. આ લલિતાનો સ્વભાવ પણ દ્વેષી હોવાને લીધે તથા પોતાની ભગિનીને વ્હાલી થઇ પડવાને લીધે તે પણ સરસ્વતીને દુઃખ દેવામાં કશી ક્યાશ

રાખતી નહિ. સરસ્વતીનો સસરો ઘણોજ ભલો પુરૂષ હતો. પોતાની પત્ની તેમજ સાળીની અયોગ્ય વર્તણુકથી એ પણ ઘણો વ્યાકુળ રહેતો હતો. પુત્રવધૂને તે હોશિયાર તેમજ ગુણવાન સમજતો હતો. પરંતુ પોતાની પત્ની ક્રોધે ભરાઇ કલહ કરશે એવા ભયથી તેની પણ હિંમત નહોતી ચાલતી કે, તે કોઈ પ્રકારે સરસ્વતીને તેના ઉપર પડતા દુઃખમાંથી મુક્ત કરી શકે.

એક દિવસે સરસ્વતીની સાસુએ સ્નાન કરતાં કરતાં પોતાના નાકનું લવિંગીઉં ખોઇ નાખ્યું. તેની ભગિનીના હાથમાં એ લવિંગીઉં આવી ચડવાથી તેણે તેને પોતાની પાસે છુપાવી રાખ્યું, તથા વિચાર્યું કે હવે ભગિની આગળ સરસ્વતીને અપરાધિની ઠરાવવામાં કાંઇ હરકત નડશે નહિ. સરસ્વતીની સાસુને પણ જ્યારે પોતાના ગુમ થઇ ગએલા લવિંગીઆની વાત યાદ આવી ત્યારે તેણે પ્રથમ તો કોઇને કાંઇ પણ કહ્યા સિવાય સર્વત્ર તપાસ કરી. ત્યાર પછી તેણે એ સબંધી પોતાની ભગિનીને પૂછ્યું તો તેણે પ્રથમ આમ તેમ તપાસ કરવાનો ડોળ કરી પછી ભગિનીને ખરૂં ખોટું સમજાવી સરસ્વતીનેજ અપરાધી ઠરાવી. તે બિચારીને જ્યારે લવિંગીઆ સબંધી પૂછવામાં આવ્યું ત્યારે તેણે ઉત્તર આપ્યો કેઃ "મને તે જડયું નથી."

સરસ્વતીનો ઉત્તર શ્રવણ કરતાંની સાથેજ એની સાસુએ ક્રોધપૂર્ણ સ્વરે પ્રશ્ન કર્યોઃ "ત્યારે લવિંગીઉં ગયું ક્યાં ?"

છેવટે ગૃહમાં ભયંકર કલહ ઉપસ્થિત થયો. સરસ્વતીની સાસુ તથા લલિતા, એ બન્નેએ સરસ્વતીપર કડવા વેણના પ્રહાર કરવામાં કશી કચાશ રાખી નહિ.

ગૃહમાં આ પ્રમાણે કલહ કંકાસ ચાલતો હતો એવામાં એકાએક રામલાલ સ્વગૃહે આવી પહોંચ્યો. તે એક સપ્તાહની રજા લઈ
૪૯.૭.૧

વિશ્રાન્તિ અર્થ આવ્યો હતો, પરંતુ ગૃહમાં પ્રવેશ કરતાંજ તેણે જે પ્રકાર જોયો તેથી તે ગભરાઈ ગયો. પુત્રને આમ એકાએક આવેલો જોઈને તેની માતાએ ક્રોધી સ્વરે કહ્યું: " ત્હેંજ આના જેવી ચોટ્ટી સ્ત્રીને મ્હોએ ચડાવી છે. "

માતાનું આ મર્મભેદક વાક્ય શ્રવણ કરી રામલાલ વ્યાકુળ બની ગયો. ચોરીની કશીજ વાત તે સમજી શક્યો નહિ. તેણે વિચાર્યું: "અરે ! અમારા ગૃહસંસારોમાં અવિદ્યાને લીધે આ કેવા કેવા ઉત્પાત ચાલી રહ્યા છે ?!"

સરસ્વતીની સાસુએ પુત્રના આવી પહોંચ્યા છતાં પણ કલહ પડતો મૂક્યો નહિ. આખો દિવસ તેણે વચનરૂપી બાણો વરસાવ્યા કરી સર્વેનાં હૃદય દુઃખી કરી મૂકયાં.

જ્યારે સરસ્વતીને પતિનો મેળાપ થયો કે તરતજ તે બિચારી રોઇ પડી. અંતે સાહસને એકત્ર કરી ગદ્‌ગદ્‌ કંઠે તેણે કહ્યું: "પ્રભુ! હવે મને આપની ચરણ સેવાથી વિમુખ કરશો નહિ. હું હવે માજીની સેવા કરવાને અસમર્થ છુ "

બીજે દિવસે રામલાલના પિતાએ પણ પોતાની સ્ત્રીની શિખામણ ઉપર સત્યાસત્યનો નિર્ણય કર્યા સિવાય કહ્યું: "બાઇ રામલાલ ! સાસુના લવિંગીઆને ચોરી લે એવી વહુ તો જોવામાં તો શુ પણ સાંભળવામાં પણ આવી નથી ! એ શુ સારૂં કહેવાય કે ? "

રામલાલે ઉત્તર આપ્યો: "પિતાશ્રી ! જો કે આપનું કહેવું ખરૂં હશે. પરંતુ મ્હારી ધારણા તો એવી છે કે કદાચિત્‌ લવિંગીઉં કોઈ સ્થળે પડી ગયું હશે."

રામલાલનો ઉત્તર શ્રવણે પડતાંજ તેની માતા વાઘણના જેટલા જુસ્સાથી બોલી ઉઠી: "હવે તું ચાલીસ રૂપિયાનો નોકર થયો એટલે અમને જૂઠાં ઠરાવી ત્હારી પત્નીનો પક્ષ કરવા આવ્યો હશે કેમ ?

તમારા જેવાં અયોગ્ય વહુ દીકરાનું અમારા ગૃહમાં કાંઇ કામ નથી."

રામલાલના હૃદયપટપર આ વાક્યોએ સખ્ત આઘાત કર્યો, જેથી તેણે પત્નીને પોતાની સાથે તેડી જવાનો નિશ્ચય કર્યો.

કલહકંકાસમાં એક સપ્તાહ વીતી ગયું. રામલાલે ગૃહે જઇ કુટુંબ-સુખ ભોગવવાનો વિચાર કરી રજા મેળવી હતી પરંતુ તે બિચારાને તો આ પ્રમાણે સુખને બદલે દુઃખની જ પ્રાપ્તિ થઇ!

રામલાલે પત્નીને સાથે લઈ જવાની વાત કાઢી ત્યારે પણ તેની માતા બોલી ઉઠી: "શું મ્હેં ત્હારૂં એટલા માટે પ્રતિપાલન કર્યું હતું કે અમારી વૃદ્ધાવસ્થામાં તું ત્હારી સ્ત્રીને લઈ ચાલ્યો જાય?"

રામલાલે ઉત્તર આપ્યો કે: "મ્હે તો આપણા ગૃહનો કલહ કંકાસ દૂર કરવાને માટેજ આવો વિચાર રાખ્યો છે."

છેવટે પિતાની અનુમતિ મેળવી રામલાલ સરસ્વતીને સાથે લઇ નોકરી ઉપર ચાલ્યો ગયો.

સરસ્વતી પતિ સાથે ગયાને ફક્ત ચારજ દિવસ થયા હતા. એવામાં એક દિવસે તેની સાસુને પોતાની ભગિની લલિતાની પેટી-માથી ગૂમ થએલું લવિંગીઉં મળી આવ્યુ. મળી આવતાં તરતજ તેણે પ્રસન્ન થઇ પોતાની ભગિનીને કહ્યું કે: "સરસ્વતી જતી વખતે તને આ લવિંગીઉં આપી ગઇ હશે?"

લલિતાએ ઠાવકે મુખે ઉત્તર આપ્યો. "હા, એમજ છે, જ્યારે તે ચાલવા લાગી ત્યારે મ્હેં કહ્યું: લવિંગીઉં તો આપતી જા! તે વિના ત્હારી સાસુનુ નાક બહુ ખરાબ લાગે છે."

રામલાલના પિતાએ જ્યારે આ ઉત્તર શ્રવણ કર્યો ત્યારે તેમને એવો વિચાર આવ્યો કે. "આમાં કાંઈ ગુપ્ત ભેદ હોવો જોઇએ. જો સરસ્વતીએ લવિંગીઉં લીધુંજ હોય તો જતી વખતે એ કદાપિ પાછું આપી જાત નહિ." આ વિચાર આવતાંજ તેણે નિશ્ચય કર્યો કે:

'જેવી રીતે મ્હારો પુત્ર રામલાલ સુપુત્ર છે, તેવીજ રીતે મ્હારી પુત્રવધૂ સરસ્વતી પણ નિષ્કલંક અને સદ્‌ગુણી છે."

ઉપર પ્રમાણે નિશ્ચય થતાંજ તરત તેમણે પુત્રના ઉપર એક પ્રેમપૂર્ણ પત્ર લખી પોતાનાં કઠોર વચનો માટે પશ્ચાત્તાપ દર્શાવી પોતાની સાળી તેમજ પત્નીને અતિશય ધિક્કાર્યાં.

પિતા તરફથી પ્રેમપૂર્ણ પત્ર પ્રાપ્ત થતા રામલાલ તથા સરસ્વતીને અપૂર્વ આનંદ થયો. તેમણે પત્રને વારવાર વાચ્યો એ પત્રનો પ્રત્યેક શબ્દ પ્રેમથી રિપૂર્ણ હતો. પત્રની અંતે લખ્યુ હતું કે: "ભાઇ! અભણ કર્કશા સ્ત્રીઓએ સરસ્વતીને માટે મ્હારા મનમાં જે ક્રોધ અને અભાવ ઉત્પન્ન કર્યા હતા એ માટે હવે મને ઘણોજ પશ્ચાત્તાપ થાય છે. તમે બંને મ્હારાં અયોગ્ય વચનોને ભૂલી જજો."

રામલાલ પોતાના મનમાં ને મનમા પિતાની ઘણી પ્રશસા કરવા લાગ્યો. તેણે અતિશય હર્ષના આવેશમાં આવી જઇને સરસ્વતીના તરફ દૃષ્ટિ કરી ઠાવકા મુખે પ્રશ્ન કર્યો: "કેમ હવે ફરીથી લવિંગીઆની ચોરી કરશો કે?"

સરસ્વતીએ ગભીર કઠે ઉત્તર આપ્યો કે: "જ્યાં સુધી સ્ત્રીઓને વિદ્યા તથા સદ્‌ગુણના શિક્ષણથી દૂર રાખવામાં આવશે ત્યાં સુધી દરેક હિંદુના ગૃહસ્થાશ્રમમાં આવા કલહ કંકાસો ચાલ્યાજ કરવાના."

રામલાલે ઉત્તર આપ્યો: "પ્રિયા! ત્હારૂં કહેવુ યથાર્થ છે. આપણા હિંદુ ગૃહસંસારમાં ગૃહે ગૃહે જ્યારે ત્હારા જેવી સુશીલ, ગુણવાન તથા નીતિવાન ગૃહિણીઓ વિરાજશે ત્યારેજ હિંદુઓને સાંસારિક સુખની પ્રાપ્તિ થશે."

3

સુશીલા ભાભી.

કહેવાય છે કે સંસારમાં ભાઇની સમાન કોઇ સગું નથી; પરંતુ હું તો એમ પણ કહું છુ કે ભાભીના સમાન સ્વજન પણ આ સંસારમાં કોઇ નથી. જ્યારે મ્હારા ભાઇનો વિવાહ થયો હતો ત્યારે મ્હારી ઉમર બે વર્ષની હતી. મ્હારા દુર્ભાગ્યને લીધે મ્હારી માતા મ્હારૂં ફક્ત ત્રણ ચાર માસ સુધી પ્રતિપાલન કરી પરલોકવાસ કરી ગઇ હતી. ભાઇના લગ્ન સમયે મ્હારી ઉમર પાંચ વર્ષની હતી એ પછી થોડાજ સમયમા દૈવનો મ્હારા ઉપર સંપૂર્ણ ક્રોધ ઉતર્યો. મ્હારા પિતા આરોગ્ય હતા છતાં એકાએક એક રાત્રે પ્લેગે તેમના ઉપર આક્રમણ કર્યું. ભાઇ તથા ભાભીએ તેમની અનેક પ્રકારે સેવા ચાકરી કરી પરંતુ નિર્દય કાળને લેશ માત્ર પણ દયા આવી નહિ. આ પ્રમાણે પિતાનો એકાએક પરલોકવાસ થવાથી મ્હારી દશા ઘણીજ શોચનીય થઇ પડી. ઘણાખરા લોકો મ્હારા ભાઇને વારવાર કહ્યા કરતા હતા કેઃ "માધવલાલભાઇ! આપના કૃષ્ણલાલને સારી રીતે રાખજો. હવે તેના પિતા તથા રક્ષક તમેજ છો."

હું ઘણી વખત પિતાને યાદ કરી રોદન કર્યા કરતો હતો. નાનપણમાંજ માતાનો કાળ થએલો હોવાથી પિતાએ મ્હારૂં ઘણાજ પ્રેમથી લાલનપાલન કર્યું હતું. તેઓ સવારે મ્હારી પાસે બેસીને મને દાતણપાણી કરાવતા તથા નહવરાવતા ધોવરાવતા હતા; તથા નાસ્તો કરાવી નિશાળે પહોંચાડી જતા હતા. પરમાત્માની કૃપાથી પિતાની પાસે થોડી ઘણી જમીન હતી તથા મ્હારો ભાઇ પણ સારી રીતે વ્યાપાર કરતો હોવાથી

પિતાશ્રીને માથે ગૃહસંસાર ચલાવવાની કોઇ પણ પ્રકારની ચિંતા નહોતી; આમ હોવાથી તેઓ રાત્રિ દિવસ મ્હારામાંજ લક્ષ રાખી મ્હારૂં લાલનપાલન કર્યા કરતા હતા.

પિતાના મૃત્યુ પછી કેટલાક માસ વીત્યા પછી દીપોત્સવી આવી પહોંચી, તોપણ મ્હારો શોક તો દૂર થયોજ નહિ. હું રાત્રિદિવસ ચિંતામાં અને દુઃખમાં રહ્યા કરતો હતો. મ્હારો ભાઇ તથા ભાભી પણ મ્હારી એવી અવસ્થા જોઇ બહુ ઉદાસ રહેતા. આડોસી પાડોસી પણ તેમને કહ્યા કરતાં કે: "કૃષ્ણલાલને એવી રીતે રાખો કે જેથી તે પિતૃવિયોગનો શોક ભૂલી જાય."

જ્યારે મને રોદન કરતા જોતા ત્યારે મ્હારા ભાઈ પોતે પણ રડી પડતા. આવા સમયે મ્હારી ભાભી અમને બન્નેને સમજાવતી તથા પ્રેમથી મને થોડી મિઠાઇ આપીને મ્હારો શોક દૂર કરતા કહેતી કે: "કૃષ્ણલાલભાઇ! જુઓ હવે થોડા સમયમા તમારો વિવાહ કરીશુ અને એક નાની સરખી સુદર વહુ આવશે." આવી આવી વાતો કરીને તે મ્હારો શોક ભૂલાવ્યા કરતી હતી.

ગમે તેમ હો પણ ભાભીની પ્રેમપૂર્ણ વાતોથી મ્હારા મનને સહજ પણ સતોષ થતો હતો. ભાભી જ્યારે મને એમ કહેતી કે: "કૃષ્ણલાલભાઈ! જ્યારે તમે ખૂબ અભ્યાસ કરી વિદ્વાન બની જશો ત્યારે સર્વે તમને 'મહેરબાન, જીસાહેબ' એમ કહ્યા કરશે. જુઓ! આપણી પાડોશમાં જે ડેપ્યુટી સાહેબ રહે છે એ પણ એક વખતે તમારી માફક નિશાળે ભણતા હતા."

ભાભીની આવી આવી વાતોથી મ્હારા મનમાં ઘણો ઉત્સાહ ઉત્પન્ન થતો ગયો અને મ્હારૂ મન ભણવામા એટલું બધું નિમગ્ન રહેતુ ગયું કે, હું માતા પિતાના વિયોગનો શોક પણ ભૂલી ગયો. રાત્રિ દિવસ હું અભ્યાસજ કર્યા કરતો હતો. એમ થતાં થતાં

છેવટે હુ મેટ્રીક ક્લાસમાં જઇ પહોચ્યો મ્હારા મોટા ભાઇ પણ વિદ્યાની કિમત સમજતા હતા, કારણુ કે તેઓ પણ સુશિક્ષિત હતા. અને તેથી તેમણે મ્હારા અભ્યાસ પાછળ ખર્ચ કરવામા કશી પણ ન્યૂનતા રાખી નહિ. ધીમે ધીમે મ્હારા અભ્યાસનો પરિશ્રમ સફળ થવાનો સમય સમીપ આવી પહોચ્યો હુ એ સમયે પણ અભ્યાસમાં ક્યાગ ગણનો નહિ. આડોશીપાડોશી અમારા ગૃહનો સર્વ વ્યવહાર જોઇ ઘણા ખુશી થયા હતા મ્હારી ભાભીનો વાત્સલ્ય–ભાવ પણ સદા મને ઉત્સાહ આપ્યા કરતો. તેમજ મને મ્હારી ભાભીના સમાન આ સકળ સસારમાં કોઇ પ્રિય નહોતુ.

મ્હારી પાડોસમા બે ભાઇઓ રહેતા હતા. તેમની સ્ત્રીઓ એટલે કે દેરાણી જેઠાણી માહોમાહે ઘણોજ કલહકકાસ કર્યા કરતી હતી; અને જો કદાચિત્ મ્હારી ભાભી તેમને કાઈ સમજાવવા જતી તો તેઓ તેના સાથે પણ લડી પડતી હતી. મ્હારી ભાભી હમ્મેશા મને એમ સમજાવ્યા કરતી કે "ભાઇ! તમે ભણવા તરફ અતિશય ધ્યાન આપજો. વિદ્યાની પ્રાપ્તિ થવાથી જ મનુષ્ય શ્રેષ્ઠતાને પામે છે."

આ પ્રમાણે હોવા છતા મ્હારી ભાભીના વિચારો કાઈક અસલી મતના હોવાથી રાત્રિ દિવસ તે મ્હારા ભાઇ પાસે મ્હારા લગ્નનીજ વાત કાઢ્યા કરતી હતી. આ વિષય ઉપર કેટલીક વખત ભાઇ તથા ભાભી વચ્ચે લબાણુ વિવાદ ચાલતો અને અતે અન્ય કાઇ બોલવાની બારી ન રહે ત્યારે મ્હારી ભાભી કહેતી કે. "જો કૃષ્ણલાલ મ્હારા કરતા પણ તમને વિશેષ પ્રિય છે, તો પછી તમને જેમ યોગ્ય લાગે તેમ કરો."

મ્હારી ભાભીનુ મ્હારા તરફનું સર્વ વર્તન એક પ્રેમાળ માતાના જેવુંજ હતું. તે મ્હારા ભોજનાદિને માટે પણ ઘણી ફિકર રાખ્યા

કરતી. મને નવાં નવાં કપડાં પહેરાવવાની તેને ઘણી હોંશ હતી રાત્રે ભોજન લીધા પછી તે મ્હારી આગળ અનેક પ્રકારની સારી સારી બોધપ્રદ કથાઓ કહેતી હતી; અને રામાયણ તેમજ મહાભારતના અનેક દૃષ્ટાંતો તેણે મને કંઠસ્થ કરાવી દીધાં હતાં. આ પ્રમાણે કેટલોક સમય ગયા પછી હું મેટ્રિકની પરીક્ષામાં ઉપર નંબરે પાસ થયો. આ પરિણામ મ્હારી ભાભીનાજ રૂડા પ્રયાસ, પ્રોત્સાહન અને વાત્સલ્ય-ભાવનુ છે એમ મને લાગતું હતું.

પરીક્ષા પાસ કર્યા પછી મ્હારા ભાઇએ પણ વિચાર્યું કે: હવે કૃષ્ણલાલનો વિવાહ કરી દેવો જોઇએ વિવાહનુ સર્વ કાર્ય શાસ્ત્રાનુસાર કરવામા આવ્યું. અમારી જ્ઞાતિમાં પહેરામણી બહુ ભારે આપવી પડતી, પરંતુ કન્યાના પિતા પ્રત્યે તે માટે મ્હારા ભાઇએ કાંઈ પણ હઠ કરી નહિ; જે કાંઇ કન્યાના પિતાએ પ્રેમથી આપ્યુ તેનો આદરપૂર્વક સ્વીકાર કરી લીધો. સ્ત્રીમંડળને મ્હારી ભાભીએ આ પ્રસંગે અશ્લીલ ગીતો ગાવા દીધા નહિ; અને એવા પ્રસંગે લોકોમાં ચાલતી આવેલી કુરીતિઓનો બને ત્યાં સુધી ત્યાગ કરીને એ મંગળ કાર્ય પૂર્ણ કરવામા આવ્યું. આ સમયે મ્હારે અવશ્ય કહેવુ જોઇએ કે મ્હારૂ લગ્ન તો થયુ પણ જે કન્યા સાથે મ્હારૂં લગ્ન થયુ હતું તે એક અજ્ઞાન માતાની અભણ પુત્રી હતી.

પાસ થયા પછી હુ કૉલેજમા શીખવા લાગ્યો અને બે વર્ષમાં બી. એ. ની પરીક્ષા પણ પસાર કરી દીધી. મ્હારા ભાઇનો મત હવે મને દુકાનના વ્યવસાયમા રોકવાનો હતો પરંતુ ભાભીનો વિચાર એવો હતો કે મ્હારે કોઇ ઉત્તમ નોકરી ગ્રહણ કરવી. આ સંબંધમા પણ મ્હારા ભાઈ તથા ભાભી વચ્ચે કેટલાક દિવસ સુધી આનંદમય વાદવિવાદ થયા કર્યો. છેવટે બન્નેની સંમતિથી એવો નિશ્ચય થયો કે, મ્હારે દુકાનના વ્યવસાયમાંજ પડવું. મ્હારા કેટલાક મિત્રો આ

વાત સાંભળીને આશ્ચર્ય પામ્યા તથા પરસ્પર વાતો કરવા લાગ્યા કેઃ "જુઓ તો ખરા! અંગ્રેજી અભ્યાસ કર્યા છતાં પણ આ તો દુકાનદારીજ કરશે!"

મ્હારા મિત્રોનો આ ઉપહાસ ફક્ત થોડાજ દિવસને માટે રહ્યો. ભાઈની સાથે મળી જઇને મ્હેં વ્યાપાર કરવા માંડયો તેથી અમારો વ્યાપાર તેમજ લેવડ દેવડ બહુ વધી પડી; અને બે વર્ષમા તો તેથી અમને ઘણોજ ફાયદો થયો. હવે મને માસિક સો રૂપિયા કરતા પણ વધારે મળતર થવા લાગ્યુ અને મ્હારી પૂર્ણ ખાત્રી થઇ કેઃ 'વ્યાપારે વસતિ લક્ષ્મી' એ વાકય સર્વથા સત્યજ છે. મ્હારા મિત્રો કે જેઓ પ્રથમ મ્હારી મશ્કરી કરતા હતા, તેઓ તો હજી પણ ઑફિસોમાં ઉમેદવારીજ કર્યા કરતા હતા! જ્યારે જ્યારે તેઓ મને મળતા અને અમારા એક બીજાના ધધા સબધી વાતો નીકળતી ત્યારે તેઓ કહેતા કેઃ "ભાઇ! ત્હારે તો ઠીક ફાવી ગયુ. મઝાનો સ્વતંત્ર ધંધો જામી ગયો"

મ્હારા ઉદાહરણથી મ્હારા એક બે મિત્રોએ પણ પોતાના પૈતૃક ઉદ્યમો કરવાનો દૃઢ નિશ્ચય કર્યો.

મ્હારી ભાભીને હવે મોટી ચિંતા મ્હારી પત્નીને શિક્ષણ આપવાની હતી કારણ મ્હારી ભાભીની એવી ધારણા હતી કેઃ "તેને યોગ્ય શિક્ષણ મળ્યેથી તે પોતાનું કર્તવ્ય સમજી જશે; અને જો એ અભણ જ રહી જશે તો પછી કદાચ અમારા ગૃહમાં પણ પાડોશણોની માફક કલહકંકાસ જાગશે."

ઉપલા વિચારને લીધે મ્હારી ભાભીએ મ્હારી પત્નીને ફક્ત આઠ જ દિવસમા કક્કો બારાક્ષરીનો પરિચય કરાવી દીધો; અને ગૃહકાર્ય કેમ કરવું તે પણ સાથે સાથે કાળજી તથા પ્રેમપૂર્વક શીખવવા માંડયું. એક વર્ષમાં તો મ્હારી સ્ત્રી રામાયણ વાચી શકવા લાગી તથા લખવામાં

તેમજ ગૃહકાર્ય કરવામાં કુશળ થઇ ગઇ. નાનાં મોટાં સાથે કેમ વર્તવું એ પણ હવે તે શીખી ગઇ. આ સર્વ વિષયોમાં મ્હારી પત્નીની એક સમયે પરીક્ષા પણ થઇ, એક દિવસે મ્હારી ભાભી અમારા એક સબંધીને ત્યા વિવાહમાં ગયા હતા તે સમયની તક લઈને બે ત્રણ પાડોસણો જે મારા ગૃહમાં આવજાવ કરતી હતી તેઓ મ્હારી સ્ત્રીને કહેવા લાગી "હવે તો કૃષ્ણલાલ ભણી ગણીને કમાતા શીખી ગયો છે છતા તમે જેઠ જેઠાણીના જૂના નીચે કેમ પડી રહ્યા છો ?"

પાડોશણોની આવી કથા સાભળી પ્રથમ તો મ્હારી પત્નીને તેમના ઉપર અભાવ આવ્યો. છતા તે મનના જ દબાવી રાખીને તેણે કહ્યુ "આપણા પૂર્વજોનો તથા ઉત્તમ ધર્મ ગ્રથોનો એ ઉપદેશ છે કે, **નાનાંએ પોતાનાથી મોટાં અર્થાત્ પૂજનીયોના આશ્રયમાં રહેવું જોઇએ.**" આમ કહી તે ગૃહની અદર ચાલી ગઇ પાડોશણો પણ આ ઉત્તરથી લાચાર બની લજ્જિત વદને ત્યાથી પોતપોતાને સ્થાનકે ચાલી ગઇ.

ભાભી વિવાહ–પ્રસગમાથી ઘેર આવતા મ્હારી પત્નીએ ઉપલી ઘટના તેમને કહી સભળાવી. મ્હારી સ્ત્રીએ આપેલા રૂડા ઉત્તરથી ભાભી ઘણાજ પ્રસન્ન થયા. મ્હારી ભાભીએ ધીમે ધીમે અતિ પ્રેમ પૂર્વક મ્હારી પત્નીને ગૃહસ્થાશ્રમની સર્વ ફરજો તથા રીતભાતોનુ શિક્ષણ આપ્યું. એક દિવસે અમે બને ભાઇ ભોજન કરવા બેઠા હતા ત્યારે મ્હારી ભાભીએ ઉપલી સર્વ હકીકત અમારી પાસે બેસીને હસતા હસતા કહી સંભળાવી હતી આ સમયે મ્હારાથી બોલ્યા સિવાય રહી શકાયું નહોતુ કે "ભાભી! એ બધી તમારી અને મ્હારા મોટા ભાઇની કૃપાનોજ પ્રતાપ છે. માતાપિતાના મૃત્યુ પછી તમેજ અમારૂં તેમના સમાન પ્રતિપાલન કર્યું અને મને ઉત્તમ કેળવણી મળી તેનું કારણ પણ તમારીજ કૃપા છે; આ મ્હારી અશિક્ષિતા પત્નીનાં નેત્રોમાં

વિદ્યાદેવીનું અંજન કરનાર પણ તમેજ છો. અર્થાત્ મ્હારો સંસાર તમેજ આનંદપૂર્ણ બનાવ્યો છે. ભાભી! તમને ધન્ય છે! તમેજ અમારાં ઉભયનાં રક્ષક છો, **ભાભી! તમારા જેવી ગુણવાન અને શિક્ષા-વિભૂષિત સ્ત્રીઓ ભારતની અંદર ગૃહે ગૃહે વિરાજતી હોય તો આપણા દરેક દેશબંધુઓનો ગૃહસ્થાશ્રમ કેવો સુખપૂર્ણ અને આનંદદાયક નીવડે!!!"**

મ્હારા ભાઈ પણ મ્હારા આ કથનથી આનંદપૂર્ણ વદને સ્મિત કરવા લાગ્યા. તેમણે ધીમેથી મને કહ્યુ: "બસ, બસ, ભાઇ! હવે ત્હારી ભાભીની વિશેષ પ્રશંસા ન કર."

મ્હે કહ્યું: "હું મ્હારી ભાભીની જેટલી પ્રશંસા કરૂં તેટલી થોડી જ છે. **ભગવાન મ્હારા જેવી ભાભી સઉને આપે એજ** મ્હારી અભિલાષા છે."

મ્હારી નવી ભાભી.

न जाने जानकीनाथ प्रभाते किं भविष्यति ।

એ કથનાનુસાર એક વર્ષ પછી, એક દિવસમાં કે માત્ર એકાદ કલાકમાજ શું બનશે તે કોઈ જાણતું નથી દૈવની ગતિ અકળ છે! એકાએક મ્હારી ભાભીને સખ્ત તાવ આવી ચડયો. જગતમાં કહેવાતું આવ્યું છે કે અદેખો દૈવ ઉત્તમ પ્રાણીઓને આ સંસારમાં વધારે દિવસ રહેવા દેતો નથી. કોઈ એક કવિએ પણ કહ્યુ છે કે: "જેની અહિં ચાહના છે તેની ત્યાં પણ જરૂર છે" માત્ર પહેલી વારના તાવની સાથેજ મ્હારી ભાભીનો પ્રાણ પરલોક સિધાવ્યો અને અમારા ઉત્તમ ગૃહસંસારનો સુબુદ્ધિદાયક સ્તંભ ટૂટી પડયો. અમારા સુખસૂર્યનો અસ્ત થયો. મરવા સમયે મ્હારી ભાભીએ મ્હારી પત્નીને, મને તથા મ્હારા બંધુને જે ઉપદેશ કર્યો તે ઘણોજ હિતકારક હતો. મ્હારા

ભાઇને પોતાની મૃત્યુશય્યા પાસે બોલાવીને તેમણે કહ્યું હતુ કે: ઇશ્વર કરે ને હુ આપના ચરણોની સેવા અધિક કાળ સુધી કરતી રહું. પરંતુ આ નાશવત શરીરનો ક્યારે અત આવી જાય તેની કોને ખબર છે? માટે જુઓ ! **દુનિયામાં ભાઇના જેવું અન્ય કોઈ સગુ જ નથી. સંસારમાં સૌથી નિકટનો સંબંધ ભાઇનો જ છે, માટે તમે કૃષ્ણલાલની સાથે હમ્મેશાં આવો ને આવો જ પ્રેમ રાખજો."**

એ પછી મ્હારા તરફ મ્હો ફેરવીને તેમણે કહ્યુ: "ભાઇ ! તમને વિશેષ શુ કહું ? આ તમારા વડિલ બધુ છે. સર્વે પ્રકારથી એમને રાજી રાખી તેમની આજ્ઞામા રહેજો; અને શક્તિ અનુસાર એમની બને તેટલી સેવા ચાકરી કરજો."

છેવટે મ્હારી સ્ત્રીને ગૃહની સર્વે નાની મોટી બાબનો સમજાવીને આ દેવીસ્વરૂપ ભાભીએ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. ભાભીના મરણના દુ:ખનો આઘાત મ્હારા આત્મા ઉપર, મ્હારી માતાના મરણના દુ:ખના આઘાત કરતા પણ વિશેષ સખ્ત લાગ્યો.

ભાભીના ગુણોનુ વર્ણન હું કયાં સુધી કરૂં ? આવી સદ્‌ગુણ સંપન્ન નારીઓ હિદુ સસારમાં અતિ દુર્લભ છે. આજકાલની સ્ત્રીઓ પોતાની મૂર્ખતાથી બે સગા ભાઇઓ વચ્ચે પણ કલહકંકાસ ઉભો કરાવી દે છે; પરતુ મ્હારી ભાભીએ અમારી સાથે ભિન્નભાવ મનમાં પણ કદિએ આણ્યો નહોતો. તેમને ઉદરે કશું સતાન થયું નહોતું. મ્હારા બન્ને બાળકો ઉપર મ્હારી પત્ની કરતા પણ તેઓ વિશેષ પ્રેમ રાખતાં હતાં. બાલ્યાવસ્થામાં પણ મ્હારાં બાળકો સ્તનપાન કરવાના સમય સિવાય આખો દિવસ મ્હારી ભાભીની પાસેજ રહેતા; અને જ્યારે બન્ને મોટાં થયા ત્યારે પણ તે મ્હારી ભાભી પાસે જ આમોદ પ્રમોદ કરી પોતાના દિવસો આનદમાં વીતાડતાં; અને માજી માજી કરીને તેમની સાથેજ ગેલ કર્યા કરતાં હતાં. ભાભીના

એકાએક પરલોકવાસથી મ્હારાં અજ્ઞાન બાળકો ઉપર પણ સખ્ત આઘાત થઈ પડયો. તેઓ બન્ને થોડા દિવસ સુધી "માજી" 'માજી" કરતાં રોદન કર્યા કરતાં હતાં. મ્હારી ભાભીમાં બે ગુણો ઘણાજ ઉત્તમ હતા. એક તો **તે કોઇની કદાપિ નિંદા કરતી નહિ તથા અન્ય કોઇની નિંદા શ્રવણ કરતી નહિ.** આ પ્રમાણે હોવાથી ખરાબ તેમજ કલહકંકાસ ઉત્પન્ન કરાવનારી સ્ત્રીઓના પગજ અમારે ત્યા આવતાં ઉપડતા નહિ. બીજો ગુણ તેમનામા એ હતો કે જો કોઇ અધિક બુદ્ધિવાન સ્ત્રી મ્હારી ભાભી પાસે આવતી તો તેની પાસે બેસીને તેઓ કંઇ ને કઇ શિક્ષણ મેળવતાં હતા; તથા પોતાનાથી ઓછી બુદ્ધિવાળી સ્ત્રીઓનો સમાગમ થતા તેમને કઇ નહિ ને કઇ શીખવતાં હતાં. મ્હારી સ્ત્રી સુધરી એ પણ મ્હારી ભાભીની સુસંગતિનોજ પ્રતાપ હતો.

ઈશ્વરના અનુગ્રહથી અમારૂં ગૃહ ધનવાન ગણાતું હતું. જેથી ભાભીનુ તેરમુ થઇ જતામા તો એક પછી એક ગોર મહારાજો માગાં લઈ અમારી પાસે આવવા લાગ્યા. એક ઉત્તર લઇને જાય તે પહેલા તો બીજો આવીને ઉભોજ રહેતો ! પરંતુ ભાઇ તેમને સર્વેને વિવાહ કરવાની ના પાડતા હતા તેઓ પોતાના સ્નેહીઓને કહેતા કે: "જો મ્હારા ભાગ્યમાં સંસારસુખ વિશેષ નિર્માણ થયુ હોત તો મ્હારી પહેલી સ્ત્રીનોજ વિયોગ શા માટે થાત ? "

જ્યારે કુટુંબનાં માણસો અને સ્નેહી સ્વજનોએ વિવાહ કરવાને માટે ભાઇને અતિશય આગ્રહ કરવા માડયો ત્યારે ભાઇએ તેમને કહ્યું કે: "મ્હારે વિવાહ કરીને શું કરવું છે? કૃષ્ણલાલના પુત્રો એ મ્હારાજ પુત્રો છે. વળી તેની પત્નીનો સ્વભાવ એવો સુશીલ તથા નમ્ર છે કે જેથી તેમનો—સર્વેનો આનંદ તથા સુખ એ મ્હારાંજ આનંદ અને સુખ છે, મ્હારા ભાઇનું એવું ધારવું હતું કે જો કદાચ

તે પોતે વિવાહ કરી પુનઃ સંસારી થાય તો અમે બન્ને ભાઇ હમણાંના જેવા સપ અને પ્રેમસુખનો ઉપભોગ કરી શકીશુ નહિ. પણ પરિણામે થનાર વસ્તુ કાંઇ મિથ્યા થાય છે !

મ્હારા ભાભીના પરલોકવાસને એક વર્ષ થઇ ગયુ. ધીમે ધીમે ભાઇનો શોક પણ ઓછો થઇ ગયો; અને સગાસબધીઓનુ દબાણુ દિવસેદિવસ વધતું ગયુ. જેને પરિણામે ભાઇ પુનર્વિવાહ કરવાને તૈયાર થયા. વિવાહ કરવાના આગ્રહમા હું પણ જોડાયલોજ હતો. એક પ્રસગે તો એ પ્રકારની વાત નીકળતા તેમણે ઉત્તર આપ્યો હતો કે "ભાઇ' તું મને કહે છે એ ખરૂં પણ એમ કરવાથી ત્હારી ભાભી જેવી સ્ત્રી મળવી કઠિન છે અને તેથી પછી નાહક આપણા એક ઘરનાં બે ઘર થઇ જશે. એ વાતનો મને વિશેષ ભય રહે છે."

ભાઇના આવા કથનનો મ્હેં ઉત્તર આપ્યો હતો કેઃ "બધુ ! આપના આવા પ્રેમપૂર્ણ વિચારો આગળ આપણી એકતાનો ભગ થવો એ સર્વથા અસભવ છે '

છેવટે મ્હારી માસીના એક સંબધીની કન્યા સાથે મ્હારા બંધુનો વિવાહ થવાનુ નક્કી થયુ. જો કે આ કન્યા ગરીબ માબાપની પુત્રી હતી. એટલુજ નહિ પરતુ બીજી બધી કન્યાઓ કરતા મોટી હતી; પણ તે છતા મ્હારા માસીએ એ કન્યાના રૂપગુણુની વિશેષ પ્રશંસા મ્હારા બધુ આગળ કરતા કહ્યુ હતું કેઃ "ભાઇ ! ત્હારી પરલોકવાસિની પત્ની કરતા પણ તે સારી છે, સુશીલ છે, નમ્ર છે; અને તેની સાથે વિવાહ થવાથી તું ત્હારી પ્રથમની સ્ત્રીનો શોક ભૂલી જઇશ. ગૃહમાં આવતાની સાથેજ ગૃહનો સર્વ કાર્યભાર પોતાને શિર ઉપાડી લેશે."

માસીના આવા કથન ઉપર વિશ્વાસ મૂકી ભાઇએ તરતજ લગ્ન કર્યું. મ્હારી નવી ભાભી અમારા ગૃહમાં આવી તે દિવસે મ્હારી

સ્ત્રીને પણ અત્યંત હર્ષ થયો. તેણે વિચાર્યું કે હવે મને ગૃહમાં ઘણો આનંદ થશે. એ આખો દિવસ તો, હું મ્હારી પરલોકવાસિની ભાભીને યાદ કરી કરીને રોયાજ કર્યો છેવટે મ્હે પોતેજ ધૈર્ય ધારણ કરી ઇશ્વરની પ્રાર્થના કરી કે મ્હારી નવી ભાભી અમારા સંસારમાં સુખદાયિની થઇ પડે.

વિવાહ થઇ ગયા પછી ત્રણ દિવસે જાણ્યું કે મ્હારી નવી ભાભીમાં દુર્ગુણો સિવાય બીજા ગુણ જ નહોતા ! મ્હારા જાણવામાં આ વાત પણ આવી ચુકી કે નવીન ભાભીની માતા પોતાના લડાઇખોર સ્વભાવને માટે પ્રખ્યાત છે. એવી માતાના હાથ નીચે ગૃહશિક્ષણ લેનાર પુત્રી કુટિલતામાં શા માટે દક્ષ ન હોય? તેની માતાનો સ્વભાવ એવો તો તામસી હતો કે એના પતિ સુદ્ધાં તેનાથી સદા બ્હીતા હતા. મ્હારી નવી ભાભી વિવાહ થયા પછી અમારે ત્યાં થોડા દિવસ રહીને પિયરમાં ચાલી ગઇ હતી. પરંતુ થોડા દિવસો પછી તે જ્યારે ફરીથી અમારે ત્યાં આવી ત્યારે તેણે પોતાની માતાની શિક્ષાનો પૂર્ણ પ્રભાવ દેખાડવાની શરૂઆત કરી દીધી ! મ્હારી નવોઢા ભાભીને અમારે ત્યાં આવવા અગાઉ એની માતાએ સમજાવી દીધુ હતું કે. “ બેટા ! સદા પોતાના હાથમાનો પૈસોજ સંકટ સમયે કામમાં આવે છે. સંસારમાં સંકટ સમયે કોઇ કોઇનું સગું થતું નથી.”

બસ મ્હારી નવી ભાભીને માટે આટલો સદુપદેશ (!) જ પૂર્ણ હતો. તેણે અતિશય ચપળતાથી પોતાની માતાના ઉપદેશનું પાલન કરવા માંડયું ! નવાં ભાભી સાહેબનું પ્રથમ કર્ત્તવ્ય એ નક્કી થયુ હતું કે દિયર દેરાણીથી જૂદાં થઇ જવું, આ કર્ત્તવ્યને પૂર્ણ કરવા માટે તેમણે અમારા ગૃહમા પોતાની નવી નવી લીલાઓ વિસ્તારવા માડી. પહેલીજ તકે “ દેરાણીને લીધે પોતાને ખાવાપીવાનું સુખ પડતું નથી.” એવી ફરિયાદ મોટા ભાઇના કાન સુધી પહોંચી ગઇ. તેની સાથે

વળી આ વાત પણ પહોંચી ગઇ કે: "દેરાણી એમ કહ્યાં કરે છે કે મ્હારા બાળકોને રમાડીશ તોજ રોટલો પામીશ; અને નહિ તો અમારાથી જૂદી થઈ જા. ત્હારા ધણી એવડું શું રળીને ઉંધા વળી જાય છે! બધોએ ધધો તો મ્હારો ધણીજ કરે છે."

આવી આવી અનેક બનાવટી બાબતો કહેતી રહીને મ્હારા બન્ધુને તે રોજ ભભેરવા લાગી ભાઈ આવી વાતો શ્રવણ કરીને મનમા ને મનમાજ બહુ દુઃખી થતા હતા એક દિવસે ભાઇએ મને એકાતમા બોલાવીને કહ્યું "જો ભાઇ! જે પ્રમાણે મ્હે કહ્યુ હતું તેવુંજ થવા બેઠુ! હવે અમારૂં ને તમારૂં એકજ ઘરમા રહેવું...... " આમ કહેતાં કહેતાંમાં તો ભાઇનો કઠ અટકી ગયો, તેઓ ગળગળા થઇ ગયા અને વિશેષ કાંઇ ન બોલી શકતા તેઓની આખોમાંથી દડ દડ આસુ ટપકવા લાગ્યાં. મ્હે ભાઇના ચરણહૃદયમા ઢળી પડી ગદ્ગદ્ કઠે કહ્યુ: "કાંઇ ફિકર નહિ. આપ ફક્ત આપના આ કનિષ્ઠ બન્ધુને આપના હૃદયથી વિસારશો નહિ. એટલીજ મ્હારી પ્રાર્થના છે. તમે જૂદા રહેશો તેથી શુ થઇ ગયુ? આપણી ઉભયની પ્રીતિ તો એથી જુદી પડનાર નથી ને?" મ્હારા ભાઇ મ્હારૂં કથન સાભળી બહુ ખુશી થયા. પરંતુ તેમણે મ્હારી નવી ભાભી સાથે બીજા ઘરમાં રહેવાનુ સ્વીકાર્યું નહિ. તેમણે કહ્યું કે: "વિવાહ થતાની સાથે જ હું તમારાથી છુટો પડી જઇશ તો એથી સમાજમાં મ્હારી ઘણી નિદા થશે માટે હું એ પ્રમાણે તો કદાપિ નહિ કરૂં."

નવી ભાભીના આગમનથી અમારા ગૃહમા નવા નવા તમાસા થવા લાગ્યા. ભાભી સાહેબનો સ્વભાવ ઘણો વિચિત્ર હતો તથા વારવાર બદલાઇ જતો હતો. થોડા સમય ઉપર આનદથી વાતચીત કરી રહી હોય તો થોડા સમય પછી—કાર્ય કરવાનો સમય આવે ત્યારે પલંગ ઉપર જઇને મ્હોં ચઢાવીને પડેલાં હોય! આવી અવસ્થામાં

તેની પાસે જઈને કાંઇ પણ કહેવાની કોઇની હિંમત ચાલતી નહોતી. જો મ્હારી સ્ત્રી તેની પાસે જઇ નમ્રતાથી કાંઇ કાર્ય કરવા કહેતી તો ઉત્તર મળતો કે "તું મને કામની બતાવનારી કોણ? મ્હારી તબિયત સારી હોત તો હું મ્હારી મેળેજ સર્વ કામકાજ કરી નાંખત?" જો કોઇ વખત રાજી થઇને એ કાંઇ કાર્ય કરતી તો એવુ કરતી કે જેથી ફરીથી કાંઇ પણ કાર્ય સોંપવાની મ્હારી સ્ત્રીની ઇચ્છા થતીજ નહિ! જો તે કોઇ સમયે ભોજન બનાવતી તો એવું બનાવતી કે ફરીથી તેને બીજી વખત રાંધવાનું કોઇ સોંપેજ નહિ! કોઇ સમયે દાળ કે શાકમા મીઠું વધારે નાખી દેતી, તો કોઇ સમયે બાળી મૂકતી અને કોઇ સમયે પાણીજ પાણી કરી મૂકતી! રોટલીઓ પણ એવી કઠિન બનાવતી હતી કે જેને બે હાથે પકડીને પણ તોડવી કઠિન પડે! પૂરી પકવાન્ન ઇત્યાદિ બનાવવામાં પણ એજ પ્રમાણે થતું એક તો ભોજન બનાવતાજ એને આવડતું નહોતું અને બીજું એવા કારણથી તે રસોઇ બગાડી નાખતી હતી કે જેથી તેને કોઇ ભોજન કરવાનું કહેજ નહિ

વળી આ ભાભી સાહેબનો સ્વભાવ એટલો તો કલહપ્રિય હતો કે દિવસમા બે ચાર કડવાં વેણ કહ્યા તેમજ સાભળ્યા સિવાય તેમને ચેનજ પડતું નહિ. વાણીનુ યુદ્ધ કરવા માટે એમનો જીવ સદાએ બહુ આતુર રહેતો હતો પરંતુ મ્હારી પત્ની તેના સર્વ વચનો ગુપચુપ સાંભળી રહેતી. એક દિવસે મ્હારી પત્નીને પૂરીઓ બનાવતાં જોઇ ભાભીએ કહ્યું કે: "તને પૂરીઓ બનાવતાંજ ક્યાં આવડે છે? પૂરી બનાવવા માટે લોટ કેમ બાંધવો એટલીએ આવડ ક્યાં છે? કંગાળ ઘરની દીકરીએ કોઇ દહાડો પિયરમાં જોયું કર્યું હોય ત્યારેને!" મ્હારી પ્રથમ ભાભીએ આપેલી સુશિક્ષાને લીધે તેમજ કલહ થવાના ભયને લીધે મ્હારી પત્ની આ સમયે કાંઇ પણ બોલી નહિ. પણ તેની

આંખોમાંથી દડદડ આંસુઓ પડવા લાગ્યાં. મ્હારી નવી ભાભી જૂઠું બોલતાં સહજ પણ શરમાતી નહોતી, કારણ કે એને જૂઠું બોલવાનો અભ્યાસ જ હતો. કોઇ જ સમયે કાંઇ વાત તેના મુખમાંથી સત્ય નીકળી જતી. દરિદ્ર બાપની બેટી હોવા છતાં પણ પિતાનાં કુળ–ગૌરવ, પ્રતિષ્ઠા તથા ધનવાનપણાની ડંફાસ તે માર્યા કરતી હતી. જો કોઇ સમય તે જુઠી પડતી તોપણ તે પોતાની વાતને સાચીજ કહ્યા કરતી અને ખોટો દુરાગ્રહ કરતી. જો તેને કોઇ વચમા જૂઠું બોલતા અટકાવતું તો તે પોતાની અસત્ય વાતને સત્ય કરવાને માટે બીજી અનેક અસત્ય વાતો જોડી કહાડતી હતી. કોઇ કોઇ સમયે તો મ્હારા ભાઇ આગળ મ્હારી તથા મ્હારી પત્ની સબધી એવી અસત્ય વાતો કહેતી, તથા તે કહેતા કહેતાં રડી પડીને એવા તો રગઢગ કરતી કે જેથી ભાઇને એ બધુ સત્ય લાગવામા લેશ પણ સદેહ રહે નહિ; પરિણામે તેની આવી અસત્ય વાતોને લઇ ને અમે બન્ને ભાઇઓ વચ્ચે ભેદભાવ ઉપસ્થિત થયો: અને એ ભેદભાવે અમારા એક ઘરનાં બે ઘર બનાવી દેવાની તૈયારી કરવા માડી.

બીજાને દુઃખ દેવામા તથા લડાઇ કરાવવામા ભાભી સાહેબને અપાર આનદ થતો હતો. અગાસીમાં જઇ તે કેટલીક વખત પોતાનાથી અલગ રહેનાર પાડોસણોના ઘરો ઉપર ઇંટ, નળિયા ફેંકી ઘરની અદર ત્વરાથી પહોચી જઇને સૂઇ જવાનો ઢોંગ કરતી. કોઇ કોઇ વખત એકની વાત મીઠું મરચુ ભભરાવીને બીજાને કહી કલહકકાસ ઉપ-સ્થિત કરાવતી. મ્હારી પત્ની ઉપર તેને અપાર દ્વેષ હોવાથી વિશેષત: તે પોતાના જેવીજ કેટલીક કુલટાઓની આગળ મ્હારી પત્નીની નિદા કર્યા કરતી હતી.

પાડોશની સ્ત્રીઓ હજુ સુધી મ્હારી સ્ત્રીને સારા સ્વભાવવાળી જાણુતી હતી તોપણ એક દિવસ એક બાળકના માથામાં એક

ઇંટનો કટકો વાગવાથી તેની મા અમારા ગૃહ નજીક આવી મ્હારા પુત્રોને ગાળો ભાંડવા લાગી. મ્હારી સ્ત્રી માટે પણ અપશબ્દો વાપરતા તે અટકી નહિ. મ્હારી સ્ત્રી સમજી ગઇ કે આ કલહને ઉભું કરાવનાર જેઠાણી સિવાય બીજું કોઇ હોવું જોઇએ નહિ; આથી કરીને તે બિચારી કાઇ પણ બોલ્યા વિના પથ્થર જેવું હૃદય કરી તેનાં સર્વ કડવાં વચનો સહન કરી રહી. પછી જ્યારે તે સ્ત્રી પોતાને ગૃહે ચાલી ગઇ ત્યારે મ્હે ભોજનને માટે ગૃહમાં પ્રવેશ કર્યો તો આગલા ઓરડામાથી મ્હારી ભાભી તેમજ મ્હારી પત્નીનો નીચે પ્રમાણેનો વાર્તાલાપ મ્હારે શ્રવણે પડયો:—

જેઠાણી:-"શુ આજે તું પુનઃ મ્હારી સાથે લડીશ? તું જાણે છે કે હુ એક એવી માતાની પુત્રી છું કે જેણે એક પુરૂષને છ માસને માટે જેલમા મોકલ્યો હતો!"

દેરાણી.-"મ્હે તમારી સાથે કાંઇ પણ બુરાઈ તો કરી નથી છતાં તમે મને આમ શા માટે કહો છો"

જેઠાણી:-"જો આ વખતે તને કેવો તમાસો બતાવ્યો છે? હજુ પણ ત્હારી ઇચ્છા હોય તો ચાર જ ઘડીમાં બીજો એક તમાસો બતાવૂ?"

દેરાણી-' તમારી જેમ ઇચ્છા હોય તેમ કરો. મ્હારો બેલી પણ ઇશ્વર છે જ."

આ વાતો શ્રવણ કરીને હું શાન્ત રહી શક્યો નહિ. તરતજ હુ તે ઓરડામાં ગયો; અને ભાભી સાહેબના તરફ દૃષ્ટિ કરી કહ્યું કે. "ખરેખર ભાભી સાહેબ! તમે સર્વ તમાસા તથા રંગઢંગ બતાવી શકો તેમ છો. તમારી પાસે આવી અયોગ્ય સ્ત્રીનુ શુ કામ છે?"

ઉપલા બનાવપરથી હું સમજી ગયો કે હવે એકજ ગૃહમાં અમારે નિવાસ કરવો સારો નથી; આથી કરીને મ્હારા ભાઇને સવ

હકીકત સમજાવી હું એક બીજા ગૃહમાં મ્હારી પત્ની તથા બાળ-બચ્ચાંને લઇ રહેવા લાગ્યો; તથા આવી રીતે મ્હારી નવી ભાભીની કામના પૂર્ણ થઇ.

પાઠકો ! મ્હારી નવી ભાભી જેવી સ્ત્રીઓ આજે બહુધા હિંદુ કુટુંબોમાં નજરે પડે છે આનું મુખ્ય કારણ એ છે કે કેળવણીનો આપણાં કુટુંબોમાં અતિશય અભાવ છે. આપણાં કુટુંબોમાંની કુટિલ સ્ત્રીઓએ જ આપણા સાંસારિક આનંદમાં અગ્નિ સળગાવી દીધો છે તથા સાંસારિક જીવનને પણ દુઃખના દરીઆ સમાન બનાવી દીધું છે. આવશ્યક ધાર્મિક તથા નૈતિક, તેમજ વ્યાવહારિક કેળવણી સિવાય આપણી સ્ત્રી સમાજની દશા સુધરે તેમ નથી, માટે એવા પ્રકારની કેળવણીની અત્યાવશ્યકતા છે. इति शम्

૪

વૃદ્ધ પતિ અને બાળક પત્ની.

ભગવાનદાસ એક પ્રખ્યાત શરાફ છે. પોતાના બુદ્ધિ-બળવડે તેમણે સારો પૈસો મેળવ્યો છે તેથી તેમની ગણના સાધારણ ધનવાનોમાં નહિ, પરંતુ એ ચાર પ્રખ્યાત લક્ષાધિપતિઓની સાથે થાય છે. ભગવાનદાસને ગૃહસ્થાશ્રમનુ સર્વ પ્રકારનુ સુખ છે. પોતાને વીસ વર્ષનો એક પુત્ર છે જેનું નામ દોલતરામ છે; તથા દોલતરામને પણ એક નાનો બાળક છે. આ પ્રમાણે કુટુંબનું સુખ હોવાથી ભગવાનદાસ પોતાને પૂર્ણ સૌભાગ્યવાન સમજતા હતા, પરંતુ દૈવની ગતિ વિચિત્ર છે! ભગવાનદાસને ૬૦ મુ વર્ષ બેઠુ એવામા એમનાં પત્નીએ ત્રણ દિવસ સુધી સખ્ત તાવની બીમારી ભોગવી પરલોકવાસ કર્યો! આ બનાવે ભગવાનદાસના હૃદય ઉપર સખ્ત આઘાત કર્યો. હવે તેમને આ સસાર નિસ્સાર જણાવા લાગ્યો.

પતિવ્રતા સ્ત્રીઓ પતિની પૂવ પોતાનો પરલોકવાસ થાય તો તે ઘણા સૌભાગ્યની નિશાની સમજે છે, પરંતુ ભગવાનદાસ એવું કદાપિ ઇચ્છતા નહિ. તેઓ પોતાની સહધર્મિણીને કહ્યા કરતા હતા કે: "વ્હાલી! ઈશ્વર મ્હારા જીવન પર્યંત તને સુખી રાખે એજ મ્હારી રાત્રિદિવસ તે પરમ કૃપાળુ પ્રત્યે પ્રાર્થના છે."

ભગવાનદાસ શેઠનો પોતાની પત્ની ઉપર આવા પ્રકારનો પ્રેમ હોવાથી તેમની વૃદ્ધાવસ્થામાં તેમના મન ઉપર પત્નીવિયોગનો સખ્ત આઘાત થયો. તેઓ પોતાની પત્નીને યાદ કરી કરીને રોદન કર્યા

કરતા હતા. એમની ઉંમરના અનેક પુરૂષોએ તેમને સમજાવ્યા પરંતુ કોઇ પણ પ્રકારે તેમનુ દુઃખ તથા શોક ઓછા થયા નહિ. તેઓ કોઇ સમજાવવા આવે તો તેને એમજ કહ્યા કરતા કે. "હવે મ્હારે માટે દુનિયામાં કાંઇ જ સુખ રહ્યુ નથી." ભગવાનદાસનો પુત્ર દોલતરામ ઘણોજ સમજુ હતો. તે દુકાનનું સર્વ પ્રકારનુ કાર્ય કર્યા કરતો હતો. તે શરમને લીધે પિતાજીને કાંઇ સમજાવી શકે તેમ નહોતું પરતુ બે ત્રણ વિદ્વાન પુરૂષોએ અનેક પ્રકારે તેમને ઉપદેશ આપ્યો છતાં તેમના હૃદય ઉપર તેની કશી અસર થઇ નહિ.

ભગવાનદાસ શેઠની પત્નીના પરલોક પહોંચ્યાની અને તેમના શોકાતુર રહેવાની વાત ધીમે ધીમે બે ચાર વિવાહ કરાવનાર ગોર બાપલીઆ–કમિશન એજન્ટોના કાનો સુધી પહોચી ગઇ; અને તરતજ તેઓ એક પછી એક અનેક કારણો દર્શાવતા દુકાન ઉપર આવવા લાગ્યા ભગવાનદાસને એ લોકો સમજાવવા લાગ્યા કે "ગૃહિણી સિવાય ગૃહમા કાંઇ સુખ મળતું નથી. જેમ દીપક વિના ગૃહમા અધારૂં રહે છે, તેમ ગૃહિણી વિના પણ ગૃહમા અંધારૂ રહે છે. જો કે તમારે પુત્ર છે તોપણ શું થઇ ગયુ ? વૃદ્ધાવસ્થામા પતિની જેવી સેવા પોતાની પત્ની કરી શકે છે તેવી સેવા અન્ય કોઇ કરી શકતું નથી."

આવી આવી વાતો શ્રવણ કરતી વેળાએ ભગવાનદાસના નેત્રો માંથી પ્રબળ અશ્રુપ્રવાહ વહન થતો હતો; અને ગમે તેવા કાર્ય કે વિચારને બાજુએ મૂકીને તેઓ પોતાની પત્નીના ગુણગાન કરવા મડી પડતા. એક દિવસે તેમણે પોતાની પત્નીની વિયોગ–કથા કહેવા માંડી કે તુરતજ એક દલાલ પોતાને વાત કહાડવાનો અવસર મળ્યો છે એમ સમજી બોલી ઉઠયોઃ "શેઠજી ! તમારા ઉપર નારાયણની સંપૂર્ણ કૃપા છે. જો આપ આજ્ઞા આપો તો સર્વ પ્રકારની વ્યવસ્થા તૈયાર છે. પેલો ગોકળદાસ ફક્ત પંદરસો રૂપિયા લઇ પોતાની પુત્રી આપવા

તૈયાર છે. જો કે એ તો ઘણી મોટી રકમની માગણી કરતો હતો, પરંતુ મ્હેં જ્યારે તેને ઘણું સમજાવ્યો ત્યારે તેણે એટલા રૂપિયા લઇ પુત્રી આપવાનું કબુલ કર્યું છે. વળી એ કન્યા આગળ આપની ઉમ-રનો કાંઈ હિસાબ નથી. દોલત સિવાય ગૃહસ્થાશ્રમનુ સુખ સંપૂર્ણ રીતે મળી શકતું નથી." આવી આવી વાતો જ્યારે ભગવાનદાસની આગળ વારવાર થવા લાગી ત્યારે ભગવાનદાસનું મન કંઇક પીગળ્યું. હવે તેઓ ધીમે ધીમે પોતાની પ્રથમ પત્નીના થએલા વિયોગનો શોક ભૂલવા લાગ્યા તથા નવા વિવાહની આશાએ તેમના મુખ ઉપર પુનઃ કાંઇક આનંદ દેખાવા લાગ્યો. ધીમે ધીમે તેઓ વિવાહ કરવાને માટે ઘણાજ વ્યાકુળ બની ગયા. 'ભગવાનદાસ પુનર્વિવાહ કરનાર છે' એવી વાત સર્વ સ્થળે ફેલાઇ ગઇ. બે ચાર કન્યાને વેચી પોતાના પેટનું પોષણ કરવા તૈયાર થએલા પૈસાના લોભી પિતાઓ પોતાની પુત્રીને ભગવાનદાસ શેઠને વેચવાની ઇચ્છા પ્રકટ કરવા લાગ્યા. વિવાહ કર-વાથી ભગવાનદાસને પોતાનું ભવિષ્ય જેમ સુખપૂર્ણ જણાતું હતું તેમ દોલતરામને પોતાનું ભવિષ્ય દુઃખપૂર્ણ જણાતું હતું. તે પોતાના મનમાં એમજ વિચાર્યા કરતો હતો કે પિતાને વૃદ્ધાવસ્થામાં આ શું સૂઝયું છે? દોલતરામની સંમતિથી કુટુંબના બે ચાર સજ્જનોએ ભગવાનદાસને અતિશય સમજાવ્યા પણ તેમણે પુનર્વિવાહ કરવાના પોતાના વિચારને ફેરવ્યો નહિ. દોલતરામની પત્નીએ એક દિવસે પોતાની દાસી સાથે કહેવડાવ્યું કે "વડિલશ્રી! હવે પુનર્વિવાહ કરી શું કરશો? હું આપની સર્વ પ્રકારે સેવા ચાકરી કરવા તૈયાર છું. જીવવું ને મરવું એ તો સકળ સંસારનો નિયમ છે. આપ વિવાહ કરશો તો આપને, તેમને તથા અમને બધાંને સર્વ લોક હસશે. વળી આ વૃદ્ધ દેહનું કાલે ઉઠીને શું થશે એની પણ કોને ખબર છે?"

ભગવાનદાસે આ વાક્યોથી ગુસ્સે થઇ જઇને કહ્યું: "મ્હેં બધું

જોઇ લીધું છે. વહુ ને પુત્ર સૌ સ્વાર્થનાંજ સગાં છે. ઇશ્વિરે મને હજુ પરણવાને માટે લાયક રાખ્યો છે ત્યારે તમે સર્વે હું સ્વધામ પહોંચી જાઉં એવી ઇચ્છા રાખો છો. પણ હું તો અવશ્ય પુનર્વિવાહ કરીશજ. કાર્તિક માસની દેવઉઠી એકાદશીનુ મુહૂર્ત નક્કી કરી નાખવામાં આવ્યું છે. હવે મને તો આ ગૃહ પણ ગમતું નથી. દોલતરામ અને તમે ભલે આ ગૃહમાં રહો અને જેમ ફાવે તેમ કરો."

સ્વજન પરિજનોનો અતિશય વિરોધ હોવા છતાં ભગવાનદાસે સ્વેચ્છાયા કાર્તિક સુદ ૧૧ ને દિવસે પુનર્વિવાહ કર્યો. જે દિવસથી તેમના વિવાહની વાત નક્કી થઇ હતી તેજ દિવસથી ભગવાનદાસ શેઠ પોતાના સફેદ વાળોની સફેદી છુપાવવા માટે કલપ લગાડયા કરતા હતા, અને પુષ્ટિની દવાનો ઉપયોગ કરવા લાગ્યા હતા. કલપના સેવનથી તેમના કેશ કાળા રહેતા હતા તથા ચ્હેરા ઉપર કાઇક લાલી પણ આવવા લાગી હતી. આમ છતાં સૌ કોઈ જાણતું હતુંજ કે આ સર્વ ઉપરનો જ આડબર છે!

દોલતરામ પોતાના પિતાએ પુનર્વિવાહ કર્યાથી ઘણોજ ચિતામગ્ન રહેતો હતો. પિતાની સાથે હવે વાતચીત કરવાનું પણ તેણે બંધ કર્યું હતું અને પિતાના અર્થલોભી શ્વશુર ઉપર તો તેને ઘણોજ તિરસ્કાર પેદા થયો હતો. કારણ કે એ અર્થલોભી પિતાએ પોતાની આઠ વર્ષની નાદાન બાળકીનો સંબંધ ૬૦ વર્ષના વૃદ્ધ સાથે કરતાં કશોજ વિચાર કર્યો નહોતો. તે પોતાના મન સાથે કહ્યા કરતો હતો કે "**હાય! ભારતવર્ષ! તારી કેવી દુર્દશા છે? તારી પુણ્યભૂમિમાં કેટલાક એવા અર્થલોભી સ્વપુત્રીઓનું વેચાણ કરનારા કુલાંગાર પુરૂષોએ ઉત્પન્ન થઇ પોતાની ભોળી નિરપરાધિ કન્યાઓને વેચીને પોતાનાં પેટ ભરવાનું શરૂ કરી તારા ઉપર કલંક લગાડયું છે!** જો કે પિતાનું પુર્નલગ્ન ન

થાય અને એક નિરપરાધિ કન્યાનો અવતાર ન બગડે, એ હેતુથી દોલતરામે એ વિવાહ બંધ રખાવવાને ઘણો યત્ન કર્યો હતો; પરંતુ કમિશન એજન્ટોના તેમજ કન્યાના પિતાના લોભ આગળ બધુંજ નિષ્ફળ નીવડયું, અને વૃદ્ધ પિતાએ એક નિર્દોષ બાળકીના જીવનને ધૂળધાણી કરી મૂકયુ ! લગ્નનો વરઘોડો ચઢયો તે સમયે ભગવાનદાસની અવસ્થા, રૂપ તથા વેશ જોઇને સકળ જનો પોતાનુ હસવું બંધ રાખી શકતાં નહોતાં. કેટલાંક નાન પણ અડપલાં બાળકો વરરાજાનુ સૌદ્દય(!) જોઇ તેમના તરફ નાની નાની કાંકરીઓ ફેંકતાં હતાં. ભગવાન-દાસનું એવી કોઇ બાબત પ્રત્યે લક્ષ્ય નહોતું, તેઓ તો અત્યારે સ્વર્ગીય સુખનો લ્હાવો લેતા હતા. વિવાહની સર્વ રીતભાત નિર્વિઘ્ને સમાપ્ત થઇ. જ્યારે ગોર મહારાજ લગ્ન કરાવી ચૂકયા ત્યારે કન્યાના પિતા અર્થદાસે ભગવાનદાસ આગળ આવી કહ્યુ "ભગવાનદાસ શેઠ ! હવે હું તમને મ્હારૂં સર્વસ્વ સમજું છુ. આજથી આ મ્હારી વ્હાલી લાડકી કન્યા તમને સોંપી હુ મ્હારા ધર્મમાથી મુક્ત થાઉ છું. એને સુખ આપવું કે દુઃખ એ હવે આપના જ હાથમાં છે. જુઓ મ્હે અત્યાર સુધી એનુ જીવના કરતાં પણ વિશેષ જતન કર્યું છે. હવે એની લાજ આપનાજ હાથમાં છે."

આ કથા શ્રવણ કરી ભગવાનદાસથી શાંત રહેવાયું નહિ. તેમણે પોતાના હૃદયોદ્‌ગાર બ્હાર કાઢયાઃ "આપને વિશેષ કાંઇ કહેવું પડે તેમ નથી. શું આપ તેના ઉપર પ્રેમ રાખતા હતા ને હું નહિ રાખું ? તમે મ્હારા ગુણાવગુણ તથા ખાનદાનીથી કાંઇ અજ્ઞાત નથી કે આ પ્રમાણે કહો છો !! તમારી પુત્રી માટે તમારે કાંઇ પણ ચિંતા રાખવી નહિ. રાજા રાણીને જે સુખ આપે તેના કરતાં પણ વધારે સુખ હું તમારી પુત્રીને આપીશ."

ભગવાનદાસની જાન બીજે દિવસે વહેવાઇ અર્થદાસે વિદાય

કરી દીધી. ભગવાનદાસ પૌત્રવધૂ સમાન નવવધૂને સાથે લઈ ઘેર આવી પહોંચ્યા દોલતરામ તથા તેની પત્નીએ હવે વિચાર કર્યો કે થવાનું હતું તે થઇ ચૂક્યું છે. હવે આપણા વડીલનું મન દુઃખાય એવું કશું આપણે કરવું જોઇયે નહિ. જેથી દોલતરામ તથા તેની સ્ત્રી તેમની પ્રથમ કરતાં પણ વિશેષ ભક્તિભાવથી સેવા ચાકરી કરવા લાગ્યાં. પ્રભુ ! આવાં સંતાનો સકળ જનને આપે તો કવું સારૂં ? ખરેખર હજી પણ ભગવાનદાસ શેઠ ઘણાજ સૌભાગ્યવાન હતા કારણ કે તે વિના આવાં યોગ્ય પુત્ર તથા પુત્રવધૂની પ્રાપ્તિ ક્યાંથા થાય ? આમ છતા તેમણે પોતાની વૃદ્ધાવસ્થામાં પુનર્વિવાહ કર્યો એ મોટી ભૂલજ કરી હતી. ભાવિષ્યમાં આ ભૂલનું ખરાબ પરિણામ તેમને ઘણુંજ દુઃખદાયક થઇ પડયુ.

ખરૂંજ છે કે મનુષ્યની ધારણા અમુક હોય છે તો વિધાતાની ધારણા કાઇ વિચિત્રજ હોય છે ! ભગવાનદાસે ઇચ્છયું હતું કે વિવાહ થયા પછી આનંદ-ભોગમા દિવસો નિર્ગમન કરીશું, પરંતુ તેમની એ આશા વિવાહ થતાંની સાથેજ ધૂળમાં નળી ગઇ. નવવધૂએ પતિને ઘેર આવી પોતાના મુખનુ દર્શન કરાવ્યું ત્યારે તો જે બાલિકાની ઉમર વિવાહ પૂર્વે **કમિશન એજન્ટોએ** બાર વર્ષની બતાવી હતી તે જ બાલિકા આઠજ વર્ષની નીકળી ! તેના શરીર ઉપર શીળીનાં ચાઠાંનો પણ પાર નહોતો. બાલિકાનાં માતપિતાને કન્યાવિક્રયના આઠસો રૂપિયા મળેલા હોવાથીજ તેમણે પોતાની પુત્રી ભગવાનદાસ જેવા ઘરડા ધુવડને આપી હતી. ભગવાનદાસે જ્યારે કન્યાને આઠજ વર્ષની ઉમરની જોઇ ત્યારે તો તે ઘણા શોકાતુર બની ગયા. અને જાણે તેમની માલ ખજાનાથી ભરેલી નૌકા ડૂબી કેમ ન ગઇ હોય એવી તેમની અવસ્થા થઇ પડી.

ગમે તેમ હોય પરંતુ શેઠનો સ્વભાવ ઘણો સંતોષી હતો. અ

સકળ આશ્ચર્યજનક ઘટનાથી બે ચાર દિવસ તો તેમનો જીવ ચિંતાતુર રહ્યો, પરંતુ પછીથી તેમણે નિરૂપાયે પોતાના મનને શાંત કર્યું. તેમણે પોતાના મન સાથે વિચાર્યું કે "કન્યા નાની છે તેથી શું વાંધો છે? મ્હારા ઘરમાં ખાઇ પીને હુશિયાર બની જશે. હું જ્યારે પત્નીરહિત હતો ત્યારે લોકો મ્હારા વિવાહની કથા શ્રવણ કરીને હસતા હતા, તે હવે કાંઇક ઉમેદ તો થઇ? તેના શરીર ઉપર ચાઠાં છે તેથી શું થઇ ગયું! તેનુ નાક ને કાન તો સારાં છે ને? હવે જે બનવાનું હતું તે બની ગયું! વિધાયું તે મોતી. આ પ્રમાણે ભગવાનદાસે પોતાના મનને હાલ તો સમજાવ્યુ

એક દિવસે ગૃહમાં એક નવાઇ જેવો પ્રકાર બન્યો. દોલતરામનો પુત્ર લક્ષ્મણરામ, કે જે આ સમયે લગભગ ચારેક વર્ષનો હતો તે પોતાની રમવાની વસ્તુઓથી રમી રહ્યો હતો; તેની નવી દાદી પણ તેની સાથે રમવામાં સામિલ થઇ. લક્ષ્મણરામનો સ્વભાવ ઉચ્છૃંખલ હતો; કોણુ જાણે કે શું કારણથી તે એકાએક નારાજ થઇ ગયો, તથા પોતાના બન્ને હાથો વડે પોતાની નવી દાદીને મારવા લાગ્યો. તેની નવી દાદીને પણ માર પડવાથી ક્રોધ ભરાયો, તેથી તેણે પણ લક્ષ્મણરામને બે ચાર થાપડ લગાવી દીધી. હવે શુ બાકી રહ્યુ? એક તો અજ્ઞાન બાળક, તેમાં પણ વળી લાડપાડમાં ઉછરેલો, આથી કરીને ગૃહમાં તુમુલ યુદ્ધ આરંભ થયુ. બન્ને એક બીજાથી લઢવા લાગ્યાં અને ગાળો દેવા લાગ્યાં. આ ગરબડાટ થતો જાણી દોલતરામની પત્ની લક્ષ્મી ત્યાં આવી પહોંચી. એણે બન્નેને લઢતાં અટકાવ્યા તથા ગૃહમાં શાન્તિ સ્થાપન કરી. ભગવાનદાસ શેઠ પણ ભોજન લેઇ બપોરે સુતા હતા તે આ કલહકકાસથી જાગી ઉઠયા અને બોલી ઉઠયા કે "છોકરાંએ આ શું તોફાન મચાવ્યુ છે?"

ભગવાનદાસ શેઠ પોતાની બાળક સ્ત્રીની આવી આવી અનેક

બાળલીલાઓ જોઇ સાંભળીને પણ કદાપિ ગભરાતા નહિ. ફક્ત તેમને એટલીજ ચિંતા હતી કે દોલતરામની નવી માતા કેવી રીતે જલદીથી પોતાનુ ગૃહ સભાળવાને લાયક થાય. એક દિવસે તેઓ આજ વિચાર કર્યા કરતા હતા એવામા એકાએક સખ્ત તાવે તેમના શરીર ઉપર હુમલો કર્યો. ધીમે ધીમે તાવનું જોર બહુ વધી પડયુ. આ સમયે તમને મ્હોટી ચિંતા પોતાની નવીન વધૂનીજ હતી. પરંતુ શરમના માર્યા તેઓ તે વિષે કોઇને કાંઇ કહી શકયા નહિ. દોલતરામ તથા તેની પત્ની લક્ષ્મી—બંને જણાંએ તેમની અનેક પ્રકારે સેવા-શુશ્રૂષા કરી તથા એક નિપુણ વૈદ્યદ્વારા ચિકિત્સા કરાવી. અને તેથી ધીમે ધીમે તેમને પોતાના જીવનની આશા થઇ. કેટલેક સમયે સાધારણ તાવમા પણ રોગીને પોતાના જીવનની આશા રહેતી નથી. પરંતુ ભગવાનદાસ શેઠની તબિયત તો કેટલાક દિવસ સુધી એવી રહી હતી કે તે જીવે એવી કોઇને પણ આશાજ નહોતી. પરિણામે બાળક વહુના સૌભાગ્યથી તેઓ એક માસમા આરોગ્ય થઇ ગયા કિંતુ કેટલાક માસ સુધી તેમના શરીરની દુર્બળતા દૂર થઇ નાહ. એક તો અસાધ્ય જ્વર, અને વળી વૃદ્ધાવસ્થા, એટલે આરોગ્ય થયા પછી પણ તેમને જો બે ચાર ડગલા ચાલવું પડે તો લાકડીની મદદ લેવી પડતી હતી. આ દુર્બળતા દૂર કરવાને વૈદ્ય પાસે તેમણે પુષ્ટિની દવા તૈયાર કરાવી હતી. આ દવાથી તેમને ઠીક લાભ થયો. એક દિવસે ભગવાનદાસે નિર્લજ્જતાથી વૈદ્યને પ્રશ્ન કર્યો કે "દોલતરામની માતાને પણ આ દવા ખવડાવવામા આવે તો કેમ?"

વૈદ્ય બહાર ગામના રહેવાસી હતા, તેથી તેમણે વિચાર્યું કે ભગવાનદાસની પત્ની પણ તેમના જેટલીજ ઉમરની હશે; આથી વૈદ્યે એકાએક ઉત્તર આપ્યો કે "કાંઇ ફિકર નહિ. કોઇ પણ વૃદ્ધાવસ્થાવાળા સ્ત્રી પુરૂષ એનું સેવન કરી શકે છે. લજ્જાધીન થઇ

જવાથી ભગવાનદાસ તે સમયે કાંઇ બોલી શકયા નહિ. તેઓ કેવી રીતે કહી શકે કે: "મ્હારી ધર્મપત્ની તો ફક્ત આઠ વર્ષની જ છે." આ કરતાં વિશેષ નિર્લજ્જતાની વાત બીજી કઈ હોઇ શકે ? લાચાર ભગવાનદાસ ચુપ થઈ ગયા, કિંતુ થોડા દિવસ પછી એક પાડોસી ડૉક્ટરને પોતાની સ્ત્રીને માટે કોઇ પુષ્ટિકારિણી દવા સબંધી તેમણે પૂછયુ. ડૉક્ટરે દૂધની સાથે સ્કૉટનુ ઇમલશન સેવન કરવાનુ સૂચવ્યું. ભગવાનદાસે તુરતજ એક ઇંગ્રેજી દવાવાળાને ત્યાંથી તે દવાની એક શીશી મગાવી. ડૉક્ટરે કહ્યા પ્રમાણે દૂધના ભરેલા પ્યાલામાં આ દવાનાં કેટલાંક ટીપાં નાખી રાત્રે પોતાની બાળક વધૂને તે પ્યાલો પીવાને માટે આપ્યો. જેવો તેણે એ પ્યાલો પીવાને માટે પોતાના મ્હોં આગળ લીધો કે અંદરથી એવી તો દુર્ગંધ આવી કે તેણે ક્રોધવશ થઇ એ દૂધથી ભરેલો દવામિશ્રિત પ્યાલો ફેંકી દીધો. ભગવાનદાસે આશ્ચર્યચકિત થઈ પ્રશ્ન કર્યો: "શુ થયુ ?"

બાળવધૂએ ભોળપણમાં જવાબ આપ્યો કે: "થયુ તમારૂં કપાળ !" આમ કહી તે સુઈ ગઇ. આખી રાત્રિ ભગવાનદાસે વિચાર્યાં કર્યું કે 'તેણે આમ કેમ કર્યું ? ડૉક્ટરે કહ્યુ હતું કે, તાકાતને માટે આના કરતા કોઈ પણ ઉત્તમ દવા અમારી ડૉક્ટરીમા નથી જો એ સત્ય હતું તો પછી એણે પ્યાલો મ્હોએ અડકાડતાની સાથેજ કેમ ફેંકી દીધો ? વળી દવા આવી છે પણ ઘણીજ મોંઘી !' આવા આવા અનેક વિચારો સાથે યુદ્ધ કરતાં કરતા તેમણે પોતાની રાત્રિ પસાર કરી. સવારે ઉઠતાની સાથેજ ડૉક્ટર પાસે જઈ તેમણે રાત્રિનો બનેલો બનાવ વિગતવાર નિવેદન કર્યો.

સર્વ સાંભળી રહ્યા પછી ડૉક્ટરે ઉત્તર આપ્યો "પ્રથમ દિવસે દવા પીતા તેની વાસને લીધે કાંઇક કંટાળો આવે છે ખરો, પરંતુ બે ચાર દિવસમાં તો ટેવ પડી જશે એટલે એ પ્રમાણે નહિ કરે."

ભગવાનદાસે પ્રશ્ન કર્યો: "ત્યારે એ દવામાં એવી તે શાની દુર્ગંધ આવે છે?"

ડૉક્ટરે ઉત્તર આપ્યો: "એ દવા માછલીમાંથી બને છે તેથી ઘણી મહેનત કરવા છતાં અંદર તેની વાસ રહી જાય છે."

"ત્યારે શું એ દવા માછલીમાંથી બને છે એમ?"

"હા."

ડૉક્ટરે હા પાડી કે ભગવાનદાસ શેઠ ઘણાજ ગભરાયા, તથા વ્યાકુળ થઇને કહેવા લાગ્યા: "અરેરે! આવી ઘૃણિત અને નિષિદ્ધ વસ્તુને મ્હેં મારી પત્નીના મ્હોએ અડકાડી વૈષ્ણવ ધર્મથી પ્રતિકૂળ આચરણ કર્યું છે!"

ડૉક્ટર સુધરેલો હતો, તેણે કહ્યું "ઓહ્! માછલીના તેલની દવામાં તે શું વાધો? બંગાળાની અંદર બંગાળીઓ પણ માછલાં ખાય છે તો પછી આ તો માછલીનું સત્વ છે. વળી માછલી જળમા રહેતી હોવાથી પવિત્ર પણ છે!"

ભગવાનદાસે વિચાર્યું કે હવે વધારે કહેવા સાંભળવામાં આપણી જ ફજેતી છે. તેઓ લાચાર થઇ વીલે મ્હોએ ઘેર આવ્યા તથા કોઇ ન જાણે તેમ છુપી રીતે દવાની શીશીને ફેંકી દીધી, તથા જે સ્થળે આ શીશી મૂકી હતી તે જગા લીંપી નાખી તેના ઉપર ગંગાજળ છાંટયું. તથા પોતાના હાથ પણ ગંગાજળથી પવિત્ર કર્યા! અને પત્નીને સુદ્ધાં ગંગાજળ પાયુ, એટલુંજ નહિ પણ ભગવાનદાસે ફરીથી કોઇ પણ સમયે ઇંગ્રેજી દવાનુ સેવન નહિ કરવાની પ્રતિજ્ઞા કરી.

થોડા દિવસ પછી ભગવાનદાસના ગામમાં રામલીલાના ખેલો ધામધૂમથી થવા લાગ્યા. નાના નાનાં બાળકો પોતાનાં વડીલોની સાથે એ ખેલ જોવા જતાં હતાં. દશરાને દિવસે ભગવાનદાસ પણ પોતાના પૌત્રને લઇ એ ખેલ જોવા જવાને તૈયાર થયા. આ પ્રમાણે

જોઇને તેમની બાળપત્ની પણ હઠ કર્યા સિવાય રહી શકી નહિ. તેણે દોલતરામની પત્નીને વિકળ થઇ જઇને કહ્યું: "હું પણ બુઢ્ઢાની સાથે ખેલ જોવા જઇશ. મારા પિતાની સાથે પણ હું દરવર્ષે એ ખેલ જોવા જતી હતી."

લક્ષ્મીએ ઉત્તર આપ્યો: "એવી વાત ન કર. હવે તું વહુ થઇ છે. હવે ખેલ બેલનું નામ લેઇશ નહિ."

લક્ષ્મીનો ઉત્તર સાંભળી એ બિચારી તો રડવાજ મંડી પડી! ભગવાનદાસ આ પ્રકાર જોઇને પુનઃ ઘરમાં આવ્યા અને દાસીને પૃછ્યું કે "શું છે?"

દાસીએ સર્વ હકીકત તેમને કહી, તે સાંભળી રહ્યા પછી તેમણે કહ્યું: "વહુને કોઇ પણ દિવસે મેળામાં લઇ જઇ શકાય નહિ. લક્ષ્મીને કહો કે એનું સમાધાન કરે."

દાસીએ કહ્યુ: "એમણે તો ઘણુંએ સમજાવવાનો યત્ન કર્યો કિંતુ માને છે કોણ?"

ત્યારે તો એને એમ કહો કે એને ખાવાને માટે મીઠાઇ જરૂર અહિં લેતા આવીશું. ભગવાનદાસ આ પ્રમાણે કહી મનમાં ને મનમાંજ વિચાર કરતા ચાલ્યા ગયા.

ભગવાનદાસ કોઇ કોઈ સમય તો પોતાની બાલવધૂની લીલાથી ઘણાજ ગભરાઇ જતા, પરંતુ તેમનામા એક મુખ્ય ગુણ એ હતો કે તેઓ ઘણા ધૈર્યવાન હતા. પ્રતિકૂળ પ્રસંગ આવી પડતાં તેઓ એકદમ ગભરાઇ જતા નહિ. જેથી બહારનુ કોઇ મનુષ્ય એમ નહોતું જાણવા પામ્યું કે વિવાહ થયા પછી તેમને સુખને બદલે દુઃખની પ્રાપ્તિ થઇ છે. બાળકોનો અતિશય લાડપાડથી બગડી જવાનો સ્વભાવ હોય છે જેથી ભગવાનદાસની બાળ પત્ની પણ તેમનાં વિશેષ લાડપાડના કારણુથી હઠીલી થઇ ગઇ હતી. તે જો કોઇ વાતને માટે

હઠ કરતી તો તેને પૂર્ણ કર્યા સિવાય શાંત પડતી નહિ. લક્ષ્મીબાઇ પોતાની બાળ સાસુની અપ્રસન્નતાના ભયથી તેને વિશેષ બગડતી જોવા છતા પણ કાંઇ કહી શકતી નહિ.

એક દિવસે ભગવાનદાસની બાળ પત્નીએ પોતાની માતાને મળવા જવાની ઇચ્છા કરી. લક્ષ્મીએ પ્રથમ તો તેને બહુ પ્રેમપૂર્વક સમજાવી પરંતુ તેનુ કહેવું જરાએ ન માનતાં ઉલટી એ તો તેને ગાળો દેવા લાગી. ગૃહમા આવા પ્રકારની લીલા ચાલતી જોઇને ભગવાનદાસે પૂછ્યુ કે: "શુ તોફાન ચાલી રહ્યુ છે? લક્ષ્મી તું સમજુ હોવા છતાં એને શા માટે સતાવે છે?"

લક્ષ્મી શાંત થઇ ગઈ. ભગવાનદાસની પત્નીએ પોતાના વૃદ્ધ પતિ પાસે જઇ પોતાની ઇચ્છા કહી સભળાવી. ભગવાનદાસે કહ્યુ: "કાંઈ ફિકર નહિ; તારી માતાને આજેજ બોલાવી મગાવીશુ."

આમ કહી તેમણે તરતજ પોતાની ગાડી લેઇ માણસને પોતાની સાસુને તેડી લાવવા મોકલ્યો. ભગવાનદાસના શ્વશુર અર્થદાસની ઘણા દિવસની આશા આજે પૂર્ણ થઇ. જે વિચારથી તેણે વૃદ્ધ પુરૂષ સાથે પોતાની શિશુ કન્યાનો વિવાહ કર્યો હતો એ વિચાર સફળ થવાનો અવસર પોતાને પ્રાપ્ત થયો સમજી તેને આનદ થયો. અર્થદાસે પોતાની સ્ત્રીને મોકલવા સમયે અનેક ગુપ્ત વાતો તેના કાનમાં ધીમે ધીમે સમજાવીને કહી.

વૃદ્ધ ભગવાનદાસનાં યુવાન સાસુ આવી પહોચતાં તેમને અપાર આનદ થયો. તેઓ પોતાની દુર્બળતાને લીધે હજી સારી રીતે હરી ફરી શકતા નહોતા તોપણ જયેષ્ટિકાની સહાયથી ધીમે ધીમે દરવાજા આગળ ગયા અને ઘણાજ માનથી પોતાનાં સાસુને તેમણે ગાડીમાંથી ઉતાર્યાં. પછી ગૃહમાં આવીને લક્ષ્મીને કહ્યુ: "જો એમની બરાબર સંભાળ રાખજે. એમને કોઇ પણ જાતની અડચણ પડવા દેઇશ નહિ.

તેમણે આજે મ્હારા સંદેશાને માન આપી અત્રે પધારી મને કૃતાર્થ કીધો છે! અને આપણા ગૃહને પાવન કર્યું છે!! ”

ભગવાનદાસની બાળવધૂ પણ પોતાની માતાને જોઇ ઘણીજ પ્રસન્ન થઇ. હર્ષથી ગાંડા જેવી બની જઇને તે પોતાની માતાને ભેટી પડી. માતાના ખોળામા બેસી તેણે પ્રશ્ન કર્યો: “બા ! મ્હારી ઢીંગ-ગલીઓની પોટલી કેમ લાવી નહિ ? હવે તો હું તારી સાથે આપણે ગૃહેજ આવવાની છુ. આ ગૃહમાં રહેવાનું મને તો ગમતું નથી. કોઇ મને દવા પીવડાવે છે. કોઇ મને મારે છે. જો આ સામે જે લક્ષ્મી બેઠી છે તે મને ઢીંગલીઓ સાથે રમવા દેતી નથી. હુ એનું શું બગાડુ છુ કે તે મને તેના છોકરા પાસે માર મરાવે છે?”

આ શબ્દો તેણે એટલા બધા જોરથી ઉચ્ચાર્યા કે પલગ પર પડેલા ભગવાનદાસ પણ તે શબ્દો સ્પષ્ટ રીતે સાંભળી શકયા.

ભગવાનદાસ પોતાની બાળવધૂની તેની માતા સાથેની વાતચિત સાંભળી ઘણું આશ્ચર્ય પામ્યા. તેમના મનમાં લાગણી પણ વિશેષ થઇ આવી. તે મનમાં વિચારવા લાગ્યા કે પોતાની પુત્રીની વાતચિત સાંભળી આ મ્હારી સાસુ શુ કહેતી હશે? મ્હેં તેને અહિં ઘણા હેત–પ્રેમમા ઉછેરા છે છતા તે પોતાને ઘણી દુઃખી જણાવે છે? કર્મની ગતિજ ન્યારી છે, નહિ તો દોલતરામની માતાજ શા માટે મરી જાય! હવે તો જે બને તે જોવું અને સહેવું એજ રસ્તો છે. સ્ત્રી વિનાનુ જીવન વૃથા તો છેજ, પણ હજુ તે બાલક છે. ધીમે ધીમે બધુ સમજી જશે.”

ભગવાનદાસ શેઠની સાસુ પોતાના જમાઇને ત્યા એક સપ્તાહ સુધીજ રહી. આ સમય દરમ્યાન તેણે પોતાની પુત્રીને અનેક પ્રકારનો છળકપટ ભરેલો ઉપદેશ આપ્યો. જતી વખતે તે સમજાવી ગઇ કે: “બે દિવસ પછી હું મગળીઆને મોકલીશ, તેને તુ તારી

ચંપાકળી આપી દેજે. હું તેનાથી તારે માટે સારી સારી ઢીંગલીઓ મંગાવીશ." આમ કહી તે જમાઇરાજની રજા લેઈ તેમનીજ ગાડીમાં બેસી પોતાને ઘેર ચાલી ગઇ.

બીજે દિવસે ભગવાનદાસ દુકાને ગયા ત્યારે તેમની સાસુએ પોતાની પાડોશમાં રહેતા એક મંગળીઆ નામના માણસને પોતાની પુત્રી પાસે મોકલ્યો. મંગળીઓ કાંઈ બ્હાનું કાઢી ભગવાનદાસના ગૃહમાં આવ્યો તથા તેમની બાળપત્નીની ચંપાકળી લેઇ ગયો. ભગવાનદાસ શેઠ પોતાની બાળવધૂના શરીરની બરોબર સંભાળ રાખતા હતા. એક દિવસ પત્નીનું શરીર તપાસતાં તપાસતાં તેમને ગળામાં સોનાની ચંપાકળી જણાઇ નહિ. ભગવાનદાસે ઘણી તપાસ કરી પરંતુ નિષ્ફળતા સિવાય બીજુ કાંઇ મળ્યુ નાહ. લક્ષ્મીએ ઘણી વખત પોતાની બાળક સાસુને પૂછ્યુ પરતુ તે એમજ કહ્યા કરતી હતી કે "હું નથી જાણુતી કે કેવી રીતે ખોવાઈ ગઇ." ભગવાનદાસ પ્રથમ તો આ માટે બહુ ચિંતાતુર રહ્યા, પરતુ બે ચાર દિવસ પછી પોતે તેમજ ગૃહનાં સર્વ મનુષ્યો નિરૂપાયે શાંત થઇ ગયા.

ભગવાનદાસના મનમાથી આ ચપાકળીની કથા દૂર નહોતી થઇ એટલામા તો એક દહાડો એક ચાલાક સ્ત્રી થોડુ પકવાન્ન લેઇને આવી અને કહેવા લાગી કેઃ "આ તમારી સાસુએ મોકલ્યુ છે."

ભગવાનદાસ આ વાતથી બહુ પ્રસન્ન થયા; તથા મિષ્ટાન્ન જોયા બાદ લક્ષ્મી પાસે મોકલી આપ્યું. જ્યારે એ આવનાર ચાલાક સ્ત્રી ભગવાનદાસની બાળવધૂને એકાતમા મળી ત્યારે તેણે કહ્યું કેઃ "તારી માતાએ એમ કહ્યુ છે કે હું તને જલદીથી બોલાવીશ, પરતુ આજકાલ ઘરમાં ખર્ચની ઘણી જ અડચણુ હોવાથી જો તારી પાસે થોડા ઘણા રૂપિયા હોય તો આપ."

તેણે ઉત્તર આપ્યોઃ "રૂપિયા તો નથી પરંતુ આ મારાં સોનાનાં કર્ણફૂલ લેઇ જાઓ."

આમ કહી તેણે પોતાના કાનમાંથી સોનાનાં કર્ણફૂલ કાઢી આપ્યાં, પેલી સ્ત્રી તે લેઇને ગુપચુપ ચાલી ગઈ. ભગવાનદાસ રાત્રે સુતા સૂતા મનમાં ને મનમાંજ પોતાના શ્વશુર તેમજ શ્વશ્રૂની તારિફ કરવા લાગ્યા: "બિચારાં ઘણાં સારાં માણસો છે. પોતાનાથી જે કાંઇ થોડું ઘણું બને છે તે પોતાની પુત્રીને માટે મોકલતાં રહે છે. ગરીબ છે તેથી શું થઈ ગયું? ઘણાંજ સજ્જન છે."

દિવાળીને દિવસે લક્ષ્મીએ પોતાની સાસુને કહ્યું: "તમે તમારાં સઘળાં આભૂષણો પહેરી લ્યો."

લક્ષ્મીએ એના કાનોમાં કર્ણફૂલ ન જણાયાથીજ તેને ઉપર પ્રમાણે કહ્યું. લક્ષ્મીએ પ્રથમ તો ઘણાજ પ્રેમપૂર્વક તેને પ્રશ્નો કર્યા પરંતુ તેની બાળક સાસુએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ, નિરૂપાયે લક્ષ્મીએ પોતાના શ્વશુરને ખબર આપી. ભગવાનદાસ આ ખબર જાણતાંજ આશ્ચર્યચકિત બની ગયા. તેમના મ્હોં ઉપર પરસેવાનાં ટીપાં આવી ગયાં અને દિવાળીને રૂડે દિવસેજ તેઓ મહા શોકસાગરમાં ડૂબી ગયા. તેઓ વિચારવા લાગ્યા કે: "આ બધું કેવી રીતે ગૂમ થાય છે? સુવર્ણની ચોરી થવી તથા દીપોત્સવીને દિવસે લક્ષ્મીનુ જવું, એ બહુજ ખરાબ થયું." ભગવાનદાસે એ દિવસે અતિશય ચિંતામાં ડૂબી જઇ કાંઇ પણ ખાધુ પીધું નહિ.

દોલતરામ ઘણાજ ગંભીર વિચારનો પુરૂષ હતો તે વિચારવા લાગ્યો: "હવે મને એમજ ખાત્રી થાય છે કે આ સર્વના કારણરૂપ મ્હારા પિતાશ્રીની સાસુજ છે. કરબડા ચોથને દિવસે તો કર્ણફૂલ મ્હેં જોયાં હતાં ત્યાર પછી કોઇ દિવસે જોવામાં આવ્યાં નથી માટે એ દિવસેજ તેની ચોરી થઇ હશે. હવે પિતા શોક કરશે તેથી શું સાર્થક થવાનું છે? હવે તો એ છોકરીને ધમકાવીને પૂછવામાં આવે ને કંઇ પત્તો લાગે તો લાગે.

દોલતરામે પોતાના પિતા પાસે જઇ ઉપર પ્રમાણે અભિપ્રાય આપ્યો ત્યારે તેમણે કહ્યું: "ભાઇ તારી ધારણા તો બરોબર જણાય છે, પરંતુ એને ધમકાવવાનું મને પસંદ નથી. બાળકની જાત છે, જો હું ધમકાવું ને કોઇ સ્થળે નાશી જાય તો પછી લોકોમાં આપણી વિના કારણ હાસી થાય. વળી બે ચીજો ગઇ તો પણ શુ થઇ ગયું? એના કરતા કાંઇ એવાં આભૂષણ વધારે છે? લક્ષ્મીએ એ ચીજો લીધી છે કે નહિ તેની બરાબર તપાસ કરવી જોઇએ."

પિતાને મુખે પોતાની પત્નીનુ નામ સાંભળતાજ દોલતરામને ક્રોધ આવ્યો, તથા તે કહેવા લાગ્યો: "શુ આપને એના ઉપર પણ સંદેહ રહે છે? લ્યો હું જાતેજ આપનો સંદેહ દૂર કરૂં છુ." આમ કહી દોલતરામ ક્રોધિત મુખે પોતાની પત્ની પાસે ગયો તથા તેને ધમકાવીને પ્રશ્ન કર્યો: "કેમ ત્હેં કર્ણફૂલ લીધાં છે કે?" લક્ષ્મીએ 'ના' કહ્યું, એટલે તે પોતાની બાળક સ્વરૂપ વિમાતા પાસે ગયો અને તે પ્રશ્ન કર્યો "જુઓ તમે સાચેસાચું કહી દેજો નહિ તો બ્હાર સિપાહી આવ્યા છે તે તરતજ પકડી જશે. બોલો, ચંપાકળી તથા કર્ણફૂલો ક્યાં છે?" દોલતરામે ક્રોધપૂર્ણ સ્વરે દર્શાવેલા ડરથી તે ડરી ગઈ, તથા રોદન કરતાં કરતાં તેણે સઘળી સત્ય વાત દોલતરામને કહી દીધી. દોલતરામને પોતાનું અનુમાન સત્ય ઠર્યાથી કાંઇક આનંદ થયો, તથા વિમાતાને કહેવા લાગ્યો: "રડશો નહિ, જે થયુ તે ખરૂં પણ હવેથી કોઇને કાંઇ ચીજ આપશો નહિ."

આ પ્રમાણે સૂચના કરી દોલતરામે પોતાના પિતાની પાસે જઈ સર્વ ઘટના કહી સંભળાવી. આથી કરીને તેમને ક્રોધ તો ઉત્પન્ન થયો પરંતુ તેઓ પોતાની નવવધૂને માત્ર એટલુજ કહી શક્યા કે "તું ઘણીજ ભોળી છે કે ઘરની લક્ષ્મીને આવી રીતે ઉડાવી દે છે. ખેર! હવે જે થયું તે ખરૂં, ફરીથી એમ કરીશ નહિ. એટલી બે

રકમો નવી કરાવીશું."

દોલતરામે પોતાના પિતાના મુનીમને આ સર્વ વાતો કહીને પોતાની વિમાતાના પિયરમાં મોકલ્યો. પરંતુ ત્યાં કોઇએ કશુંજ કબૂલ કર્યું નહિ. ભગવાનદાસને આ અસત્ય ઉત્તરની ખબર પડી ત્યારે તેમણે ભવિષ્યમાં સર્વેને સાવધાન રહેવાનું સૂચવ્યુ.

કેટલાક દિવસ પછી ભગવાનદાસની નવી સાસુ પુનઃ એક વખત યથાવકાશે પોતાની બાળક પુત્રીને મળી આવી તથા તેને સ્વાર્થ સાધવાનુ ખૂબ ભણાવી આવી. ભગવાનદાસ તથા લક્ષ્મીને દેખાડો કરવા માટે તેણે બહારથી પોતાની પુત્રીને ઘણી સમજાવી, તથા કહ્યું કેઃ "જો બ્હેન! આ લક્ષ્મી તારી સાસુ બરોબર છે. શેઠ તો ઘણો સમય દુકાન ઉપરજ રહે છે. માટે એના કહ્યા પ્રમાણે તારે ચાલવુ."

ભગવાનદાસે પોતાની સાસુને કહ્યુંઃ "તમારૂં કહેવું સર્વથા સત્ય છે. દોલતરામ તથા લક્ષ્મી એ બન્ને ઘણાં સમજુ છે. તમારી પુત્રીની તે બરોબર સંભાળ રાખે છે."

ભગવાનદાસની સાસુ એક દિવસ રહીને પોતાને ઘેર ગઇ. ભગવાનદાસે ઘણો આગ્રહ કર્યો પણ તે નજ રહી. તે પોતાની નિઃસ્વાર્થતા પ્રકટ કરવાને માટે કહેવા લાગીઃ "પ્રભુ! મને પુત્રીને ત્યાં વિશેષ દિવસ ન રાખે."

થોડા દિવસ પછી ભગવાનદાસના એકના એક સાળાનો લગ્નપ્રસંગ આવી પહોંચ્યો. અર્થદાસ તથા તેની પત્નીએ પ્રથમ તો એમ વિચાર્યું કે પોતાના વૃદ્ધ જમાઈ પાસેથી થોડા રૂપિયા માગવા; પરંતુ પછીથી એવો નિશ્ચય થયો કે જ્યારે પોતાની પુત્રી અતિશય કિમતી સોના ચાદીનાં ઘરેણાંથી વિભૂષિત થઇ પોતાને ત્યાં આવશે ત્યારેજ સર્વ થઇ રહેશે. અર્થદાસે પોતાની પુત્રીને બોલાવી લાવવાને એક

માણુસ પોતાના વૃદ્ધ જમાઇરાજને ત્યાં મોકલ્યુ. જમાઇરાજે પણ શ્વશુરની ઇચ્છાને આધીન થઇ પોતાની બાળ વહુને તેના ભાઇના લગ્નમા મોકલવાનો નિશ્ચય કરી લક્ષ્મી આગળ જઇ કહ્યુ: “ જો લક્ષ્મી ! એને આ સમયે પિયર જવા દેવી જોઇએ કારણ કે પોતાને ત્યાં વિવાહપ્રસંગે સર્વે જણુ પોતાની પુત્રીઓ તથા પુત્રવધૂઓને તેડાવે છે. એને સારાં સારાં કપડાં તથા ઉત્તમ પ્રકારનાં ઘરેણા પહેરાવીને મોકલો; કારણ કે સઘળા સગાં સંબંધીઓની સ્ત્રીઓ ત્યાં આગળ એકત્ર થશે, તે બધી જુએ તો ખરી કે છોકરી કેવા સુખમાં છે.”

લક્ષ્મીએ પોતાના શ્વશુરની આજ્ઞાનુસાર પોતાની બાળક સાસુને અલંકાર આભૂષણોથી વિભૂષિત કરી વિદાય કરી. પુત્રીના આગમનથી અર્થદાસ તથા તેની પત્નીને અપાર આનંદ થયો, તથા ઘણીજ ધામધુમથી વિવાહ કર્યો. વિવાહપ્રસંગે ભગવાનદાસને પણ આમંત્રણ કરવામાં આવ્યું તથા વિવાહમાં તેમને અનેક પ્રકારે પ્રસન્ન રાખવામાં આવ્યા. આ સ્થળે એટલું દર્શાવી દેવું આવશ્યક છે કે વિવાહપ્રસંગ ભગવાનદાસની નવપત્નીના એક બે સુવર્ણાલંકાર ગિરો મૂકવાથીજ નિર્વિઘ્ને પૂર્ણું થયો હતો. વિવાહ થઇ ગયાને બે ચાર દિવસ વીતી ગયા હશે એવામાં એકાએક ભગવાનદાસને પોતાની નવવધૂને પોતાની પાસે બોલાવવાની આકાંક્ષા ઉત્પન્ન થઈ. કોઇ કોઇ સમયે શ્વાસરોગથી તે એવા તો ગભરાઇ જતા હતા કે તેમને પોતાનો જીવન-દીપ તરતજ નિર્વાણ થઇ જવાની ધાસ્તી લાગતી હતી. હાલ એક બે દિવસથી તેમને એ રોગ ઉપડયો હતો તેથી પોતાની બાળક વધૂને બોલાવવાને ત્રણ ચાર વખત માણુસ મોકલ્યું, પણ વાયદો કરી કરીને અર્થદાસે એક મહિનો કાઢી નાખ્યો. ભગવાનદાસની તબિયત હવે થોડે થોડે વિશેષ બગડતી જતી હતી- જેથી એક દિવસે તેઓ પોતેજ ઘણા ક્રોધમાં આવી જઇ સાસરીમાં જઈ પહોંચ્યા !

ક્રોધવશ થઈ તેમણે અનેક શબ્દો કહેવાને ધારેલુ પરંતુ શ્વશુરની માયા મમતાથી તેમનો ક્રોધ શાન્ત થઇ ગયો. તેમની સાસુએ અતિશય પ્રેમપૂર્વક તેમનુ સન્માન કર્યું. અર્થદાસને પણ પોતાના જમાઇના આગમનથી સારૂં તો ન લાગ્યું, છતા ઉપર ઉપરથી તેણે પણ ઘણોજ પ્રેમ દર્શાવ્યો. ખાનપાન થઈ ગયા પછી વિદાય થવાની વાત નીકળી ત્યારે તેમની સાસુએ કહ્યું કે “મને મ્હારી પુત્રીને વિદાય કરવાને શુ હરકત છે? પરંતુ તે પહેલા હું તમને મ્હારા પોતાના જાણી એક વાત કહી દેઉં છુ. તમારાથી છુપુ રાખવાની કાઇ જરૂર નથી! તમારે ત્યાનાં એક બે ઘરેણાં મ્હારા હરિદાસની પત્ની પહેરી ગઇ છે. તે પાછી આવશે એટલે અમે તમારી વસ્તુઓ મોકલી આપીશુ.”

ભગવાનદાસે પોતાની સાસુની કથા શ્રવણ કરી કયાં કયા આભૂષણો પહેરી ગઇ છે એમ પ્રશ્ન કરતા જણાયું કે, રૂપિયા બે હજારની રકમો નથી. આથી ભગવાનદાસને ઘણોજ શોક થયો. તેમને બહુજ શોકાતુર જોઇને તેમના સાસુ સસરાએ થોડાજ દિવસોમાં પુત્રવધૂ પુન ઘેર આવેથી તે જણસો મોકલી આપવાનું જણાવ્યું. છેવટે નિરૂપાયે ભગવાનદાસ સ્વગૃહે જઇ પહોચ્યા.

સ્વગૃહે જઇને તેમણે સકળ ઘટના લક્ષ્મીને કહી સંભળાવી તથા છેવટે કહ્યુ કે: “જો તારી સાસુને કાંઇ કહીશ નહિ, એનો એમા શું દોષ, એ તો બાળક છે.”

લક્ષ્મી તથા દોલતરામને બરોબર તપાસ કરતાં જણાયું કે ત્રણેક હજારનુ નુકશાન થયુ છે. હજાર રૂપિયાનો તો એકલો ચંદ્રહારજ હતો. લક્ષ્મી તથા દોલતરામને પણ આથી ઘણો શોક થયો. દોલતરામે પત્નીને કહ્યું: “આ બધાનુ મૂળ કારણ **‘વૃદ્ધ પિતાના વિવાહ’** સિવાય બીજું કાંઇજ નથી. આવા વિવાહથી એમને શુ લાભ થયો? ઉલટું ત્રણ ચાર હજારની વસ્તુઓનું પાણી થયું.”

દોલતરામની વાત તેની બાળક વિમાતાની જાણમાં આવતાંજ તેણે એમાં થોડું ઘણું પોતાના તરફથી ઉમેરી ભગવાનદાસને ઘણાજ ઉશ્કેર્યા. તે સમયે રાત્રિના અગીઆર વાગ્યા હતા. ભગવાનદાસે રાત્રિના સમયનો પણ વિચાર ન કરતાં પુત્ર તેમજ પુત્રવધૂ આગળ જઇ ક્રોધપૂર્ણ સ્વરે કહ્યુંઃ "તમે શા માટે જેમ ફાવે તેમ બોલો છો? પૈસા તો હાથનો મેલ છે. મ્હેં મારો પસીનો ઉતારીનેજ એ પૈસા પેદા કર્યા છે. ધંધામાં ખોટ જાય છે તો કેમ ચુપ થઇને બેસી રહીએ છીએ, પરંતુ આ તો આપણા પૈસા આપણા સંબંધીનાજ ઉપયોગમાં વપરાયા છે."

દોલતરામે નમ્રતાથી કહ્યું: "પિતાશ્રી! અપરાધ ક્ષમા કરો, રૂપિયાની બાબત હોવાને લીધેજ હું કાંઇક બોલ્યો હતો. પણ હવેથી કદાપિ એવું બનશે નહિ, એ માટે ખાત્રી રાખશો."

આવી આવી અનેક બાબતોથી ભગવાનદાસની બાળક પત્નીને પોતાના માતાપિતાની છળકપટયુક્ત ઇચ્છાઓને પૂર્ણ કરવાનો ઠીક યોગ મળ્યો. દિવસે દિવસે તે પોતાના વૃદ્ધ પતિને કલહ કંકાસની અનેક બનાવટી બાબતો કહ્યા કરતી હતી. પોતાની નવવધૂના વચનોનો શેઠ ઉપર બહુ પ્રભાવ પડતો ગયો. છેવટે પોતાની બાળવધૂના અતિશય આગ્રહથી તેમણે પોતાના પુત્ર દોલતરામથી જૂદા રહેવાનો નિશ્ચય કર્યો. અને એક દિવસે પુત્ર તથા પુત્રવધૂને કહ્યું કે: ' હવે આપણે જૂદાં રહેવું એજ ઉત્તમ છે."

દોલતરામ તથા લક્ષ્મી બંને આ કથન શ્રવણ કરી આશ્ચર્ય પામ્યાં. લક્ષ્મી પોતાનુ હૈયું ભરાઈ આવવાથી રોદન કરવા લાગી. છેવટે તેમને જૂદું થવું જ પડયું.

આ સમયે પુન એક વખત ભગવાનદાસની સાસુએ પ્રસંગ જોઈ પોતાનો લાગ સાધ્યો. એક દિવસે તે પોતાના જમાઈરાજને મળવા ગઈ. ભગવાનદાસે પોતાના મન સાથે વિચાર્યું કે: "એક બે

વર્ષ મ્હારે ત્યાં સાસુજી રહે તો એટલા સમયમાં મ્હારી પત્ની સંસારનાં સર્વ કાર્યો શીખી જાય."

તેમણે પોતાની આ ઇચ્છા અત્યંત પ્રેમપૂર્વક પોતાની સાસુને કહી સાંભળાવી. આ વાત શ્રવણ કરી તેણે નિષ્કપટતા તથા નિઃસ્વાર્થતા દર્શાવવાને જમાઈની ઇચ્છાનો અસ્વીકાર કર્યો. તેણે કહ્યું: "પ્રભુ ! મને પુત્રીને ત્યાં ન રાખે." આમ કહી તે ચાલી ગઇ, તથા જતાં પૂર્વે પોતાની પુત્રીને ગુપ્ત રીતે સમજાવી દીધી કે તે પોતાના વૃદ્ધ પતિને સમજાવીને પોતાની સંપત્તિ પણ જૂદી કરાવી લે."

એક રાત્રે તેણે પોતાના પતિને કહ્યું કે: "લક્ષ્મી મને હમેશાં તમે નથી હોતા એવે સમયે એમ કહ્યા કરે છે કે જૂદી થઈ ગઈ તેથી શું થઇ ગયું ? કમાઈ તો અમારીજ ખાય છે ને ? તારો બુઢ્ઢો કાંઈ ઓછો કમાવા જાય છે ?"

ભગવાનદાસે પત્નીના આ કથન ઉપર પૂર્ણ વિશ્વાસ મૂક્યો તથા બે માસ પછીથી પાંચ પંચોની આગળ પોતાની સપત્તિના બે ભાગ કરી એક ભાગ દોલતરામને આપી બીજો ભાગ પોતાની પાસે રાખ્યો; તથા એ ભાગ પોતાના મૃત્યુ પછી પોતાની પત્નીને મળે એવું વિલ (વશિયતનામુ) કરી દીધું. ભગવાનદાસની આવા પ્રકારની વર્તણુંકથી સર્વે લોકોમાં તેમની ઘણી નિંદા થઇ.

ઉપલા સર્વ પ્રકાર બની ગયા પછી ભગવાનદાસ શેઠ ઘણા સમય સુધી આ સંસારમાં રહ્યા નહિ. એક માસમાંજ તેમનો શ્વાસરોગ વધી પડયો તથા ઉઠવા બેસવાની તાકાત પણ અંગમાં રહી નહિ. દોલતરામને પ્રથમ બે ચાર દિવસ સુધી તો પિતાના મંદવાડની ખબર પણ પડી નહિ. પરંતુ ખબર પડી ત્યારથી તેણે પોતાના પિતાની તનમનથી સેવા કરવા માંડી. હવે ભગવાનદાસનો એ સમય આવી પહોંચ્યો કે જે સમયના કારણથી તેમના સર્વે શુભચિંતકો

તેમને વિવાહ કરવાની ના પાડતા હતા. લક્ષ્મીએ પણ પોતાના પતિ સાથે પોતાના શ્વશુરની સેવા ચાકરી કરવા માડી. અનેક વૈદ્યો અને ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા, હકીમોની હિકમતો પણ ચલાવવામાં આવી, છતાં ભગવાનદાસનો રોગ મટવાને બદલે વધતોજ ચાલ્યો. છેવટે તેઓ પોતાની બાળક પત્નીને આ અસાર સંસારમા એકલી મૂકી પરલોક પ્રયાણ કરી ગયા. પિતાના મૃત્યુથી દોલતરામ તથા લક્ષ્મીને ઘણો શોક થયો. ભગવાનદાસના દ્વેષી લોકો હવે ઠઠ્ઠા મશ્કરી કરી હસતા હતા. પિતાની અત્યેષ્ટિ ક્રિયા અને કારજ દોલતરામે પોતાનો પાસેના પેસા ખરચીને કર્યા. અર્થદાસના પત્ની જમાઇનુ મૃત્યુ થતાજ પુત્રી પાસે આવી પહોચ્યાં હતાં. ' કોર્ટ ઑફ વૉર્ડસ 'ના વ્યવસ્થાપકની માફક સર્વે મીલ્કત તેણે પોતાની સત્તામા લીધી. ઘણા લોકોએ શેઠના રૂપિયામાથી તેમના અત્યેષ્ટિના ક્રિયાકાડ કરવાને માટે કહ્યું, પરતુ શેઠની સાસુએ એક પાઇ પણ ખરચવાની ના પાડી; ને કહ્યું કે: " જો એ રૂપિયા એમ ક્રિયાકાડમા ખરચી નાખવામા આવે તો મ્હારી પુત્રી ખાય શુ ? એનો જીવનપર્યંતનો નિર્વાહ કેવી રીતે ચાલે ? "

છેવટે દોલતરામ તથા લક્ષ્મીના ગુણોની સર્વે લોક પ્રશસા કરવા લાગ્યા તથા એવુ ઇચ્છવા લાગ્યા કે: " ઇશ્વર પુત્ર અને પુત્રવધૂઓ આપે તો આવાજ આપજે "

જમાઈનુ તેરમુ થઇ ગયુ. ગૃહાચાર્યો અને કુળાચાર્યોના ઉદર મોદક મેળવી તૃપ્ત થયા. તેરમુ વીતી ગયા પછી અર્થદાસ પણ જમાઇને ત્યા જ નિવાસ કરવા લાગ્યો. જે સ્થળે ભગવાનદાસ શેઠનો પલંગ પથરાતો હતો તેજ સ્થળે અર્થદાસનો પલગ પથરાવા લાગ્યો. તેની પત્ની પણ પુત્રીના ઘરની માલિક થઇ બેઠી. જે ઇચ્છાથી અર્થદાસે તેમજ તેની પત્નીએ પુત્રીનો અયોગ્ય વિવાહ કર્યો હતો તે તેમની ઇચ્છા હવે ફળીભૂત થઈ. દોલતરામને પિતાની બાકી રહેલ

ધન સંપત્તિ માટે અનેક લોકોએ સમજાવ્યો તથા કોર્ટમા ફરિયાદ કરવાની સૂચના કરી પરતુ તે બહુ સમજુ યુવક હતો. તેણે એમ કરવું પોતાને ઉચિત નથી એવો સર્વેને ઉત્તર આપ્યો, તથા કહેવા લાગ્યો કેઃ "મારી માતાને હું શા માટે દુઃખી કરૂં? ઈશ્વરે મને જે જોઇએ તે આપ્યું છે. **આપકમાઇજ માણસને સુખદાયી થઈ પડે છે.**"

હજી હવેજ યુવાવસ્થામાં પ્રવેશ કરતી ભગવાનદાસની પત્નીના ગૃહ આગળ થઇને હવે વ્યભિચારી પુરૂષો અનેક ઇસારા કરતા તેમજ હસ્ત નેત્રાદિથી ઇશારત કરતા વારવાર જતા આવતા હતા. ભગવાનદાસના મૃત્યુ પછી એક બે વર્ષમાજ તેમની વિધવા બાળ પત્નીનુ ચરિત્ર કેવું ખરાબ થઇ ગયું તે સંબંધી કાઇ લખવુ ઉચિત નથી.

અનેક દિવસો સુધી તેણે પોતાની પાપલીલા છુપાવી છતાં છેવટે **'પાપનો ઘડો ભરાય છે ત્યારે ફુટે છે'** એ કહેવત પ્રમાણે તેના સર્વ પ્રકારના દુષ્કાર્યો પ્રસિદ્ધ થઇ ગયા. અનેક સ્થળે તેની નિંદા થવા લાગી. અનેક સજ્જન લોકો ભગવાનદાસના પૈસાને લુટાતો જોઇ તથા તેમની પત્નીને કલંકિની રૂપ નીવડેલી જોઇ કહેતા કે "જોયુ આ ઘરડે ઘડપણ નાનકડી બાળકી સાથે વિવાહ કર્યાનુ ફળ!"

૫

મોહિનીનો અયોગ્ય વિવાહ.

પંડિત પ્રિતમલાલ એક ગ્રામ્ય નિશાળનો શિક્ષક છે. તેને નિશાળમાંથી માસિક બાર રૂપિયા પગાર મળે છે. પોતાની પ્રથમ પત્નીથી તેને ત્રણ પુત્ર તેમજ ત્રણ પુત્રીઓ થઇ હતી; પરંતુ તે સર્વે બાળકો એક પછી એક પરલોકવાસી થયાં હતાં. પ્રિતમલાલની પત્ની પોતાના ત્રણ વર્ષના બાળક પુત્ર કિશોરના મરણનો છેલ્લો આઘાત સહન કરી શકી નહિ. તે રાત્રિ દિવસ રૂદન કર્યા કરતી હતી. ખાનપાનનો તેણે ત્યાગ કરી દીધો હતો. પંડિત પ્રિતમલાલ તેને ઘણું સમજાવતો હતો પરંતુ તે પુત્રવિયોગનો શોક દૂર કરી શકી નહિ. અને છેવટે પરલોકવાસી થઇ. પ્રિતમલાલ કુલીન બ્રાહ્મણ હતો. તેથી આ બનાવ બન્યા પછી એક પછી એક એમ અનેક પુરૂષો માગાં લઈ તેની પાસે આવવા લાગ્યા, અને એક બીજાના કરતાં વશેષ રૂપિયા આપવાનું કહેવા લાગ્યા, છેવટે ગોપાળલાલ દ્વિવેદીએ રૂપિયા પાચસો આપવાનો ઠરાવ કરી પોતાની ભગિનીનો વિવાહ પ્રિતમલાલ સાથે નક્કી કર્યો.

ગોપાળલાલ દ્વિવેદી કલેકટરીમાં પટાવાળો છે. તેને માસિક આવક મહિને વીસેક રૂપીયાની છે. તેને એક બ્હેન તથા એક વૃદ્ધ માતા છે. કુળમા કોઇએ કાઇક કલંક લગાડેલું હોવાથી હજુ સુધી તેનો વિવાહ થયો નથી. તેની બ્હેન રમાબાઇ સોળ વર્ષની યુવતી છે. કાંઇક ધનાભાવથી તેમજ કાઇક કુળના નીચાપણાને લીધે કોઇ સ્થળે તેનો વિવાહ થઈ શકયો નહોતો.

હવે ઉપર જણાવ્યા પ્રમાણે રમાનો વિવાહ પંડિત પ્રિતમલાલની સાથે નક્કી કરવામાં આવ્યો. પંડિત પ્રિતમલાલ પાંચસો રૂપિયા તથા સુંદર સુશીલા યૌવનવતી પત્ની પ્રાપ્ત કરી ઘણા સંતુષ્ટ થયા. રમાએ એક કન્યાશાળામાં ગુજરાતી અભ્યાસ કર્યો હતો. સિવવા ગુથવાના તથા ભોજન બનાવવાના કાર્યમાં એ ઘણીજ નિપુણ હતી. તેનુ કારણ એ હતું કે તેની માતા ૨૦ વર્ષની ઉંમરમા વિધવા થઇ ગઇ હતી, અને તેથી એક સારા કુટુંબમા રસોઈ બનાવવાના કામપર તે રહી હતી. ભોજન તૈયાર કરવાના કાર્યમાં તે ઘણી ચતુર હોવાથી રમા પણ તેની પાસેથી અનેક પ્રકારના સ્વાદિષ્ટ ભોજન બનાવવાનુ શીખી ગઇ હતી. જે કુટુંબમાં તેની માતા રસોઈનુ કાર્ય કરતી હતી તે કુટુંબની બાળકીઓ તથા સ્ત્રીઓ દ્વારા તેણે સ્વચ્છતાનુ શિક્ષણ પણ ઠીક પ્રાપ્ત કર્યું હતું.

આવી ગુણવતી અને રૂપવતી ભાર્યા મળી એ, પ્રિતમલાલનું સૌભાગ્યજ કહી શકાય. રમામા આ સર્વ ગુણો ઉપરાત એક પ્રશંસનીય ગુણ એ હતો કે તે રૂડા સ્વભાવવાળી તેમજ સુશીલા હતી. વળી તે રૂપવતી પણ હતી. આવી સુયોગ્ય પત્ની પ્રાપ્ત થવાથી પ્રિતમલાલ પોતાના ભાગ્યને ધન્યવાદ આપતો હતો. બન્ને પતિ પત્ની સાનંદ જીવન વ્યતીત કરવા લાગ્યા. બન્નેએ આ પ્રમાણે એક વર્ષ સુધી સંસારસુખનો ઉપભોગ લીધો. એવામા તેમને એક કન્યાની પ્રાપ્તિ થઇ. આ કન્યાનુ નામ મોહિની રાખવામા આવ્યુ પતિ પત્ની ઉભય પુત્રીનું અતિશય હેતથી લાલન પાલન કરવા લાગ્યા. પ્રિતમલાલ નિશાળેથી આવીને કલાકોના કલાકો સુધી મોહિનીને રમાડી તેના જીવને આનંદ આપી પોતે પણ આનંદ મેળવતો હતો. મોહિનીની ઉમર પાચ વર્ષની થઈ એટલે રમાએ તેને શિક્ષણ આપવું શરૂ કર્યું સાત વર્ષની ઉમર થતાંમા તો મોહિની લખવા વાચવાનું પણ શીખી

ગઇ તેને સાતમુ વર્ષ પૂર્ણુ થતાંજ રમાના મનમાં પુત્રીના વિવાહ માટે ચિંતા થવા લાગી જેથી પુત્રીના લગ્નનો પ્રબંધ કરવાને માટે રમા પોતાના પતિને વારવાર પૈસા એકત્ર કરવાની સૂચના કરવા લાગી. તે કહેતી હતી કે "માસિક પગારમાથી બબ્બે ચાર ચાર રૂપિયા બચાવતા રહો; નહિ તો વિવાહસમયે એકસામટી બધી રકમ કયાથા આપી શકીશુ ?"

પ્રિતમલાલે પત્નીના કહેવા તરફ બે એક વર્ષ સુધી તો લક્ષ્ય આપ્યુ નહિ. પરતુ મોહિની નવ વરસની થઇ એટલે તેને પણ ચિતા પેઠી. તેણે વિચાર્યુ કે મહિને બબ્બે રૂપિયા બચાવ્યાથી પણ કેવી રીતે પુત્રીનો વિવાહ કરી શકાશે? પતિપત્ની ઉભય પુત્રીના વિવાહ માટે અનેક પ્રકારના વિચારો કરવા લાગ્યા. રમાએ મોહિનીને પોતાના જેવીજ ગુણવતી બનાવી હતી. વાચવા લખવામા તો તે પોતાની માતા કરતા પણ વિશેષ હુશિયાર હતી. કારણુ ત્રણ વર્ષમાં તો તેણે ગુજરાતી સાહિત્યના ઉત્તમોત્તમ પુસ્તકોનુ અધ્યયન કર્યું હતું હિસાબ ગણવામા પણ તે ઘણી ચતુર હતી. રૂપ સૌદર્યમા તે પોતાની માતા કરતા પણ ચ્હડી જતી હતી. શોકની વાત એટલીજ હતી કે સ્ત્રીઓમા જે સદ્દગુણો હોવા જોઇએ તે સર્વ તેનામા હોવા છતાં પણ, પ્રિતમલાલ પોતાની તે સુયોગ્ય કન્યાને માટે કોઇ ઉત્તમ પતિ પ્રાપ્ત કરવાની આશા રાખી શકતો નહિ. છેવટે પરિણામ પણ એવુ જ આવ્યુ. જ્યારે મોહિનીની ઉમર બાર વર્ષની થઈ ત્યારે મહામુશિબતથી તથા અનેક ભલામણોથી કાનપુરમા રૂપિયા પાચસો આપવાના નક્કી કરી મોહિનીનો સબધ નક્કી કરવામાં આવ્યો. અઢીસે રૂપિયા વિવાહ થતા પહેલાં અને બાકીના અઢીસેં રૂપિયા વિવાહ વખતે આપવાના ઠર્યા, પરતુ અનેક અડચણો વેઠવા છતાં વિવાહ સમયે પ્રિતમલાલ ફક્ત ત્રણસેં રૂપિયાજ એકત્ર કરી શક્યો. આ ત્રણસેં

રૂપિયા પૈકી સો રૂપિયા તો વિવાહનાં પરચુરણ ખરચોમાં વપરાઈ ગયા, આથી કરીને વરપક્ષને તે બસેં રૂપિયાજ આપી શક્યો. પણ પચાસ રૂપિયા ઓછા મળવાથી વરના પિતાએ સાફ કહી દીધુ કે: "બાકીના પચાસ રૂપિયા નહિ મળે ત્યાં સુધી અમે વિવાહ થવા દઇશુ નહિ." છેવટે પ્રિતમલાલે વારંવાર હાથ પગ જોડયાથી, અને એક પ્રતિષ્ઠિત પુરૂષના વચમાં પડવાથી એવો નિશ્ચય થયો કે "વિવાહ તો કરી નાખવો પરંતુ જ્યાં સુધી પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે બાકી રહેલી પચાસ રૂપિયાની રકમ ન આપવામા આવે ત્યા સુધી વિવાહ થઇ ગયા પછી કન્યાને તેના પિતાને ત્યા જવા દેવી નહિ." વરપક્ષનાં પ્રતિષ્ઠિત સ્વજનોને પ્રિતમલાલ તેમની ઇચ્છાનુસાર સારી સારી ભેટો ન આપી શકવાથી તે સઘળા તેના તરફ વક્રદ્દષ્ટિથી જોઇ રહ્યાં તથા કહેવા લાગ્યાં કે: "અમે કન્યાવાળાને ત્યા જમવાને કદાપિ જઇશુ નહિ."

છેવટે એવાં બે ચાર કલહકારી મનુષ્યોને પાંચ પાંચ રૂપિયાની પ્રાપ્તિ થઈ ત્યારે જ તેમણે ભોજન કરવાનુ કબૂલ્યુ. વરના પિતાએ પણ જમવા જવા પહેલા પૂર્વે ઠરેલા દ્રવ્ય ઉપરાત થોડી ઘણી રકમ વિશેષ મેળવવાને માટે ઘણો ઝગડો કર્યો; અને ઇચ્છિત રકમ નહિ મળવાથી આખી જાન એક દિવસ તો ભૂખી જ પડી રહી. છેવટે રૂપિયા પચીસ વરના પિતાએ લેવા કબૂલ્યું આ પચીસ રૂપિયા પ્રિતમલાલના ગામના એક જમીનદારે તેને દાન રૂપે આપી તેને સહાય કરી જેમ તેમ કરીને વિવાહ સમાપ્ત થયો. હવે મોહિનીને સાસરે વિદાય કરવાનો સમય આવી પહોંચ્યો. આ સમયે મોહિની પોતાના પિતાના વિયોગને લીધે ઘણુંજ રૂદન કરી રહી હતી. રમા પોતાની પ્રાણાધિક પુત્રીના પ્રથમના જ વિયોગને લીધે તથા કઠોર હૃદયના સાસુ, સસરો તેને કેટલી બધી દુઃખી કરશે એ વિચારોને લીધે ઘણીજ ચિંતાતુર

હતી. છેવટે વજ્ર હૃદય કરીને નેત્રોમાંથી આંસુઓ સારતાં સારતાં પુત્રીને સાંત્વન આપીને માતા પિતાએ દુઃખી હૃદયે પુત્રીને વિદાય કરી. વિદાય કરતી વખતે પ્રિતમલાલે ધનલોલુપ વહેવાઇના આગળ બે હાથ જોડી નિવેદન કર્યું કેઃ–" મોહિની અત્યાર સુધી મ્હારી પુત્રી હતી, હવે તે આપની પુત્રીતુલ્ય થઇ છે, તે મારી એકની એક પુત્રી હોવાથી મેં તેનુ અત્યંત લાડ–પ્રેમમા પ્રતિપાલન કર્યું છે. એ ઘણીજ ગુણવતી ને સુશીલ છે. સંસારનાં સકળ કાર્યોમાં તે નિપુણ છે. હુ ધનના અભાવને લીધે આપના જેવા કુલીન સંબંધીને સંતુષ્ટ નથી કરી શકયો એ માટે આપ મને ક્ષમા કરી હમેશાં મારા પ્રત્યે દયા ભાવ રાખજો. આપ સમજુ છો "

આ કરૂણોત્પાદક દીનભાવપૂર્ણ કથનનો નિષ્ઠુર વરપક્ષવાળાઓ ઉપર કાંઇ પણ પ્રભાવ પડયો નહિ. તેમણે પ્રિતમલાલની કથા સાભળી નહિ. સાભળી કરીને ઉલટું વરના પિતાએ એમ કહ્યુ કેઃ "જેમ બને તેમ બાકી રહેલા પચાસ રૂપિયા જલદીથી મોકલજો. રૂપિયા પહોચ્યા સિવાય અમે તમારી પુત્રીને પુનઃ તમારે ત્યાં મોકલીશુ નહિ. "

વહેવાઇની આવી નિષ્ઠુરતાથી પ્રિતમલાલને ઘણી લાગણી થઇ આવી. અને પોતાની કોમળહૃદયા પુત્રીને આવા નિષ્ઠુર માણસોને સોપતાં સોપતાં તેનુ હૃદય શોકથી ભરાઇ આવ્યુ. તેણે સ્વતઃ એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યુ કેઃ "હે પ્રભુ! શુ તું ભારતવર્ષમા સ્ત્રીઓને ફક્ત દુઃખ સહન કરવાનેજ ઉત્પન્ન કરે છે? કોણ જાણે શું કારણથી ભારતવર્ષની કન્યાઓને આવા પ્રકારનાં દારૂણ દુઃખો ભોગવવાં પડે છે!"

હૃદયને વજ્ર સમાન કરી માતાપિતાએ પોતાની પ્રાણાધિક પુત્રીને તેના ભાગ્યના ભરોસા ઉપર વિદાય કરી. શ્વશુરપક્ષમાં તે જઇ પહોંચી ત્યાં પણ તેની સાસુએ એના રૂપ ગુણ ઉપર કાંઇ પણ ધ્યાન

આપ્યું નહિ, પરંતુ સૌથી પ્રથમ તેણે એજ પ્રશ્ન કર્યો કે પોતાને કેટલા રૂપિયાની પ્રાપ્તિ થઇ છે?

પતિના તરફથી ઉત્તર મળતાંજ તેને જ્યારે એમ માલૂમ પડયું કે જે ઠરાવ કર્યો હતો તે ઠરાવ પૈકીનાજ હજુ પચાસ રૂપિયા બાકી છે, ત્યારે તો તેણે મોહિનીનાં માતાપિતાને ઘણીજ અશ્લીલ ગાળો દીધી. તેણે ક્રોધથી પોતાના પતિને પણ બે ચાર સખ્ત શબ્દો સભળાવી દીધા. પતિએ ક્રોધાંધ પત્નીને સમજાવ્યુ કેઃ "મોહિની તેનાં માબાપને ઘણીજ વ્હાલી છે. તેથી તેનો પિતા તેને તેડવા ઘણો જ સત્વર આવશે. જ્યારે તે તેડવા આવશે ત્યારે આપણી શરત મુજબ બાકી રહેલા રૂપિયા પચાસ નહિ આપે તો આપણે મોહિનીને તેમની સાથે વિદાય કરીશું નહિ!"

ઉપર્યુક્ત વાક્યોથી મોહિનીની સાસુના આત્માને કાંઈક સંતોષ થયો. તે ઘણીજ કર્કશ સ્વભાવવાળી હતી. બે ચાર દિવસ સુધી તો રોષની ભરી તે પુત્રવધૂ સાથે કાંઇ બોલી પણ નહિ. ત્યાર પછી તે વારવાર મોહિનીને મ્હેણાં ટાણાં મારી તેના આત્માને દુઃખ દેવા લાગી. તેને બરાબર વખતસર ભોજન પણ આપવામાં આવતું નહિ. સુવાને માટે પણ યોગ્ય સગવડ ન મળે! તે બિચારી ધરતી દેવીના ઉપર શયન કરતી. સાસુના ચરણ ચાંપતા ચાંપતાં કેટલીક વખત તેને નિદ્રા આવતી તથા તે ઝોકાં ખાતી તો પણ તેની સાસુ તેને સુવા જવા દેતી નહિ. એક દિવસે પગ ચાંપતાં ચાંપતાં મોહિનીને એટલી બધી નિદ્રા આવી ગઇ કે તેનુ શિર સાસુના ચરણો ઉપર ઢળી પડયુ. તે ચેતન થઇ જઇ પોતાનુ શિર ઉંચું કરવાનું ઇચ્છતી હતી, એવામાજ એકાએક તેની ક્રૂર સાસુએ તેને નિર્દયતાથી એટલા બધા જોસથી લાત મારી કે તે બિચારી બે ચાર હાથને અંતરે જઇ પડી તથા તેના મસ્તકમાં સખ્ત આઘાત થવાથી તેમાંથી રક્તધારા વહેવા લાગી. પોતાના

શિરમાં એટલો બધો સખ્ત આઘાત થયા છતાં પણુ એ ધીમે ધીમે મહા મુશિબતે રૂદન કરતી કરતી બેઠી થઇ તથા જેમ તેમ કરીને ઉઠીને તે પોતાના સુવાના ઓરડામાં ગઇ. લોહી અતિશય પ્રમાણુમાં વહી જવાથી ઓરડામાં ગયા પછી ધીમે ધીમે તે અચેતન બની ગઇ. સવાર થતાં તેને કાંઇક ભાન આવ્યુ.

તેની સાસુ સવારમાં જ્યારે જાગ્રત થઇ ત્યારે પોતાના પલંગના બે પાયાને રક્તથી ભીંજાયલા જોઇ આશ્ચર્યચકિત થઇ ગઇ. અનેક સ્થળે લોહીના ડાઘા પડયા હતા તેમજ રક્તધારાઓથી પલંગના પાયા ભીંજાઇ ગયા હતા. તેણે વિચાર્યું કે. "કદાચ મોહિનીના શિરમાં લાત વાગતાં તેનું શિર પલંગના પાયા સાથે અફળાયુ હશે અને તેથી કદાચ આ પ્રમાણે બન્યુ હશે."

પોતાના ક્રૂર કૃત્યનુ ભયંકર પરિણામ આવેલુ જોવા છતાં પણ તેને પોતાના કૃત્ય માટે કશો પસ્તાવો થયો નહિ. તેણે ઉઠીને ત્વરાથી લોહીના ડાઘોને પાણીથી ધોઇ સાફ કરી નાખ્યા, તથા છેવટે તેણે પોતાના ઓરડામાથી બ્હાર નીકળી મોહિનીને બોલાવવા 'મોહિની મોહિની,' કરીને હાક મારી.

મોહિનીને હજુ જોઇએ એવું ભાન આવ્યુ નહોતું. એવામાં તેણે સાસુની બૂમ શ્રવણ કરી ધીમે કંઠે ઉત્તર આપ્યો: "કેમ બા! શું કહો છો?"

મોહિનીનો ઉત્તર સાંભળવાની રાહ ન જોતા તેની સાસુ તેની શય્યા સમીપ આવી પહોંચી. ક્રોધપૂર્ણ સ્વરે જાણે પોતે કાંઈ જાણતી ન હોય તે પ્રમાણે બોલી ઉઠી: "આજે વળી આ શુ ઢોંગ લેઇને બેઠી છે? તું તારી યુવાવસ્થામા પણ અમને છેતરવા ઇચ્છે છે? આજે તારા શ્વશુરને આવવા દે પછી જોજે કે તારા આ ઢોંગનો તને કેવો બદલો મળે છે! ગરીબ માબાપનાં છોકરાંને આટલી બધી

લુચ્ચાઈ શી ? જ્યારે આવું કરવું હતું અને ઢોંગજ કર્યા કરવા હતા તો પછી વિવાહ જ શા માટે કર્યો ? પાસે એક પૈસો સમ ખાવાને તો મળે નહિ તોએ એવાં માબાપનાં છોકરાં કેટલાં બધાં ઉચ્છૃખલ હોય છે ! જો પંદર દિવસમાં તારા બાપ પાસે બાકી રહેલા પચાસ રૂપિયા તે નહિ મોકલી આપે તો હું મ્હારા પુત્રનો વિવાહ અન્ય કોઇ સ્થળે પુનઃ કરીશ."

સાસુની આ કથાનો મોહિની કાંઇ પણ ઉત્તર આપી શકે તેમ નહોતું. તે કાંઈક ચેતનાવસ્થામાં આવતી હતી એવામાં એકાએક સાસુના વજ્રબાણ જેવા શબ્દોથી તેનું હૃદય વિંધાઇ ગયું. શિર ભમવા લાગ્યું અને નેત્રોએ અંધારા આવવા લાગ્યાં. અલ્પ સમયમા તો તે પુનઃ બેભાન થઇને પડી.

પુત્રવધૂને અચેતન થઇ પડેલી જોતાંજ તેની સાસુ ગભરાઇ ગઇ તથા ત્વરાથી પોતાના સ્વામી ગોવિંદ શુક્લને બોલાવ્યા. તેમણે આ-વીને વહુને અચેત જોઇને તેના મુખપર પાણી છાટયું તથા તેનો હાથ પકડી નાડી તપાસી તો તે ઘણીજ મન્દ ગતિથી ચાલતી જણાઈ. શુક્લજીએ પોતાની પુત્રવધૂ આમ અચેતન કેમ થઇ ગઇ તેનું કારણ પોતાની પત્નીને પૂછ્યુ તો તેણે એવો અસત્ય ઉત્તર આપ્યો કે: "રાત્રિની સૂતી છે ત્યારની ઉઠીજ નથી. સવારમા મ્હેં અહિં આવીને જોયું તો તેને અચેતનાવસ્થામાં પડેલી જોઇ. આથી કરીને મ્હેં તરત જ તમને બોલાવ્યા. તેને કેવી રીતે વાગ્યુ ને શું થયું એ તો હું જાણતી નથી."

પલંગ પર સૂવાડી મહામહેનતે મોહિનીને સચેત કરવાના ઉપ-ચારો કરવામાં આવ્યા, પરંતુ તેને ભાન આવ્યું નહિ. છેવટે એવો વિચાર કર્યો કે 'કદાચિત્ જો વૈદ્ય કે ડૉક્ટરને નહિ બોલાવીશું અને કદાચિત્ મોહિનીના જીવનનો અંત આવી જશે તો દુનિયામાં

મ્હોં બતાવવું પણ ભારે થઇ પડશે.' આ વિચારને લીધે ગોવિંદ શુક્લે એક ડૉક્ટરને એક રૂપિયો ફી ઠરાવી ઘેર બોલાવ્યો. ડૉક્ટરે ઘા તરફ નજર કરી તો તેને મસ્તિષ્ક ઉપર સખ્ત આઘાત થયેલો માલૂમ પડયો તથા પછીથી તેણે કહ્યું: "ઘામાથી ઘણુ જ લોહી નીકળી ગયું છે. જલદીથી મટી શકવાનો સંભવ નથી. બે સપ્તાહ સુધી તો નિયમિત તેની દવા કરવી પડશે. વળી આ બાળકીમાં શારીરિક નિર્બળતા પુષ્કળ છે તેથી કૌવત આપનાર દવા અને પુષ્ટિકારક ભોજન આપવાની પણ બહુ આવશ્યકતા છે. દવાની યાદી પણ ડૉક્ટરે ત્રણ રૂપિયાની લખી. આથી કરીને શુક્લનો પ્રાણ સુકાઇ જવા લાગ્યો. છેવટે ડૉક્ટર ઘાના ઉપર મલમપટ્ટી મારી ચાલ્યો ગયો. તેના ગયા પછી પાતપત્ની અરસપરસ વિચારવા લાગ્યાં કે: "હવે કરવુ શુ ?"

અનેક વિચારોને અંતે બન્નેનો એવો નિશ્ચય થયો કે: "પુત્રવધૂના પિતાને બોલાવવા તાર કરવો. તારમા એમ લખવુ કે તમારી પુત્રી ઘણીજ બીમાર છે માટે પચાસ રૂપિયા લેઇને આવો અને તેને લેઇ જાઓ."

તાર આવી મળતાજ પ્રિતમલાલ અને તેની પત્નીના શોકની સીમા રહી નહિ. એક તરફ પોતાની એકની એક પુત્રીનું મુખ જોવાની ઉત્કટ આતુરતા, ત્યારે અન્ય બાજુ રૂપિયા પચાસની વ્યવસ્થા થવી એ મહા કઠિન હતુ ! વિવાહપ્રસંગે જેની જેની પાસેથી ઉછીની રકમો લીધી હતી તે પણ અદ્યાપિ પર્યંત ચૂકવાઇ ગઇ નહોતી. બીજો ઉપાય નહિ જોવાથી છેવટે એક સજ્જન પુરૂષ આગળ જઇ પંડિત પ્રિતમલાલે પોતાની કરૂણોત્પાદક કહાણી કહી સંભળાવી. એ સજ્જન પુરૂષે તરતજ તેની ઉપર દયા લાવી રૂપિયા પચાસ પોતાને ગૃહેથી આણી આપ્યા. આ પચાસ ઉપરાંત તેણે બીજા પાંચ રૂપિયા મુસાફરી ખર્ચ માટે આપી પ્રતમલાલને કાનપુર મોકલ્યો.

પ્રિતમલાલ સ્વગૃહેથી નીકળ્યો ત્યારે રાત્રિ ભીષણ અંધકારમય હતી. વૃષ્ટિ પડીને થોડાજ સમયથી બંધ થઇ ગઇ હતી, પરંતુ અદ્યાપિ પર્યંત આકાશ વાદળાંથી ઘેરાયલુ હતું. જેથી મોઢે મોઢું સૂઝતું નહિ. કોઇ કોઇ સમય વિદ્યુત્‌ના થતા પ્રકાશથી માર્ગ માલૂમ પડતો હતો. આવા કસમયે પ્રિતમલાલ કપડાંની પોટલીને બગલમાં દબાવી જલદી પગ ઉપાડતો ચાલ્યો જતો હતો. સ્ટેશન ઉપર જઇ પહોંચતાં તેને માલૂમ પડયું કે ગાડી ઉપડી ગયાને અર્ધોજ કલાક થઇ ગયો છે. હવે બીજી કાનપુર જનારી ગાડી સવારે સાત વાગ્યે મળશે. આ પ્રમાણે માલૂમ પડતાંજ પ્રિતમલાલના મનને ઘણીજ ચિંતા થવા લાગી.

તેણે આખી રાત્રિ ત્રીજા વર્ગના મુસાફરખાનામાં ઘણીજ વ્યાકુળતાથી વ્યતીત કરી. એ એક રાત્રિ તેને અનેક રાત્રિઓના જેટલી થઇ પડી. છેવટે સવાર થયું અને ટ્રેનને આવી પહોચવાનો ઘંટ વાગ્યો. પ્રિતમલાલે તરતજ કાનપુરની ટિકિટ લીધી, તથા આગગાડી આવતાં તેમાં ચ્હડી બેઠો. પાંચ મિનિટ સુધી ઉભી રહ્યા પછી ટ્રેન અવાજ કરતી કરતી ત્વરિત ગતિથી પોતાના પથે પ્રયાણ કરવા લાગી. આગગાડીમા બેઠા પછી પ્રિતમલાલને એવી આશંકા આવવા લાગી કે, 'કોણ જાણે કાનપુર જઇ પહોંચ્યા પછી મોહિનીનું મુખ જોઇ શકીશ કે નહિ ?' આ શંકાથી તેનું મન ઘણું શોકાતુર થઇ ગયું. આ શોકાતુર વિચારોમાં તે એટલો બધો બેશુદ્ધ બની ગયો હતો કે કાનપુરના સ્ટેશને ટ્રેન આવી પહોંચતા છતાં એ તેને માલૂમ પડયું નહિ. છેવટે જ્યારે કોઇ પૉર્ટરે મ્હોટે અવાજે 'કાનપુર' શબ્દ ઉચ્ચાર્યો ત્યારે તે એકદમ ચમક્યો. અને બારીમાંથી બ્હાર મ્હોં કાઢીને પ્લૅટફૉર્મપર દૃષ્ટિ કરી તો માલૂમ પડયું કે કાનપુર સ્ટેશન આવી પહોચ્યું છે. તરતજ ગાડીમાંથી ઉતરી પડી ટિકિટ આપી તેણે બહાર નીકળી

એક ગાડી ભાડે કરી, તથા પોતાના વહેવાઈની દુકાન ઉપર જઈ પહોંચ્યો. જતાંની સાથે જ વહેવાઇને તેમના બાકી રહેલા પચાસ રૂપિયા આપીને પુત્રીની સ્થિતિના સમાચાર પૂછ્યા ઉત્તરમા શુકલજીએ અસત્ય રીત્યે જણાવ્યુ કેઃ–સવારમાં પૂજો કાઢતાં કોણ જાણે શું કારણથી એકાએક તેનો પગ લપસી પડયો તથા પડી જતા માથામાં વાગ્યુ છે, તેથી હજુ બરોબર આરામ થઇ ગયો નથી. અમો ડૉકટર પાસે ચિકિત્સા કરાવીએ છીએ તથા તે કહે તે પ્રમાણે એની દવા કરીએ છીએ. "

પ્રિતમલાલે કહ્યુ. હુ "હમણા મારી મોહિનીને જોવા ઇચ્છુ છુ."

વહેવાઇ પ્રિતમલાલને તેની પ્રાણાધિક પુત્રી મોહિનીની શય્યા સમીપ લેઇ ગયા. મોહિનીને જોઇ પ્રિતમલાલ પુત્રીને ઓળખી પણ શકયો નહિ કે એ તેની પુત્રી મોહિની છે. ધ્યાનપૂર્વક જોવાથી માલૂમ પડયુ કે મોહિનીનુ હાડપિંજર અવશેષ છે, પુત્રીને જોઇ પ્રિતમલાલ શોકાશ્રુપાત કરવા લાગ્યો. પછીથી મનોબળને એકત્ર કરીને મનનો શોક દૂર કરી તેણે પોતાની પુત્રીના નિર્બળ દેહ ઉપર પોતાનો હાથ પ્રેમપૂર્વક ફેરવી ક્ષીણ કંઠે કહ્યુ.–" મોહિની ! બેટા મોહિની ! "

સજ્ઞાહીન મોહિની થોડા સમયમા જ પોતાનાં નેત્રોને ખુલ્લાં કરી પિતાને ઓળખી શકી. નેત્રોમાથી અશ્રુધારાનુ વહન થવા દેતાં મોહિનીએ કહ્યુંઃ–" પિતા શ્રી ! તમે પધાર્યા ! મારી માતા કયા છે ? મને મારી માતા પાસે લેઇ જાઓ. "

પ્રિતમલાલે પોતાની પુત્રીને અનેક પ્રશ્નો પૂછવાનો વિચાર કર્યો હતો પરંતુ તેની અતિશય નિર્બળતાને લીધે એમ બની શકયુ નહિ. છેવટે પ્રિતમલાલે વિચાર્યું કે, મોહિનીને આવી અવસ્થામા ઘર સુધી લેઇ જવી એ તો જો કે અશકય છે પરંતુ તેને પોતાની માતાનાં એક વખતને માટે પણ દર્શન કરાવવાનો યત્ન કરવો જોઇએ. મોહિનીના

શ્વશુરે પણ તેને લઇ જવાનુ કહ્યું. આથી છેવટે પ્રિતમલાલે પુત્રીને લઇને ઘેર જવાનો દૃઢ નિશ્ચય કર્યો.

મોહિનીને એક ડોળીમા ઉપડાવી તેનો પિતા તેને સ્ટેશન ઉપર લઈ આવ્યો તથા રેલ્વેમાં રસ્તો કાપ્યા પછી તે પુત્રીસહ પોતાના સ્ટેશનપર ઉતર્યો. સ્ટેશનેથી પુનઃ ડોળી ભાડે કરી ગામમા લઇ ગયો. જ્યારે ગામમાં ડોળી આવતી કેટલાક લોકોએ જોઈ ત્યારે તેઓ ડોળી તરફ ઉત્સુકતાથી જોવા લાગ્યા. ડોળીમાં કોણ છે એ જાણવાને માટે ઘણા લોક આતુર થઇ રહ્યા હતા. ડોળી પાસે આવી પહોચતા સર્વેની શકાનું સમાધાન થયું. જેણે જેણે મોહિનીની દુ:ખદાયિની દશાનું વૃત્તાંત શ્રવણ કર્યું તે સર્વે દુખી થયા. મોહિનીની માતાએ ડોળીનો પડદો ઉંચો કરીને જોયુ તો તે સ્તબ્ધજ બની ગઇ. પોતાની પુત્રીની અવસ્થા જોઇ તેના પ્રેમમય આત્મા ઉપર સખ્ત આઘાત થયો. તેણે એમજ ધાર્યું કે હવે તેની મોાહની આ દુનિયામા ફક્ત થોડા સમયને માટેજ મહેમાન છે !

પ્રિતમલાલે પોતાની પત્નીને શાંત કરવા કહ્યુઃ "હવે શા માટે ચિન્તા કરે છે ! આપણા પૂર્વજન્મનાં પાપોનું ફળ આપણને સહન કરવુજ પડશે. જે વિવાહ માટે સેકડો રૂપિયાનુ ખર્ચ કર્યું, તેનું પરિણામ છેવટ આવું હૃદયભેદક જ આવ્યુ. મોહિનીને સાવધાનતાથી ડોળીમાથી કહાડી ખાટલાપર સૂવાડી દો."

મોહિની પલગ ઉપર સૂતી છે. માતાને જોતાં તેનાં નેત્રોમાંથી અશ્રુધારા વહે છે. તે સ્પષ્ટ રીતે બોલી પણ શકતી નથી. મોહિનીના ખાટલા પાસે અનેક સગાં સંબંધીઓ બેઠાં છે. તેની કરૂણાજનક જીવન કહાણીથી સર્વેના હૃદયમાં તેને માટે સહાનુભૂતિ ઉત્પન્ન થઇ છે. અનેક સજ્જન સ્ત્રીઓ મોહિનીનાં માતાપિતા સાથે કાંઇ પણ

સંબધ નહિ હોવા છતાં તેણીની સ્થિતિ જોવા આવે છે, કારણ તે તથા તેની માતા રમા આખા ગામમાં પોતાના ગુણોને લીધે સર્વને પ્રિય થએલાં હતા. મોહિનીને સ્વગૃહે આવ્યાને ફક્ત બેજ કલાક થયા છે. હમણા તેના નેત્રો સહજ મીંચાયાં હતાં એવામાં એકાએક કાંઇ સ્વપ્ન આવતા તે મોટેથી બોલી ઉઠી: "માતા! મ્હારૂં રક્ષણ કર. હવે હું સાસુનો માર ખાઇ બચી શકીશ નહિ. જો જો, તે ડોળા કાઢી મ્હારા તરફ આવે છે. કહે છે કે પચાસ રૂપિયા નહિ આપે તો હું ત્હારો જીવ લઇશ. મ્હેં મ્હારા પુત્રનો બીજે સ્થળે વિવાહ નક્કી કર્યો છે. મને પાંચસો રૂપિયા રોકડા મળનાર છે. ત્હારા કરતા પણ મ્હારે ત્યાં ઘણી ડાહી અને સુશીલ પુત્રવધૂ આવનાર છે." આમ કહીને મોહિનીએ વેદનાયુક્ત કંઠે બે ચાર ચીસો પાડી. તે બિચારીનો અંત સમય છેકજ નિકટ આવી પહોચ્યો હતો. અલ્પ સમયમા જ તેનો શ્વાસ બંધ થઇ ગયો રમાએ રૂદન કરતાં કરતા ગામની બે ત્રણ સ્ત્રીઓની સાહાય્યથી પુત્રીને જમીન ઉપર લીધી. રમા અને તેના પતિ પ્રિતમલાલ મોટેથી રૂદન કરી આકાશને વિદીર્ણ કરવા લાગ્યા સમગ્ર ગામમા શોક ફેલાઇ ગયો પ્રભુ! આવો દિવસ કોઇ પણ કન્યાનાં માબાપને ન બતાવે એજ પ્રાર્થનાસહ વિરમીએ છીએ.

૬

મોટી વહુની મોટાઈ.

કૃષ્ણદાસ એક પ્રસિદ્ધ ઇજારદાર હતા. તેમણે ઇજારદારીમા હજારો રૂપિયા પેદા કર્યા હતા. પરતુ એક મોટા ઇજારામા તેમને ત્રણ લાખ રૂપિયાની ખોટ જવાથી તેમની આખી જીદગીની કમાણી એ ખોટમા ચાલી ગઇ. પોતાની વૃદ્ધાવસ્થામા આ નુકશાન તેમને અસહ્ય થઇ પડયું અને તેઓ શોકની અતિશય વ્યથાથી અલ્પ કાળમાંજ મરણને શરણ થયા.

કૃષ્ણદાસ શેઠની પત્ની સુખદેવી ઘણીજ બુદ્ધિમતી હતી. જ્યારે તેના પતિનો પરલોકવાસ થયો ત્યારે તેનો મોટો પુત્ર એન્ટ્રેન્સમા અભ્યાસ કરતો હતો અને નાનો કોઇ નીચેના વર્ગમા હતો. સુખદેવીને પતિવિયોગ અને દ્રવ્યાભાવ, આ બે પ્રકારનુ મોટું દુખ હતું. તોપણ અનેક કષ્ટો પડતા છતા તેણે પોતાના બન્ને પુત્રોના શિક્ષણ તરફ સંપૂર્ણ ધ્યાન આપ્યુ. તેણે પોતાનાં આભૂષણો વેચીને મોટા પુત્રને બી. એ. માં પાસ કરાવ્યો. તેને પોતાના પુત્રને બી. એ. પાસ કરાવ્યા પછી વકિલ બનાવવાની ઘણી મહત્વાકાંક્ષા હતી, કે જેથી કરીને સારી અર્થપ્રાપ્તિ થઇ શકે. પરંતુ દામોદરદાસ સરળ પ્રકૃતિનો યુવક હતો. તે આજકાલના વકિલોના જેવી ચતુરાઇ તથા ચાલાકી પોતાનામ હોય એમ ધારતો નહિ. વળી તે થોડા બોલો હતો અને વકિલાતમાં તો વાચાળતા પણ અવશ્ય હોવી જ જોઇએ. આથી કરીને બી. એ. પાસ થયા પછી તેણે ન્યાયમંદિરમાં માસિક

પચાસ રૂપિયાની નોકરીનો સ્વીકાર કર્યો. આ જગ્યા આપતા પહેલાં ન્યાયાધીશ સાહેબે તેને થોડાજ સમયમા સો રૂપિયાનો પગાર કરી આપવાનુ જણાવ્યુ હતું. દામોદરદાસે ઘરની આર્થિક સ્થિતિ છેકજ કનિષ્ઠ જોઇને એકદમ આ જગ્યાનો સ્વીકાર કર્યો હતો; અને તે સાથે એમ વિચાર કર્યો હતો કે, નોકરીની સાથે સાથે કાયદાનો અભ્યાસ પણ કરતો રહીશ તથા એ ત્રણ વર્ષમા હાઇકોર્ટની વકિલાતની પરીક્ષા પાસ કરીશ. નોકરી કરવાથી હાલ જે પગાર આવશે તેમાથા ગૃહ-ખર્ચ ચાલશે, તથા પગારમા વધારો થયા પછી જે કાંઈ બચત રહેશે તે વકિલાતના દિવસોમા કામ આવશે. કદાચિત વકિલાત નહિ ચાલે તોપણ ત્રણ વર્ષ પછી મુન્સફની જગ્યાનો હકદાર તો થઇજ જઇશ."

દામોદરદાસના ઉપર્યુક્ત વિચારો ઘણા દૂરદર્શિતાના હતા. તેણે પોતાના કનિષ્ઠ બન્ધુ મનોહરદાસને બી એ. સુધી ભણાવવાની ઇચ્છા રાખી હતી પરતુ તેણે એન્ટ્રેન્સની પરીક્ષા પાસ કર્યા પછી પોતાનો અભ્યાસ છોડી દીધો. તેની વ્યાપાર કરવાની ઉત્કટ અભિલાષા હતી, કારણ વ્યાપાર કરવામા તેને મુખ્ય લાભ એ જણાતો હતો કે સ્વત-ત્રતાથી જીવિકા ઉપાર્જન કરવાથી કોઈની પણ તાબેદારી ઉઠાવવી પડશે નહિ એટલુજ નહિ પણ એન્ટ્રેન્સ પાસ કરનારને માસિક પદર યા તો વીસ રૂપિયાથી વિશેષ પગારની નોકરી મળી શકતી નથી તો પછી 'व्यापारे वसति लक्ष्मीः' એ વાક્યનો અનુભવ શા માટે ન કરવો ? મનોહરદાસના વિચારો આવા ઉત્તમ પ્રકારના હતા, અને આજકાલ અનેક ઉચ્ચ કામનાવાળા યુવકોના વિચારો આવાજ પ્રકારના હોય છે કિન્તુ તેમને મોટી અડચણ અર્થ સબધીની આવી પડે છે. આ અડચણ મનોહરદાસના વિચારોની આડે પણ આવતી હતી. જેણે પોતાના છેલ્લા ઇજારામાં ત્રણ લાખ રૂપિયા નુકશાન વેઠયું, તેના પુત્રને વ્યાપાર માટે ફક્ત ત્રણ હજાર રૂપિયા મળવા

કઠિન થઇ પડયા. છેવટે નિરૂપાયે પોતાના એક સગાની ભલામણથી એક મોટા સ્વદેશી કારખાનાની કમિશન એજન્સી લીધી. આથી કરીને મનોહરદાસને માસિક સો રૂપિયા સુધીની આવક થવા લાગી. મોટા ભાઇને એક વર્ષની આખરે રૂપિયા દશ પ્રમોશન મળવાથી સાઠ રૂપિયા પગાર મળતો હતો. આથી કરીને અનેક લોકો કહ્યા કરતા હતા કે, મોટો ભાઇ બી. એ. પાસ કરીને મહિને ફક્ત સાઠ રૂપિયા કમાય છે ત્યારે નાનો ભાઇ એન્ટ્રેન્સ પાસ થઇને માસિક સો દોઢસો રૂપિયા કમાય છે. ભણવા લખવાથી કાંઇ થતું નથી. જે કાંઇ થાય છે તે બધુ ભાગ્યને લીધેજ થાય છે. આવી આવી વાતો શ્રવણ કરવાથી મનોહરદાસનો વ્યાપારિક ઉત્સાહ ઘણોજ વધી જતો હતો; તથા દામોદરદાસ લોકોની આવી આવી વાતો શ્રવણ કરી હસ્યા કરતો હતો તેમજ કનિષ્ઠ ભ્રાતાની પ્રશંસા સાભળતા તેના જીવને કાંઇક આનંદ પણ થતો હતો. દામોદરદાસનો વિવાહ તેના પિતાની જીવિતાવસ્થામાં થયો હતો. તેની પત્ની ઘણીજ સુશીલ સ્વભાવવાળી હતી. આમ છતાં જ્યારે દેરાણીના મુખે તે એમ વારવાર સાભળતી કે: " મ્હારા પતિ તેમના વડિલ બધુ કરતાં બમણા ત્રમણા પૈસા પેદા કરે છે તથા સકળ ગૃહખર્ચ તેમની પેદાશથીજ ચાલે છે, બાકી મોટા ભાઇની પેદાશમાથી તો ભાખરીઓ ખાવાનુ પણ ઠેકાણું નથી." ત્યારે તે ઘણીજ અસહ્ય થઇ પડતી હતી દામોદરદાસની ધર્મપત્ની કોઇ કોઇ સમયે એકાંતમા આ સકળ કથાને અતિશય દુ:ખને લીધે પોતાના પતિને કહી સભળાવતી, તો પતિ તરફથી બહુધા એજ ઉત્તર મળતો કે: " આજ કાલની સ્ત્રીઓ મૂર્ખ તેમજ અવિચારશીલ હોય છે, તેમની વાતો ઉપર લક્ષ્ય આપવુ જોઇએ નહિ."

એક વર્ષ પછીથી મનોહરદાસની પેદાશ લગભગ માસિક બસેં રૂપિયા સુધીની થઇ ગઇ. આ સમયે તેની સ્ત્રી કે જે સંકુચિત

વૃત્તિઓવાળી હતી. તેણે વિચાર્યું કે "જો હું કોઇ પણ રીતે પતિને સાથે લઇ જૂદી થઇ જાઉં તો મ્હારા પતિની સઘળી પેદાશ મ્હારા હાથમા આવે. એકઠા રહેવામા તો મોટા ભાઈના ભાગમા મફતના રૂપિયા જાય છે." આવા વિચારથી તેણે નવી નવી વાતો કહાડીને જેઠાણીથી કલહ કકાસ કરવાનું તેમજ લડવાનુ શરૂ કર્યું જેઠાણીનો પુત્ર મદન કે જે તેના ઉપર ઘણો પ્રેમ રાખતો હતો. તેને પણ તેણે પોતાની પાસે આવવાની મના કરી. તે બિચારો કાકીના હૃદયના ભેદોને જાણી શકતો નહોતો અને તેથી કરીને પોતાની માએ પણ કાકી પાસે જવાની ના પાડયા છતા તે તેની કાકી પાસે ગયા સિવાય રહેતો નહિ. પૂર્વે તો વારવાર પૈસો બે પૈસા પોતાની કાકી પાસેથી લેતો હતો, પરતુ હવે જ્યારે તે પૂર્વાનુસાર તેની પાસે પૈસો વગેરે કાંઇ લેવા જતો તો બદલામા થપ્પડ પડતી હતી. આથી કરીને ધીમે ધીમે તેણે કાકી પાસેથી કોઇ પણ વસ્તુ માગવાનુ છોડી દીધુ. એક દિવસે જ્યારે મદને તેની પાસે પૈસો માગ્યો ત્યારે તે પોતાની જેઠાણી સાભળી શકે એવા મોટા સ્વરથી બોલી ઉઠી "ત્હારા કાકાની બધી પેદાશ તો તમારા ઘરમા આવે છે તોપણ તમારૂ પૂરૂ થતું નથી. તેમની કમાઇ જો તમારા ઘરમા ના આવતી હોત તો કોણ જાણે તમારી કેવી એ દશા થઇ હોત!"

બિચારો મદન તો કાકીના આ ભેદ પૂર્ણ વાક્યોને સમજી શક્યો નાહ, પરતુ જેઠાણીએ આવા વચનોથી દૃઢ પ્રતિજ્ઞા કરી કે "હવે હુ વિના વિલબે જૂદી થઇ ગયા સિવાય રહેનાર નથી."

દામોદરદાસની માતા તો આ સમયે માળા લઇને નારાયણના નામનુ રટણ કરવામા પ્રવૃત્ત રહ્યા કરતી હતી. તે સસારના કોઇ પણ કાર્ય પ્રતિ હવે લેશ માત્ર પણ લક્ષ્ય રાખતી નહિ; આથી કરીને તેમના સસારમા કર્ત્તાહર્ત્તા તરિકે દામોદરદાસની પત્ની હતી. આ પ્રકાર પણ

મનોહરદાસની દ્વેષી સ્વભાવવાળી સ્ત્રીવી જોઇ શકાયો નહિ. તે અનેક પ્રકારના દોષારોપ પોતાની જેઠાણી ઉપર મૂકયા કરતી હતી દામોદરદાસની પત્ની આજ સુધી દેરાણીના સકળ વાગ્બાણો ગંભીરતાપૂર્વક સહન કરી રહી હતી; પરંતુ સહન કરવાની પણ સીમા હોય છે. છેવટે પોતાનાથી વિશેષ સહન નહિ કરી શકાયાથી તેણે એક દિવસે રાત્રે સકળ કથા વિસ્તારપૂર્વક પોતાના પતિ–દેવને નિવેદન કરી, તથા અંતમાં કહી દીધું કે: “મ્હેં અદ્યાપિ પર્યંત એ સર્વ સહન કર્યા કર્યું, પરંતુ હવે હું સહન કરી શકું તેમ નથી. હું ખાત્રી પૂર્વક જાણું છું કે તેઓ હવે જૂદા થવાનું ચહાય છે. આજે જે વાક્યો એ મને સંભળાવે છે તે કદાચિત્ કાલે તમને સંભળાવશે તો? શું તમારા પગારમાંથી આપણો નિર્વાહ ચાલી શકશે નહિ? જો તેવું હશે તો હું મ્હારા પિતાને ત્યાં ચાલી જઇશ, પરંતુ હવેથી તમારા ભાઇનો ટુકડો હું ખાનાર નથી. તેમજ તેમની પત્નીનો પણ એક અક્ષર સાંભળનાર નથી.”

(૨)

દામોદરદાસે ઘણા દિવસ સુધી પત્નીનું સમાધાન કર્યું હતું, પરંતુ આજે તેનું સમાધાન કરવાનું તેને ઘણું મુશ્કિલ જણાયું. છેવટે તેણે કહ્યું: “પ્રિયે! આમ શોકાકુળ થઇશ નહિ. આવતી કાલે આપણે અવશ્ય જૂદાં થઇ જઇશું. અદ્યાપિ પર્યંત મ્હેં અને ત્હારા પિતાએ એક વાત ત્હારાથી ગુપ્ત રાખી હતી. આજે મનોહર જે કમાય છે તે ત્હારા પિતાને લીધેજ કમાય છે. તેમની ખાસ ભલામણથીજ મનોહરને કમિશન એજન્સી મળી છે. પચીસહજાર સુધીનો માલ ધીરવાની જ્યારે ત્હારા પિતાએ ભલામણ કરી છે ત્યારેજ અત્યારે મનોહર વ્યાપારી બન્યો છે. કાલે ઉઠીને જો ત્હારા પિતા એ સ્વદેશી કારખાનાના માલિકને એમ લખે કે હું હવે મ્હારી ભલામણ

પાછી ખેંચી લઉં છુ તો મનોહર અને તેની પત્નીને બરોબર ખબર પડે."

દામોદરદાસની પત્નીએ કહ્યું કે. "આપે આ કથા મ્હારાથી ગુપ્ત શા માટે રાખી?"

દામોદરદાસે ઉત્તર આપ્યોઃ "સ્ત્રીઓને આવી વાતો કહેવામાં સાર નથી સંભવ હતો કે જેવી રીતે મનોહરની પત્ની અજ્ઞાનતાથી પોતાના પતિની પેદાશપર અભિમાન ધરાવે છે તદનુસાર તું પણ ત્હારા પિતાના કરેલા ઉપકાર ઉપર તેમનો તિરસ્કાર કરે!"

દામોદરદાસની પત્ની સમજુ હોવાથી ઉપર્યુક્ત ઉત્તર મેળવી તે શાંત થઇ ગઇ. બીજે દિવસે જૂદા થઈ જવાનો નિશ્ચય કરી બન્ને-પતિપત્ની-સૂઇ ગયા. પ્રાતઃકાળે શય્યા ત્યાગ કરતાની સાથેજ દામોદરદાસ એવી ચિંતામાં પડી ગયો કે "કેવી રીતે ભાઇને જૂદા થવાની વાત કરવી? અદ્યાપિ પર્યંત તે મ્હારો કનિષ્ઠ બંધુ હોવા છતાં મ્હેં તેને એક પણ શબ્દ ક્રોધથી કહ્યો નથી. વળી આ પ્રકારમાં તેનો દોષ પણ હોવો જોઇએ નહિ. જે કાંઈ દોષ છે તે એની પત્નીનોજ છે. કદાચિત્ એમ પણ હોય ખરૂં કે, તેને પોતાની પત્નીની ધૃષ્ટતાની કાંઇ પણ ખબર ન હોય. જેમ હોય તેમ ખરૂં, પરંતુ જ્યારે હવે જૂદાજ થવું છે તો પછી તેના મ્હોં ઉપર સ્પષ્ટ રીતે શા માટે ન કહેવું? હવે તેની પત્નીદ્વારા અમે અમારૂં વધારે અપમાન કરાવી શકીએ એમ નથી"

આ પ્રમાણે વિચાર કરી દામોદરદાસે અતિશય હિમ્મત ધારણ કરીને પોતાના કનિષ્ઠ બંધુને પોતાની પાસે બોલાવીને કહ્યું: "ભાઇ! હવે અમારો તેમજ તમારો એકત્ર રહેવાથી નિર્વાહ થઇ શકે તેમ નથી, માટે તમે ખુશીથી જૂદા રહી, તમારી પેદાશના રૂપિયા તમારી પાસેજ જમા કરો."

મનોહરદાસે ચિંતાતુર થઇને આશ્ચર્યદર્શક સ્વરે કહ્યુઃ "હે! હે! ભાઇ! તમે આ શું કહો છો? મ્હારો કાંઇ ગુન્હો હોય તો બતાવો? હું જે થોડુ ઘણું પેદા કરૂં છુ તે તમારી તથા મ્હારાં ભાભીની કૃપાને લીધેજ કરૂં છુ."

દામોદરદાસે કહ્યું: "તમારી સ્ત્રીનું એમ કહેવું છે કે અમારા ગૃહનો નિર્વાહ તમારી કમાઇથી થાય છે. રોજ ઉઠીને અમે આવું અપમાન સહન કરી શકવાને અસમર્થ છીએ."

મનોહરદાસે ભ્રાતાના મનને શાંત કરવાના ઉદ્દેશથી કહ્યું: "આપ વિદ્વાન્ અને વિચારવાન છો, આપે મ્હારી મૂર્ખ પત્નીના વચનો ઉપર લક્ષ્ય આપવું જોઇએ નહિ."

"ત્યારે પછી એને આટલી બધે મ્હોં ઉપર ચડાવવી એ વ્યાજબી નહોતું, જ્યારે ઇચ્છામા આવે ત્યારે સ્વેચ્છાપૂર્વક વચનો ઉચ્ચારવા એ તે શું કહેવાય?!"

"હુ સદૈવ તેની અયોગ્યતાની વાતોથી અપ્રસન્ન રહું છું તથા તેણે મ્હારા ભાભીને તથા આપને શુ કહ્યુ છે તે પણ જાણતો નથી."

"હા, હા, ભાઇ! તમને ક્યાથી માલૂમ હોય! જ્યારે તુ તેનાથી અમારી ટોપી ઉતરાવી લઇશ ત્યારે તને માલૂમ પડશે. થયુ, હવે વિશેષ કહેવા સાંભળવાની આવશ્યકતા નથી. આપણા ગૃહમા બે સ્ત્રીઓનો નિર્વાહ થઇ શકતો નથી, તેથી મને હમેશા તેમના કલહ-કંકાસો જોવા તેમજ સાંભળવાની ઇચ્છા નથી. તમે બન્ને-પતિ પત્ની રાજીખુશીથી આ ગૃહમાં રહો, અમે આજથીજ એક જૂદું મકાન ભાડે રાખી તેમાં રહેવા જઇશું. અદ્યાપિ કાળ સુધી તમારી દુકાનેથી જેટલા રૂપિયા આવ્યા છે તે સઘળાનો મ્હેં જૂદો હિસાબ રાખેલો છે. એ પૈસામાંથી અમારે માટે એક પણ પાઇ ખરચાઇ નથી. તમારો સ્ત્રીના હાથ-ખર્ચને માટે જે રૂપિયા આપવામાં આવ્યા છે,

તે પણ એમાંથી જ આપ્યા છે. બાકી રહેલા બચતના ત્રણ હજાર રૂપિયા બેંકમાં તમારા નામ ઉપર જમા છે. આ લ્યો એ રૂપિયાની 'પાસ બુક'.

આમ કહી દામોદરદાસ ત્વરાથી બહાર ચાલ્યો ગયો મનોહરદાસ મોટા ભાઇના વચનોથી ઘણો ચિંતાતુર થઇ ગયો. તે શોકાઘાતથી કાંઇ પણ બોલી શક્યો નહિ. તેની દૂષી પત્નીએ પણ ગુપ્ત રીતે સકળ કથા શ્રવણ કરી હતી, તથા ઉભય બંધુઓની કથાના પરિણામથી તેનો આત્મા ઘણો પ્રસન્ન થયો હતો. તેને એમ લાગ્યુ કે, પોતે હવે સ્વતંત્ર ગૃહની ધણિયાણી બનશે.

દામોદરદાસના ચાલ્યા ગયા પછી મનોહરદાસ અનેક પ્રકારના વિચારોમા પડી ગયો આ સમયે એના શોક તથા ચિંતાની સીમા નહોતી.

પતિને વિચારમાં પડેલો જોઇ પત્ની તેની પાસે આવી બોલી ઉઠી: " આમ ગભરાઓ છો શા માટે ? શું તમે પણ ચાર પૈસા પેદા નથી કરી શકતા ? શુ તમે ભાઇ તથા ભાભીના પગના તળિયા નીચે હમ્મેશાં પડી રહેવાનુ ઇચ્છો છો ? "

મનોહરે ક્રોધપૂર્ણ સ્વરે કહ્યું: " ત્હેંજ ચાંડાલિનીએ આજે મ્હારા સર્વસ્વનો નાશ કરી દીધો છે. હું જે કાંઇ કમાઉ છુ તે ભાઇ તથા ભાભીની કૃપાને લીધેજ કમાઉં છુ, બાકી મ્હારા જેટલુ ભણેલાના નશીબમા માસિક દશ પંદરથી વધારે રૂપિયા લખ્યા હોતા નથી. આ શહેરમાં હું આટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી મહિને બસેં રૂપિયા પેદા કરૂં છું, એ ભાઇનો જ અનુગ્રહ છે. "

મનોહરની સ્ત્રીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો: " તેમની નોકરીમાં તેમનું પોતાનુ પૂરૂં થતું નથી તો પછી તમને એ શુ મદદ કરે છે ? "

મનોહરે ઉત્તર આપ્યો: " એ મદદ નથી કરી શકતા તો એમના શ્વશુર તો કરે છે ને ! ભાઇના કહેવાથી તેમના શ્વશુરે પોતાના

મુબઇના મુનીમને લખી દીધુ હતું કે, મુબઇની અમુક સ્વદેશી મિલ-માંથી પચીસ હજાર રૂપિયાનો માલ તે પોતાની જોખમદારી ઉપર આપણને મોકલી આપવાની વ્યવસ્થા કરે. આ વ્યવસ્થા થયાથીજ આપણો વ્યાપાર ધમધોકાર ચાલતો હતો અને આપણને સારો નફો પ્રાપ્ત થતો હતો. જો હવે તેઓ પોતાની જોખમદારી પાછી ખેચી લે તો આપણો વ્યાપાર ભાગી પડે. ત્હેં આગળ પાછળનો વિચાર કર્યા વિના જે વર્તણુક ચલાવી છે તેથી મ્હારી સાથે ત્હારૂં ભાગ્ય પણ મૂળમા મળી જશે."

જ્યારે મનોહરની સ્ત્રીએ આ કથા શ્રવણ કરી ત્યારે તે પોતાના મનમા ઘણી લજ્જિત થઇ. તે પોતાના મનમા વિચારવા લાગી: "જે જેઠાણીના ઉપર હમ્મેશાં દ્વેષ રાખતી હતી તેજ જેઠાણીના પિતાના હાથમા મ્હારા પતિનું ભાગ્ય છે. અત્યારે મ્હારા પતિની સાથે મ્હારી જે કાંઇ સારી સ્થિતિ છે તે બધુ એમનીજ કૃપાનુ પરિણામ છે."

(૩)

હવે મનોહરની પત્નીના પશ્ચાત્તાપની સીમા રહી નહિ. લજ્જા, ખેદ તથા પશ્ચાત્તાપથી તે આકુળવ્યાકુળ બની જવા લાગી. તે પોતાની જેઠાણીના આત્માનુ હવે કેવા પ્રકારે સમાધાન કરવુ તેનોજ વિચાર કરવા લાગી. આ સમયે દામોદરદાસની પત્ની પોતાના પુત્રને પોતાના ઓરડામા કાઇ ખાવાનુ આપતી હતી. સૌભાગ્યને લીધે તેની પાસે તે ઓરડામા અન્ય કોઇ ઉપસ્થિત નહોતું. આ સમયનો લાભ લઇ મનોહરની પત્ની પોતાની જેઠાણી પાસે ગઇ તથા તેના ચરણોમાં પોતાનું શિર નમાવ્યુ. તેની જેઠાણીને આવો વિલક્ષણ પ્રકાર જોઇ ઘણું આશ્ચર્ય લાગ્યુ; છતાં તેણે પોતાની દેરાણીને તેનો હાથ પકડી ઉભી કરી. આમ થવાથી મનોહરની પત્નીએ મનોબળને એકત્ર કરી ગદ્‌ગદ્ કઠે કહ્યું: "બહેન! તમે દરેક રીતે મ્હારાથી મોટાં છો, તો

પછી મ્હારા અપરાધની મને ક્ષમા નહિ કરો ? જો તમે હવે મ્હારા માથામાં ખાસડુ મારશો તો પણ હું કાંઇ બોલીશ નહિ."

દામોદરદાસની પત્ની ઉચ્ચ કુળની કન્યા હતી. તેણે મનોહરની પત્નીને પોતાની છાતી સરસી ચાંપી કહ્યું "બહેન ! જે થવાનું હતું તે થયું. હવે મને ત્હારા ઉપર કોઇ પણ પ્રકારનો રોષ નથી."

દામોદરદાસ પોતાને રહેવાને માટે પોતાના એક સ્નેહીના ખાલી પડેલા મકાનને એક માસ માટે ભાડે રાખી જ્યારે પુનઃ પોતાને ઘેર આવ્યો ત્યારે તેણે પોતાની પત્નીને કહ્યુ: "હમણા તો મ્હારો કચેરીમાં જવાનો સમય વીતી ગયો છે. તું બધો સરસામાન વ્યવસ્થિત કરી રાખજે. સંધ્યા સમયે આપણે સરસામાન લઇને એ મકાનમાં ચાલ્યાં જઇશુ."

દામોદરદાસની પત્નીએ સ્મિત કરી કહ્યુ "કદાચ નાહ પણ જવું પડે."

"કેમ ?"

"સાંજે સર્વ વાતો વિસ્તારથી કહી સંભળાવીશ."

"સારૂં." આમ કહી તે કચેરીમા ચાલ્યો ગયો.

પોતાની સ્ત્રીની વાતચિતથી દામોદરદાસને સંતોષ તો થયો પરંતુ પુનઃ એ વાતનો સંદેહ થયો કે, 'કદાચ મ્હારી પત્નીએ તો મનોહરની પત્ની સાથે કલહ નહિ કર્યો હોય ?' પરંતુ પુનઃ પત્નીના સારા સ્વભાવનો વિચાર આવતાંજ તેમનો સંદેહ દૂર થયો.

(૪)

દામોદરદાસ કચેરીમાં તો ગયો પરંતુ એ દિવસે તેનું ચિત્ત કામમાં લાગ્યુ નહિ. તેને કામ કરતાં કરતાં ગૃહની સકળ ઘટના યાદ આવ્યા કરતી હતી. તે વિચાર કર્યા કરતો હતો કે 'ભાઇનાથી હવે જૂદું થવું પડશે. તે બિચારાનો તો કાંઇ દોષ નથી, તેની સ્ત્રીનોજ

સઘળો અપરાધ છે. મનોહર તો બિચારો મ્હારી આગળ પણ એક શબ્દ સુદ્ધાં બોલી શકતો નથી.' શ્રી રામચન્દ્રજીએ લક્ષ્મણજી મૂર્છિત થયા તે સમયે કહ્યું હતું કે, "દુનિયામાં સર્વે વસ્તુઓ યાતો સ્વજન પરિજનો મળી આવે છે પરંતુ સહોદર ભાઇ મળી આવતો નથી. અરે રે! શુ એવા સહોદર ભાઇનાથી આજે મ્હારે જુદું થવું પડશે!"

આવા આવા અનેક ચિતાપૂર્ણ વિચારોમા દામોદરદાસનો આખો દિવસ વીતી ગયો. એક વિદ્વાનનુ એવું કહેવું છે કે "દુનિયામાં કોઇ મહાન્ કામ કરનારને સર્વે કરતા પ્રથમ એનીજ આવશ્યકતા છે કે એને માથે સસારની કોઇ પણ પ્રકારની ચિતા હોવી જોઇએ નહિ. જેને સસારમાથી સુખ તેમજ શાંતિ પ્રાપ્ત થતાં નથી તેનુ મન મોટાં કાર્યો સબધી વિચારો કરવામા અસમર્થ રહે છે." **ભારતવર્ષમાં અવિદ્યાના કારણથી દરેક મનુષ્યના ગૃહસ્થાશ્રમમાં એટલા બધા કલહકંકાસો ચાલે છે કે જેથી તે ભાગ્યેજ કોઇ ઉત્તમ કાર્ય કરવામાં ફત્તેહમંદ થઇ શકે.**

આ તરફ સ્વગૃહે એક ઘણી સારી વાત બની. જ્યારે મનોહરદાસને એમ માલૂમ પડી આવ્યું કે પોતાની પત્ની ભાભી પાસે માફી માગી આવી છે, તથા ભાભીએ તેના અપરાધોની ક્ષમા કરી છે ત્યારે, તેનો આત્મા અતિ પ્રસન્ન થયો. તે પોતાની સ્ત્રીની ચતુરાઇની પ્રશસા સબધી પોતાના મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો તથા છેવટે તેને પત્ની ઉપર જે કાંઇ રોષ થઇ આવ્યો હતો તે ઉતરી ગયો. છેવટે તે પોતે પણ પોતાની ભાભી પાસે ગયો તથા અતઃકરણપૂર્વક ક્ષમા માંગી. તેની ભાભીને આવા પ્રકારથી એટલો બધો આનદ થયો કે, તેનાં નેત્રોમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ વહન કરવા લાગ્યો. સ્ત્રીઓનું હૃદય સ્વાભાવિક રીતેજ ઘણું કોમળ હોય છે. તે પોતાના કોમળ હૃદયને લીધેજ અધિક દયામયી હોય છે. મનોહરદાસ

ઉપર તેની ભાભીને એટલી બધી દયા આવી કે, જેથી કરીને તેણે તેમનાથી કોઇ પણ દિવસે વિભક્ત નહિ થવાનો દૃઢ નિશ્ચય કર્યો.

આજે મનોહરદાસ દુકાન ઉપર પણ ગયો નહિ, કારણ તેને એવો ડર હતો કે, 'વખત છે ને ભાઇ ગૃહે આવી જૂદા રહેવાને ચાલ્યા જાય.' તે આખો દિવસ ઘણો જ ચિંતાતુર રહ્યો. તેણે વિચાર્યું કે "ભાઇ ઘણા નારાજ થયા છે અને તેથી કદાચ હું તેમને જૂદા નહિ થવા માટે પ્રાર્થના કરીશ તો તે મ્હારી પ્રાર્થના ઉપર લક્ષ આપશે નહિ." આમ વિચારી તે પોતાની પાડોશમા રહેતા લાલા સોભાગમલ કે જેઓ એક વયોવૃદ્ધ અને પ્રભાવશાળી પુરૂષ હતા તેમની પાસે ગયો. જો કે સોભાગમલ જૂના વિચારના પુરૂષ હતા છતા તેઓ આજકાલની સર્વે વાતોને સારી રીતે સમજતા હતા. તેમનામાં એક મોટો ગુણ એ હતો કે તેઓ પોતાના મ્હોમાથી જે વચન બહાર કાઢતા હતા તે વચન તેઓ પ્રાણાંતે પણ મિથ્યા કરતા નહોતા. એક વખતે તેમણે પોતાના એક વચનને ખાતર રૂ. ૫૦૦૦ નુ નુકશાન વેઠયુ હતું. પરતુ આ નુકશાન વેઠવાથી બજારમાં તેમની પ્રતિષ્ઠા અતિશય વધી ગઇ હતી. લાલા સોભાગમલે મનોહરની સકળ કથા શ્રવણ કરી કહ્યુ: "બન્ને વધૂઓ ઘણી સમજુ અને શાણી હોવાથી તેમણે અરસપરસ જે સમાધાન કરી દીધુ છે તે વ્યાજબી તેમજ પ્રશંસા યોગ્ય છે"

આજે દામોદરદાસ પોતાના મુખ્ય અધિકારી પાસેથી બે કલાની રજા મેળવી નિયત સમય કરતાં પણ વહેલો ઘેર આવ્યો. તેણે આવતાંની સાથેજ પોતાના દિવાનખાનામા મનોહર તથા સોભાગમલને બેઠેલા જોયા. દામોદર જ્યારે છેકજ નિકટ ગયો ત્યારે લાલાજીએ તેની સાથે રામરામ કર્યા તથા ત્યાર પછી પૂર્વાનુસાર શાન્ત રીતે બેસી રહ્યા. લાલાજીએ વિચાર્યું હતું કે, દામોદરદાસ યુવાન માણસ છે તેથી

કદાચિત્ પોતાનું કહેવું માન્ય ન કરે. એ હેતુથી તેમણે પ્રથમ દામોદરની પત્ની સાથે એવી વ્યવસ્થા કરી રાખી હતી કે, તે પોતાનો પતિ કચેરીમાંથી ગૃહે આવે ત્યારે વિભક્ત ન થવા માટે તેને સમજાવે. આથી કરીને દામોદરદાસની પત્નીએ એક બાળકને તેને પોતાની પાસે બોલાવી લાવવા મોકલ્યો. બાળકે આવી દામોદરદાસને ખબર આપી તો તે લાલાજીને "આપ બેસો હું હમણાં આવું છું" કહી તેની પાસે ગયો.

દામોદરદાસની સ્ત્રીએ અથથી ઇતિ પર્યંત સકળ કથા પતિને નિવેદન કરી, તથા પોતાની દેરાણીએ પોતાની પાસે માગેલી ક્ષમાની વાત પણ કહી સંભળાવવા ઉપરાત તેણે મનોહરની ઘણી પ્રશંસા કરી. છેવટે તેણે નમ્રતાપૂર્વક કહ્યું કેઃ "જે થયુ તે થયું, હવે આપ એ સકળ ઘટનાને ભૂલી જાઓ."

દામોદરદાસે પત્નીને ઉત્તર આપ્યો કે "હું તો સકળ કથા ભૂલી જઇશ, કિન્તુ તું પણ ત્હારી દેરાણીનાં વચનો ભૂલી જજે. તમારૂં આ પ્રેમમિલન કૃત્રિમ નહિ કિંતુ પ્રાકૃતિક હોવું જોઇએ."

એકજ દિવસમાં જેવી રીતે કોઇ તોફાન ઉપસ્થિત થઇને શાન્ત થઇ જાય છે તદનુસાર ઘણા ગૃહકંકાસો પણ અતિ પ્રચંડ સ્વરૂપમાં ઉપસ્થિત થઇ, શાન્ત પડી જાય છે. દામોદરદાસની પત્નીએ વિચાર્યું કેઃ "જ્યારે હવે એ બન્નેએ મ્હારી ક્ષમા પ્રાર્થના કરી છે ત્યારે પછી હું તેમનો ત્યાગ કરી પતિ સાથે અન્ય ગૃહે જઇને વિભક્ત રહું તો હું ઘણી જ નિર્દય કહેવાઉ. માટે હવે તો આ જીવન પર્યંત હું કદાપિ તેમનાથી જૂદી થઇશ નહિ."

દામોદરદાસ પત્ની પાસેથી જ્યારે લાલાજી પાસે ગયો ત્યારે લાલાજીને પણ તેને સમજાવતાં વિશેષ વિલંબ થયો નહિ. તેમણે પણ કહ્યું કેઃ "ભાઇ દામોદર! **નાનાંઓને ક્ષમા કરવી એ મોટાંઓનો**

ધર્મ છે. વળી જેવી રીતે એક લાકડી જૂદી હોય તો તે જેવી સહેલાઇથી ભાંગી શકાય છે, તેવીજ રીતે કુટુંબનાં મનુષ્યોરૂપી સકળ લાકડીઓ એકત્ર રૂપમાં હોય તો ભાગ્યેજ તેમની દુર્દશા થાય. માટે સલાહસંપથી એકત્ર રહેવામાં જે સુખ, તથા આનંદ છે તે જૂદા પડવામા નથી એ નિશ્ચયપૂર્વક સમજજો."

દામોદરદાસે ઉત્તર આપ્યોઃ–"લાલાજી ! જો મ્હારી કાંઇ ભૂલ માલૂમ પડી હોય તો આપની ક્ષમા ઇચ્છુ છુ. હવે મને આપનાં વાક્યોથી કૃપા કરીને વિશેષ લજ્જિત ન કરો. હું આપની ક્ષમા ઇચ્છુ છુ. મનોહરનો કિંચિત્ પણ દોષ નથી. એની સ્ત્રીના અવિચારપૂર્ણ વચનોથીજ હું અપ્રસન્ન થઇ ગયો હતો. હવે હુ મનોહરથી કદાપિ વિભક્ત નહિ જ થાઉં. દુનિયામાં થોડા દિવસનુ જીવન છે; સુખ દુઃખમાં પોતાના સહોદર સિવાય અન્ય કોઇ કામ આવતું નથી, અમારા બન્નેના ઉપર આપ વડિલશ્રીની હમ્મેશાં આવીજ કૃપા રહે એવું અમે અંતઃકરણ પૂર્વક ઇચ્છીએ છીએ. "

લાલાજી દામોદરદાસનાં પ્રેમપૂર્ણ વચનોથી ઘણા જ પ્રસન્ન થયા, તથા કહ્યુ "નારાયણની કૃપાથી પુનઃ તમારા ગૃહમાં સુખ તથા શાન્તિનો વાસ થશે. **વળી સુમતિ જે ગૃહમાં પ્રવેશે છે તે ગૃહમાં સંપત્તિદેવીનું પણ આગમન થયા સિવાય રહેતું નથી.** આ તું આટલો ધાર્મિક નીવડયો તેનુ કારણ ત્હારી માતાની ધાર્મિકતા સિવાય અન્ય કંઇ પણ નથી." આ પ્રમાણે કહી તેઓ શ્રીમતી સુખદેવી પાસે ગયા. સુખદેવીએ રામાયણનો પાઠ સમાપ્ત થઇ ગયા પછી અત્યંત પ્રેમથી લાલાજીની સાથે વાર્તાલાપ કર્યો. લાલાજીએ પોતાના આગમનનું કારણ દર્શાવીને સર્વ કથા એવી રીતે કહી કે જેથી કરીને સુખદેવી અતિ પ્રસન્ન થઇ. **'મોટી વહુની મોટાઇ'**ની

કથા શ્રવણ કરીને સાસુએ કહ્યું કેઃ "એ મોટા ગૃહની પુત્રી છે. તેણે પોતાના કુળની આબરૂ સાચવી રાખવા યોગ્ય તેમજ પ્રશંસાપાત્ર કાર્ય કર્યું છે."

જ્યારે મનોહરની પત્નીએ જાણ્યુ કે પોતાના કલહકંકાસની કથા છેક પોતાની સાસુ સુધી પહોંચી ગઇ છે ત્યારે તે ઘણીજ શરમાઇ ગઈ તથા લાલાજીના ચાલ્યા ગયા પછી તેણે સાસુ પાસે જઇને પોતાના સકળ અપરાધોની ક્ષમા માગી.

એ દિવસે સુખદેવીના ગૃહમાં ઘણોજ આનંદ થઇ રહ્યો. લાલાજીએ પણ તે દિવસે ત્યાંજ ભોજન કર્યું. બન્ને વહુઓએ મળી જઇને ભોજન તૈયાર કર્યું તથા બન્ને ભાઇઓએ સત્કારસહ લાલાજીને ભોજન કરાવ્યુ. ભોજન બનાવવામાં દામોદરદાસની પત્ની સ્વય અન્નપૂર્ણા સ્વરૂપ હતી. સુખદેવીએ જ્યારે લાલાજી ભોજન કરી ઉઠયા ત્યારે પૂછ્યુ કેઃ "ભોજન કેવું થયુ છે?" લાલાજીએ પેટ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યુ કેઃ "ભોજન બનાવવામાં તમારી '**મોટી વહુની મોટાઇ**' તો સર્વે જગ્યાએ પ્રસિદ્ધજ છે."

૭

જ્યોત્સ્ના.

(૧)

રમણિકરાયે પોતાની પુત્રીનું નામ જ્યોત્સ્ના રાખ્યું હતું. તે નામ રાખવાનુ કારણ તેની સુંદરતાજ હોવી જોઇએ એવી કલ્પના થઇ શકે છે. રમણિકરાયને બીજું કોઇ બાળક ન હતું.

જ્યોત્સ્નાની ઉમર બે વર્ષની થઈ. હવે તે બોબડું પણ સહેજ સારૂં બોલવા લાગી. પ્રથમ પ્રમાણે હવે તે રડતી નહિ. તેની મુખ-મુદ્રા હમ્મેશાં આનંદિત રહેતી હતી. તે પોતાની બાળપણની રમતમાં જ લીન રહેતી. જો તેની માતા તેને બોલાવે તો દોડતી દોડતી તેની પાસે જઇ તેની કોટે બાઝી પડી ખડખડ હસી દેતી! જ્યોત્સ્નાની આવી આનંદી રીતથી તેની માતા પોતાના હૃદયમા જો કોઇ પણ પ્રકારનુ દુઃખ હોય તોપણ ભૂલી જતી. જ્યોત્સ્ના સુદર હતી, સદ્‌ગુણી હતી, તેજ પ્રમાણે તે નિરોગી પણ હતી. તેના તરફ જોઈ પ્રણયી-યુગ્મને આનંદ થતો હતો.

જ્યોત્સ્ના પાંચ વર્ષની થઇ. તેના કેશ વિશેષ લાંબા થયા. શરીરે પણ તે અત્યંત શોભવા લાગી. સવારમાં નાહી પરવારી તેની માતા સગુણા જે વખતે માથું ઓળે તે વખતે જ્યોત્સ્ના પણ તેમ કરતી. હમ્મેશાં પોતાની પ્રિયમાતા સાથેજ તે ઉઠતી. નાહી પરવારી માથું ઓળાવી તે કંઈ નાસ્તો કરી લેતી અને પછી સ્લેટ પેન લઇ દિવાનખાનામાં જઇ તે પોતાના માસ્તરની વાટ જોતી. માસ્તર પણ

પ્રેમાળ ગૃહસ્થ હતા. બે કલાક તેને શીખવતા, પછી જ્યોત્સ્ના રસો-ડામાં પોતાની માતા રસોઇ બનાવે તે ઉપર ધ્યાન આપતી હતી. વચમાં વચમાં માતાએ કહેલું કાર્ય ધીમે ધીમે પરંતુ વિશેષ ચતુરાઇથી લક્ષ આપી દક્ષતાથી કરતી હતી. કંઇ વિશેષ મોટી નહતી, તો પણ શાંત દેખાતી હતી. તેનુ હૃદય પણ ઘણું કોમળ હતું. તે અદ્યાપિ અજ્ઞાત હતી; પરંતુ ઘરમાંના નોકર ચાકર, આડોશી પાડોશીનાં બાળકો અને ભિખારીઓ ઉપર પ્રેમ રાખતી. તે પોતાની સહચારી મંડળી સાથે સલાહસંપથી રમતી. તેનુ બાળપણ આનંદમાં વ્યતિત થયું એમ કહેવાને લેશ પણ હરકત જેવું નથી.

પરંતુ જ્યોત્સ્નાના આનંદદાયક દિવસો ટુંક સમયમાંજ પસાર થઇ ગયા ! ધીમે ધીમે જ્યોત્સ્ના દશ વર્ષની થઇ. તે સાથે તેના સદ્‌ગુણો પણ વધ્યા. તેનામાં લેશમાત્ર પણ લુચ્ચાઇ ન હતી, તેમજ બાળવયને યોગ્ય એવી ઉચ્છૃંખલતા સુદ્ધા તેનામા લેશમાત્ર નહતી. હવે તે શાળામાં જવા લાગી. ગલપટ્ટા ભરવા, સીવવું, વગેરે કાર્યોમાં પણ તે પોતાની વય પ્રમાણે ચપળ હતી. સ્વયંપાક વગેરે ગૃહકાર્યમાં પણ તેને તેની માતાએ ઘણીજ હુશિયાર બનાવી હતી. અદ્યાપિ પર્યંત તેનાં માતપિતાને તેને માટે કોઇ પણ પ્રકારની ચિંતા નહતી, પરંતુ હવે સાધારણ ઉંચી, શરીરે પુષ્ટ અને સુદર એવી પોતાની બાલિકાને જોઇ તેમનાં હૃદયમાં તેના વિવાહની ચિંતાએ પ્રવેશ કર્યો.

(૨)

× × × સંસ્થાનમાં રમણિકરાય એક મોટા હોદ્દા ઉપર હતો. તે સારી સ્થિતિમાં હતો. હાલ તેને દોઢસો રૂપિયા પગાર મળે છે. સંતતિ પ્રમાણે સંપત્તિવિષયમાં પણ તે સુખી હતો; અર્થાત્ પોતાની એકની એક પુત્રીના લગ્ન માટે સારૂ ખરચ કરવામાં વાંધો આવે તેમ

હતુંજ નહિ. ત્યારે તેને લગ્નની કાળજી કરવાનુ શુ કારણ? એવો વિચાર પ્રિય પાઠકોને પ્રશ્નરૂપે ઉદ્ભવશે; પરતુ તે સબધી થોડો વિચાર કરતા માલૂમ પડશે કે જે જ્યોત્સ્નાને તેમણે નાનપણથી પાળીપોષી મોટી કરી, જેના સુખદુખમા પોતાનુ સુખદુઃખ માન્યું અને જેને પોતે ભણાવી ગણાવી હુશિયાર કરી, એવી એકની એક પુત્રીના લગ્ન સારૂ યોગ્યતા ધરાવનાર યુવકને મેળવવા અને ત્યાર બાદ જ્યોત્સ્નાને સાસરામા સુખી જોવા રમણિકરાયને કાળજી હોય એમા કઇ વિશેષ નથી. અસ્તુ.

રમણિકરાય પોતાની સુશીલ કન્યાને સારૂ વર શોધવાની ખટપટમા પડયા. તેણે પોતાના પુના અને મુબઇના મિત્રોને તેવી કોઇ ઉત્તમ પાત્રતા ધરાવનાર વ્યક્તિની તપાસ કરી રાખવા લખ્યુ, છતા થોડા વખત સુધી કઇ પણ બનવા પામ્યુ નહિ. રમણિકરાય સુધારક નહતો અને દુર્ધારક ઉર્ફે સનાતની પણ ન હતો. તેટલા માટે જ્યોત્સ્નાના લગ્ન ઉતાવળથી કરી દેવા તેણે વિચાર્યું નહિ. થશે ! થશે ! એવા ભરોસે તે બે વરસ બેસી રહ્યો. હવે જ્યોત્સ્ના ઘણીજ મોટી દેખાવા લાગી. હવે તેનુ સૌદર્ય પણ અનુપમ લાગતું હતું. પ્રભાતના કમળ સમાન નિષ્કલક મુખ, મન્મથના તીવ્ર શર સમાન સુદર ચક્ષુ, વિખરાયલા કાળા ભ્રમર જેવા કેશ, સુગોળ સુદર બાહુ, તેનુ આખુ શરીર એવું તો સુદર હતું કે એક વખત જોયા પછી વારવાર જોવાનુ મન થાય ! પાઠક ! શુ તમે વસત સમીર ચુંબત અર્ધવિકસિત ગુલાબ જોયુ છે? હેમંતના ઝાકળથી ભીજાયલા સેફાલિકાનુ સુદર સ્વરૂપ અનુભવ્યુ છે? વર્ષાથી ધોવાએલા ચંપકની ગૌર કાન્તિ જોઇ છે? કાળા મેઘથી છવાયલા વિસ્તૃત આકાશમાં સૌદામિનીની તીવ્ર રૂપ-જ્યોતિ દીઠી છે? ખરેખર એ સંભાવત છે કે આ સર્વ જોઇને તમારૂં મન મોહિત ન થાય, પરતુ આ બાળિકાની અજબ રૂપરાશિ જોઇને

ખચીત તમારૂં મન મુગ્ધ થાય ને થાયજ. જો કે આ બાબતથી રમણિકરાયને વિશેષ લાગ્યું નહિ, પરંતુ સગુણાને પોતાની પુત્રી તરફ જોઇ વિશેષ ચિંતા થવા લાગી. તેણે રમણિકરાયને ઘણું કહ્યુ એટલે તેની આંખો ઉઘડી અને પોતે જાતે વરની તપાસ કરવા નીકળી પડયો; તેમજ આધુનિક રીત પ્રમાણે તેણે વર્તમાન પત્રોમાં જાહેરખબર પણ આપી.

દુનિયામાં હમ્મેશાં મનુષ્યની ઇચ્છા વિરૂદ્ધ એક અજ્ઞેય શક્તિ કામ કરે છે. તે શક્તિનો રમણિકરાયની ઇચ્છા વિરૂદ્ધ પ્રયોગ થયો, અને તે હતાશ થઈ પાછો સ્વગૃહ પ્રતિ આવ્યો. હવે કઇ ઉપાય રહ્યો નહિ નાના પ્રકારની ભાજગડો ઘરસંસારમા ઉભી થવા લાગી અને જ્યોત્સ્નાનો વિવાહ અટકયો. સગુણા પણ લોકોપવાદ સાંભળી ઘણીજ ઉદાસ થઇ જતી પરંતુ **इश्वरेच्छा बलियसि !**

બ્રહ્મહત્યા કરનારને પણ શાસ્ત્રમાં પ્રાયશ્ચિતનો રસ્તો બતાવ્યો છે, ગૌહત્યા કરનાર પણ કઇ દાન ધર્મ કરી પોતાના પાપથી મુક્ત થઇ શકે છે, પરસ્ત્રી ગમન કરનાર વિષયલંપટને પણ આપણા ભુદેવો કંઇ પ્રાયશ્ચિત કરાવી તેમનો ઉદ્ધાર કરે છે; પરંતુ જેની પુત્રી ઉપવર થઇ છે, જેણે પોતાની પુત્રીનું લગ્ન કાર્ય જલદીથી આટોપી લીધું નથી એવા માતપિતાનો ઉદ્ધાર કોઈ પણ પ્રકારે થઇ શકતો નથી. રમણિકરાયે જ્યોત્સ્નાને ચૌદ વર્ષની થઇ ત્યા સુધી કુમારિકાજ રાખી. કેટલો મોટો અપરાધ ! સમાજરૂપી કૃષ્ણ સર્પે પોતાના હજારો મુખથી રમણિકરાય, સગુણા અને જ્યોત્સ્ના એ ત્રણે ઉપર ઝેરી ફુંફાડા મારવાની શરૂઆત કરી ! વયને લઇને કહો કે કોઇ બીજા કારણને લઇને કહો, પરંતુ જ્યોત્સ્નાને રજોદર્શન પ્રાપ્ત થયુ ! નશીબે પણ આ વખતે સારો દાવ સાધ્યો ! આ વાત સમાજની જાણમાં ન આવે તે માટે તેનાં માબાપે ઘણો પ્રયત્ન કર્યો પરતુ તેમની ઇચ્છા પ્રમાણે થયું નહિ ! આ વાત સમાજને જ્ઞાત થઇ અને તે રમણિકરાય,

સગુણા અને જ્યોત્સ્નાને તિરસ્કારની દૃષ્ટિથી જોઇ હજારો અપવાદો આપવા લાગ્યો.

બીજા પણ કેટલાક દિવસો વ્યતિત થયા. જ્યોત્સ્ના હવે તો વયમા આવવાથી યુવતિ જેવી દેખાતી હતી. કઇ પણ અપરાધ સિવાય તેનાથી મ્હોં પણ બહાર દેખાડાતું નહોતું. રમણિકરાય લાયક માણુસની તપાસમાંજ હતો કારણુ આગળનું વર્ષ સિંહસ્થ આવનાર હતું. હવે ફક્ત બેજ મુહૂર્ત રહ્યાં હતાં, એટલા વખતમાં જો કોઇ સ્થળ મળ્યું નહિ તો સગુણા હવે કેમ સહન કરી શકે ?

છેવટે ખેડા ગામમાં એક સ્થળ મળી આવ્યું. સ્થળ સાધારણુ સ્થિતિનુ હતુ. જેની સાથે જ્યોત્સ્નાનો વિવાહ થનાર હતો. તે ગુજરાતી છઠ્ઠા ધોરણુ સુધી ભણેલો હતો. ખરૂં જોવા જઇએ તો રમણિકરાયને આ સ્થળે પોતાની દેવાગના જેવી પુત્રી આપવાનો વિચાર નહોતો, પરંતુ સમાજનો તિરસ્કાર અસહ્ય હોવાના સબબથી રમણિકરાય ધીરજ ધારી શકતા નહોતા. છોકરાના બાપને આઠસો રૂપિયા આપવાના ઠરાવી આ સબંધ નક્કી કર્યો ! એક શુભ મુહૂર્ત ઉપર રમણુકરાયે પોતાની સુશીલ જ્યોત્સ્નાને એક નીચ માણુસને (?) હવાલે કરી. સમાજ ! અરેરે ! દુષ્ટ સમાજની બીકથી આજે પ્રેમમય ચંદ્રિકા જેવી, દેવાગના જેવી, ગુલાબની કળી જેવી જ્યોત્સ્ના અપાત્રના હાથમા જઇ પડી

વિવાહ પૂર્ણુ થયો ! જ્યોત્સ્ના આજે સાસરે જનાર છે ! માતાને આનાથી વિશેષ બીજું કયું દુઃખ હશે વારૂ ? જ્યોત્સ્નાને દેવ આગળ બેસાડવામા આવી ! જ્યોત્સ્નાએ દેવને નમસ્કાર કર્યા અને પછી પોતાની માતાને—! જ્યોત્સ્નાએ પોતાની માતાના વક્ષસ્થળે પોતાનું માથુ મૂક્યુ. સગુણા પણુ પુત્રીને હૃદય સાથે ચાંપી રૂદન કરવા લાગી. એટલામા રમણિકરાયે પણુ ત્યા આવી પુત્રીપ્રતિ પ્રેમાળ દૃષ્ટિથી જોઇ કહ્યું કે,

अर्थोहि कन्या परकीय एव ।
तमद्य निक्षिप्य करे गृहीतु ॥
जातः प्रकामं विशदो ममायं ।
प्रत्यर्पितन्यास वान्तरात्मा ॥

"બેટા જ્યોત્સ્ના!" રમણિકરાય શ્લોક પૂર્ણ કરી બોલ્યો: "બાળક પુત્ર કિંવા પુત્રી માબાપના આમંત્રિત અતિથિ છે; અને આમંત્રણ કરવાના વખતથીજ માબાપ ઉપર કેટલીક મહાન ફરજો આવી પડે છે. પ્રથમ તો ગર્ભની સારી રીતે રક્ષા કરી મુક્તિપર્યંત શુદ્ધ વિચાર–શુદ્ધ આચારનું સેવન કરવું, ખાનપાનાદિમા પૂરતી સભાળ રાખવી, પ્રસવ પછી પણ તેનું મન શુદ્ધ બળવાન અને આરોગ્ય રહે, તેની આસપાસ ખરાબ સંસ્કારો ન ગોઠવાય, તેની કાળજી રાખવી એ માતાનુ કર્ત્તવ્ય; તે ત્હારી માતાએ યથાશક્તિ પાલન કરેલુ છે. ત્હારી બુદ્ધિ સન્મિત્રનુ કામ સારે, અમારાથી તું દૂર હોય, સ્વજનથી દૂર હોય–તે વખતે તને યોગ્ય સલાહ આપે તેમ નવરાશના વખતે ત્હારા વિચારોને યોગ્ય માર્ગમા વાળે, એવી વિદ્યા પણ તને યથાશક્તિ આપી છે, અને યથાવકાશ ત્હારૂં મન–હૃદય બાંધવામાં મહેનત કરી છે; પરંતુ બેટા! દૈવયોગથી અમે અમારૂ ત્રીજું કર્ત્તવ્ય જે લગ્ન સંબંધીનુ તે પરિપૂર્ણ ઉત્તમ પ્રકારે કરી શક્યાં નહિ તેથી મને તથા આ ત્હારી પ્રેમાળ માતાને ઘણું લાગી આવે છે. બ્હેન! તેમાં ત્હારા માતપિતા નિર્દોષ છે એ ત્હારી ધ્યાન બહાર નથી, છતાં બોધ આપુ છુ કે પતિ અને તેના સંબંધીઓને સુખરૂપ થઇ પડજે. શ્વસુરગૃહમાં ભારરૂપ ન થતાં ભારની મુક્તિરૂપ થઇ, ઘરની વ્યવસ્થા યોગ્ય રીતે રાખજે. બેટા! પ્રકૃતિથી કોઇ વસ્તુ રમ્ય અરમ્ય નથી. એકને જે રમ્ય લાગે છે તેજ અન્યને અરમ્ય–દુઃખદાયક લાગે છે. અજ્ઞાનીજનો જેઓ ઇર્ષ્યા તથા સ્વાર્થથી અંધ થએલા છે તેમને જે સંસાર કલહ-

કંકાસ અને અશાંતિના સ્થાનરૂપ જણાય છે તેજ સંસાર સદ્‌ગુણથી, સૌજન્યથી અને પ્રેમથી વર્તન કરનારને મુક્તિના સાધનરૂપ–ઇશ્વર-સમ્મેલનના માર્ગરૂપ–આનંદરૂપ–સુખરૂપ થાય છે. જેમ પિયરમાં માબાપ તેમ સાસુ સસરાને પણ માબાપ તુલ્યજ ગણવા; પતિને ઇશ્વરતુલ્ય સમજી તેની સેવા કરવી. બધાની આજ્ઞા પાળવી. ઘરનુ સઘળુ કામ પોતે કરવું." રમણિકરાયનુ કથન પૂર્ણ થયુ. સર્વત્ર શોકનુ સામ્રાજ્ય સ્થપાયું. નેત્રો સજળ થયા. પ્રેમાળ માતાએ તેને ફરીથી છાની સરસી ચાપી; પણ આશ્વાસન આપતાં આશ્વાસન આપનારીનું હૃદય પણ પીગળ્યુ. પુત્રિ! પુત્રી તો પારકીજ હો. એવો વિચાર થયો.

થોડો વખત ઉપર દર્શાવેલ દેખાવ ચાલુ રહ્યો. અને સર્વેને શાંત રહેવાની જરૂર પડી. પારકી થવાની હતી તે પુત્રી પારકી થઇ!

જ્યોત્સ્નાને સાસરામા કેટલુ સુખ મળ્યુ તે થોડાજ વખત પછી પાઠકોને સમજાશે. જે વખતે પિયરમાં આવી તે વખતે સગુણાએ શ્વશુર પક્ષની ખબર પૂછતા સર્વ માણસો સારા છે, એવો જ્યોત્સ્નાએ માતાને ઉત્તર આપ્યો. સગુણાનુ તેટલાથીજ સમાધાન થયુ. જ્યોત્સ્ના શાંત હતી તો પણ તે આનંદી હતી, પરંતુ સાસરે જઇ આવ્યા પછી તેનુ મુખ વિષાદ પૂર્ણ દેખાય છે! પ્રથમનુ તેનુ તેજ, આનંદ, સુખ સર્વ જાણે કે લુપ્ત પ્રાય: થઈ ગયાં હોય એમ અનુમાન કરી શકાતું, પરંતુ જ્યોત્સ્ના પોતાનો આંતરભાવ કોઇને દર્શાવતી નહોતી. પોતાનો ઘણો ખરો વખત તે એકાંતમાંજ વ્યતિત કરતી હતી. સંધ્યા સમયે જ્યારે તે તુળસી ક્યારામાં પાણી રેડવા જતી ત્યારે ત્યાં આગળ પથ્થર ઉપર બેસી થોડા વખત પર્યંત એકાગ્ર દૃષ્ટિથી તે તરફ જોઇ રહેતી. તે સમયે તેની નીચલી પાપણો ઉપર ઝાકળ જેવાં પાણીનાં ટીપાં દેખાતા હતાં! શા કારણથી તેવો પ્રકાર બનતો તે ખબર નથી. સગુણા હાંક મારે ત્યારેજ હાથમાં ઘડો લઇ આંખો લુછી ચાલી જતી. જ્યોત્સ્નાની

વૃત્તિનો ફેરફાર તેનાં માતાપિતા સમજી શક્યાં ન હતાં

એકાદ દુ:ખનો પ્રસંગ આવી પડતાં આપણા મનની વેદના આપણા કોઇ મિત્રને કહીએ એમ લાગે છે. તેમ કરવાથી હૃદયનો ઉભરો પણ ધીમો પડે છે. જ્યોત્સ્નાને પોતાનુ હૃદય હલકું કરવાનો વિચાર હતો, પરંતુ હજુ સુંધી તેણે કોઇને કંઇ પણ કહ્યુ ન હતું. તેની કોઇ મૈત્રિણી નહોતી એમ નહતું. નાનપણથીજ વિણા નામની એક બાળિકા સાથે જ્યોત્સ્નાનો મૈત્રિણી પ્રવાહ તણાયો હતો. બન્ને જણાંને અરસપરસનાં સુખ દુ:ખની માહિતી હતી; બન્નેની ઉમર પણ લગભગ સરખીજ હતી, ફેર એટલોજ હતો કે વિણાનુ લગ્ન બે વર્ષ પૂર્વે થયું હતું. વિણા પિયર પક્ષમા આવે કે તરત પોતાના શ્વસુરપક્ષની સર્વ હકીકત જ્યોત્સ્નાને નિવેદન કરતી હતી. જ્યોત્સ્ના સાસરે જઇ આવી છે એવું જાણી વિણા તેના શ્વસુરપક્ષની હકીકત જાણવાને ઘણી ઉત્સુક હતી, પરંતુ જ્યોત્સ્નાએ તેની ઇચ્છા પરિપૂર્ણ કરી નહિ. કોઇ વખત એકાંત મળતાં જ્યોત્સ્નાને વિણા તે સબંધી કઇ પૂછતી તો તે તરત વાતને ઉડાવી દેતી હતી.

જ્યોત્સ્નાને સાસરેથી પરત આવ્યાને બે મહિના થયા છે. વિણા પણ આ અરસામાં પિયર પક્ષમાં આવેલી છે. બન્ને વારવાર એક બીજીને ત્યાં જતી આવતી હતી. આજ વિણા જ્યોત્સ્નાને ત્યાં આવી હતી. ત્રીજા પ્રહરનો સુમાર હતો. સગુણા કથા સાભળવા ગઈ હતી. રમણિકરાય ગામમાં ફરવા માટે ગયા હતા. ઘરમાં ફક્ત આ બન્ને સમવયસ્યકાઓજ હતી. વાત ચાલતા ચાલતાં વિણાએ પૂછયું: "ખરેખર જ્યોત્સ્ના, ત્હેં ત્હારા શ્વસુરપક્ષની હકીકત કેમ કઇ કહી નહિ?"

જ્યોત્સ્નાએ વિણાની મુદ્રા પ્રતિ જોયું તે નિરાશાથી હસી અને બોલી: "વિણા! ત્હારાથી તો બહેન થાકી ગઇ. એક વખત તો તને કહ્યું છે કે, સર્વે માણસો સારાં છે."

"અહા ! બધાંય માણુસો સારાં છે." વિણા આશ્ચર્ય દર્શાવી બોલી.

"વારૂ ત્યારે બધાં ખોટાં છે. પછી તો થયું ને?–"

"જ્યોત્સ્ના! હું તને સર્વ હકીકત જણાવું છું ને તું તો ત્હારા સંબંધીની વાતજ ઉડાવી દે છે."

"પણ તને ત્હારી હકીકત કોણે પૂછી હતી ?" જ્યોત્સ્નાએ વિણાને ચીડવવાના હેતુથી કહ્યું.

"એમ કે' વારૂ ત્યારે." વિણા ગુસ્સાથી બોલી: "હું હવેથી તને કશું કહેનાર નથી." અને પછી તે પોતાનું મ્હોં ફેરવી બેઠી. જ્યોત્સ્ના મને સમજાવશે એવી વિણાને પ્રબળ આશા હતી; પરંતુ તે વ્યર્થ નીવડી. તેથી વિણાને ખરેખર ગુસ્સો આવ્યો. તે પાછી ફરીને બોલી; "જ્યોત્સ્ના' તને છેવટનોજ પ્રશ્ન પૂછું છું કે તું કહેનારજ નથી કેમ ?"

"વાહ, ગાંડી ! આમ ગુસ્સે થઇશ નહિ." જ્યોત્સ્નાએ કહ્યું. વિણાએ પછી તેના પ્રતિ મુખ કરી કહ્યુ "ત્યારે કહે નહિ તો–" જ્યોત્સ્ના વિણાની છેકજ પાસે આવી તેણે તેના ખભા ઉપર પોતાના બન્ને હાથ મૂક્યા; તો શોકિન્ સ્વરે બોલીઃ–"વિણા ! હું તને શું કહું ?" જ્યોત્સ્નાની તે ગંભીર મુદ્રા, દુ:ખનો આવિર્ભાવ જોતાંજ વિણા ચમકી. તે કાઇ બોલવાનુ કરતી હતી એટલામાં "રમણિકરાય *** નું ઘર આજ કે ?" એવો પ્રશ્ન તે બન્નેના શ્રવણે પડયો. બન્નેએ આશ્ચર્યથી આગળ જોયું તો એક તરૂણ ગૃહસ્થ. વિણાએ તેને પૂછ્યું "હા, આજ; શુ કામ છે ?"

"રમણિકરાય ઘેર છે ?"

"નથી." વિણાએ ઉત્તર આપ્યો.

"વારૂ, તેમની સ્ત્રી છે ?"

"નથી."

"વારૂ ત્યારે તેમની પુત્રી છે ?" તરૂણ ગૃહસ્થનો તે પ્રશ્ન સાંભળતાંજ બન્નેને આશ્ચર્ય લાગ્યું. વિણા બોલી: "તેનુ શું કામ છે?"

"તે છોકરીનો પતિ એટલે કે રમણિકરાયનો જમાઇ આ ગામમાં આવ્યો છે. તે આ પાસેના દેવળમાં ઉતર્યો છે. તેણે મને રમણિકરાયને અથવા તો તેના ઘરના કોઇ પણ માણસને આ સમાચાર કહેવાનું કહ્યું છે. હવે તમે જાણો ને તે જાણે" એમ કહી તે માણસ ચાલ્યો ગયો. તેના ગયા પછી વિણાએ જ્યોત્સ્ના તરફ જોયું, અને આશ્ચર્યથી બોલી: "જ્યોત્સ્ના ! આ શું વારૂ ?"

"મ્હારૂં નસીબ" એમ કહી જ્યોત્સ્ના ત્યાંથી ચાલી નીકળી. વિણા ઘણા વખત સુધીજ વિચાર કરતી ત્યાંજ બેસી રહી. તે ચતુર હતી. તે સગુણાને બોલાવી લાવી અને તેને સર્વ હકીકત કહી. તેણી આશ્ચર્યચકિત થઇ. છેવટે રમણિકરાયનો એક સ્નેહિ હતો તેને બોલાવી સર્વ હકીકત કહી જમાઇ પાસે મોકલ્યો. થોડા વખતમાંજ તે ઉદાસ મુદ્રાએ પરત આવ્યો અને બોલ્યો. "બહેન! તમારો જમાઇ તો કંઈ વિલક્ષણ દેખાય છે." તે કહે છે કે: "હું અહીં દેવળમાજ રહીશ. સીધુ મોકલી આપો અને હું મ્હારી સ્ત્રીના હાથનુ ખાઇશ, તેથી તેને પણ મોકલી આપો."

શું કરે ? જમાઇ એટલે ! જ્યોત્સ્ના અને વિણા દેવળમાં ગઇ. નોકર મારફત સીધુ પણ મોકલી આપ્યું. પોતાની મૈત્રિણીની મદદથી જ્યોત્સ્ના પોતાના લ્હેરી પતિરાજ માટે ચુલો માંડી સ્વયપાક કરવાની તૈયારી કરવા લાગી ! એટલું સારૂં હતું કે તે દેવળ એક બાજુએ હોવાથી ત્યાં લોકોની આવજા વિશેષ નહોતી. જ્યોત્સ્ના ઉદાસ ચિત્તે પણ લક્ષપૂર્વક સ્વયપાક કરતી હતી. પતિરાજ બીડીનો ધુમાડો હવામાં છોડી પોતાના પરાક્રમથી રોફમાંજ બેઠા હતા.

સ્વયંપાક તૈયાર થયો. જ્યોત્સ્નાએ જમવાની સર્વ વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરી. તાટમાં રસોઇ પીરસી વિણાએ જમાઇરાજને ઉઠીને પગ ધોવાનું કહ્યું. જમાઇરાજ આંખો ચડાવી બોલ્યાઃ " હું પગ ધોઉં કે નહિ તેની તમારે શું જરૂર ! તમે કોણ હુકમ કરનાર !" બિચારી વિણા આ સાંભળી ઘણીજ શોકાતુર થઇ છતાં જ્યોત્સ્નાના અપૂર્વ પ્રેમને લીધે તે કંઇ બોલી નહીં. જમાઇરાજ જમવા બેઠા. જ્યોત્સ્ના સામેજ પીરસવા બેઠી હતી. દાળમાં હાથ નાખી સબડકો ભરતાંજ ગુસ્સાથી લાલચોળ–વિકાળ સિંહ જેવા થઇ જમાઇરાજ બોલી ઉઠયા "તને ખબર નહોતી કે હું મીઠું થોડું ખાઉં છું છતાં વિશેષ ધબકાવી દીધુ ! કેટલી બધી નિષ્કાળજી !" એમ કહી તેણે તાટને જ્યોત્સ્ના તરફ ખસેડી મુકયો.

" વાહ બાઇ ! આ શુ ! આ કેવી મુર્ખાઇ ! " વિણાના મ્હોંમાંથી આ ઉદ્‌ગાર સહેજ બહાર પડયા.

"હું મુર્ખો ! મ્હારૂં આવું અપમાન ! ઠીક ઠીક" તે ઓઠ ચાવતો બોલ્યો " આ મૂર્ખી (જ્યોત્સ્ના)નીજ તું મૈત્રિણી ! ઠીક ! (જ્યોત્સ્ના પ્રતિ દૃષ્ટિ કરી) જા ! હવેથી મ્હારે ત્હારી જરૂર નથી." એમ કહી તે ત્યાંથી ઉઠયો અને પોતાનાં કપડાં પહેરવા લાગ્યો. દેવળમા કોઇ બહારનું બીજું મનુષ્ય નહોતું. જ્યોત્સ્નાએ સર્વ લજ્જા છોડી દઇ તે દોડતી પોતાના નિષ્ઠુર પતિ પાસે ગઇ અને તેના ચરણોમા પોતાનુ શીષ નમાવ્યુઃ "આમ શુ કરો છો વારૂ ! ક્ષમા કરો—' તે નરરૂપ રાક્ષસે યતકિંચિત પણ દયાદૃષ્ટિ ન કરતાં તેના માથા ઉપર એક લાત ઉગામી ! તેના અંગુઠાના નખ વધી ગએલા હોવાને લીધે જ્યોત્સ્નાના કપાળમાં જખમ થયો ! તેમાથી રક્ત વહેવા લાગ્યું ! વિણા સ્તબ્ધ થઇ ગઇ ! તે ત્યાંથી ધ્રુજતી ચાલી ગઇ !

જ્યોત્સ્ના થોડા વખત પછી ઉઠી ને વિણા પાસે આવી અને

બોલી "વિણા ! પ્રભુને યાદ કરી મને એક વાતનુ વચન આપ." વિણા આશ્ચર્યથી તેના મ્હો તરફ જોવા લાગી. જ્યોત્સ્ના આગળ બોલી "આજની હકીકત કોઇને પણ–મ્હારી માતાને સુદ્ધાંત–બીલકુલ કહીશ નહિ. આપ વચન. મ્હારા માટે મ્હારાં માતપિતાને ત્રાસ આપવો યોગ્ય નથી. ઇશ્વર કૃપા કરશે તો તે તેમને સુબુદ્ધિ બક્ષસેજ વારૂ આપ વચન—"

* * * *

જ્યોત્સ્નાની હકીકત જો કોઇને અસત્ય ભાસે તો તેમણે સમાજનું સંપૂર્ણપણે આંખો ઉઘાડી નિરીક્ષણ કરવું ! સુશીલ જ્યોત્સ્ના માતપિતાની ઉતાવળનો અસહ્યભાર સહન કરે છે. ઘટના પૂર્ણ કરતા પહેલાં અમો એટલુંજ ઇચ્છીએ છીએ કે જ્યોત્સ્નાનો પતિ તેની ખરી યોગ્યતા સમજે અને તેને સુખ બક્ષે–આપે !" इत्योम्

૮

વિમાતાનો દુર્વ્યવહાર.

મદનગોપાળ બી. એ. ઍલ ઍલ. બી. ની પરીક્ષા પાસ કર્યા પછી ત્રણ વર્ષ વકિલાત કરી મુનસફ થયો છે. તેના પિતા એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ હોવા ઉપરાંત મોટા જમીનદાર હોવાથી તેમની ઇચ્છા એવી હતી કે મદનગોપાળ પોતાના નગરમાં રહીનેજ વકિલાત કરે અને પોતાની જમીન જાગીરની વ્યવસ્થા પણ કરતો રહે, પરંતુ મદનગોપાળને નોકરી કરવાનો શોખ વધારે હતો. આથી કરીનેજ તેણે ત્રણ વર્ષ સુધી વકિલાત કરી નોકરીનો સ્વીકાર કર્યો છે. મદનગોપાળની માતાનો દેહાન્ત થઇ ગયો હતો. મરતી વખતે તેની માતાની એવી ઇચ્છા હતી કે, 'મદનને પુત્રવાન થએલો જોવાને હું ભાગ્યવાન થાઉં તો કેવું સારૂં?' પરંતુ તેની આ ઇચ્છા મનમાં ને મનમાંજ રહી ગઇ. મદનગોપાળને પચીસ વર્ષની ઉંમરે પુત્ર પ્રાપ્તિ થઇ. આથી કરીને તેના પિતાને અપૂર્વ આનંદ થયો. કમનશીબે તેઓ પણ પૌત્રનું સુખ વિશેષ સમય સુધી જોઇ શક્યા નહિ. વિધાતા! ત્હારો પણ કેવો અન્યાય છે કે તું દરિદ્રોને એટલાં બધાં સંતાન આપે છે કે જેથી કરીને તેમનું સર્વેનું પોષણ કરવાનુ પણ તેમને મુશ્કિલ થઇ પડે છે ત્યારે ધનાઢ્યોને સંતાન પ્રાપ્તિની ઇચ્છામાં ને ઇચ્છામાં જ પોતાના દિવસો પૂરા કરવા પડે છે; અને કદાચ સંતાનનું સુખ મળે છે તોપણ તે વધારે સમય સુધી ટકી રહેતું નથી! મદનગોપાળના પિતાના સંબંધમાં પણ આવુંજ બન્યુ. હિંદુઓના બાળવિવાહના

કુરિવાજ પ્રમાણે મદનગોપાળનો વિવાહ તેની સોળ વર્ષની વયે થયો હતો, પરંતુ પચીસ વર્ષની અવસ્થા સુધીમાં તેને એક પણ સંતાન નહિ થવાથી સર્વેને ઘણુંજ દુઃખ લાગતું હતું. મદનગોપાળ પ્રથમ માતાના તથા પછીથી પિતાના વિયોગને લીધે ઘણોજ દુખી થયો. તે અદ્યાપિ પર્યંત વિદ્યા પ્રાપ્ત કરવા, વકિલાત કરવા તથા મુનસફી કરવા સિવાય અન્ય કાંઇ સમજતો નહોતો. દુનિયાદારી તથા ગૃહસ્થાશ્રમની ઉંડી વાતોથી તે અજ્ઞાત હતો. તેની પત્ની સુશીલાની પણ એવીજ અવસ્થા હતી. સુશીલા યથા નામ તથા ગુણવાળી સ્ત્રી હતી. તે કેળવણી પામેલી હતી; એટલુંજ નહિ પરંતુ ભોજન બનાવવામાં તથા સીવવા ગુંથવાના કાર્યમાં પણ ઘણીજ ચતુર હતી તેને પોતાના પતિની પ્રભુતાનું લેશ માત્ર પણ અભિમાન નહોતું. સાસુ શ્વસુરની સેવા કરવી એજ એનું મુખ્ય કર્તવ્ય હતું. પોતાના શ્વસુરની આજ્ઞાથીજ સુશીલા બહુધા પોતાના પતિની સાથે રહેતી હતી. રાત્રે કાર્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ મદનગોપાળ પોતાની પ્રિયપત્નીના મુખે રામાયણ શ્રવણ કરતો તે સમયે તેને અપૂર્વ આનંદ થતો.

સુશીલાના પુત્રની ઉંમર પાંચેક વર્ષની થઇ હશે એવામાં એકાએક તે રોગગ્રસ્ત થયો. કેટલાક દિવસ સુધી તો તેનો રોગ પરખી શકાયો નહિ, કિંતુ છેવટે વૈદ્યો તથા ડૉકટરોએ ક્ષય રોગ લાગુ પડયાનુ જણાવ્યુ. આ અસાધ્ય રોગે સુશીલાના સુકોમળ શરીર ઉપર પોતાની પૂર્ણ સત્તા બેસાડી. પ્રભુતા તથા દોલતનું સુખ તો ઈશ્વરે મદનગોપાળને સારી રીતે આપ્યું હતું, પરંતુ તેને પારિવારિક સુખ ભોગવવાને વધારે સમય ન મળ્યો. ૨૨ વર્ષની યુવાવસ્થામાં સુશીલાનો પવિત્ર પ્રાણ પોતાના પ્રાણાધિક સંતાનોની ચિંતાસહ શ્રી હરિના પાદરવિંદમાં જઇ પહોંચ્યો. સુશીલાએ પોતાના મૃત્યુ પૂર્વે પોતાના સ્વામીને કેટલીક વાતો કહી રાખી હતી. જેમાંની બે એક

વાતો સાંભળવાથી જ હૃદય ભરાઇ આવે છે. સુશીલાની મૃત્યુશય્યા સમીપ અઢીવર્ષની બાળિકા શ્યામા, પાંચ વર્ષનો બાળક રત્નલાલ તથા મદનગોપાળ બેઠા હતા તે સમયે સુશીલાએ કહ્યું હતું કેઃ " હું હવે બે ચાર દિવસનીજ મહેમાન છું. આપના આશ્રયમા મને ઘણું સુખ પ્રાપ્ત થયું છે. જો મને આ પ્રસગે દુઃખ થતું હોય તો એટલું જ કે હુ વધારે સમય સુધી આપની સેવા કરી શકી નહિ, તથા નાના બાળકોને માતૃ પ્રેમથી વંચિત કરી અકાળે પરલોકવાસિની થવાની તૈયારી ઉપર છુ. આ સમયે મ્હારે આપને ફક્ત બેજ વિનંતિઓ કરવાની છે; અને તે બન્નેને પરિપૂર્ણ કરવાનું આપના અધિકારમાં છે. એક તો એજ કે આપ મ્હારાં સ્નેહની સ્મૃતિરૂપી એ બન્ને બાળકોનુ સ્નેહપૂર્વક પ્રતિપાલન કરજો તથા એ બન્નેને વિદ્યાથી અલકૃત કરજો. બીજી વિનંતિ એ છે કે, **જો આપનાથી બની શકે તો મ્હારા સ્મારક ચિહ્ન સ્વરૂપે એક કન્યા પાઠશાળા સ્થાપિત કરજો.**" સુશીલાની આ બન્ને વિનંતિ ઉપરથી સ્પષ્ટ રીતે સમજાઇ આવે છે કે નારીજાતિમાં તે એક રત્ન સ્વરૂપજ હતી.

સુશીલાના મૃત્યુથી મદનગોપાળના હૃદયને ઘણીજ વેદના થઇ. સાંસારિક વિષયો ઉપર તેને વિરાગ ઉપસ્થિત થયો. સકળ જગત તેને નિસ્સાર જણાવા લાગ્યુ. તે એક વર્ષની રજા મેળવી સ્વગૃહે આવ્યો પરતુ તેના આત્માને શાંતિ મળી નહિ. શ્યામા તથા તેનો બાળકબંધુ રત્નલાલ પણ માતાને યાદ કરી વારવાર રોદન કર્યા કરતાં હતાં. તેમને રોદન કરતાં જોઈ મદનગોપાળ પણ ધૈર્ય રાખી શકતો નહિ.

એક વર્ષ સુધી તો કોઇએ પણ મદનગોપાળને પુનર્વિવાહ કરવાના સંબંધમાં વાત કહાડવાની હિંમત કરી નહિ, પરંતુ જ્યારે મદનગોપાળનો શોક કાંઇક અંશે દૂર થયો ત્યારે કુટુંબના બે એક વૃદ્ધાએ

તેને પુનર્વિવાહ કરવા માટે કહ્યું. મદનગોપાળે એ સર્વેને એવો ઉત્તર આપ્યો કે: “ સંતાનપ્રાપ્તિને માટેજ પુનર્વિવાહ કરવામાં આવે છે. ઈશ્વરના અનુગ્રહથી મને સંતાનની પ્રાપ્તિ થએલી છે તો પછી વિવાહ કરીને શું કરૂં ? ”

આમ છતાં પણ સ્નેહી સ્વજનો વારવાર મદનગોપાળને પુનર્વિવાહ કરવા માટે સમજાવવા લાગ્યા. આથી છેવટે મદનગોપાળે પુનર્વિવાહ કરવાનો નિશ્ચય કર્યો. એક વર્ષની રજા પણ પૂર્ણ થવા આવી હતી, આથી લગ્ન કરીને ગૃહે રહેવાને માટે તથા પોતાની વડિલોપાર્જીત જમીનદારીની બરોબર વ્યવસ્થા કરવાને માટે તેણે પોતાની નોકરીનુ રાજીનામુ લખી મોકલ્યુ. જ્યારથી મદનગોપાળે પુનર્વિવાહનો નિશ્ચય કર્યો ત્યારથી સુશીલાએ કરેલી વિનતિ તેના મનમાથી વિસ્મૃત થવા લાગી. સુશીલા જેવી પ્રતિવ્રતા ધર્મપત્નીની વિનતિની જે પતિ અવગણના કરે છે તે કદાપિ સુખ પ્રાપ્ત કરી શકતો નથી.

મદનગોપાળનો પુનર્વિવાહ થઈ ગયો. અતિશય શોધને પરિણામે પત્ની ચૌદ વર્ષની ઉમરની મળી, કિંતુ હજુ તે સંસારની વાતો સંપૂર્ણ રીતે સમજતી નહોતી. શ્યામા તથા રત્નલાલને તે પ્રેમની નજરથી નિહાળતી હતી. મદનગોપાળની પત્ની એક દરિદ્ર પણ ઉચ્ચ કુળની કન્યા હતી. આમ હોવા છતાં સ્થિર વૃત્તિવાળી નહોતી. દૂષી આડોસીપાડોસીએ તેને અનેક પ્રકારે ઉધુ ચતું સમજાવી તેના મનમાં મોટાઇનો રોફ ઉત્પન્ન કર્યો. ધીમે ધીમે તેના પૂર્વ વર્તનમાં પણ પરિવર્તન થવા લાગ્યું.

ઈશ્વરના અનુગ્રહથી મદનગોપાળની બીજી પત્નીથી પુત્રનો જન્મ થયો. આથી કરીને તેને ત્યાં ઘણોજ આનંદ ઉત્સવ થયો. બે ચાર માસ સુધી તો મદનગોપાળનું મન પણ આનંદી રહ્યું. કિંતુ ઈશ્વરની

લીલાજ કાંઇ એવી વિચિત્ર પ્રકારની છે કે જેમ ફૂલની સાથે કાંટા નિર્માણ થએલા છે તેમજ સુખની સાથે દુઃખ નિર્માણ થએલું છે. જેમ જેમ એ બાળક મોટો થતો જતો હતો તેમ તેમ નવવધૂનો શ્યામા તથા રત્નલાલ પ્રત્યેનો પ્રેમ ઓછો થતો જતો હતો. આમ બનવા છતા મદનગોપાળ પોતાની પત્ની ઉપર ઘણો જ પ્રેમ રાખતો હતો.

રત્નલાલની ઉંમર હવે દશ વર્ષની થઇ હતી. જો કે તે અદ્યાપિ નિશાળમા અભ્યાસ કરતો હતો છતા બાળકજ હતો. જેથી નહિ જેવી ખાવાપીવાની વસ્તુઓ માટે કલહ કરતો હતો. આથી કરીને તેની વિમાતા તેને વારવાર લડતી હતી, અનેકવાર ગાળો દેતી હતી, તથા કોઇ કોઇ સમયે શિક્ષા પણ કરતી હતી. જો કે રત્નલાલ ઘણો ખરો સમય ઘરમાં નહોતો રહેતો પરતુ શ્યામાની સ્થિતિ ઘણી શોકજનક હતી. તેની સાથે તેની વિમાતાની રીતભાત ઘણીજ ખરાબ હતી. જો તે કોઇ સમયે ખાવાનુ માગતી તો તેની વિમાતા બોલી ઉઠતી કે: "તું આખો દિવસ બસ ખા ખાજ કર્યા કરે છે." આ પ્રમાણે બાળકોને દુઃખ દેવા ઉપરાત તે મદનગોપાળ આગળ શ્યામા સંબધી અનેક અસત્ય ફરિયાદો કરતી હતી. મદનગોપાળ બુદ્ધિમાન હોવા છતા તે પોતાની નવવધૂ ઉપર એટલો બધો મુગ્ધ બની ગયો હતો કે તે હવે પોતાનાં વ્હાલાં સંતાનોની બિલકુલ કાળજી રાખતો નહિ. શ્યામા તથા રત્નલાલ તેમની વિમાતાના દુર્વ્યવહારથી દુઃખી થઇ એકાંત સ્થળે બેસી વારંવાર રૂદન કર્યા કરતાં હતાં. મદનગોપાળના ગૃહમાં એક વૃદ્ધ ચાકરડી હતી કે જે તેના પિતાના સમયથી પોતાનુ કામ બરોબર બજાવ્યા કરતી હતી. શ્યામા તથા રત્નલાલના આવા દુઃખપૂર્ણ સમયમાં તેજ માત્ર તેમની શાંતિદાયિની અને તેમના પ્રેમનો આધાર હતી.

વૃદ્ધા ચાકરડી પ્રથમ પ્રથમ તો શ્યામાની વિમાતાને સમયાનુસાર યોગ્ય ઉપદેશ આપ્યા કરતી હતી પરંતુ ધીમે ધીમે નવવધૂનો સ્વભાવ જાણી ગયા પછી તે તેને કાંઇ પણ કહી શકતી નહોતી. એક દિવસ એવો હતો કે એ વૃદ્ધ સ્ત્રી પોતાની માતાના વખતથી પોતાના ગૃહમાં હોવાને લીધે મદનગોપાળ તેના તરફ પૂજ્યબુદ્ધિથી જોતો હતો પરંતુ હવે પોતાની નવી પત્નીની ભભેરણીથી તેનો હૃદયભાવ પરિવર્ત્તન પામ્યો.

એક દિવસે શ્યામા ઓરડામાં બેઠી બેઠી ઢીંગલીઓ સાથે રમ્યા કરતી હતી તથા રત્નલાલ બેઠો બેઠો કાંઇક લખતો હતો. એવામાં મગફળી વેચનાર પુરૂષનો અવાજ તે બન્નેને શ્રવણે પડયો. શ્યામાએ મગફળી લેવા માટે રત્નલાલ પાસે પૈસો માગ્યો. રત્નલાલે કહ્યું "શ્યામા' મને પિતાશ્રી હવે ક્યા પૈસો આપે છે ? જા બા પાસેથી લઇ આવ."

તરતજ અજ્ઞાન બાળિકા શ્યામાએ પોતાની વિમાતા પાસે જઈ પૈસો માગ્યો તો તેણે ક્રોધ પૂર્ણ સ્વરે કહ્યુઃ " આજ કાલ દુકાળ જેવા સમયમા મનુષ્યોને ખાવાને માટે અન્ન સુદ્ધા તો મળતું નથી ને તું 'પારકા ઘરની છી ' મગફળી ખાવાની ? શુ ત્હારો દાદો દાદી મ્હારી પાસે પૈસા મોકલી આપે છે કે હુ તને આપુ ? "

શ્યામાનાં નેત્રોમાથી વિમાતાનાં કટુ વચનોને લીધે 'ટપક ટપક' કરતાં અશ્રુઓ ટપકવા લાગ્યાં. શ્યામાના બોલાવવાથી મગફળીવાળો બહાર ઓટલા ઉપર બેઠો હતો. આથી કરીને શ્યામાએ પોતાના પિતાશ્રીના કોટમાં પૈસો લેવાને હાથ નાંખ્યો તો તેમાંથી પણ પૈસો ન મળ્યો, એટલે તે જૅકેટમાંથી પૈસો કહાડવા લાગી, પૈસો કાઢતાં કાઢતાં એકદમ તેના પિતાનાં ખીટી ઉપર ભરાવેલા સર્વે લૂગડાં જમિન ઉપર પડી ગયાં અને તેથી જૅકેટમાં જે એક સોનાની ઘડીઆળ હતી તે ભાંગી ગઇ.

ઘડીઆળ ભાંગી ગયાની ખબર પડતાંજ શ્યામાને તેની વિમાતાએ પુષ્કળ શિક્ષા કરી. રત્નલાલનો કાંઈ પણ દોષ નહોતો છતાં તેના શરીર ઉપર પણ થોડો ઘણો માર પડયો. તેની વિમાતા તેના તરફ ક્રોધપૂર્ણ દૃષ્ટિ કરી બોલી ઉઠી: "તું અહિં બેઠો હતો ને ઘડીઆળ પડી ગઇ છતા તને કાંઇ સૂઝયું નહિ ? શું તું મરી ગયો હતો ?"

શ્યામાની વિમાતાને સર્વ કરતા વિશેષ ચિંતા એ માટે થયા કરતી હતી કે શ્યામાનો વિવાહ કરવામા ઘણા પૈસાનો વ્યય કરવો પડશે. તે એમજ ઇચ્છતી કે બન્ને ભાઇ બહેન પોતાને મોસાળ ચાલ્યાં જાય તો ઘણું સારૂં.

શ્યામાની વિમાતા જ્યારે તેમને મારપીટ કરતી હતી તે સમયે મદનગોપાળના બુટનો અવાજ તેના કાન ઉપર પડયો. મદનગોપાળે ગૃહમા પ્રવેશ કર્યો કે તુરત ઘડીઆળ ફુટયાના સમાચાર પોતાની નવ વધૂ દ્વારા તેમને મળ્યા. મદનગોપાળ રત્નલાલ તથા શ્યામા એ બન્ને સંતાનો ઉપર ઘણોજ નારાજ થયો, તથા સોટી લઇને બન્નેને શિક્ષા કરવા લાગ્યો. વૃદ્ધ ચાકરડીએ આવી મહા મુશ્કેલીથી તેના હાથમાંથી બાળકોને બચાવ્યા. આજના બનાવથી આ વૃદ્ધ માયાળુ સ્ત્રી સમજી ગઈ કે આ બન્ને બાળકોનો આ ગૃહમાં હવે સુખપૂર્વક નિર્વાહ થવો અસંભવિત છે; આથી તેણે પોતાના પુત્રને રત્નલાલને મોસાળ મોકલી તેના માતામહને કહેવડાવ્યુ કે: "અહિં રત્નલાલ અને શ્યામા ઘણા દુ:ખી અવસ્થામાં છે. આપ કોઇ પણ રીતે જલદીથી તેમને બોલાવી લ્યો."

રત્નલાલના માતામહ તથા માતામહીએ આ શોકજનક સમાચાર શ્રવણ કર્યા કે તુરતજ તેમણે પોતાના પુત્ર કેશવલાલને (રત્નલાલ તથા શ્યામાના મામાને) 'પિતાશ્રી તથા માતાશ્રીનો જીવ બાળકોને જોવા ઘણા વખતથી ઝ્હાય છે.' આ પ્રમાણે મદનગોપાળને

કહેવાનું સૂચવી બાળકોને તેડી લાવવા મોકલ્યો. છેવટે તે પિતાના કહેવા પ્રમાણે રત્નલાલ અને શ્યામાને તેડી આવ્યો. ગૃહે આવ્યા પછી માતામહીના પૂછવાથી બન્ને બાળકોએ પોતાની દુઃખપૂર્ણ કહાણીનો શોકજનક હેવાલ રૂદન કરતા કરતા અથેતિ કહી સંભળાવ્યો. બન્નેની કહાણી શ્રવણ કરતાંજ માતામહ અને માતામહીનાં નેત્રો અશ્રુપૂર્ણ થઇ ગયાં. આ સમયે તેમના મનમાં પોતાની પરલોકવાસિની પુત્રીની સ્મૃતિ ઉપસ્થિત થઇ. તેમણે વિચાર્યું કેઃ " જો અમારી પુત્રી હયાત હોત તો શ્યામા અને રત્નલાલની આવી સ્થિતિ કદાપિ થાત નહિ ! "

છેવટે રત્નલાલ તથા શ્યામાને તેમણે પોતાને ત્યાંજ રાખવાનો તથા તેમને શિક્ષિત કરવાનો નિશ્ચય કર્યો. તેઓ પાસે અઢળક દ્રવ્ય હતું. રત્નલાલને માટે એક બી એ. સુધી ભણેલો શિક્ષક રાખવામાં આવ્યો; અને શ્યામા તથા પોતાના પરિવારની તેમજ પ્રતિવેશીઓની કન્યાઓ પણ શિક્ષણ મેળવી સુશિક્ષિત થાય એ હેતુથી તેમણે 'એક કન્યા પાઠશાળા' પોતાની સ્વર્ગસ્થ પુત્રીના નામ ઉપર **" સુશીલા કન્યા પાઠશાળા "** નામથી સ્થાપિત કરી અને આ પ્રમાણે સુશીલાના મૃત્યુ સમયની એક ઉત્કટ ઇચ્છા શ્રી નારાયણની કૃપાથી પૂર્ણ થઇ ! इति शम्

૯

આદર્શ બંધુ.

૧

"આજકાલ પ્રત્યેક યુનિવર્સિટિની પરીક્ષામાં તથા વિશેષતઃ બી. એસ. સી. માં પાસ થવું એ મહા મુશ્કિલ ભરેલુ છે. આમ છતા બી. એસ. સી. ના તું પ્રથમ વર્ગમા પાસ થયો એ ઘણુાજ સૌભાગ્યની વાત છે. હવે તું એલ. એલ. બી. માં પાસ થઇ જા. કેમ રામચંદ્ર ભાઇ ! મ્હારૂ કહેવું વ્યાજબી છે ને? કારણુ કે એલ. એલ. બી. મા પાસ થઇ ગયા પછી ખાવાપીવાની તથા નોકરી ચાકરીની વિશેષ ચિંતા રહેતી નથી. જો કોઇ સારી નોકરી મળી આવે અને ઇચ્છા થઇ આવે તો કરવી; નહિ તો પછી સ્વતંત્રતા-પૂર્વક પોતાની વકિલાતનો ધંધો ચલાવવો." આ શબ્દો પંડિત રાધાનાથ શાસ્ત્રીના મુખમાથી નીકળ્યા કે તરતજ ત્યાં આગળ પ્રાણુ-નાથ દ્વિવેદી આવીને ઉપસ્થિત થયા. તેણે આવી શાસ્ત્રીજીને પ્રણુામ કરી કહ્યું: "શાસ્ત્રીજી ! હુ આપને વધાઈ આપુ છું કે આપનો પુત્ર રમાનાથ બી. એ. પાસ થયો છે. યોગ્ય પુરૂષોના સંતાનો યોગ્યજ નિવડે છે એમા કાઇ ખોટું નથી."

રાધાનાથે કહ્યું: "જુઓ પ્રાણુનાથ ભાઇ ! આપના મહોલ્લામાં રહ્યાંને મને આજકાલ કરતાં લગભગ બે વર્ષ થઇ ગયાં, છતાં આપ હજુ મ્હારા પરિવારને પિછાનતા નથી. રમાનાથ મ્હારો કનિષ્ઠ બંધુ છે, પુત્ર નથી."

પ્રાણનાથ, શાસ્ત્રીજીનાં વચન સાંભળી પોતાની અજ્ઞાનતાને લીધે ઘણો શરમાઈ ગયો, તથા કહેવા લાગ્યોઃ " શાસ્ત્રીજી ! રમાનાથ આપનો બંધુ થાય છે એ કથા મ્હે અત્યાર સુધી જાણી નથી તે માટે મને આપ ક્ષમા કરજો. આપનુ ઉભયનુ અરસ્પરસ પ્રત્યેનુ વર્ત્તન પિતા પુત્રના જેવું જ છે. વળી જ્યેષ્ઠ ભ્રાતા પિતાતુલ્ય અને કનિષ્ઠ પુત્રતુલ્ય ગણવામાં આવે છે તે યોગ્ય છે. આપનો ઉભયનો અરસ્પરસનો પ્રેમ હમ્મેશા આ પ્રમાણે ચાલુ રહે એવી જ મ્હારી ઇચ્છા છે. મ્હારા ગૃહમાં તો એવી દશા છે કે મારો કનિષ્ઠ બંધુ પ્રિયનાથ તો નજીવી રકમ પચીસ રૂપિયાના ઉપર પોતાની ભાભી સાથે કલહ કરી વિભક્ત થઇ ગયો છે તથા સગાં સંબંધીઓ આગળ મ્હારી તથા તેની ભાભીની નિંદા કર્યા કરે છે. જો કે તેની ઉમર વીસ વર્ષની છે છતાં હજુ તે સહોદર તરફ પોતાનુ વર્ત્તન કેવા પ્રકારનું હોવું જોઇએ તે સમજતો નથી. તે તથા તેની પત્ની એમ જ ઇચ્છે છે કે વડિલ બંધુ કાલે પરલોક પહોંચવાના હોય તો આજે જ પહોચી જાય."

શાસ્ત્રીજીએ ઉત્તરમાં કહ્યુંઃ "તમારૂં કહેવું સર્વથા સત્ય છે. આજ કાલ સમય ઘણો જ ખરાબ આવ્યો છે. દરેક પગલુ ઘણો વિચાર કરીને ભરવું પડે છે. તમારે ત્યાં તો શું પરંતુ ભારતવાસીઓના ગૃહે ગૃહે એવીજ અવસ્થા છે. સ્વાર્થની અંધતામાં પ્રેમનો નાશ થયો છે"

અલ્પ સમય પછી સર્વે પોત પોતાને ગૃહે ગયા. ગૃહે જઇને રાધાનાથે પોતાની પત્નીને કહ્યુંઃ " રમાનાથ પોતાની પરીક્ષામાં આજે પાસ થયો હોવાથી આજનો દિવસ અપૂર્વ આનંદજનક છે. જ્યારથી પિતાશ્રીનો પરલોકવાસ થયો છે, ત્યારથી રમાનાથે પોતાના અધ્યયનમાં એવું તો ધ્યાન આપ્યું છે કે, હવે તે આનંદથી ગુજરાન કરીને કમાણી પણ કરી શકે એવી સ્થિતિમાં આવી ગયો છે. આપણા સકળ કુટુંબમાં એ રત્નસમાન નીવડયો છે. હજુ તેને બે વર્ષ સુધી કાયદાનો

અભ્યાસ કરાવીશું; પછીથી તે સ્વતંત્રતાથી કમાઈ ખાતોપીતો થશે.

પતિને મુખે આ કથા શ્રવણ કરવાથી રાધાનાથની પત્નીએ કોઇ પણ પ્રકારે પોતાની પ્રસન્નતા પ્રકટ કરી નહિ, ઉલટું તે ચિંતાતુર વદને પ્રશ્ન કરવા લાગી કે: "જો રમાનાથ અત્યારે નોકરી કરવા જાય તો કેટલો પગાર મળે ?"

રાધાનાથે ઉત્તર આપ્યો· "માસિક સો રૂપિયા પ્રાપ્ત કરવાને માટે તો તે યોગ્ય થઇ ગયો છે; છતા જો બીજા બે વર્ષ સુધી હજુ વધારે અભ્યાસ કરે તો સારી કમાણી કરી શકે એમાં કાઇજ શક નથી. સો બસે રૂપિયા તો એ સહજમા કમાઇ શકે."

પોતાના પતિ માસિક ૬૦ રૂપિયા પ્રાપ્ત કરે છે અને દિયર માસિક સો રૂપિયા પ્રાપ્ત કરવાને યોગ્ય થઇ ગયો છે એ વાત જાણીને રાધાનાથ શાસ્ત્રીની ધર્મપત્ની પોતાના મનમાં ઘણીજ દુઃખિત થઇ તથા તેણે પોતાના હૃદયથી એવો દૃઢ નિશ્ચય કર્યો કે, 'હવે રમાનાથને અધિક અભ્યાસ કરવા દઇશ નહિ.'

રમાનાથ પોતાના વડિલ બધુના કરતા પણ અધિક અર્થોપાર્જન કરી શકે એમ છે એવુ જાણવામા આવવાથી તેની ભાભીના મનમા એમ ચિતા થવા લાગી કે 'અત્યારે રમાનાથ તથા તેની પત્ની જેવી મારી સેવા ચાકરી કરે છે તેવી સેવા ચાકરી ભવિષ્યમાં મોટાઇ મળેથી કરશે નહિ.'

અરેરે! હિદુ સ્ત્રીઓના આ કેવા ક્ષુલ્લક તેમજ સકુચિત વિચાર! જે ભારતભૂમિ, સુકન્યા, સાવિત્રી, સીતા, અહલ્યા, દ્રૌપદી વગેરે પવિત્ર તેમજ ઉદારહૃદયા સ્ત્રીઓને જન્મ આપનાર હતી, તે જ ભારત માતાની પુત્રી સ્વરૂપા રમણીઓની આ કેવી સકુચિત વૃત્તિઓ?! **જે ભારતમાતા પૂર્વે પોતાની પુણ્યમયી પુત્રીઓનાં પવિત્ર જીવનોથી પુલકિત થતી હતી તેજ ભારત**

માતાની પુત્રીઓ અત્યારે તેની પવિત્ર કુખને લજાવે છે!

રમાનાથ હવે કમાતો થઇને પોતાનો ખાધાપીવાનો ખર્ચ બચાવશે એ વિચાર તેની ભાભીને આવવો તો જાણે કે દૂર રહ્યો ને ઉલટા વિચારોએ તેના મનને વિહ્વળ કરી મૂક્યુ. આ સમયે રાધાનાથ શાસ્ત્રીના ગૃહમાં સકળ જનો પ્રસન્ન મનવાળા હતાં ફક્ત તેની રાધાનાથની સ્ત્રીજ હર્ષિત જણાતી નહોતી. થોડા સમય પશ્ચાત્ જ્યારે પતિપત્ની એકાંતમાં મળ્યા ત્યારે પત્નીએ પતિને કહ્યુ: "શુ હજુ પણ રમાનાથને ભણાવ્યાજ કરશો કે? હવે તો તેને ચાળીસ પચાસ રૂપિયાની નોકરી મળતી હોય તો કરવા દો."

રાધાનાથે પત્નીને ઉત્તર આપ્યો કે: "અદ્યાપિ રમાનાથની ઉમર નોકરી કરવાને યોગ્ય થઇ નથી. હજુ તો તે ફક્ત અઢાર વર્ષનો નવયુવક છે. ફક્ત બે વર્ષ સુધી જો હવે આપણે તેને ભણાવીશુ તો સકળ પ્રકારે યોગ્ય થઇ જશે. આ સમયે ઇશ્વરકૃપાથી આપણી એવી સ્થિતિ છે કે તેને બે વર્ષ સુધી ભણાવવો આપણને કઠિન થઇ પડશે નહિ. રમાનાથ એવો તો તીવ્રબુદ્ધિનો છે કે, કાયદાનો અભ્યાસ કરી રહ્યા પછી તે પોતાની જાતે પોતાની પૂર્ણ ઉન્નતિ કરી લેશે."

રાધાનાથનાં આ વચનો તેની કર્કશા પત્નીની સમજમા બીલકુલ આવ્યાં નહિ. રાધાનાથે જ્યારે એમ જાણ્યું કે આ મૂર્ખ સ્ત્રીને કાંઇ સમજાવવી એ પથ્થર ઉપર પાણી રેડવા સમાન છે. કંટકવનમા પુષ્પો વેરવા સમાન છે ત્યારે તે નિરાશ થઇને સૂવાને માટે ચાલ્યો ગયો.

૨

આજે જુલાઇ માસની ૧૬ મી તારીખ છે. ગરમીની રજાઓ પૂર્ણ થઇ ગઇ છે. કૉલેજ (મહાવિદ્યાલય) ખુલ્લી થઇ છે. રાધાનાથ

શાસ્ત્રી તેના કનિષ્ઠ બંધુ રમાનાથને કાયદાનો અભ્યાસ કરાવવાનો નિશ્ચય કરી તેને સાથે લઇને કૉલેજ તરફ જવા લાગ્યો. રાધાનાથે પોતાની સ્ત્રી આગળ આ વાત પ્રગટ કરી ધી તેમજ કાયદાનાં પુસ્તકો માટે પચાસ રૂપિયા માગ્યા. રૂપિયાનું નામ સાંભળતા જ તેની કર્કશા સ્ત્રી ક્ષુધાતુર સિંહણની માફક ગર્જવા લાગી. રાધાનાથે તેને સમાધાન-સૂચક ઘણાં વચનો કહ્યા પરંતુ તેનો ક્રોધાગ્નિ શાંત પડયો નહિ. તેણે અત્યંત ક્રોધપૂર્વક કહ્યુ કે: "સાપને દૂધ શા માટે પાઓ છો ? તમારૂં દૂધ પી મોટો થયા પછી એ તમને જ ડસ દેશે. રમાનાથ દેખીતા અમૃત પરંતુ અંતર ઝેરી પ્રકૃતિનો છે તથા તેની પત્ની પણ ઘણી ચાલાક છે. હમણા તે ઘણું અભિમાન કરે છે તો પછી જ્યારે રમાનાથ વકિલ થશે ત્યારે તો તે પૃથ્વી ઉપર પણ પગ નહિ મૂકે! મને તથા તમને આ ગૃહમાંથી હાંકી કાઢશે. કમાતાં કમાતાં વૃદ્ધાવસ્થા પણ આવી પહોંચી, તો એ તમે કમાએલા બધા રૂપિયા રમાનાથને ભણાવ્યા સિવાય બીજે ક્યાં ગયા ? મ્હારી પાસે સમ ખાવાને એક રાતી પાઇ પણ નથી !"

પત્નીનાં આ વાક્યોથી રાધાનાથના મનમાં ઘણી લાગણી થઇ આવી. તેણે વિચાર્યું કે "**મૂર્ખ સ્ત્રીને સકળ સંપત્તિની વ્યવસ્થા સોંપી દઈ પુરૂષે તેને સ્વાધીન થઇ રહેવું એ પણ એક પ્રકારની મૂર્ખતા જ છે.** ગમે તેમ હોય પણ રૂપિયા વિના ચાલી શકે તેમ છે ? શું કરવું તે સમજાતું નથી. કોઇની પાસેથી ઉછીના લેતાં શરમ આવે છે અદ્યાપિ પર્યંત મ્હેં કોઇની પાસેથી એક પાઇની વસ્તુ પણ ઉધાર લીધી નથી, તો પછી હું કેવી રીતે કોઇની નિકટ જઇને લાઓ હાથ કરી શકું ?"

છેવટે અનેક પ્રકારના વિચારો કરી રહ્યા પશ્ચાત્ રાધાનાથે પોતાની પાડોસમાં રહેતા પ્રાણનાથ દ્વિવેદી પાસે પચાસ રૂપિયા

ઉછીના માગ્યા. આ પ્રાણનાથ ઘણો જ મિષ્ટભાષી હતો. પરંતુ તેનું મન કાંઇ વિચિત્રજ પ્રકારનું હતું. કોઇને પણ એક પાઇ સરખી ઉછીની ન આપવી એવી તેણે પોતાના મન સાથે દૃઢ પ્રતિજ્ઞા કરી હતી. જ્યારે રાધાનાથે તેની પાસે રૂપિયાની માગણી કરી ત્યારે તેણે પોતાના બે હાથ જોડી કહી દીધું કે: "જૂઓ શાસ્ત્રીજી! પૈસા વિના સર્વ પ્રકારે હું તમને સહાય કરવા તૈયાર છું તમે કયાં નથી જાણતા કે, 'आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत्' આમ છતા જો તમે એક સરત કબૂલ રાખો તો હું તમને રૂપિયા આપી શકુ.?"

"શું સરત?" રાધાનાથે પ્રશ્ન કર્યો.

"જો આપ મને પચાસ રૂપિયા ઉપર મહિને એક રૂપિયો બ્યાજ આપો તો હુ તમારા કહેવા પ્રમાણે રકમ આપવા તૈયાર છું. હમેશાં સ્વાર્થ પાછળજ પરમાર્થ હોય છે."

છેવટે નિરૂપાયે રાધાનાથે પ્રાણનાથની સરતનો સ્વીકાર કર્યો. **ઉછીના પૈસા માગવા એના જેવું લજ્જાપૂર્ણ એક પણ કામ નથી. પ્રભુ!** એવો પ્રસગ કોઇને પણ ન બતાવે.

'श्रेयांसि बहुविघ्नानि' પ્રાણનાથે રાધાનાથને જે ઉછીના રૂપિયા આપ્યા તે વાત એ પોતાની પત્નીથી છુપાવી શકયો નહિ. અને તેથી કરીને સ્ત્રીસ્વભાવાનુસાર પ્રાણનાથની પત્નીએ એ વાત પોતાની બેચાર સખીઓને પણ કહી. પરિણામ એ આવ્યું કે અંતે રાધાનાથની પત્ની સુધી આ ગુપ્ત કથા જઇ પહોંચી. ત્રીજે જ દિવસે રાધાનાથને તેનો માસિક પગાર પ્રાપ્ત થવાનો હતો. તેને માસિક જે સાઠ રૂપિયા પગાર પ્રાપ્ત થતો હતો તે પ્રાપ્ત થતાંની સાથેજ પોતાની શ્રીમતીના કરકમળમાં અર્પણ કરી દેતો હતો; અને તેની શ્રીમતીજ સર્વેનો હિસાબ ચુકવતી હતી.

૩

આજે બીજી તારીખ છે. રાધાનાથ પ્રાણનાથ દ્વિવેદીને તેના લ્હેણા રૂપિયા આપી સ્ટાપ લઇ આવ્યા. બાકી રહેલા નવ રૂપિયા તેણે પોતાની શ્રીમતીને આપ્યા. શ્રીમતીએ પોતાના હાથમા ફક્ત નવજ રૂપિયા આવતાં પ્રશ્ન કર્યો: "બાકીના એકાવન રૂપિયા કયા છે ?' આ પ્રશ્ન કરતી વખતે તેનો સ્વર કોઇ મહાવિદ્યાલયની મહેતીજીના જેવો હતો. રાધાનાથ સરળ સ્વભાવનો મનુષ્ય હતો, તથા અસત્ય કથા તે કદાપિ પોતાના મુખમાથી બહાર પાડતો નહિ; વળી પોતાની સહધર્મિણીને નારાજ કરવાની પણ તેને ઇચ્છા નહોતી આથી કરીને તેણે સત્ય વાત પત્નીને નિવેદન કરી દીધી. શ્રીમતીએ રૂષ્ટ થઇ જઈ કહ્યુ· " હું તો પ્રથમથીજ જાણતી હતી કે, આ રમાનાથ અભ્યાસ કરી કરીને મ્હારા સર્વસ્વનો નાશ કરી નાખશે."

રાધાનાથે પોતાની પત્નીને શાત કરવા અનેક યત્નો કર્યા પરતુ તેની પત્નીના હૃદયમાં તેનો એકેએક સાત્વતાનો શબ્દ ક્રોધાગ્નિમાં ઘૃતનુજ કામ કરતો હતો. છેવટે રાધાનાથે કહ્યુ: "લે ત્યારે હું જાઉં છુ. મ્હારા ગયા પછી તું કોના ઉપર ક્રોધ કરીશ ?"

જ્યારે રાધાનાથ ઉપર્યુક્ત વચનો ઉચ્ચારી ચાલ્યો ગયો ત્યારે શ્રીમતીની કુદૃષ્ટિ તેની દેરાણી સરલાદેવી પ્રતિ ગઈ. તેણે સરલાને વાગ્બાણોથી વીંધી નાંખવા માડી કે એટલામા રમાનાથ પણ આવી પહોચ્યો; પરંતુ ધન્ય છે રમાનાથને કે, તેણે પોતાના મુખમાંથી ભાભીને એક પણ કઠોર શબ્દ કહ્યો નહિ; ઉલટું પોતાની ભાર્યાને શાંત થઇ જવાનું સૂચવી તે પોતાના વડિલ બધુ પાસે દિવાનખાનામાં જઇને બેઠો. રમાનાથ પોતાના વડિલ ભ્રાતાને ચિતાતુર જોઇ પોતાના મનમાં ઘણો દુઃખિત થયો. તેનાં નેત્રોમાં જળ ભરાઇ આવ્યુ. અશ્રુજળને છુપાવવાને માટે તે અલ્પ સમય સુધી તો પુસ્તકને

પોતાના મ્હોં આગળ ધરી રહ્યો, પરંતુ તેવી અવસ્થામાં તેનાથી નહિ બેસી શકાવાથી તે પુનઃ ઉઠીને બહાર ચાલ્યો ગયો. રાધાનાથની પત્નીએ આજે ગૃહમાં આહારાદિની કાંઇ પણ વ્યવસ્થા થવા દીધી નહિ. રાત્રે સકળ જન નિરાહાર વ્રત કરીને શયન કરી ગયાં. ગૃહસ્વામિનીએ પણ આજે કાંઇ આહાર કર્યો નહિ.

બીજે દિવસે પ્રાતઃકાળે રમાનાથ પોતાના લૉ ક્લાસ (કાયદાના વર્ગ) મા જઇને બેઠો હતો. તે દિવસે તેનું મુખ ચિંતાતુર જોઇ તેના એક મિત્રે તેને પ્રશ્ન કર્યોઃ "કેમ રમાનાથ! આજે તમારા ચ્હેરા ઉપર ઉદાસી જણાય છે? મુખ હૃદયના આરસા જેવું થઇ રહ્યું છે. આજે શુ પ્રકાર બન્યો છે તે કહે તો ખરો?"

રમાનાથે પોતાનો મનોગત ભાવ છૂપાવતા કહ્યુંઃ "કાઇ નથી. સુસ્તીને લીધે કદાચ એવો ભાસ થતો હશે."

"ના, ના, એમ તો કાંઈ નથી પરતુ ત્હારે ત્હારો મનોગત હેતુ ગુપ્ત રાખવો હોય તો ભલે જેવી ત્હારી ઇચ્છા." આમ કહી તેનો મિત્ર શાત થઈ ગયો.

રમાનાથનો સ્વભાવ એવો તો માયાળુ હતો કે જેથી તેના ઉપર તેના વર્ગના સકળ વિદ્યાર્થીઓની અપૂર્વ માયા તેમજ મમતા હતી; વળી આમ હોવાનુ બીજું પણ એક કારણ એ હતું કે, રમાનાથ અધ્યયન કરવામાં પણ ઘણોજ નિપુણ હોવાથી જો કોઇ વિદ્યાર્થીને કાઇ સમજ ન પડતી તો તે રમાનાથ પાસે એ બાબતનો ખુલાસો મેળવતો. આ સકળ વિદ્યાર્થીઓ પૈકી એક વકિલનો પુત્ર શ્યામસુદર, રમાનાથ ઉપર સર્વેના કરતાં વિશેષ હેત–પ્રેમ રાખતો હતો. રમાનાથની પણ શ્યામસુંદર પ્રતિ એવા જ પ્રકારની, સ્નેહપૂર્ણ તેમજ મમતાપૂર્ણ લાગણી હતી. બે ત્રણ વર્ષથી સાથેજ અભ્યાસ કરતા હોવાથી તેમના વચ્ચે જે નૈસર્ગિક પ્રેમ ઉત્પન્ન થયો હતો તે અપૂર્વ

હતો. ઉભય એક બીજાને પોતાની ગુપ્તમાં ગુપ્ત વાત કહેવાને સહજ પણ સંકોચાતા નહિ. આજે સ્યામસુંદરે રમાનાથનું ચિંતાતુર મુખ જોઇ તેના મુખેથી બનેલી સકળ ઘટના જાણી લીધી અને ત્યાર પછી તેણે સ્વગૃહે જઇને પોતાના ખાનગી ખર્ચ માટે એકઠા કરેલા રૂપિયામાંથી એકાવન રૂપિયા લાવીને રમાનાથને ઘણા જ આગ્રહપૂર્વક આપ્યા.

૪

પત્નીના ક્રોધનો ભોગ થઈ પડેલો રાધાનાથ પોતાના દિવાનખાનામાં મ્લાનવદને બેઠો હતો. રમાનાથે વડિલ બંધુ આગળ ઉપસ્થિત થઇ બંધુને પ્રણામ કરી તેના ચરણોમાં એકાવન રૂપિયા મૂકી નમ્રતાથી સકળ હકીકત નિવેદન કરી. કનિષ્ઠ બંધુની હકીકત શ્રવણ કરતાં કરતાં તેના નેત્રોમાં પ્રેમાશ્રુ ભરાઇ આવ્યા. રમાનાથનો પણ કંઠ રૂદ્ધ થઈ ગયો. અહા! કેવો આદર્શમય ભ્રાતૃસ્નેહ!

અલ્પ સમય સુધી શાંતતાથી પ્રેમાશ્રુઓને વહન થવા દીધા પછી રાધાનાથે પ્રેમદર્શક સ્વરે પોતાના બંધુને કહ્યું: "રમાનાથ! આ રૂપિયા તું જાતેજ જઇને ત્હારી ભાભીને આપી આવ. ત્હારા ભાગ્યથી ગૃહમાં શાંતિ થશે. તને આવો નિઃસ્વાર્થી સ્નેહી મળ્યો છે એ ત્હારે માટે ઘણા સૌભાગ્યની વાત છે. વળી ભાઇ રમાનાથ! વિશેષમાં આ એક વાત યાદ રાખજે કે, **આપણા દેશની સ્ત્રીઓ સુશિક્ષાના અભાવને લીધે ઘણીજ સંકુચિત વૃત્તિઓવાળી થઇ ગઇ છે, માટે એમની કથા પ્રતિ કદાપિ લક્ષ આપવું નહિ.**"

રમાનાથની ભાભી રૂપિયા પ્રાપ્ત થવાથી ઘણી ખુશી થઇ. પુનઃ ઘણા દિવસ સુધી તેના ક્રોધાગ્નિને સળગી ઉઠવાનો અવસર મળ્યો નહિ. રમાનાથ ખાનગી ભણાવવાનું રાખીને તેમાંથી પોતાની ફી ભરી

દઇ વધારાના પચીસ રૂપિયા દર માસે તે પોતાની ભાભીને આપતો રહ્યો. આથી કરીને તે રમાનાથ ઉપર હવે ઘણીજ સંતુષ્ટ રહેતી હતી.

૫

દિવસોને વીતી જતાં વિલંબ લાગતો નથી. થોડાજ સમય ઉપર રમાનાથ બી. એૅસ. સી. પાસ કરીને કાયદાનો અભ્યાસ કરતો હતો. અને હમણા તેને એૅલ. એૅલ. બી. પાસ થઇ ગયાને લગભગ એક વર્ષ થઇ ગયુ છે. હવે તેને માસિક સો દોઢસો રૂપિયાની આવક પણ થવા લાગી. જે જે વાદી પ્રતિવાદીઓ એક વખત રમાનાથની પાસે આવતા તે તેના કાયદાની યોગ્યતા, બુદ્ધિની તીવ્રતા, સદ્વ્યવહાર તથા મિષ્ટ ભાષાથી એવા તો સંતુષ્ટ થઇ જતા કે, તેઓ રમાનાથનેજ પોતાનો વકિલ કરતા હતા. કોઇ કોઇ વાદી પ્રતિવાદી નવીન વકિલ જાણી કદાચ મોટો કેસ તેને આપવાને ચહાતા નહિ. તોપણ બીજાની સાથે એને પણ વકિલ તરિકે નીમ્યા સિવાય રહેતા નહિ. એક પ્રખ્યાત વકિલ પોતાની વૃદ્ધાવસ્થા હોવાને લીધે અધિક શ્રમ કરી શકતો નહોતો. તેણે રમાનાથની યોગ્યતા સમજી જઇ પોતાના નાના નાના કેસ તેને સોપવા માંડયા તથા તે સાથે પોતાનાં અતિ કિમતી કાયદાના પુસ્તકોને તથા કાયદાના રિપોર્ટોને ઉપયોગમાં લેવાની પણ તેને રજા આપી. આ સહાયતાથી રમાનાથની વકિલાત ઘણી ત્વરાથી માન પામવા લાગી. અલ્પ સમયમાં જ તે માસિક ત્રણસે રૂપિયા કરતાં પણ વધારે રકમ પેદા કરવા લાગ્યો. અનેક જનની એવી ધારણા હતી કે દિનપ્રતિદિન તેની આવક વધતી જ જશે. તેનામાં એક મુખ્ય પ્રશસનીય ગુણ એ હતો કે, તે જેનો કેસ લેતો તેની સકળ હકીકત ધ્યાનપૂર્વક શ્રવણ કરીને તથા સાક્ષિ વગેરેની હકીકત ઉપર પૂર્ણ વિચાર કરીને સર્વે આવશ્યક કાગળોનો બદોબસ્ત કરી તે પોતાની પાસે જ રાખતો. તથા યથાસમય તેને

જોઇને તે ઘણીજ ચાલાકીથી કેસ ચલાવતો હતો. જો કોઇ ગરીબ મનુષ્ય તેને વકિલ કરવા આવતો તો તે તેની વકીલાત વગર ફીએ કરતો હતો. ફોજદારી કેસો ચલાવવામા પણ તે પ્રશંસા પામ્યો હતો. ધીમે ધીમે તેણે ફોજદારી કેસોમાં એટલી બધી નિપુણતા દર્શાવી કે, સેશન્સના મોટા મોટા કેસો તેની પાસે આવવા લાગ્યા. એક આરોપીને તેણે ફોજદારી કેસમાંથી મુક્ત કરાવ્યો તે બદલ તેને પોતાની ફીની રકમ ઉપરાંત પુરસ્કાર તરિકે રૂપિયા પાંચ હજાર પ્રાપ્ત થયા તે પોતે જે કાંઇ રૂપિયા પેદા કરતો હતો તે સઘળા તે પોતાની ભાભીને જ સોંપતો હતો. તેનો ભાઇ તો સાધુ પ્રકૃતિનો હતો. તેણે તો પોતાની જીંદગીભરમાં અર્થ જેવી ચીજ પોતાની પાસે જ રાખી નહોતી રમાનાથે પોતાને પુરસ્કારમાં પ્રાપ્ત થએલી પાંચ હજાર રૂપિયાની ગિનીઓ પૂજ્ય જ્યેષ્ઠ ભ્રાતા, જે પ્રાતઃકાળની પૂજા કરી ઉઠયા હતા તેના ચરણ સમીપ મૂકી, હાથ જોડી નિવેદન કર્યું કે: " હુ આપને એક વર્ષથી નિવેદન કરી રહ્યો છુ કે, હવે આપને મહાવિદ્યાલયની નોકરી કરવાની કાંઇ આવશ્યક્તા નથી. છતાં આપ "મ્હારી શારીરિક સ્થિતિ સારી છે, તથા મહાવિદ્યાલયની નોકરી કરવામાં મને કાંઇ કષ્ટ પડતું નથી' એમ કહીને મ્હારી વાત ઉપર ધ્યાન આપતા નથી; પરંતુ આપના ખર્ચ ખુટણ માટે હુ આ રકમ આપના નામ ઉપર આજથી કોઇ બેંકમાં જમા કરાવી દઉં છુ. આ રકમના વ્યાજમાંથી આપ આપનું ખર્ચ ખુટણ જીવનપર્યંત ચલાવી શકશો. હવે આપની દૃષ્ટિશક્તિ પણ મંદ પડી ગઇ છે. વળી હવે હું આપની સેવાચાકરી કરવા જેવી સ્થિતિમાં હોવા છતા અને ઇશ્વરે મને તેમ કરવાનો પ્રસંગ અર્પણ કરેલો હોવા છતાં આપને કષ્ટ વેઠતા જોઉં એ અયોગ્ય છે."

ઘણા સમય સુધી વાદવિવાદ ચાલ્યા પછી રાધાનાથે મહા-

વિદ્યાલયની નોકરીનો ત્યાગ કરવાનુ સ્વીકાર્યું; પરંતુ જ્યારે તેની પત્નીએ પતિની નોકરી ત્યાગ કરવા સંબંધીની ખબર જાણી ત્યારે તે ઘણીજ ઉદાસ બની ગઇ. તે પોતાના મનમાં વિચાર કરવા લાગી કે: "હજી સુધી પતિ નોકરી કરી શકવાને સમર્થ છે. તોપછી ગૃહમાં હાથે કરીને શા માટે સાઠ રૂપયાનું નુકશાન કરવું? વળી જો આ પ્રકાર લોકોના જાણવામાં આવશે તો તેઓ સકળ એમજ વાતો કરવાનાં કે, જે દિયરને કાયદાનો અભ્યાસ કરાવવાને માટે ફક્ત પચાસ રૂપિયા જેવી નજીવી રકમ આપવા બદલમાં ભાભીએ કલહ કર્યો હતો, તેજ ભાભી પોતાના ધણી સાથે આજે દિયરની કમાઇ ઉપર પોતાના દિવસો નિર્ગમન કરે છે."

યથાસમયે રાધાનાથે જ્યારે પોતાનો નિશ્ચય પત્નીને નિવેદન કર્યો ત્યારે તે બોલી: "આપ નોકરીનો ત્યાગ કરવાનુ સૂચવો છો, પરંતુ મને તે યોગ્ય જણાતું નથી. આપણા કુટુંબનો ભાર આપણાજ ઉપર છે; વળી હાલ કમળાકાન્તની ઉમર ૭ વર્ષની છે તથા વિમળાની અવસ્થા દશ વર્ષની છે. થોડા સમય પશ્ચાત્ તેમના વિવાહપ્રસંગે ઘણું ખર્ચ કરવું પડશે......."

એકાએક રમાનાથ આજ સમયે ત્યાં આગળ આવી પહોંચ્યો. ભાભીનુ આતમ વાકય તેને કાને પડયું હતું તેથી તેણે ગભીરતાપૂર્વક કહ્યું: "ભાભી! એ બન્નેને માટે તમે લેશ માત્ર પણ ચિંતા કરશો નહિ. આજ સુધીમાં હું જેટલા રૂપિયા કમાયો છું, તેમાંથી જે કાઇ તમારી પાસે છે તે સકળ દ્રવ્ય તમારી વૃદ્ધાવસ્થા સુધીના ખર્ચ માટે તમારી પાસે રાખો. વળી હવેથી મ્હારી જે આવક આવશે તે આવકમાંથી એક વર્ષ સુધી દરમાસે સવાસો રૂપિયા વિમળાના વિવાહ માટે બેંકમાં જમા કરાવતો રહીશ. તમે મ્હારી વાત ઉપર વિશ્વાસ રાખી મ્હારા વડિલ ભ્રાતાને નોકરીથી મુક્ત થવાની રજા આપો."

રમાનાથનું આ સ્વાર્થત્યાગસૂચક કથન શ્રવણ કરી તેની ભાભી લજ્જિત થઈ તથા અસત્ય હાસ્ય કરી કહેવા લાગીઃ "હવે જ્યારે તમે સર્વે લાયક થઇ ગયા છો તોપછી હવે હું કહેવા સાંભળવાવાળી કોણ છુ? તમારી વાતનો હું તેમજ એ કાંઇ ઓછાંજ અસ્વીકાર કરી શકીએ એમ છીએ. અમને તો હવે ફક્ત બબ્બે રોટલી મળી રહેશે તોપણ સંતોષ થશે. હવે ગૃહસ્થાશ્રમનો સકળ ભાર તમારી ઉપરજ રહેલો છે."

છેવટે રમાનાથના કહેવા પ્રમાણે તેના વડિલ ભ્રાતા રાધાનાથે નોકરીનો ત્યાગ કરી દીધો. સત્તાવિસ વર્ષ સુધી નોકરી કરવાના કારણને લીધે તેને માસિક પચીસ રૂપિયા સુધીનું પેન્શન પણ થઇ ગયુ હતું, પરંતુ તેને હવે પેન્શન લેવાની આવશ્યકતા નહિ રહેલી હોવાને લીધે તેણે પાંચ પાંચ રૂપિયા માસિકની પાચ શિષ્યવૃત્તિઓ નિયત કરીને જેની બીજી ભાષા સંસ્કૃત હોય એવા પાચ ગરીબ વિદ્યાર્થીઓને આપવાનો નિયમ કર્યો.

રમાનાથની સ્ત્રી સુશિક્ષિતા તેમજ સુશીલા હતી. પતિપત્ની ઉભય ઉત્તમ સ્વભાવનાં હોય એવો યોગ ભાગ્યેજ બની આવે છે. રમાનાથે જ્યારથી વકિલાત કરવા માડી ત્યારથી વકિલાતની સઘળી આવક તેણે પોતાની ભાભીને આપી દેવા માડી તોપણ તેની સુશીલા પત્નીએ તે માટે કોઈ પણ દિવસ હરકત ઉઠાવી નહિ, યા તો પતિના ઉપર ક્રોધ કર્યો નહિ. જ્યારે કોઇ આડોસપાડોસમા રહેતી દ્વેષી સ્વભાવવાળી સ્ત્રી તેને કહેતી કે તું આ ગૃહમાં દાસીની માફક શા માટે કામ કરે છે? ત્હારો ધણી પણ કેવો વિચિત્ર છે કે તે કમાઇ કમાઇને બધુ ભાભીનેજ આપે છે! ત્યારે રમાનાથની ગૃહલક્ષ્મી સરલાદેવી આ વાત ઉપર ઘણુંજ હસતી તેથી પુનઃ તેને કોઇ કાંઇ પણ કહેતું નહિ. જ્યારે કોઇ સ્ત્રી સરલાદેવી પાસેથી પ્રત્યુત્તર મેળવ-

વાને ઉત્સુક હોય ત્યારે સરલાદેવી એવો ઉત્તર આપતી કે: " જેઠાણીનો **સ્વભાવ સહજ કડવો હોય તેથી શું અમારે તેમના ઉપકારોને ભૂલી જવા ?** મ્હારા સ્વામી ભાઈ તથા ભાભીને લીધે જ આટલી યોગ્યતા પ્રાપ્ત કરી શક્યા છે. તેમની માતા તો તેમને ફક્ત ત્રણ વર્ષની વયના મૂકી પરલોકવાસ કરી ગયાં હતા. મ્હારાં જેઠાણીજીએજ બાલ્યાવસ્થાથી તે અત્યાર સુધી તેમનુ પ્રતિપાલન કર્યું છે; અને હજુ પણ તેમના ઉપર ઘણો પ્રેમ રાખે છે. સહજ માથું દુ:ખવા આવતા તેઓ પોતાના હાથે તેમનુ માથુ દબાવે છે. ગૃહનું કામકાજ કરવામાં તેઓ મને પોતાનાથી બનતી મદદ કરે છે. સમગ્ર ગૃહનો ભાર તેમણે પોતાના ઉપર ઉઠાવી લીધો છે. વળી મ્હારા સ્વામી વકિલ બન્યા છે તે પણ તેમના વડિલ ભ્રાતાએ કરેલી સાહાય્યનુજ પરિણામ છે. જો તેમણે અતિશય દ્રવ્યનો વ્યય કરી તેમને ભણાવ્યા નહોત તો તેઓ અત્યારે ક્યાથી આટલી પ્રાપ્તિ કરી શકત ? આથી કરીને અમારી બન્નેની ફરજ છે કે અમારાથી બની શકે તેટલી અમારે તેમની તાબેદારી ઉઠાવવી. "

એકાદ વખત આવી બુદ્ધિમત્તાનાં વચનો શ્રવણ કરવાનુ સૌભાગ્ય રમાનાથને પણ પ્રાપ્ત થયું. તે પોતાની પ્રાણપ્રિયાની બુદ્ધિ જોઇ મુગ્ધ બની ગયો તથા પોતાના ભાગ્યને ધન્યવાદ આપવા લાગ્યો. બે ચાર વખત સરલાદેવીનાં આ વચનો તેની જેઠાણીના સાંભળવામા પણ આવ્યાં હતા. વાસ્તવિક રીતે રમાનાથ તથા સરલા દેવી પોતાનાં માતા પિતાની સમાન પોતાનાં વડિલોની અત્યંત પ્રેમથી સેવા શુશ્રૂષા કરતાં હતાં. **જે ગૃહોમાં વૃદ્ધ પુરૂષોની આવી રીતે સેવા શુશ્રૂષા થાય છે એ ગૃહોને ધન્ય છે !**

પ્રભુ ! આવો આજ્ઞાધીન બધુ સર્વેને આપે એવી પ્રાર્થના સાથે આ વાર્તા પૂર્ણ કરવામા આવે છે.

૧૦

નિર્ભાગી નિર્મળા.

૧

પિતાએ ક્રોધદર્શક સ્વરે રક્તનેત્ર કરી કહ્યું: "જ્યારે અમારાં વચનો ત્હારાથી સહન કરી શકાતાં નથી ત્યારે તો તું આમારા ગૃહમાંથી ચાલ્યો જા. ત્હારો આવો મિજાજ અમારાથી સાંખી શકાશે નહિ."

માતા પાસેજ ઉભી હતી. તે પોતાના પતિની વાતમાં વાત મેળવી બોલી ઉઠી: "આપણા ગૃહમા અદ્યાપિ પર્યંત આવી વહુ કદાપિ આવી નહોતી. આવતાંની સાથેજ તેણે આપણા પુત્રના કાનમા કોણ જાણે કેવોએ મત્ર મૂકી દીધો છે કે, જેથી કરીને તે રાત્રિ દિવસ પોતાની વહુના કહ્યા પ્રમાણેજ કર્યા કરે છે. જે છોકરાના મ્હોંમાંથી આપણી આગળ પૂર્વે એક અક્ષર પણ નહોતો નીકળી શકતો, તેજ છોકરો આજે પોતાની પત્નીનો પક્ષ લઇ આપણી સાથે લડવાને તૈયાર થયો છે! કેમ ન થાય? ભયકર કળિયુગ આવ્યો છે ને?!"

માતાપિતાના વચનો શ્રવણ કરી મસ્તક નીચું નમાવી શશિકાંત ત્યાંથી ચાલ્યો ગયો. તે ત્યાંથી ચાલ્યો ગયો તેનુ કારણ એ હતું કે, તેણે એમ વિચાર્યું કે: "જો હવે આ સ્થળે વિશેષ, સમય ઉભો રહીશ તો માતા પિતા હજીએ કોણ જાણે કેવાંએ કઠોર વચનો કહેશે; તથા યદા કદાચિત્ જો એ વચનો બીમાર સ્ત્રીના કાન ઉપર પડશે તો તેને વિશેષ કષ્ટ થશે."

પોતાના ગૃહમાં જઇને શશિકાંતે જોયું તો નિર્મળા બિછાના ઉપરથી ઉઠી દ્વારની પાસે બેસી બહાર દૃષ્ટિ કરી રહી હતી. તેનાં

નેત્રામાં અશ્રુજળ ભરાઇ આવ્યું હતું. સ્વામીના ચરણોનો અવાજ શ્રવણ કરી નિર્મળાએ તે દિશા પ્રત્યેથી પોતાનું મુખ ફેરવી લીધું. શશિકાંતે કહ્યું: " નિર્મળા ! શય્યાનો ત્યાગ કરી દ્વાર નિકટ કેમ બેઠી છે ? ત્યાં બેસવાથી ત્હારા શરીરને ઠંડી લાગશે."

મહા મુશિબતે હૃદયાવેગને છુપાવી પોતાનાં નેત્રો તેમજ મુખ ઉપર બળાત્કારે હાસ્યનો બનતો દેખાવ લાવીને નિર્મળાએ કહ્યું: " હવે હું પ્રથમના જેટલી બીમાર નથી. રાત્રિ દિવસ શય્યા ઉપર પડી રહેવાથી મ્હારો જીવ કંટાળી જાય છે. આથી કરીને સહજ શાંતિ પ્રાપ્ત કરવા માટે અહિં આવીને બેઠી છું."

મુખ એ હૃદયનો આરસો છે. તેના ઉપરથી હૃદયના ભાવ ગમે તેટલા છુપાવ્યા છતાં પણ છુપાઇ શકતા નથી. શશિકાંત પત્નીના મુખને જોઇને–તેના મુખ ઉપર પ્રતિબિંબિત થએલા ભાવને જોઇને તેનું અંતર સમજી ગયા સિવાય રહ્યો નહિ. તેને ખાત્રી થઇ ગઇ કે નિર્મળાએ માતાપિતાનાં કઠોર વચનો સાંભળ્યાં છે. એક દીર્ઘ શ્વાસ નાખીને તેણે કહ્યું " શું ડૉક્ટરે કહ્યું છે, તે ત્હારી ધ્યાન બહાર ગયું કે ?"

નિર્મળાએ હાસ્ય કરી કહ્યું: " ડૉક્ટરોની સઘળી વાતો માન્ય કરવી જોઇએ નહિ. એ લોકો રોગ થોડો હોય તોપણ વધારે સૂચવે છે; ઘરમા ને ઘરમાંજ એવા નિયમો કેવી રીતે પાળી શકાય ?"

આવા સમયે પણ નિર્મળાના મુખ ઉપર હાસ્યની રેખાઓ જોઇને શશિકાંતનું હૃદય ટુકડે ટુકડા થઇ ગયું. તે સમજી ગયો કે પત્નીનું હાસ્ય પોતાને ભૂલાવવાને માટે છે. એકાએક તેના મુખમાંથી એક અક્ષર સુદ્ધાં નીકળી શક્યો નહિ. અનિમેષ નયને તે નિર્મળાના વદનમંડળ પ્રતિ જોઇ રહ્યો.

સ્વામીના હૃદયના ભાવને જાણી જવાથી નિર્મળાને પણ દુઃખ

થયું. એક ભયંકર વટોળિયાના સપાટાથી જેવી રીતે ઘનઘોર ઘટા છિન્નભિન્ન થઈ જાય છે તેવીજ રીતે પતિના હૃદયના અંધકારને દૂર કરવાને માટે તેણે મંદ હાસ્ય કરી કહ્યું: "શું વિચાર કરો છો? શું હું મરી જઇશ?"

નિર્મળાએ જે પ્રશ્ન કર્યો તે સંબંધીજ શશિકાત વિચાર ચલાવી રહ્યો હતો. રોગને લીધે નિર્મળાની એવી દશા થઇ હતી કે જે દશાને જોઇને પથ્થર જેવું હૃદય પણ દ્રવીભૂત થઈ એક વખત પોતાના મુખમાથી 'હાય' નો ઉચ્ચાર કરી પોતાની સહાનુભૂતિ પ્રકટ કર્યા સિવાય રહે નહિ. બિચારી નિર્મળાનો પ્રાણ કાચા સૂતરને તાતણે બધાઈ રહ્યો હતો—'તે વાયુના વહનથી છિન્નભિન્ન થઇ જશે. એક વિકસિત થએલુ ગુલાબનું પુષ્પ આંગળીવડે સહજમા ચુટાઇ જાય છે તેમ નિર્મળા પણ કાળની સહજ આંગળીના આઘાતથી પોતે પ્રાણ વિનાની થઈ જશે.' વળી ડૉકટરે પણ કહ્યુ છે કે: "રોગીની દશા અધિક ખરાબ થઇ ગઇ છે. આવી દશામાં અન્ય કોઇ સ્થળે હવાફેર માટે ગયા સિવાય પ્રાણનું સંરક્ષણ થવું એ અસંભવિત છે. અહિં આગળ જો વિશેષ સમય રહેશો તો તેને ક્ષય રોગ થતાં વિલંબ થશે નહિ."

જ્યારથી શશિકાતે ડૉકટરના એ વચનો શ્રવણ કર્યા છે ત્યારથી કોણ જાણે કે શાથી તે જ્યારે પત્નીના પ્રતિ જુએ છે ત્યારે તે આકુળ વ્યાકુળ બની જાય છે. આજ નિર્મળા વિવાહની રાત્રે બ્રહ્માની સૃષ્ટિના એક સુદર નમૂના સ્વરૂપ હતી! અરેરે! કમનશીબ વિધવાની તે એકની એકજ કન્યા છે. સ્વામી તથા ચાર પાચ પુત્ર પુત્રીઓના પરલોકે પહોંચી જવાથી તેની દુઃખિની માતાએ અત્યંત દુઃખથી પોતાનો પ્રાણ ધારણ કરી રાખ્યો હતો. લગ્નને બીજે દિવસે જ્યારે કન્યાને વિદાય કરવાનો સમય આવ્યો ત્યારે નિર્મળાની માતાએ

મહા દુઃખપૂર્વક જે વચનો કહ્યાં હતાં તે શશિકાંતને આ સમયે યાદ આવ્યાં. તેણે કહ્યું હતું કેઃ " સર્વે સ્વજનોને તો મ્હેં યમના હાથમાં સોંપી દીધા, પરંતુ હવે નિરાધારના આધાર સ્વરૂપ આ એક કન્યા છે તે હું તમને સોંપી દેઉં છું. એ મ્હારી આંખોની કીકી, હૃદયનું, લોહી, શ્વાસમા વાયુ તથા કંઠમા અલંકાર સમાન છે માટે અભાગિની સાસુ ઉપર કૃપા કરી તેની **નિર્ભાગી નિર્મળાનું** પ્રેમ-પૂર્વક પ્રતિપાલન કરજો."

આ જ નિર્મળા જ્યારે માતાનો ત્યાગ કરી જાય તો ? આ વિચાર આવતાંજ શશિકાતનું રોમેરોમ કંપી ઉઠયુ. છેવટે તેણે એક પણ ઉપાય નહિ શોધી શકવાથી પત્નીને પોતાની સાથે હવા ફેર કરવા માટે લઇ જવાની પિતા પાસે સંમતિ માગી. પુત્રની સંમતિને શ્રવણ કરી પિતાએ મહા ઉદાસી સાથે કહ્યુ: " શુ તને મ્હારી પાસે હમણાં પુષ્કળ પૈસા હોય એમ જણાય છે કે તું મ્હારી પાસે એ માટે સંમતિ માગે છે ? "

માતાએ કહ્યુઃ " રોગ થયો છે તો મટી જશે. તેને માટે આવી રીતે આકાશ પાતાળને એક કરી નાખવાની શુ જરૂર ? શુ અમે પણ કોઇ સમયે બીમાર નથી થતાં ? અમને તો કદિએ હવા ફેર કરવાને જવુ પડતું નથી ! "

સ્નેહમયી માતા તેમજ પિતાના મુખથી આવા સ્નેહહીન વચનો શ્રવણે પડતાજ શશિકાતના હૃદય ઉપર દુ ખનો સખ્ત આઘાત થયો માતાપિતા પાસેથી સંમતિ મળવા સંબંધી નિરાશા ઉત્પન્ન થતાજ તેની બંને આંખો જલપૂર્ણ થઇ ગઇ. તે પોતાની સ્નેહમયી પત્ની પાસે ગયો. નિર્મળાએ પતિને પાસે આવેલા જોઇ તેમનાં નેત્રોના આંસુ સાફ કરતાં કરતાં પ્રશ્ન કર્યોઃ "આમ રૂદન શા માટે કરો છો?"

" નિર્મળા–"

"કેમ! શું હું મરી જઇશ એમ તમે ધારો છો? નહિ નહિ એવું ધારશો નહિ. જુઓ હવે તો મ્હારી પ્રકૃતિ સુધરતી જાય છે. આ પ્રાણ સહજમા ચાલ્યો જાય એમ નથી. તમે નિડર રહો."

સ્વામીનાં નેત્રોમાં આંસુ જોઇને નિર્મળાની છાતી ફાટી જતી હતી; છતા તે પોતાના અધીર મનને તોફાની ઘોડા પ્રમાણે મહા મહેનતથી રોકીને સ્વામીને સમજાવવાનો યત્ન કરવા લાગી. સ્વામીને શાંત રહેલા જોઇ તેણે પ્રશ્ન કર્યો:–" હવે હું ઘણીજ સારી થતી જાઉ છું. તમને અત્યારે જે નિર્બળતા જણાય છે તે ખાનપાન શરૂ કર્યાથી દૂર થઇ જશે. આવી રીતે ચિંતા કરવી ઉચિત નથી. તમે સમજુ હોવા છતાં આ પ્રમાણે કરો એ અયોગ્ય છે. તમારે મ્હારા પ્રતિ લક્ષ આપવા કરતા તમારા અભ્યાસ પ્રતિ વિશેષ લક્ષ આપવુ જોઇએ. વધારે નહિ તો એમ. એ. તો પાસ કરી લ્યો."

શશિકાતના નેત્રોની સ્થિરતા નિર્મળાના ઉપલા વચનોથી બદલાઇ નહિ. તે વિચારી રહ્યો હતો કે: "ન કરે નારાયણને જો કોઇ વિપત્પ્રસંગ ઉપસ્થિત થયો તો! નિર્મળા હતી નહતી થઇ જાય તો–? એવુ થાય તો મ્હારે બીજાને તો ઠીક પરતુ તેની માતાને શુ કહીને સમજાવવી? એ વિધવાનો જીવન આધાર ફક્ત આ–તેની એકની એક પુત્રી સિવાય અન્ય કોઇ નથી. શુ તેને હુ એમ કહી શકીશ ખરો કે જેવી રીતે મ્હે તમારી નિર્મળાને રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી તે પ્રમાણે હુ તેને રાખી શક્યો નથી! મૃત્યુરૂપી ચોરો આવીને તેને ચોરી ગયા! અરેરે! નિર્મળાના જીવન–સંરક્ષણ માટે હવે ઉપાય! હરિ! હરિ!'

૨.

નિર્મળાની સાસુ છુરી લઇને શાક સુધારી રહ્યાં હતાં. મહા મુશ્કેલીને ભીંતના સાહાય્યથી નિર્મળાએ સાસુ પાસે જઇને કહ્યુ:–
"મા—"

સાસુના મુખનું અવલોકન કરતાંજ નિર્મળા સમજી ગઇ કે, આજે કાંઇ રંગ સારો જણાતો નથી. તેણે સાસુજીની પાસેથી છુરી લઇને શાક સુધારવાનું ઇચ્છયું, પરંતુ સાસુએ ભયંકર મુદ્રા ધારણ કરી વ્યંગ વચનો કહ્યાં કે: "રહેવા દે, તું રોગી છે. હમણાં ત્હારી અવસ્થા કામ કરવા જેવી નથી."

નિર્મળાની છાતી કંપવા લાગી કંપિત સ્વરે તેણે કહ્યું: "માતા! તમો શા માટે ચિંતા રાખો છો? પૂર્વ કરતાં હવે મને કાંઇક આરામ છે. લાવો બાકી રહેલું શાક હું સુધારી આપું!"

"ના, તું ત્હારે જઇને સૂઇ જા. શ્રમ કરવા જઇશ તો પ્રકૃતિ વિશેષ બગડશે."

"ના બા, એટલામા શાની પ્રકૃતિ બગડી જાય એમ છે!"

"જો પાછો દુરાગ્રહ કરવા માડયો! જા અહિથી જતી રહે. શશિ જોશે તો ક્રોધે ભરાશે."

નિર્મળા સમજી ગઇ કે, આ પ્રેમનો નિષેધ નથી પરંતુ પતિના ઉપર ચડેલા ક્રોધનો નિષેધ છે. તે શાતિથી બેસીજ રહી.

સાસુના શરીરમાંથી એક પ્રકારની જ્વાળા નીકળી રહી હતી. તેમણે કહ્યુ· "કેમ નથી સાંભળતી કે? આટલી બધી ઠડીમાં અહિ શા માટે બેઠી છે? ત્હારા ઓરડામા જઇને શા માટે સૂઇ જતી નથી?"

કરૂણ સ્વરે નિર્મળાએ કહ્યુ:-"મને થોડા સમય સુધી અહિં બેસવા દો. ઠંડીથી કશુ થનાર નથી. ઓરડામા સૂઇ રહીને મ્હારો જીવ છેકજ કંટાળી ગયો છે."

સાસુએ પુનઃ કહ્યુ:—"કેમ? શશિ ક્યાં ગયો? તે વહુની પાસે શા માટે નથી બેસી રહેતો!"

જો હૃદયભેદક વચનોથી મનુષ્યોનું મૃત્યુ થતું હોત તો આ

સમયેજ નિર્મળાનો પ્રાણ પ્રયાણ કરી ગયો હોત. તેના હૃદયમાં એક પ્રકારનું વિષમ આંદોલન થવા લાગ્યું. તેનો શ્વાસ અટકી જવા લાગ્યો. તેને પોતાની આસપાસની સકળ દિશાઓમાં અગ્નિ સળગતો હોય તથા પોતે તે અગ્નિનો ભોગ થઇ પડી હોય એમ લાગ્યું. સ્વામીના ઉપર તેને કાંઇક ક્રોધ આવ્યો; કારણ કે તેનો સ્વામી આઠે પ્રહર તેની શય્યા સમીપ બેસી રહેતો હતો. શું બીજા કોઇની સ્ત્રી બીમાર નહિ પડતી હોય? શશિકાંત સ્નાન કરવાનું ભૂલી, ખાવાપીવાનું ભૂલી, લેખન વાંચનને તિલાંજલિ આપીને પોતાની વ્યાધિગ્રસ્ત પત્નીની પાસેજ બેસી રહી પત્નીની સેવા શુશ્રૂષા કરતો હતો. આ સબંધી લોકોમાં પણ એટલી બધી ચર્ચા ચાલી રહી કે દુનિયામાં મ્હોં બતાવતા પણ તેને શરમ આવવા લાગી.

નિર્મળાને પણ સાસુનાં વચનોથી પતિની વર્તણુક માટે ઘણું લાગી આવ્યુ. વિચાર કરતાં કરતાં તેને પોતાને અલ્પ સમયમાંજ મૂર્ચ્છા આવશે એમ લાગ્યુ. આથી કરીને એવી સ્થિતિમાં સાસુ પાસે બેસવુ ઉચિત નથી એમ ધારી તે ઉઠીને ઉભી થઇ તથા જે પ્રમાણે દિવાલની સહાયથી આવી હતી તેજ પ્રકારે પોતાના શયનાલયમાં જઇને સૂતી. તેના કાનમા કોઇ પ્રકારના ભણકારા થતા હતા. મસ્તકની પીડા વધી પડી. પલગપર પડી પડી તે અનેક પ્રકારના વિચારો કરવા લાગી. વિચાર કરતાં કરતા તે સ્વતઃ બોલવા લાગી: “મ્હારા ગૃહનાં સકળ સ્વજનોનો નાશ થયો તો પછી મ્હારો શા માટે ન થયો?” આટલું બોલી રહ્યા પછી તુરતજ તેને પોતાના સ્વામીનો સ્નેહ યાદ આવ્યો. પુનઃ તે બોલી: “અહા! આટલો સ્નેહ, આટલી સેવા—કઇ સ્ત્રી પોતાના પતિ પાસેથી પ્રાપ્ત કરી શકે તેમ છે?”

મનુષ્યનુ મન સ્વાર્થથી એક વખત પણ અલગ થઇ શકતું નથી? સ્વામીનો સ્નેહ યાદ આવ્યાથી એક પણ વખત તેનું મ્હોં

ગર્વથી પુલકિત ન થયું એમ પણ નહોતું. અરેરે ! એવા સ્વામીના હૃદયપર તેના મૃત્યુથી કેવા પ્રકારનો સખ્ત આઘાત થશે? નિર્મળાના નેત્રોમાં આ વિચારથી અશ્રુજળ ભરાઇ આવ્યુ."

એટલામાં કોઇનાં પગલાનો અવાજ નિર્મળાના કાન ઉપર પડયો. તેણે વિચાર્યું કે સ્વામી આવતા હશે. આ વિચારથી તેણે પોતાનાં નેત્રોમાના આસુને સાફ કરી તકિયામાં પોતાનું મુખ પાવી સ્વામીના આગમનની રાહ જોવા માડી. અલ્પ ક્ષણમાત્ર શશિકાંતે ઓરડામાં આવીને પોતાના હાથમાંના રૂમાલમાં બાધેલો મેવો રૂમાલને છોડી ટેબલ ઉપર મૂકવા માડયો. બે ચાર દિવસથી શશિકાંતની મુખમુદ્રા બદલાઈ ગઈ હતી. તેની ગૌર કાંતિ મલિન થઈ ગઈ હતી. તેના નેત્રોની નીચે એક કાળો ડાઘ પડી રહ્યો હતો.

મેવાને ટેબલ ઉપર મૂકી શશિએ ઘડીઆળ પ્રતિ જોયું. તથા તે વ્યગ્ર કઠે બોલી ઉઠયો: "અરે! આઠ તો વાગી ગયા! નિર્મળા! શું હજુ સુધી ત્હેં દવા પીધી નથી?"

"રહેવા દો–હવે હુ દવા નહિ પી..." નેત્રજળને સાફ કરવા છતાં નિર્મળા પોતાના સ્વરને સ્પષ્ટ કરી શકી નહિ

એક નાના કાચના પ્યાલામાં દવા નાખીને શશિકાંત નિર્મળાની શય્યા સમીપ ગયો. પત્નીના મુખ ઉપર વિખરાયલા કેશગુચ્છોને યથાસ્થાન કરી તેણે કહ્યુ: "લે પ્રિયા ! આ દવા પી જા જોઇએ."

નિર્મળા પતિના મુખ પ્રતિ જોવા લાગી. અલ્પ સમય સુધી આ પ્રમાણે અનિમેષે સ્વામીનું મુખદર્શન કરી રહ્યા પછી તેણે કહ્યુ: "નહિ નાથ, કૃપા કરી હવે મને દવા ન પાઓ. દવાથી હું છેકજ કટાળી ગઇ છું. વળી હવે હું દિવસે દિવસે સારી થતી જાઉં છુ તોપછી દવાઓના શીશા ગળામા રેડવાની કાઇ જરૂર?"

"ત્હેં દવા નથી પીધી માટે હું પાઉં છું."

"હા મ્હેં નથી પીધી એ સત્ય છે. જો જરૂર જેવું હોત તો હું સ્વતઃ શા માટે ના પી લેત?"

સ્વામીના મલિન મુખ ઉપર એકાએક અધિક મલિનતાએ આવીને સ્થાન લીધુ, તથા તેનું મુખ એટલું બધું પાંડુવર્ણું થઇ ગયું કે નિર્મળા પતિની ઇચ્છાવિરૂદ્ધ વર્તી શકી નહિ. તેણે દવા પીધી.

૩.

બીજે દિવસે ડૉક્ટરે આવી નિર્મળાને માટે એક નવી દવા તૈયાર કરી શશિકાતને કહ્યુ: "હવાફેર કરવા જવાનું નક્કી કર્યું? હું તમને વારવાર કહ્યા કરૂં છું કે એકલી દવાથીજ આરામ થવો અશકય છે. હવે વિલબ કરશો તો અનિષ્ટ પરિણામ આવશે."

ડૉકટરના આ વચનોથી શશિકાંતનું કાળજું ફાટી ગયું. તે બચારાનુ મ્હો લેવાઇ ગયું. પત્નીને હવાફેર માટે લઇ જવાને એ અશક્તિવાન હતો માતા પિતા આગળ જો એ વાત કાઢતો તો કોઇ તેની પ્રાર્થના પ્રતિ લક્ષ આપતું નહોતું. તેના હાથમા રૂપિયા પણ નહોતા તે કમનશીબ હતો, દરિદ્ર હતો.

પત્નીને હવાફેર કરવા માટે લઇ જવાની તેને ઘણીજ ઇચ્છા હતી. તે સબધી એ ઘણા સમય સુધી વિચાર કર્યા કરતો હતો કે કયો ઉપાય કરીને પત્નીને હવાફેર માટે લઇ જવાની વ્યવસ્થા કરવી? પરતુ અનેક વિચારોના અંતે પણ તે એકકે ઉપાય સ્થિર કરી શકતો નહિ. તેને પોતાના ભાગ્ય ઉપર ઘણુ લાગી આવતું. પરતુ કોઇ ઉપાય? લાચાર!

ઇચ્છા અનિચ્છાએ નહિ જેવો આહાર કરી, પુસ્તકને હાથમાં લઇ શશિકાત ગૃહની બહાર નીકળી પડયો બહાર જતી વખતે તેણે આતુરતાથી પત્ની પ્રતિ દૃષ્ટિ કરી. નિર્મળા તે સમયે નિદ્રાધીન હતી. આ સમયે નિર્મળાને ગાઢ નિદ્રા આવી નહોતી પરતુ અત્યત

દુર્બળતાથી તેની સકળ ઇંદ્રિયો શિથિલ થઇ ગઇ હતી. તેની બન્ને આંખો કોઇ કોઇ સમયે ઝૂકી જતી હતી, તો કોઇ સમયે અર્ધી ખુલી જતી હતી. અર્દ્ધ નિદ્રિત તેમજ અર્દ્ધ જાગ્રતાવસ્થામાંજ તેનો સકળ સમય વ્યતીત થતો હતો. આવી અવસ્થામા પણ જ્યારે શશિકાંત પાસે હોય ત્યારે તેના શરીરમાં કોણ જાણે કયાંથી કોઇ એક પ્રકારની વિદ્યુત્‌–શક્તિ આવી પહોંચતી હતી. સુખની વાત તથા હાસ્યની રેખા ભરતીના જળની પેઠે તેના વદન ઉપર ફૂટી નીકળતી હતી.

શ્વશુર બહારના ઓરડામાં ભોજન કરવા બેઠા હતા. સાસુ પાસે બેઠી બેઠી વિષપૂર્ણ વચનો ઉચ્ચારી રહી હતીઃ—"જુઓ, વહુના ફંદામાં ફસાઇ જઇ શશિએ પોતાના અભ્યાસનો પણ ત્યાગ કર્યો છે. રાત્રિ દિવસ અર્થાત્‌ ચોવીસે કલાક તે વહુજીનું મ્હોં જોઇનેજ બેસી રહે છે."

શ્વશુરે કહ્યુ:–"અરે! એ વાતનું તો જાણે ઠીક છે, પરંતુ તું નથી જોતી કે રાત્રિ દિવસ એ ડૉકટરને બોલાવ્યા કરે છે! એટલા બધા રૂપિયા તે કયાંથી કહાડવા? આવું ખર્ચ તો નવાબના ગૃહમાં પણ ના ચાલી શકે."

સાસુએ કહ્યું:–"પ્રથમથીજ મ્હે તમને કહ્યું નહોતું કે જોઇ વિચારીને વિવાહ કરજો. આમ છતાં તમોએ મ્હારી વાત પ્રતિ દુર્લક્ષ્ય કર્યું તેનુ છેવટે આવુંજ પરિણામ આવ્યુ."

આ સકળ વચનો નિર્મળાના શ્રવણે પડયાં. આ વચનોએ તેના મર્મ–પ્રદેશ ઉપર એવો તો આઘાત કર્યો કે જેથી તેના નેત્રોમાંથી અનેક અશ્રુધારાઓ વહેવા લાગી, રૂદન કરતાં કરતાં તેણે પરમાત્માને પ્રાર્થના કરી કેઃ–"હે પ્રભુ! હે નારાયણ! મ્હેં એવાં તે શાં પાપ કર્યાં છે કે જેથી કરીને તમે મને આટલું બધું દુઃખ દો છો. હવે આ રોગની જ્વાળાને હું સહન કરી શકતી નથી. મને સારી કરો

મા તો આપના ચરણમાં સ્થાન આપો, હવે હું સહન કરી શકવા અસમર્થ છુ."

સંધ્યાસમયે સ્વામીએ આવી નિર્મળાના શિર ઉપર હાથ મૂકી કહ્યું:–"નિર્મળા—"

નિર્મળાએ સ્વામીના વિષણ્ણ વદન પ્રતિ નજર કરી. શશિકાંતને પત્નીનાં નેત્રો સૂઝી આવેલાં જણાયાં. આમ છતાં તેણે ધૈર્ય ધારણ કરી કહ્યુ:–"નિર્મળા! આજે હુ ત્હારે માટે નવી દવા લાવ્યો છુ– અનેક દુકાનોએ ફર્યો ત્યારેજ આ નવી દવા મળી આવી છે. આ દવા ઘણીજ ઉત્તમ છે. લે આ દવા પી."

નિર્મળા અનિમેષ નયને પતિના વદન પ્રતિ જોઇ રહી. શશિકાંતે પુન કહ્યુ:–"નિર્મળા! આ દવા પી. વખત ન ગુમાવ."

નિર્મળાએ પોતાનું મુખ અન્ય દિશા પ્રતિ ફેરવ્યુ. પત્નીને આ પ્રમાણે કરતી જોઇ શશિકાતે પ્રશ્ન કર્યો: "વ્હાલી! આમ મુખ શા માટે ફેરવે છે? શુ તું આ દવા પીશ નહિ?"

નિર્મળાએ એક દીર્ઘ નિશ્વાસની સાથે કહ્યું: "ના."

શશિકાતે કહ્યુ:—"શા માટે નહિ પીએ? શુ મ્હારા ઉપર તુ ક્રોધે ભરાઇ છે?"

"ના."

"ત્યારે?"

નિર્મળાએ પુન પોતાનુ મુખ સ્વામીના પ્રતિ ફેરવ્યું, તથા ગદ્દગદ્દ કંઠે તેણે કહ્યુ:—"પ્રભુ! હવે મને દવા પાઇ પાઇને શા માટે મ્હારો દમ નાક ઉપર લાવો છો? હુ તમને વારવાર કહ્યા કરૂ છુ કે, હવે મ્હારી પ્રકૃતિ સુધરતી જાય છે. તેમ છતાં તમે મ્હારાં વચનો પ્રતિ લક્ષ નહિ આપતાં આખો દિવસ દવા ને ડૉકટરનીજ ધમાલ કર્યા કરો છો. ડૉકટરને ફી ભરવામાં તથા દવાએ

ખરીદવામાં કેટલા બધા રૂપિયા પાણીની માફક ચાલ્યા જાય છે! હવે તો દવા પાઇ પાઇને મને દુખી કરશો તો......" પોતાનુ વાક્ય પૂર્ણ ન કરતાં નિર્મળા રડી પડી.

આ સમયે શશિકાંતે નિર્મળાની રોગ–શય્યા ઉપર બરોબર બેસીને તેનુ શિર પોતાના ખોળામાં લીધું; તથા અત્યંત સ્નેહપૂર્વક તેણે પોતાનો હાથ પત્નીના મ્લાન મુખપર ફેરવતાં કહ્યું: "નિર્મળા..."

નિર્મળા પોતાના બગલમાના તકિયાને ઘણીજ મજબુતાઈથી પકડી દિવાલ તરફ દૃષ્ટિ કરી બોલી: "નહિ, હું નહિ સાભળુ, હવે તમારી એક પણ વાત હું સાભળનાર નથી. આટલું આટલું મ્હેં તમને કહ્યું......"

ત્રુટક સ્વરે શશિકાંતે પ્રશ્ન કર્યો "ત્હેં શુ કહ્યુ છે નિર્મળા?"

નિર્મળાએ ઉત્તર આપ્યો: "રાત્રિ દિવસ–ચોવીસે કલાક તમે મ્હારી પાસે બેસી ના રહો. તમે અહિથી જાઓ. શુ તમારે કાંઇ કામ પણ નથી? અભ્યાસ પણ નથી કરવો? શા માટે તમે હવે કોઇ પણ દિવસ કૉલેજમાં જતા નથી?"

શશિકાત નિર્મળાનાં વચનોનુ કારણ ફક્ત અનુમાનથી સમજી ગયો. તેને ખાત્રી થઇ ગઇ કે "બે ચાર દિવસથી ગૃહમા જે વાતાવરણ ફેલાઇ રહ્યું છે તેજ વાતાવરણનો પ્રભાવ નિર્મળાના ઉપર જામી ગયો છે. આથી કરીનેજ તે ડૉક્ટરની, દવાની, રૂપિયાની તથા અધ્યયનની વાત કાઢે છે."

"આ વિચારથી ક્રોધની એક પ્રચંડ જ્વાળા વિદ્યુત્‌ની માફક તેના હૃદયમાં લાગી ગઇ; પરતુ આ ક્રોધ વિફળ થઇ પડયો. તેના પોતાના ક્રોધાગ્નિમાં તે જાતેજ બળી મરવા લાગ્યો."

પોતાના ક્રોધને છુપાવીને શશિકાતે કહ્યું:–"બહુ સારૂં, હવે હું અભ્યાસ કરવા જાઉં છું–વળી ત્હારી પાસે પણ હવે હું આખો દિવસ

બેસી રહીશ નહિં; પરંતુ પ્રથમ તું આ દવા પી જા. ત્યાર પછી તું જોજે કે હું ત્હારાં વચનોને માન્ય કરૂં છું કે નહિ."

"ના, મ્હેં તો તમને પ્રથમથીજ કહી દીધું છે કે, હું હવે દવા પીનાર નથી."

"ત્યારે શું તું આ દવા નહિજ પીએ કે?"

"મને ક્ષમા કરો. દવા પીવાથી તો હવે ઉલટો મ્હારો જીવ વહેલો જશે."

તુરતજ શશિએ નિર્મળાના મસ્તકને પોતાના ખોળામાંથી ઉંચું કરી શય્યા ઉપર રાખ્યું તથા તે ઉભો થઇ બોલ્યો "નહિ પીએ? ઠીક છ ના પીશ. પરતુ તું જાણે છે કે તુ દવા નહિ પીએ તો હું કેટલો બધો નિરાશ થઇશ! મને એમ દુઃખી કરીનેજ તુ પ્રસન્ન થઇશ ને?"

નિર્મળાએ જોયું કે પતિનુ મુખ લાલ બની ગયું છે, બન્ને નેત્રો પણ લાલચોળ થઇ ગયા છે; નિર્મળા જાણતી હતી કે પતિને નારાજ કરવાથી તે બહુજ દુઃખી થશે.

છેવટે નિર્મળા સમજી ગઇ કે આવી અવસ્થામાં પતિનું કહેવું માન્ય રાખવુ જ જોઇએ. આમ વિચારી તે મહા મુશિબતે સ્મિત હાસ્ય કરતી બોલી:—"હા હું અવસ્ય પ્રસન્ન થઇશ; પરતુ એતો કહો કે તમે આટલા દિવસથી એ વાતને કેમ નહોતા સમજતા કે તમારા દુઃખી થવાથી હુ પ્રસન્ન થઇશ? જો પ્રથમથીજ તમે આવુ સમજતા હોત તો મ્હારે આટલુ બધુ દુઃખ શા માટે સહન કરવું પડત."

નિર્મળાનાં આ વચનોનો શશિકાંતે કાંઇ ઉત્તર આપ્યો નહિ. તે અનિમેષ નયને પત્ની પ્રતિ જોઇ રહ્યો.

નિર્મળાએ પુનઃ કહ્યું: "કેમ નારાજ થાઓ ને—મને પ્રસન્ન પણ કરોને!"

શશિકાંતને પોતાના મુખમાંથી બહાર પડેલાં વાક્યો માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેણે વિચાર્યું: "નિર્મળા નિર્બળ છે; અને આવી નિર્બળ અવસ્થામાં આવાં વચનો તેની નિર્બળતામાં વૃદ્ધિ કરશે" આમ વિચારી તેણે કહ્યું: "લે દવા પી જા."

નિર્મળાએ દવા પીધી. પી રહ્યા પછી કહ્યુ: "આ દવા તો પીવામાં ઘણીજ સ્વાદિષ્ટ છે. એટલી બધી મિષ્ટ છે કે પીતાંની સાથેજ ગળું બળી જવા લાગ્યું. કોઇ અંગ્રેજની દુકાનેથી ખરીદી હોવી જોઇએ!"

શશિએ ઉત્તર આપ્યો: "હા એમજ છે."

નિર્મળાએ વિચાર્યું કે તેણે પોતાનાં એક બે વચનોમાંજ પતિનો પૂર્વનો ક્રોધ ભૂલાવી દીધો છે. અહા! આવો સરળ સ્વામી કે જે ફક્ત બે મિષ્ટ વચનોમાંજ વિશ્વાસુ બની ગયો! સ્વામી! તેમની સેવા કરવાની તો દૂર રહી, કોઈ કાર્યમાં તેમને સાહાય કરવાનુ પણ દૂર ગયું; ઉલટું બિમાર દેહ લઇ તેમની પાસે મ્હારી સેવા કરાવી રહી છુ. સ્વામીની સેવા ન કરતા ઉલટું તેમની પાસેજ પોતાની સેવા કરાવવી એના કરતાં મ્હારા જેવી સ્ત્રી જાતને માટે દુર્ભાગ્યની બીજી વાત શી હોઇ શકે? મ્હારે માટેજ સ્વામી અનેક કઠોર વચનો સહન કરે છે; તથા આટલો અનાદર હોવા છતાં પોતાના દિવસો વ્યતીત કરે છે! શુ મ્હારા આ પાપનું પ્રાયશ્ચિત્ત નહિજ હોય?"

શશિકાંતે પ્રશ્ન કર્યો: "શું વિચાર કરે છે નિર્મળા?"

નિર્મળાએ ઉત્તર આપ્યો: "વિના કારણ ડૉક્ટરને અત્રે બોલાવી શા માટે પૈસાનુ પાણી કરો છો? ફક્ત ડૉક્ટરને પ્રકૃતિના સમાચાર જણાવી દવા મંગાવતા હો તો શું ખોટું?"

"આવી અવસ્થામાં એમ કરવું યોગ્ય નથી. વચ્ચે વચ્ચે ડૉક્ટ-પ્રકૃતિ દર્શાવવીજ જોઇએ."

નિર્મળાએ કહ્યું: "માતા પિતાના કરતાં તમે કાંઇ અધિક બુદ્ધિમાન નથી–તમે તેમના બાળક છો. જ્યારે ડૉક્ટરને બોલાવવાની જરૂર જણાશે ત્યારે એ લોકો ડૉક્ટરને બોલાવીને મ્હારી પ્રકૃતિની ચિકિત્સા કરાવશે. તમે એ લોકો હયાત હોવા છતાં શા માટે આવી સ્વતન્ત્રતા ચલાવો છો? આથી કરીનેજ મ્હેં દવા પીવાની ના પાડી હતી."

આટલા સમય પછીજ શશિકાંત હવે સકળ પ્રકાર સ્પષ્ટ રીતે સમજી શક્યો. તેણે વિચાર્યું કે: "મ્હારા બહાર ગયા પછી ડૉક્ટરને બોલાવવા સબંધીની વાત ઉપર અવશ્ય કાંઇ વાદવિવાદ થયો છે. ડૉક્ટરને જોતાંજ આજે પિતાનુ મુખ પણ અધિક લાલચોળ થઇ ગયુ હતું. ડૉક્ટર સાથે તેઓ બોલ્યા સુદ્ધા નહોતા. ગમે તેમ હોય પરતુ આ સકળ ઘટનાના કારણ રૂપ તો માતાપિતાજ છે!" આમ વિચારી શશિકાંતે નિર્મળાને પ્રશ્ન કર્યો: "મ્હારા બહાર ગયા પછી માતાપિતા કાંઇ બોલ્યા હતા કે?"

અતિ આશ્ચર્યપૂર્વક નિર્મળાએ ઉત્તર આપ્યો "એ લોકો શુ કહે!"

"આ ડૉક્ટરની વાત–રૂપિયા સંબધીની વાત?"

નિર્મળાના મસ્તકમાં થોડા સમય સુધી એક પ્રકારનુ ભીષણ યુદ્ધ ચાલ્યા કર્યું. છેવટે તેણે કહ્યુ: "એ સબધી તેમને શા માટે કાંઇ કહેવુ પડે?"

"નહિ, નહિ; નિર્મળા! તું અસત્ય વચન શા માટે ઉચ્ચારે છે?" આમ કહી શશિકાંતે અતિ પ્રેમપૂર્વક તેના કપાળપર હાથ ફેરવી તેના કિંચિત્ ખસેલા વાળ સરખા કર્યા.

૪.

આજ બપોરના સમયે શશિકાંત સ્વગૃહે નહોતો. નિર્મળા બિછાના ઉપર પડી પડી **'સરસ્વતીચંદ્ર'** વાંચતી હતી. પુસ્તક વાંચવા

માટે ડૉક્ટરે મના કરી હતી, પરંતુ આખો દિવસ શાંતિથી તે પસાર કરી શકતી નહોતી. પાસે વાતચીત કરનાર પણ કોઇ નહોતું—આથી કરીને તેણે અપાર રૂદન કરીને શશિકાંત પાસેથી પુસ્તક વાંચવાની રજા લીધી હતી. શશિકાંતે એ શર્ત ઉપર પુસ્તક વાચવાની આજ્ઞા આપી હતી કે, દરેક બે પૃષ્ઠ વાંચી રહ્યા પછી દશ મિનિટ આરામ લીધા પછીજ આગળ વાંચવું.

નિર્મળાની સાસુની પાસે સ્ત્રી પાર્લામેંટ (બૈરક મંડળ) એકત્ર થઇ હતી; તથા આ પાર્લામેંટમાં અનેક વાચાળ સ્ત્રીઓ આવીને અનેક લોકોની રીતભાત ઉપર ટીકા કર્યા કરતી હતી. એક સભાસદ સ્ત્રીએ પાડોશમાં રહેતી લક્ષ્મીની બ્હેન નર્મદાના પતિની ક્રૂરતા સંબંધી વાત કાઢી. આ વાત ઉપર અનેક સભાસદ સ્ત્રીઓ પોતપોતાનો મત પ્રકટ કરવા લાગી. એટલામાજ જગન્નાથની સ્ત્રીએ નિર્મળાની સાસુને પૂછ્યુ: "કેમ હજુ સુધી તમારી વહુની પ્રકૃતિ સુધરી નથી કે શુ ? ડૉક્ટર તો વારંવાર જતા આવતા જણાય છે. એવી તે કેવા પ્રકારની બીમારી છે ?"

નિર્મળાની સાસુએ તે સ્ત્રીને સંબોધીને કહ્યુ:—"અરે બ્હેન ! રોગની તે શુ વાત કરવી ? વહુની બીમારીને લીધે તો અમારા જીવમાં જીવ રહ્યો નથી. સકળ ધન ડૉક્ટરને ફી આપવામાંજ સ્વાહા થઇ ગયું. પેટે જન્મેલો પુત્ર પણ પારકો થઇ જવાનુ ઇચ્છે છે."

રૂકિમણીબાઇ બોલ્યા—"હાસ્તો ! ડૉક્ટરને તે કેટલા રૂપિયા અપાય. નશીબમાં સારૂં થવાનું નિર્માણ થયુ હોય તો આટલી આટલી દવાઓ કરતાં સારૂં ન થઇ જાય ?"

આ ઉપર પુનઃ નિર્મળાની સાસુએ કહ્યું:—"શુ કહીએ બ્હેન ! છોકરો તો વહુને લઇને હવાફેર કરવા જવાનુ ઇચ્છે છે. જ્યારે તેણે પોતાની ઇચ્છા અમારી આગળ પ્રકટ કરી ત્યારે અમે કહ્યું કે શું

દરેક લોકો પોતાની બરીની તબિયત બગડતા હવા ફેર કરવા માટે જતા હશે! આના જવાબમાં તે એવો ઉત્તર આપે છે કે, તમે અમારી વાત સમજી શકો એમ નથી. તમે તમારે ગમે તેમ કહો પરંતુ હું તો મ્હારી પત્નીને લઇ હવાફેર કરવા માટે જઇશજ."

કિશોરીની માતા કહેવા લાગી "આજ કાલના ભણેલા ગણેલા છોકરાઓ પોતાનાં માબાપને એવા ઉચ્છૃંખલ ઉત્તરો ન આપે તો પછી તેમનુ ભણુતર ક્યાથી જાણી શકાય? તેમના ભણતરનો અર્થજ એ છે કે માબાપને લાતો મારીને સ્ત્રીની સેવા ચાકરી કરવી."

બિછાના ઉપર પડી પડી નિર્મળા આ સકળ વચનો શ્રવણ કરી રોઇ રહી હતી.

૫.

સંધ્યા સમયે શશિકાંતે આવીને કહ્યુંઃ "નિર્મળા! મ્હે સઘળી વ્યવસ્થા કરી નાખી છે. નોકર ચાકરનો પણ બંદોબસ્ત કરી નાખ્યો છે. આપણે જ્યા હવાફેર માટે જવાનુ છે ત્યાં મ્હારો એક મિત્ર રહે છે તેણે પોતાનુ ગૃહ આપવાનુ લખી જણાવ્યુ છે. આપણને એ મકાનનુ ભાડુ ભરવુ પડે એમ નથી. વળી ત્યા આગળ જવાથી આપણા ખાનપાનમા તેમજ ત્હારી દવાદારૂમા જે ખર્ચ થાય તેજ છે એ ખર્ચનો નિર્વાહ કરવાને માટે મ્હે મ્હારો સોનાનો અછોડો, સોનાની મુદ્રા વગેરે જે વસ્તુઓ મને વિવાહ પ્રસંગે ત્હારે પિયેરથી મળી છે, એ સર્વે વસ્તુઓ વેચી દેવાનો નિશ્ચય કર્યો છે. એથી પાંચસો રૂપિયા પ્રાપ્ત થાય તેમ છે એટલા રૂપિયામાંથી તો આપણો નિર્વાહ બે ત્રણ માસ સુધી સારી રીતે ચાલી શકશે. કાલે કે પરમ દિવસે અત્રેથી ઉપડી જવાનો મ્હારો વિચાર છે. ત્હારો આ સંબંધી શું મત છે?"

આજે નિર્મળા મહા પરિશ્રમથી પોતાના મન ઉપર સંયમ રાખી શકી હતી. આજે તેણે પ્રતિજ્ઞા કરી હતી કે “ ગમે તેમ હોય તો પણ આજે હું ક્રોધ કરીશ નહિ. શાંતિથી હું સ્વામીને સમજાવીશ; તથા જે માટે હમણાંજ આટલો વાદવિવાદ થયો છે તે કાર્યને રોકવાનો હું પ્રબંધ કરીશ.” આમ હોવાથી તેણે પતિને પ્રશ્ન કર્યો: “ આ સંબધમાં માતા પિતાનો મત લીધો છે ?”

શશિકાંતે કહ્યું: “એમનો મત લેવાની કાંઇ આવશ્યકતા નથી. તેઓ કદાપિ આ બાબતમા પોતાની સંમતિ આપનાર નથી. તેમજ વળી આ બાબત માટે હુ એમની પાસેથી પૈસાની ઇચ્છા રાખતોજ નથી, તો પછી વિના કારણુ શા માટે તેમની આગળ આ વાત કાઢી ગૃહમાં કલહ ઉપસ્થિત કરવો ? ”

આ સમયે નિર્મળાના મનમાં બપોરે બૈરક મડળના મુખમાંથી નથા પોતાની સાસુના મુખમાથી જે વચનો નીકળ્યાં હતા તે યાદ આવી રહ્યા હતા. આમ છતા પતિ દેવતા માતા પિતાની ઇચ્છા વિરૂદ્ધ વર્ત્તે એવુ જોવાની નિર્મળાની ઇચ્છા નહોતી તેથા તેણે કહ્યુ ‘ જુઓ ! માતા પિતાની અનુમતિ લીધા સિવાય કોઇ પણુ કાર્ય કરવુ ઉચિત નથી. એમ કરવાથા તેમનો આત્મા દુ:ખી થશે. **આ સસારમાં માતા પિતાજ સાકાર દેવતા છે.........**”

નિર્મળાને બોલતી અટકાવી શશિકાંતે કહ્યુ: “ અને જ્યારે એ દેવતાજ અજ્ઞાની હોય તો પછી તેમને આધીન કેવી રીતે રહેવુ ?”

નિર્મળાએ કહ્યું “ નાથ ! માતાપિતાને અજ્ઞાની કહીને શા માટે પાપ બાંધવુ ? એમનો એવોજ મત છે કે હવાફેર કરવા જવાથી કાંઈ વિશેષ આરામ થાય તેમ નથી તો પછી......”

આ વાક્ય શ્રવણુ કરતાંજ શશિકાંતનુ શરીર કંપી ઉઠયું. તેનાં

નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું, આમ છતાં તેણે ધૈર્યને ધારણ કરી કહ્યું: "તોપણ મનુષ્યે બનતો યત્ન કર્યા કરવોજ જોઇએ; અને તેમ છતાં પણ જો કાંઇ અમંગળ પરિણામ આવે તો મનુષ્યના આત્માને એટલો પણ સંતોષ થાય છે કે, મ્હેં મ્હારાથી યથા-સાધ્ય યત્ન કર્યો હતો પરંતુ દૈવની આગળ છેવટે મ્હારા યત્નો વિફળ થઈ પડયા." આટલુ બોલતાં બોલતાં શશિકાંત પોતાન નેત્રોમાની અશ્રુધારાઓને રોકી શકયો નહિ. તે રૂદન કરવા લાગ્યો.

નિર્મળાએ સ્મિત કરી કહ્યુ: "તમે શા માટે આવા અમંગળ વિચારોને તમારા મનમાં સ્થાન આપો છો? '**यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी.**' એ મહ વાકયનુ રહસ્ય શુ તમે નથી જાણતા? જો માતાપિતાની એવીજ ઇચ્છા છે કે હવાફેર કરવા જવાની કાઇ જરૂર નથી તો પછી નાહક ચારસેં પાચસે રૂપિયા ઉપર પાણી ફેરવી દેવાની જરૂર નથી! શું માતાપિતાના વચનો ઉપર તમને વિશ્વાસ નથી? મને તો તેમનાં વચનો વ્યાજબી લાગે છે."

શશિકાતને એમ લાગ્યુ કે નિર્મળા દીવાની બની ગઇ છે. નહી તો તે આમ બોલે નહિ. શશિકાતે કહ્યુ: "નહિ નિર્મળા! આવી ગાંડી વાતો મ્હારી આગળ કરીશ નહિ. તુ મને મ્હારા આ કાર્યમાં રોકીશ નહિ. મ્હારી વાત ઉપર ધ્યાન આપ અને મ્હારી સાથે તું હવા ફેર કરવા માટે આવવ ને તૈયાર થા. એમ કરવાથી ત્હારી પ્રકૃતિ સુધરી જશે. મ્હારા આત્માનુ દુઃખ દૂ થશે ત્હારી પ્રકૃતિ સુધરી જવાથી ફક્ત તને લાભ થનાર છે એટલુ જ નથી પરતુ તે સાથે મને પણ લાભ થનાર છે. તું નિરોગી થતાની સાથે હું પણ નિરોગી બની જઇશ; અને અભ્યાસમાં ચિત્ત પરોવી શકીશ. જો તું મ્હારી પ્રાર્થના અમાન્ય કરીશ તો પછી મ્હારા મનમા દુ:ખની સીમા જ રહેનારી નથી."

નિર્મળાનુ મન અધીર વેદનાથી દુઃખી થવા લાગ્યુ. પતિ પ્રતિ દૃષ્ટિ કરી તેણે કહ્યું: " ઉભા શા માટે રહ્યા છો ? બેસો ! આવો મ્હારી પાસે બેસો ! શાત થઇ મ્હારૂં કહેવું સાભળો ! "

શશિકાતે કહ્યુ: " ।નર્મળા ! હું ત્હારા વચનો સમજી શકતો નથી. ડૉકટરના કહેવા પ્રમાણે મ્હારે કરવુંજ જોઇએ."

નિર્મળા બોલી ઉઠી: " હુ એમ ધારૂં છું કે તમે ડૉકટરને બ્રહ્મા સ્વરૂપ સમજી બેઠા છો. તેના વચનોએ તમારા મનમા વેદવાક્યોના જેવી અસર કરી દીધી છે."

નિર્મળા સમજી ગઇ કે અનેક ઉપાયો કરવા છતાં સ્વામીના મનનું સમાધાન થઇ શકે એમ ન હોવાથી ખરી વાર્તા કહ્યા સિવાય એક પણુ ઉપાય હવે રહ્યો નથી; પરતુ તે બિચારીના મુખમાંથી કેવી રીતે સત્ય હકીકત પ્રકાશમાં આવી શકે ? તે કેવી રીતે કહી શકે કે, જો તમે મને હવા ફેર કરવા માટે લઇ જશો તો માતાપિતા તમારા ઉપર અધિક ગુસ્સે થઇ તમારો ત્યાગ કરશે !

છેવટે અનેક ક્ષણુ સુધી વિચાર–સાગરના તરંગો સાથે યુદ્ધ કરી રહ્યા પછી નિર્મળાએ પતિને કહ્યુ " જુઓ ! આ પ્રમાણે માતા-પિતાની ઇચ્છા વિરૂદ્ધ આપણે હવા ફેર કરવા જઇશુ તો લોકો તમારી નિંદા કરશે. સર્વે જન એમજ કહેશે કે સ્ત્રી આગળ ભાઇ સાહેબે માબાપનુ પણુ અપમાન કર્યું. શુ તમને લોકનિંદાનો લેશ પણુ ભય નથી ? "

શશિકાંતે બેપરવાઈથી ઉત્તર આપ્યો: " લોકોને જેમ ફાવે તેમ કહે, તેથી શુ ? જો સર્વ અંશે લોકલજ્જા રાખવા જઇએ તો પછી એક પણુ કામ ઉત્તમ રીતે કરી શકાય નહિ."

નિર્મળાએ પુન. સ્વામીને આગ્રહ કર્યો; પરંતુ જ્યારે તેણે

જોયું કે, પોતાનાં વચનોનું કાંઇજ સાર્થક થતું નથી, ત્યારે તે શાંત રહી તથા સ્વામીના ગાલ ઉપર પોતાનો ગાલ રાખી રૂદન કરવા લાગી.

૬.

દીપક નિર્વાણ પામ્યો હતો. ગૃહમાં સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો. શશિકાંત સૂઇ રહ્યો હતો. એકાએક નિર્મળાએ તેને જાગ્રત કર્યો· "નાથ !"

સહસા જાગ્રત થતાં ઉઠીને બેઠા થઇ શશિકાતે પૂછ્યું.–"કેમ શું છે નિર્મળા ?"

હાંફતાં હાફતાં નિર્મળાએ કહ્યું:–"બારી બારણાં ઉઘાડી નાખો. મને ઘણી ગરમી લાગે છે."

શશિકાતે ઉઠીને એક બે બારીઓ ઉઘાડી નાખી. બહારથી સવારના સોનેરી કિરણોએ વાયુના તરગ ઓરડામાં પ્રવેશ કર્યો. નિર્મળાએ કહ્યુ –"આ: !"

તુરતજ શશિકાંત પત્નીના ઉશિકા સમીપ જઇને બેઠો તથા જોયુ તો શુ ! નિર્મળાના મુખ ઉપર એક પ્રકારની જ્યોતિ પ્રકાશી રહી હતી. પરસેવાથી તેનો કેશકલાપ ભીંજાઇ ગયો હતો. અગ પ્રત્યંગમાથી જાણે જળની ધારાઓ વહી નીકળી હોય તેમ સર્વાંગ પ્રસ્વેદથી ભીંજાઇ ગયું હતું.

શશિકાતે પ્રશ્ન કર્યો·–"શું રાત્રે નિદ્રા નહોતી આવી ?"

મદ સ્વરે નિર્મળાએ ઉત્તર આપ્યો —"ના, સમગ્ર રાત્રિ આમ તેમ પાસું ફેરવવામાજ પસાર કરી છે. કોણ જાણે કે છાતીમાં એક પ્રકારનુ અસહ્ય દુ:ખ થાય છે."

"નિર્મળા ! ત્હેં મને શા માટે પ્રથમથીજ જાગ્રત કર્યો નહિ ?" આમ કહી તે રૂમાલ લઇ નિર્મળાનું શરીર લુછીને સાફ કરવા

લાગ્યો. ત્યાર પછી તે દ્વાર પ્રતિ વળ્યો. તેને શયનાલયનું મુખ્ય દ્વાર ઉઘાડતો જોઇ નિર્મળાએ પ્રશ્ન કર્યો: "ક્યાં જાઓ છો ?"

"ડૉક્ટરને ત્યાં."

"ના ના, ડૉક્ટરને ત્યાં ના જશો. ત્યાં જવાની કાંઇ જરૂર નથી."

પત્નીના નકાર તરફ દુર્લક્ષ્ય કરી શશિકાંત ડૉક્ટરને ત્યાં ચાલ્યો ગયો.

એ સમયે ફક્ત એક બે કાગડાનો અવાજ કાને પડતો હતો. કચરાપટ્ટી કાઢનારાઓ રસ્તા ઉપરથી કચરો કાઢી રહ્યા હતા. સડક ઉપર થોડે દૂર એક ગાડી ઉભી હતી, શશિએ એ ગાડીને ભાડે કરી ડૉક્ટરને લઇ આવવા માટે પ્રયાણ કર્યું. રસ્તે જતાં જતાં તે એકાગ્ર ચિત્તે પ્રાર્થના કરવા લાગ્યો કે:—"હે ભગવન્! મ્હારી નિર્મળાના દુઃખને દૂર કરો. તેના રોગને પરહરો. પ્રભુ ! અનાથના નાથ ! રંકના બેલી ! તમારા સિવાય હું રાંકના રત્નનું રક્ષણ કોણ કરી શકે તેમ છે ?"

* * * *

ડૉક્ટરને લઇને જ્યારે શશિકાંત સ્વગૃહે આવી પહોંચ્યો ત્યારે ગૃહની ચાકરડી ગૃહમાં પૂંજો વાળતી હતી. અન્ય સર્વે જન નિદ્રાધીન હતાં.

મેડા ઉપર ચઢતાં ચઢતાં જ શશિકાંતનુ શરીર કંપી ઉઠયું. તેને પોતાના ચરણ ભારે થએલા માલૂમ પડયા. મહા મુશ્કેલીએ તે ઉપર ચઢવા લાગ્યો.

ડૉક્ટરને ત્યાં જતી વખતે તેણે ઓરડાનું દ્વાર જે અવસ્થામાં રાખ્યું હતું તેજ અવસ્થામાં હમણાં પણ તે હતું ડૉક્ટરે દ્વારને

બરોબર ખુલ્લું કરી અંદર પ્રવેશ કર્યો. શશિકાંત પણ તેમની પાછળ પાછળ ગયો.

નિર્મળાની શય્યા સમીપ જઈ પહોંચતાંજ ડૉક્ટર આશ્ચર્ય પામી નિર્જીવ પુતળાની પ્રમાણે ઉભાજ રહ્યા. તેમની પાછળથી મ્હો લંબાવી શશિકાંતે જોયુ તો શય્યાની અંદર નિર્મળા પોતાનુ મ્હોં છુપાવી સૂતી હતી. તેનુ મસ્તક તકિયાની આગળથી ખસી ગયુ હતું. બન્ને હાથ પલંગની બન્ને બાજુએ લાકડા જેવા થઇને પડી રહ્યા હતા. સમગ્ર શરીર સ્થિર હતું સહજ પણ સંચાલન નહોતું. જાણે કે વિકસિત થતું કમળ મનુષ્યના હાથે ચુંટાઈ જવાથી સુકાઇ કેમ ન ગયું હોય? એવી અત્યારે 'નિર્ભાગી નિર્મળા'ની સ્થિતિ હતી.

"નિર્મળા ! " આવી કિકિયારી કરી શશિકાંત પત્નીના પ્રાણહીન શરીરની પાસે ઢળી પડયો. હરિ ! હરિ ! સાસુ સસરાના ત્રાસમાંથી દુઃખિની નિર્મળા સદાને માટે મુક્ત થઈ.



११

શ્રીયુત્ શારદાપ્રસાદ.

શ્રીયુત્ શારદાપ્રસાદ એમ. એ. એલ. એલ. બી. એક સુપ્રસિદ્ધ યુવક વકીલ છે. તેઓ પોતાનો ઘણોખરો સમય દેશોપકારી કાર્યો કરવામાજ વ્યતીત કરે છે. તેઓ વકિલાત એટલાજ માટે કરે છે કે જેથી કરીને તેમની જીવિકાનો નિર્વાહ તેઓ સ્વતત્રતાથી કરી શકે; તથા અનેક દીન દુખી નિરાધાર લોકોને કાયદાની તેમજ પૈસા ટકાની સાહાય્ય આપી શકે. તેઓ કોઇ પણ દિવસે અસત્ય કેસને પોતાના હાથમા લેતા નથી. વળી તેઓ પોતાની ફી પણ વ્યાજબી જ લે છે. તેઓ ઘણીજ સાદાઇ તેમજ પવિત્રતાથી રહે છે; અને બહુજ હદસર ખર્ચ કરીને પોતાના જીવનનો નિર્વાહ કરે છે. પોતાના આવશ્યક ખર્ચ ઉપરાત પોતાની પાસે જે કાંઇ રકમ બચે છે તે સઘળી રકમનો તેઓ પરોપકારી કાર્યોમા વ્યય કરે છે. અનેક કુલીન સહાયપાત્ર વિધવાઓને તેઓ ગુપ્ત રીતે સાહાય્ય કરે છે. ગરીબ વિદ્યાર્થીઓને ફી, પુસ્તકાદિની વ્યવસ્થા કરી આપે છે. કેટલીક સભાઓના તેઓ પ્રમુખ છે, ફક્ત પ્રમુખ છે એટલુજ નહિ પરંતુ કાર્યવાહક સેક્રેટરી સુદ્ધાં છે. તેમણે પોતાના સમયના વિભાગ એવી તો ઉત્તમ રીતે કરી રાખ્યા છે કે, સકળ કાર્ય નિયમપૂર્વક યથાસમય પૂર્ણ થઇ જાય છે. તેઓ દિવસે બિલકુલ વિશ્રામ લેતાજ નથી. તેમનુ એમજ કહેવું છે કે **દિવસ આરામ ભોગવવાને માટે નિર્માણ થએલો નથી પરંતુ કામ કરવાને માટે નિર્માણ થએલો છે.** પોતાના આવા વિચારને લીધે તેમનો સમગ્ર દિવસ

કામકાજમાંજ વ્યતીત થાય છે. રાત્રે દશ વાગ્યે તેઓ શય્યાવશ થાય છે; અને મળસ્કે ચાર વાગે જાગ્રત થાય છે. જાગ્રત થઇને શૌચથી નિવૃત્ત થયા પછી તેઓ શીતળ જળથી સ્નાન કરી લે છે; અને સ્નાન કર્યા પશ્ચાત્ પાંચ વાગ્યા સુધી સંધ્યાવંદન તથા અગ્નિહોત્ર કરે છે. પાંચ વાગતાં જ, તેઓ પગે ચાલીને એક બે માઇલ સુધી ફરી આવે છે તથા ત્યાર પછી નિત્યનાં કરવાનાં કાર્યોમાં પ્રવૃત્ત થઇ જાય છે. કોઇ પણ દિવસે આઠ કલાકથી ઓછો સમય તેઓ કામ કરતા નથી; અને એટલા સમયમાં તેઓ એટલું બધુ કાર્ય કરી નાખે છે કે જેથી જનસમાજને આશ્ચર્ય લાગ્યા સિવાય રહેતું નથી. આવશ્યક કાર્ય સિવાય તેઓ કોઇને મળવા સુદ્ધાં જતા નથી. તેમણે સંધ્યા સમયનો એક કલાક તથા રવિવારનો પ્રાતઃકાળનો ત્રણ કલાકનો સમય સર્વે સ્નેહી સંબંધીઓને મળવાને માટે નક્કી કરી રાખ્યો છે. વાતચીત ઘણી થોડી પરંતુ ઉપયોગનીજ થય કરે છે. કોઇના ઉપર તેઓ કોઇ પણ સમયે અપ્રસન્ન થતા નથી. ધર્માંધતાની વાત તેઓ પસંદ કરતા નથી. કોઇ પણ મતવાળા મનુષ્યો સાથે તેમને દ્વેષભાવ નથી. તેઓ હિંદુ ધર્મ સભાના પ્રમુખ છે છતાં તેમને આર્ય સમાજના અનેક રિવાજો તથા સાર્વજનિક ઉપયોગી કાર્યો પસંદ છે. પોતાની જાતના ભૂદેવો કે જેઓ આચાર વિચારમા શૂન્ય છે તેમની અવિદ્યા તથા આળસ સંબધે તેમને ઘણીજ ચિંતા થયા કરે છે. તેમની પિતૃભક્તિ તથા માતૃભક્તિ આદર્શ સમાન છે. તેઓ માતાપિતાની સેવા—શુશ્રષાને પણ પોતાનુ મુખ્ય કર્ત્તવ્યજ સમજે છે. તેઓનુ એમ કહેવું છે કેઃ—" માતાપિતાનું ઋણ સંતાનોથી કદાપિ વાળી શકાતું નથી. પોતાની નિર્ધન અવસ્થામાં અનેક પ્રકારનાં કષ્ટો સહન કરી તેઓએ મને એમ. એ. સુધી ભણાવ્યો છે. શું એમના આ મહદ્ ઉપકારનો

હું યત્કિંચિત્ પણ બદલો વાળી શકું તેમ છું? ” જ્યારે તેઓ પોતાનાં માતાપિતાના ગુણોનું વર્ણન કરે છે ત્યારે તેમનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવે છે. તેમનું ચરિત્ર પણ આદર્શરૂપ છે. તેમના આચાર વિચાર અનુકરણીય છે. કચેરીમાં કાર્ય ઉપર ગયા હોય તે સિવાય તેઓ અન્ય સ્થળે ઇંગ્રેજી બોલતા નથી. સંસ્કૃતના તેઓ મોટા વિદ્વાન હોવા છતાં ગુજરાતી સાહિત્યના પણ ઘણાજ શોખીન છે. તેઓ કહ્યા કરે છે કે, માતૃભાષાની ઉન્નતિ થયા સિવાય દેશની ઉન્નતિ થઇ શકતી નથી. તેઓ સદૈવ પોતાની માતૃ-ભાષા ગુજરાતીમાંજ વાર્તાલાપ કર્યા કરે છે. ગુજરાતી સાહિ-ત્યની ઉન્નતિ થાય એ હેતુને ધ્યાનમાં રાખી તેઓ એ સબંધી અનેક પ્રકારના યત્નો કર્યા કરે છે. ખાસ કરીને ગુર્જર વિદ્યાર્થીઓને ગુજ-રાતી શિક્ષણથી શિક્ષિત થવાને માટે ઉત્સાહિત કરે છે. તેઓ પ્રત્યેક વર્ષે વિદ્યાર્થીઓ પાસે એક ઉત્તમ વિષય ઉપર ગુજરાતી નિબંધ લખાવે છે; તથા જેનો નિબધ સર્વોત્તમ નીવડે છે તે નિબંધના લેખક વિદ્યાર્થીને એક સુવર્ણપદક (સોનાનો ચાંદ) ઇનામમાં આપ્યા કરે છે. તેમની સોબતથી તેમના સહવાસમાં આવતા વકિલો પણ કચેરીના કાર્ય સિવાય ગુજરાતી ભાષામાંજ વાતચીત કરવાનુ શીખ્યા છે.

સ્વદેશીના તેઓ ઘણા પક્ષપાતી છે. પરતુ એ સબંધમાં કોઇ પણ પ્રકારની ખટપટ કર્યા સિવાય શાંતિથી સ્વદેશીનો પ્રચાર કરવાનું તેમને વિશેષ પસદ છે. તેમના વિચારો વિનીત પક્ષવાળા મનુષ્યોના જેવા છે, પરંતુ કોઇના ઉપર અન્યાય, અત્યાચાર તથા અનુચિત વ્યવહાર થતો તેઓ જોઇ શકતા નથી. ખોટી ખુશામદ તથા હામાં હા ભણવાનો તેમને અંતઃકરણપૂર્વક તિરસ્કાર છે. પોતાના સદ્-ગુણોને લીધે તેમની પ્રશંસા ચારે દિશાએ ફેલાઇ રહી છે. દેશો-પકારી જેટલાં કાર્યો છે, તે સકળ કાર્યોના તેઓ સહાયક છે તથા તે

કાર્યોને માટે તન, મન તથા ધનથી બનતી પ્રત્યેક પ્રકારની સહાય કરવામાં તેઓ પાછી પાની કરતા નથી. દીન તથા દુઃખી પુરૂષોના તેઓ વિશ્રામ સ્વરૂપ છે. અર્થાત્ તેમનુ તન, મન તથા ધન પરોપકાર અર્થે જ છે. હિંદુ, મુસલમાન, ઇસાઇ વગેરે કોમો તરફથી તેમજ ગવર્નમેન્ટ તરફથી તેમને સન્માનની પ્રાપ્તિ થઇ છે. કેટલાક લોકો કે જેનો સ્વભાવ અવશ્ય કરીને અન્ય મનુષ્યોની નિંદા કરવાનો હોય છે, તેઓ પણ શ્રીયુત્ શારદાપ્રસાદની પ્રશસા કરે છે. ઉત્તમ પ્રકારના લોકો તો ફક્ત એમની પ્રશંસા કરીનેજ શાંત નહિ બેસી રહેતા યથા સમયે અનેક આવશ્યક વાર્તામાં તેમની સહાયની અપેક્ષા કરે છે; તથા તેમના ભરોસા ઉપર રહીને સ્વતંત્રતાપૂર્વક દેશહિતનાં કાર્યે કરે છે. આવા આવા અનેક દેશો-પકારક તથા પરોપકારક કાર્યો તેઓ કરે છે છતાં તેમના મનમા એમ નથી આવતુ કે હુ એક પણ મ્હોટું કાર્ય કરૂ છુ. જો કોઇ તેમના એકાદ ઉત્તમ કાર્યની તેમની આગળ પ્રશસા કરે છે તો તેઓ એવો ઉત્તર આપે છે કે: "એમા પ્રશસા કરવા જેવુ શુ છે? એ તો મ્હે મ્હારૂં કર્તવ્યજ બજાવ્યું છે." તેમને પોતાના મોટાઇની વાત બિલકુલ પસદ નથી. કોઇ તેમની પ્રશસા કરે છે તો તેઓ પોતાના મનમા એવા સકુચિત તથા લજ્જિત થાય છે કે જાણે કોઇએ તેમની નિંદાજ કેમ ન કરી હોય! વૃદ્ધ પુરૂષો તેમને દીર્ઘાયુષ્યનો આશીર્વાદ અર્પણ કરીને એમ કહ્યા કરે છે કે, શારદાપ્રસાદની માતાને ધન્ય છે, કે જેણે પોતાના પેટે આવા સકળ ગુણાલંકૃત પુત્રને જન્મ આપ્યો સત્યજ કહ્યું છે કે:—

"જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કા શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

શ્રીયુત્ શારદાપ્રસાદના પિતાએ એક સસ્કૃત પાઠશાળા સ્થાપન

કરી રાખી હતી, તથા તે દ્વારા જે કાંઇ થોડી ઘણી પ્રાપ્તિ થતી હતી, તેનાથી તેઓ પ્રથમ પોતાનો નિર્વાહ કર્યા કરતા હતા પરંતુ હવે શ્રીયુત્ શારદાપ્રસાદે આ પાઠશાળામા ત્રણ સસ્કૃત પડિતોને મોટા પગારે શિક્ષક તરીકે રાખ્યા છે; આટલુ જ નહિ પરતુ ગુજરાતી તેમજ અગ્રેજી શિક્ષણ માટે પણ ઉત્તમ પ્રકારના વ્યવસ્થા કરા છે. વળી કોઇ પણ વિદ્યાર્થી પાસેથી ફી લેવામા આવતી નથી. આ વર્ષથી મેટ્રિક્યુલેશન સુધીના અગ્રેજી શિક્ષણ તથા આચાર્યની પરીક્ષા સુધીના સસ્કૃત શિક્ષણનો લાભ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય એ હેતુથી ત્યા સુધી શિક્ષણ આપવું શરૂ કર્યું છે. આ સમયે તેમને પોતાના નગરવાસીઓ પાસેથી આર્થિક સાહાય લેવાની જરૂર પડી, પરતુ ફક્ત તેમના કહેવાથીજ વાતમાં ને વાતમા દોઢ લાખ રૂપિયા એકત્ર થઇ ગયા. આ રૂપિયામાથી પચાસ હજાર રૂપિયાનુ એક મકાન બંધાવવામા આવ્યુ તથા પચીસ હજાર રૂપિયાથી એક સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપના કરવામા આવી. આશ્ચર્યની વાત તો એ છે કે આ પચીસ હજાર રૂપિયા એક કૃપણ શેઠીઆએ શ્રીયુત્ શારદાપ્રસાદના સાધારણ ઉપદેશ ઉપર આપ્યા હતા. આજ ગૃહસ્થ શ્રીયુત્ શારદાપ્રસાદની કાયદાની યોગ્યતાથી એક લાખ રૂપિયાનો એક દીવાની કોર્ટનો કેસ, કે જેમા ફત્તેહમદ થવાની આશાજ નહોતી, તે જીત્યો હોવાથી ડિક્રી થઇ જતાની સાથેજ તેણે પચીસ હજાર રૂપિયા મહા હર્ષ સાથે ઉપર્યુક્ત પુસ્તકાલય સ્થાપન કરવા માટે દાનમા આપ્યા હતા. તેમના ઉત્તમ કાર્યો માટે આ વર્ષે ગવર્નમેન્ટ તરફથી કૈસરે હિન્દનો સુવર્ણપદક (સોનાનો ચાદ) મળવાના માનમાં એક નાનો સરખો મેળાવડો થયો. જે મેળાવડામા કલેકટર સાહેબે શ્રીયુત્ શારદાપ્રસાદનાં અનેક સાર્વજનિક કાર્યોની પ્રશસા કરતાં કહ્યુ કેઃ "હું આશા રાખું છુ કે, ગવર્નમેન્ટ તરફથી આપને

વિના વિલંબે રાવબહાદુરની ઉપાધિ પ્રાપ્ત થશે.”

આ વચનો સાંભળી તેમણે કલેકટર સાહેબને તો કાંઇ ન કહ્યું, પરંતુ સ્વગૃહે આવીને તેઓ પોતાના મિત્રોને કહેવા લાગ્યા કેઃ “મ્હારા જેવા બ્રાહ્મણ-પુત્રને રાવબહાદુરનું શું પ્રયોજન ?” છેવટે એક દિવસે તેઓ એકલા કલેકટર સાહેબને બંગલે જઇને કહી આવ્યા કે મને ઉપાધિની આવશ્યકતા નથી. હું જે કાંઇ જાહેર કાર્યો કરૂં છું તે કોઇ પણ રીતે પ્રતિષ્ઠા યા તો પ્રસિદ્ધતાની પ્રાપ્તિ કરવા અર્થે કરતો નથી.

અત્યાર સુધી અમે શ્રીયુત શારદાપ્રસાદનાં ગુણનાં કીર્ત્તન કર્યા છે, હવે અમે તેમની બાલ્યાવસ્થાનો તથા તેમના પૂર્વજોનો કાંઇક પરિચય વાંચક વર્ગને કરાવવો આવશ્યક સમજીએ છીએ.

શ્રીયુત્ શારદાપ્રસાદ ગૌડ બ્રાહ્મણ છે. તેમના પૂર્વજોની સ્થિતિ કેટલીક પેઢીઓથી સાધારણ પ્રકારનીજ ચાલી આવી છે, પરંતુ પ્રત્યેક પેઢીમાં વિદ્યાનો પ્રચાર ઘણોજ થએલો છે. તેમના કુળમા મોટા મોટા પ્રસિદ્ધ વિદ્વાનો થઇ ગયા છે. તેમના પિતા પણ સંસ્કૃત સાહિત્યના ધુરંધર પંડિત છે. તેમનો હમણાનો સમય પણ સંસ્કૃત ગ્રંથોના અધ્યયનમાંજ વ્યતીત થાય છે. તેમના માતા ગુજરાતી ભાષાનાં રસજ્ઞ છે તેમજ સાધારણ સંસ્કૃત પણ જાણે છે. તેમને પોતાના પતિ પાસેથી શાસ્ત્રીય કથા વાર્ત્તાઓ સાંભળવાનો ઘણો શોખ છે; અને આથી કરીને અનેક પૌરાણિક કથાઓ તથા શાસ્ત્રીય વાતો તેમને કંઠસ્થ છે.

જ્યારે શારદાપ્રસાદ થોડું ઘણું બોલતા તથા સમજતા થયા ત્યારે પ્રથમ તો તેમનાં માતુશ્રીએ તેમને હિતોપદેશની કથાઓ, રામાયણ, મહાભારત તથા પુરાણોમાંનાં ઉપદેશપૂર્ણ ઉદાહરણો કહી સમજાવવા માંડયાં. ગુજરાતી શિક્ષણ પણ શ્રીયુત્ શારદાપ્રસાદને તેમનાં માતા પાસેથીજ મળ્યું.

પાંચ વર્ષની અવસ્થા પૂર્ણ થયા પછી તેમના પિતાએ તેમને

સંસ્કૃત શિક્ષણ આપવાની શરૂઆત કરી. પ્રથમ સમજાવ્યા સિવાય લઘુ કૌમુદી અને વ્યાકરણનાં સૂત્રોને કંઠસ્થ કરાવવા માંડયાં; તથા જ્યારે શારદાપ્રસાદ યોગ્ય ઉંમરના થયા ત્યારે તે સકળ શિક્ષણનું રહસ્ય તેમના પિતા તેમને સમજાવવા લાગ્યા. પારણામ એ આવ્યું કે અલ્પ સમયમાંજ શ્રીયુત્ શારદાપ્રસાદ અનેક પ્રકારનાં સંસ્કૃત પુસ્તકો વાચી તેને સમજવા લાગ્યા. બાર વર્ષ જેટલી ઉંમર થતાંમાં તો તેઓ માતાપિતાની સાથે સંસ્કૃતમાં વાતચીત કરવા સુદ્ધાંનું શીખી ગયા. તેમના પિતાએ પણ પુત્રનુ સંસ્કૃત શિક્ષણ ઉત્તમ પ્રકારનું નીવડે એ હેતુથી રાત્રિ દિવસ પુત્રની સાથે સંસ્કૃતમાંજ વાતચીત કરવાનો નિયમ ચાલુ કર્યો. જો કે શ્રીયુત્ શારદાપ્રસાદના પિતાની ઇચ્છા તેમને ફક્ત સંસ્કૃત શિક્ષણ આપવાનીજ હતી; પરંતુ પોતાની ધર્મપત્નીના આગ્રહથી સમયાનુસાર રાજભાષા થઇ પડેલી આંગ્લાવદ્યા (અંગ્રેજીવિદ્યા)નો પણ અભ્યાસ કરાવવો યોગ્ય સમજીને પોતાના પુત્રને સંસ્કૃત તથા અંગ્રેજી, બન્ને ભાષાઓની ઉચ્ચ પરીક્ષાઓ પસાર કરાવવા માટે તેમણે નિશ્ચય કર્યો. બાર વર્ષની ઉંમરે શ્રીયુત્ શારદાપ્રસાદે શાસ્ત્રીની પરીક્ષા પસાર કરી; તથા ત્રણ વર્ષમાં તો ઇંગ્લીશ મિડલ કલાસ સુધીનો અભ્યાસ કરી નાખ્યો; અને ત્યાર પછી એક વર્ષમાંજ તેઓએ એન્ટ્રેન્સની પરીક્ષા પણ પાસ કરી. તેઓ મિડલ તથા એન્ટ્રેન્સ, એ બન્ને પરીક્ષાઓમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. એ સમયે મિડલમાં પ્રથમ વર્ગમાં પાસ થનાર ચાળીસ વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ મળતી હતી તથા શ્રીયુત્ શારદાપ્રસાદનો આ ચાળીસ પૈકી પાંચમો નંબર આવવાથી તેમને પણ માસિક આઠ રૂપિયાની સ્કૉલરશીપ મળવા લાગી ત્યાર પછી એન્ટ્રેન્સમાં ત્રીજો નંબર આવવાથી એફ. એ. માં અભ્યાસ કરતી વખતે માસિક દશ રૂપિયાની ગવર્નમેન્ટ તરફની અને માસિક પાંચ રૂપિયાની એક

લોકલ સ્કૉલરશીપ મળવા લાગી. તેમની ચપળતા તથા વિદ્યા પ્રત્યેની આતશય અભિરૂચિના પરિણામે તેમની કૉલેજની ફી સુદ્ધાં માફ થઇ ગઇ. શ્રીયુત્ શારદાપ્રસાદ પ્રતિ માસે પંદર રૂપિયા શિષ્યવૃત્તિઓમાંથી પ્રાપ્ત કરી લાવી પોતાનાં માતુશ્રીને આપતા હતા. એ પદર રૂપિયા પૈકી પાંચ રૂપિયા તેમનાં માતુશ્રી પુત્રને માટે દૂધ ઘીના ખોરાકમાં વ્યય કરી નાખતાં હતાં, તથા દશ રૂપિયા પુત્રને ભણાવવા માટેના ખર્ચમાં જૂદા રાખ્યા કરતાં હતાં.

જે વર્ષે શ્રીયુત્ શારદાપ્રસાદ ફર્સ્ટ ઇઅરમાં હતા તે સમયે તેમણે વિશારદની પરીક્ષા પસાર કરી. એ પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં પાસ થયા. વિશારદની પરીક્ષા પાસ કરી રહ્યા પછી એક વર્ષે તેઓ એફ. એ. માં પ્રથમ નંબરે પાસ થયા અને આથી કરીને બી. એ. ના કલાસમાં અધ્યયન કરવાને માટે તેમને માસિક પચીસ રૂપિયાની સ્કૉલરશિપ મળવી શરૂ થઇ. પૂર્વક્રમ પ્રમાણે થર્ડ ઇઅર કલાસમાં અભ્યાસ કરતી વખતે તેમણે શાસ્ત્રીની પરીક્ષા પસાર કરી તથા બીજે વર્ષે બી. એ. માં પ્રથમ વર્ગમાં પાસ થયા. બી. એ. માં ફત્તેહમંદ થયા પછી બે વર્ષે એમ. એ. તથા એલ. એલ. બી. ની પરીક્ષા એક એક સપ્તાહના અંતરે આપી, બન્ને પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થયા.

શ્રીયુત્ શારદાપ્રસાદ પાઠશાળા તથા મહા પાઠશાળામાં જ્યારે અભ્યાસ કરતા હતા ત્યારે તેમના આચાર વિચાર ઘણા ઉત્તમ પ્રકારના હતા. તેમના વર્તનની શુદ્ધતા તથા તેમની વિદ્વત્તાને લીધે પ્રત્યેક વર્ગમાંના વિદ્યાર્થીઓ તેમનું સન્માન કરતા હતા તથા શિક્ષકો પણ તેમની સૌમ્ય પ્રકૃતિ તેમજ બુદ્ધિની તીવ્રતાને લીધે તેમના ઉપર નિ:સીમ સ્નેહ રાખતા હતા. શ્રીયુત્ શારદાપ્રસાદે પોતાના ગુણોના પ્રભાવથી પ્રત્યેકને પોતાના પ્રેમી બનાવ્યા હતા.

શ્રીયુત્ શારદાપ્રસાદ પ્રતિવર્ષે કોઈ નહિ ને કોઇ પણ પરીક્ષા આપતા રહેતા હોવાથી તેઓ પોતાના સમયના થતા ઉપયોગ પ્રતિ અતિશય લક્ષ આપતા હતા. તેમની એક પણ મિનિટ નકામી જતી નહોતી. તેમણે પાઠશાળા તથા મહાપાઠશાળાના વખત સિવાયના વખતના પણ બરોબર વિભાગ કરી રાખ્યા હતા; તથા જે કાર્ય જે સમયે કરવાનું નક્કી કરી રાખ્યું હતું તે સમયે તે કાર્ય સંપૂર્ણ કરી નાખતા હતા. પ્રતિદિન સંધ્યા સમયે તેઓ એક કલાક ક્રિકેટ યા તો ફુટબૉલ રમવા જતા હતા. મળસ્કે ઉઠીને શૌચ, સ્નાન સંધ્યાદિ નિત્ય કર્મથી નિવૃત્ત થઈ વાયુ સેવનને માટે ફરવા જતા હતા. આથી કરીને તેમની શારીરિક સંપત્તિ ઉત્તમ પ્રકારની રહેતી હતી, તથા દિનપ્રતિદિન એ સંપત્તિમાં વૃદ્ધિ થયા કરતી હતી. શ્રીયુત્ શારદાપ્રસાદ સંયમ તથા સચ્ચરિત્રથી પોતાના બ્રહ્મચર્યનું રક્ષણ કરતા હતા. આથી કરીને તેમના મુખ ઉપર અપૂર્વ કાન્તિ નિવાસ કરી રહી હતી. અનેક લોકો તેમનું તેજસ્વી વદન, વિશાળ ભાળ તથા સુપુષ્ટ દેહ જોઇ આશ્ચર્યચકિત થઈ જતા હતા. શ્રીયુત્ શારદાપ્રસાદ ખાસ આવશ્યક કાર્ય સિવાય કોઇને ત્યાં જતા આવતા નહોતા. એકાંતમાં બેસી હરનિશ તેઓ પોતાના અભ્યાસમાંજ નિમગ્ન રહેતા હતા. તેઓનુ કામ એવી તો તન્મયતાથી ચાલ્યા કરતું હતું કે કલાકોના કલાકો ક્યાં વીતી જાય છે તેની તેમને બિલકુલ ખબર નહોતી પડતી. અનેક વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેઓ ખાવાપીવાનો, સુવા બેસવાનો, લખવા વાંચવાનો સમય નક્કી કરી રાખ્યા સિવાય ઇચ્છામાં આવે તે પ્રમાણે કામ કરે છે. આથી તેમનું મન દિવસે દિવસે નિર્બળ થઇ જતાં તેમની શારીરિક સંપત્તિનો પણ નાશ થાય છે. શ્રીયુત્ શારદાપ્રસાદ તો હમ્મેશાં દશ વાગ્યા સુધી અભ્યાસ કરી સૂઇ જતા તે મળસ્કે ચાર વાગ્યે જાગ્રત થતા. પાઠશાળા તથા મહાપાઠશાળામાં રજાઓ

પડતી તોપણ તેઓ પોતાના કાર્યથી વિમુખ થતા નહિ. તેઓ અભ્યાસ કરવામાં પ્રતિદિન નિયમ પ્રમાણે પરિશ્રમ કરતા હોવાથી તેમને કદાપિ પરીક્ષા સમયે અધિક પરિશ્રમ કરવો પડતો નહિ.

શ્રીયુત્ શારદાપ્રસાદ બી. એ. માં માન સાથે પાસ થયા પછી અનેક સજ્જનો તેમનો વિવાહ સંબંધ સાંધવાને ઇચ્છા કરવા લાગ્યા પરંતુ તેમનાં માતાપિતા સકળ જનોને એવો ઉત્તર આપતાં કે:–" જ્યારે શારદાપ્રસાદ પૂર્ણ શિક્ષણ પ્રાપ્ત કરી રહીને પોતાની જીવિકાનો નિર્વાહ કરવાને યોગ્ય થઇ જશે ત્યારે વિવાહ કરીશું."

શ્રીયુત્ શારદાપ્રસાદના એમ. એ. માં પાસ થઇ ગયા પછી એક સુશિક્ષિત ડેપ્યુટી કલેકટર તેમને પોતાની સુયોગ્ય કન્યા કમળાને અર્પણ કરવાની ઇચ્છા ધરાવવા લાગ્યા. ડેપ્યુટી સાહેબનાં સંબંધી જનો તેમની આગળ શ્રીયુત્ શારદાપ્રસાદનાં માતાપિતાની ગરીબી અવસ્થાની વાત કાઢી તેમને પોતાની ઈચ્છા માંડી વાળવાનુ જણાવતાં હતાં પરંતુ ડેપ્યુટી સાહેબ એ સકળ સંબંધીઓને એવો ઉત્તર આપતા કે:–" શારદાપ્રસાદ વિદ્વાન છે. બ્રાહ્મણને માટે વિદ્યાધનથી વધારે કોઇ વસ્તુ નથી, તેથી અમારે માટે તેમનાથી અધિક ધનવાન અન્ય કોણ મળી શકે તેમ છે ? મ્હારી કમળાના નસીબમાં શારદાપ્રસાદ જેવો પતિ નિર્માણ થયો હોય તો હું તો તેનાં ધનભાગ્યજ સમજું."

છેવટે એક શુભ મુહૂર્ત ઉપર શ્રીયુત્ શારદાપ્રસાદ અને કમળાનાં લગ્ન થયાં તથા આ લગ્નથી ઉભય પાત્રને અપૂર્વ આનંદ થયો.

દીનાનાથ.

પ્રથમ પરિચ્છેદ.

બંધુનો ઉપદેશ.

એક દિવસે મ્હારા બંધુએ મને બોલાવીને કહ્યું: "દીનુ! હવે તું નાનો નથી. ગૃહની કોઈ પણ વાત ત્હારાથી છૂપી નથી. કોણ જાણે કે કેવી રીતે કોના પુણ્યના ઉદયના લીધે કાચુ પાકુ બે મુઠી અન્ન મળ્યે જાય છે. જો માતાપિતાના કહેવા પ્રમાણે હુ સારી રીતે ભણ્યો હોત તો આજે ફક્ત વીસ રૂપિયાને માટે હમ્મેશા બે ગાઉ સુધી જવું આવવું પડત નહિ, તથા આપણા દિવસો આવા દુઃખપૂર્ણ બનત નહિ. છતાં તેમની મારપીટથી હું જે કાંઇ ભણ્યો તે ભણતરનાજ પ્રતાપે આજે કાચું પાકું ખાઇને તથા જાડું પાતળું પહેરીને આપણા દિવસો વ્યતીત કરીએ છીએ જો એ સમયે હું આટલુ પણ ન ભણ્યો હોત તો કોણ જાણે કે આજે શી દશા થઇ હોત?"

આટલુ કહેતાં કહેતાં બંધુનાં નેત્રોમાં જળ ભરાઇ આવ્યું. આજ સુધીમાં મ્હેં ગુરૂજી તથા માસ્તરનો ઘણો માર સહન કર્યો હતો, આડોસીપાડોસીઓનો વિસ્તારપૂર્ણ ઉપદેશ શ્રવણ કર્યો હતો પરંતુ કોઇના કહેવાનો મ્હારા ઉપર કાંઇ પ્રભાવ થયો નહોતો. અદ્યાપિ પર્યંત જે જે સદુપદેશ શ્રવણ કર્યો હતો તે કાન સુધીજ પહોચ્યો હતો—

ચિત્તની અંદર પ્રવેશ કરી શકયો નહોતો. વળી મારપીટનો તો હિસાબજ કોને હતો? એ તો જાણે એમજ કે શરીર ઉપરની ધૂળજ ઉડી જાય છે! પરતુ કોણ જાણે શાથી આજે મને વડિલ ભ્રાતાનુ કથન એવું લાગ્યુ કે, તે મ્હારા ચિત્તમાં પ્રવેશ કરી ગયુ. મ્હે નીચું મ્હો રાખી ભાઇનો સકળ સદુપદેશ શ્રવણ કર્યો, તથા ત્યાર પછી કેટલીક ક્ષણ સુધી હું ત્યાં આગળ શાતતાથી બેસી રહ્યા પશ્ચાત્ ઉઠીને ચાલ્યો ગયો. બીજેજ દિવસથી મ્હેં અધ્યયન કરવામાં એટલુ બધું લક્ષ આપવા માંડયુ કે મ્હારા ગુરૂ તથા મ્હારી સાથે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓના આશ્ચર્યની સીમા ન રહી. તે સાથે મ્હારી બુદ્ધિ પણ ફરી ગઇ. મ્હારી ચાલચલણ માટે કેટલાક દિવસો પૂર્વે જે લોકો મ્હારી ઘૃણા કરતા હતા તેજ લોકો હવે મ્હારા ઉપર પ્રેમ રાખી મ્હારી પ્રશંસા કરવા લાગ્યા. સોળ વર્ષની ઉંમરે મ્હે મિડલ પરીક્ષા આપી, તથા તેમાં હું પસાર થયો.

દ્વિતીય પરિચ્છેદ.

મ્હારો પરચય.

સંસારમાં બાળકોના બે આધાર હોય છે. માતા અને પિતા. મ્હારા કમનશીબને લીધે મ્હારી આવી બાલ્યાવસ્થામાંજ મ્હારા પિતાનો પરલોકવાસ થયો હતો. પિતાના પરલોકવાસ સમયે શું શું બન્યું હતુ તેની મને અત્યારે લેશ માત્ર પણ માહિતી નથી. પિતાના મૃત્યુ પછીથી મ્હારી સ્નેહમયી માતાએજ મ્હારૂં પ્રતિપાલન કર્યું હતું. સમયે મ્હારી બાર વર્ષની ઉંમર થઇ તે સમયે મ્હારી માતા પણ

દેવલોકને પામી. એ સમયે મને સમગ્ર જગત અંધકારમય દેખાવા લાગ્યું, પરંતુ ઇશ્વરની વિચિત્ર લીલા પ્રમાણે જેમ જેમ દિવસો વીતવા લાગ્યા તેમ તેમ મ્હારા હૃદય ઉપરથી માતૃવિયોગનો શોક પણ ધીમે ધીમે હલકો થવા લાગ્યો.

હવે રહ્યા હું અને મ્હારા વડિલ બંધુ. મ્હારી ઉમર તે સમયે બાર વર્ષની હતી, ત્યારે મ્હારા વડિલ બંધુની ઓગણીસ વર્ષની હતી. માતાની હયાતિમાંજ મ્હારા મોટા ભાઇનો વિવાહ થઇ ગયો હતો. મ્હારાં ભાભી પણ અમારે ત્યાંજ રહેતાં હતાં. તેમની ઉંમર એ સમયે પંદર વર્ષની હતી. હવે સંસાર સંભાળવાનો સઘળો ભાર તેમના શિર ઉપર આવી પડયો. મ્હારાં ભાભીને મ્હારી માતાએ પોતાની હયાતિમાંજ સંસારનાં સકળ કાર્યોનું શિક્ષણ ઉત્તમ પ્રકારે આપ્યું હતું તેથી કરીને તેમણે ગૃહને એવી તો નિપુણતાથી સભાળી લીધુ કે અમને માતાના મૃત્યુનો શોક વિશેષ સમય સુધી લાગ્યા કર્યો નહિ. માતાનો મ્હારા ઉપર જેવા પ્રકારનો સ્નેહ હતો તથા તેમણે જેવા હેત પ્રેમથી મ્હારૂં પ્રતિપાલન કર્યું હતું, તે કરતાં પણ વિશેષ સ્નેહથી મ્હારાં ભાભી મ્હારૂં પ્રતિપાલન કરતાં હતાં.

મ્હારા પિતા પોતાની પાછળ કાંઇ વિશેષ ધન દોલત મૂકી ગયા નહોતા. તેઓ જે થોડું ઘણું મૂકી ગયા હતા તેમાંથી માતાજીએ અમારૂ પ્રતિપાલન કર્યું તથા મ્હારા વડિલ ભ્રાતાને શિક્ષણ આપ્યું. મ્હારા વડિલ ભ્રાતાને તેમણે એફ. એ. સુધી ભણાવ્યા હતા, પરંતુ આગળ અભ્યાસ કરાવવાની વ્યવસ્થા નહિ કરી શકાવાથી મ્હારી માતાએ તેમને આગળ ભણાવવાનું માડી વાળ્યું હતું. છેવટે અનેક યત્નો કરવાથી મ્હારા ભ્રાતાને અમારા ગામની સ્કુલમાં હેડમાસ્તરની જગ્યા મળી હતી. આ હેડમાસ્તરની જગ્યા ઉપર તેમને વીસ રૂપિયા પગાર મળતો હતો. આ પગારમાંથી અમારી માતા અમારો ગૃહ-

સંસાર ચલાવતી હતી. માતાના મૃત્યુ થયા પછી જે કાંઇ રકમ એકઠી થઇ હતી તે સઘળી તેમના ક્રિયાકર્મમાં અર્થાત્ ગૃહાચાર્યો અને કુલાચાર્યોનું ઉદર મોદકથી પરિતૃપ્ત કરવામાં ખરચાઇ ગઇ. ત્યાર પછી ફક્ત માસિક રૂપિયા વીસનોજ અમને આશ્રય રહ્યો. હું પણ જે નિશાળમા ભાઇ હેડમાસ્તર હતા તેજ નિશાળમાં ભણવા જતો હતો, છતાં મને કહેતા શરમ આવે છે કે મ્હારી તે સમયે બાર વર્ષની ઉંમર હોવા છતા હુ પાંચમીજ ચોપડીમાં અભ્યાસ કરતો હતો. કારણ મ્હારૂ ધ્યાન તે સમયે રમવા કૂદવા સિવાય અન્ય કોઇ પણ પ્રકાર પ્રતિ નહોતું. વળી મને મ્હારા માસ્તરનો તો લેશ માત્ર પણ ભય નહોતો, કારણ કે મ્હારા વડિલ ભ્રાતા એ જ નિશાળમાં હેડમાસ્તર હોવાથી હું નિર્ભય હતો. મ્હારા ભ્રાતા પણ મને એટલા માટેજ શિક્ષા નહોતા કરતા કે વખત છે ને જો તે મને શિક્ષા કરે તો તેમને લોકો એમ કહે કેઃ—" માબાપ મરી ગયા એટલે ભાઇ અને ભોજાઇ મળી વચ્ચેથી પોતાનો કાંટો દૂર કરવા ઇચ્છે છે. " લોકનિંદાના આવા ભયને લીધે મ્હારા વડિલ ભ્રાતા પણ મને કાંઇ કહેતા નહિ. હુ પણ નિર્ભયતાથી મોજશોખમાં મ્હારા દિવસો વ્યતીત કરતો હતો. બાર વર્ષની ઉંમર તો મ્હારી રમવા કૂદવામાંજ ચાલી ગઇ.

તૃતીય પરિચ્છેદ.

અધ્યયનનો વિચાર.

મિડલ પરીક્ષા તો પાસ કરી પરંતુ પછીથી એ ફિકર પેઠી કે એન્ટ્રન્સ (પ્રવેશક) નો અભ્યાસ ક્યાં કરવો તથા તેનું ખર્ચ ક્યાંથી

આવશે? ભ્રાતાને જે વીસ રૂપિયા મળે છે એટલામાં તો ગૃહખર્ચ પણ પૂરૂં થતું નહોતું, તેમજ બીજી કોઇ પ્રકારની આવક પણ નહોતી.

ભ્રાતાને મને અધ્યયન કરાવવા સંબંધી ઘણી ચિંતા થવા લાગી. જ્યારે જોઇએ ત્યારે તેમના મુખ ઉપર ઉદાસી જણાતી હતી. મ્હારી ઉંમર પણ સોળ વર્ષની થઈ ગઇ હતી, માટે વિશેષ સમય વ્યતીત કરવો પણ વ્યાજબી નહોતો. એક દિવસે હું મ્હારા ભાઇની સાથે ભોજન કરવા બેઠો હતો ત્યારે ભાભીએ કહ્યું: "હવે દીનુભાઇને આગળ અભ્યાસ કરાવવા સંબંધી શું નિશ્ચય કર્યો?"

ભાઇએ ઉત્તર આપ્યો: "અરે! હું પણ રાત્રિ દિવસ એજ ચિંતા કર્યા કરૂં છુ. અત્યાર સુધી તો જેમ તેમ કરીને તેમને અહિ શિક્ષણ આપ્યું પરંતુ હવે તો એન્ટ્રેન્સનો અભ્યાસ મુંબઇ કે વડોદરા ગયા સિવાય કરાવી શકાય તેમ નથી. વળી બીજે સ્થળે મોકલવાને માટે રૂપિયાની આવશ્યકતા પડવાનીજ; તોપછી રૂપિયા લાવવા ક્યાંથી?"

ભાભીએ કહ્યું: "ત્યારે શું હવે રૂપિયાની આવશ્યકતાને લીધે અભ્યાસ કરાવવાનુ છોડાવી દેશો? એ તો ઉલટું "**ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો.**" એવું થવાનુ. ગમે તેમ પણ આગળ અભ્યાસ તો કરાવવોજ જોઇએ; અરેરે, પણ દીનુભાઇને હું પરદેશ કેવી રીતે મોકલી શકીશ? વળી તે એકલા પરદેશમા કેવી રીતે રહી શકશે? કોણ તેમને ભોજન કરી આપી જમાડશે? કોની સભાળમા રહેશે? હવે આગળનો અભ્યાસ અહિં કેમ નથી કરાવતા?"

ભાઇએ કહ્યું: "અહિં જ્યાં સુધી ભણાવવામા આવે છે ત્યાં સુધી દીનુ ભણી ચૂક્યો છે. હવે આગળ અભ્યાસ કરાવવાની વ્યવસ્થા અહિં બની શકે તેમ નથી."

"ત્યારે શું અહિંના માસ્તર જેટલું એ ભણી ચૂક્યા?"

"અરે! હું તે તને ક્યાં સુધી સમજાવું? અહિંનો અભ્યાસ પૂર્ણ થઇ ગયો. અહિંઆં એટલા સુધીજ શીખવવાનો સરકારનો હુકમ છે."

ભાભીએ ગુસ્સામાં આવી જઇ કહ્યું:-"અરે! સરકારે એટલો તો વિચાર કરવો હતો કે, જે લોકો પોતાનાં બાળબચ્ચાંને વિશેષ અભ્યાસ માટે બહારગામ મોકલી શકે તેમ ન હોય તેમણે શું કરવુ?"

ભાઇએ કંટાળીને ઉત્તર આપ્યો કેઃ—"સરકાર ક્યાં લોકોને તેમનાં બાળબચ્ચાંને શિક્ષણ અપાવવાનો આગ્રહ કરે છે. બાળકોને શિક્ષણ આપવાનુ તેમનાં વડિલોની ઇચ્છા ઉપર અવલંબીને રહેલું છે."

ભાભીએ છેવટે એક દીર્ઘ નિશ્વાસ મૂકી કહ્યું:—"ત્યારે હવે શું થશે?"

"જો રૂપિયા હોય તો બધું બની જાય."

"ત્યારે જો એમજ હોય તો મ્હારા બે ચાર અલંકારો છે તે વેચી નાંખો, અને દીનુભાઇના અભ્યાસનો પ્રબંધ કરો!"

ભાઇભોજાઇ વચ્ચે આટલી વાતચીત થઇ ત્યાં સુધી તો હું શાંતતાથી બેસી રહ્યો હતો પરંતુ ભાભીનુ અંતિમ વાક્ય સાંભળી મ્હેં મૌનનો ભંગ કરી કહ્યું:—"નહિ ભાભી! તમારા અલંકારો હું વેચવા દેઇશ નહિ. તેને વેચી દેશો તો પુનઃ કેવી રીતે બનશે?"

ભાભીએ સ્મિતહાસ્ય કરી ઉત્તર આપ્યોઃ—"કેમ? તમે કમાતા થઇને કરાવી આપજો. શું કમાઇને મને નહિ આપો? હજુ તો વહુ પણ આવી નથી!"

હું બોલીને પસ્તાયો તથા લજ્જિત થઇ જઇ પુનઃ શાંતિને ધારણ કરી રહ્યો.

ભાઇએ મ્હારી ભાભીને કહ્યુ: " તું ત્હારા અલંકારો વેચવાની વાત શા માટે કાઢે છે? શું કાંઇ બે ચાર હજારની માલમતા તો ત્હારી પાસે નથી? વડિલોના પુણ્ય પ્રતાપથીજ આ બે ચાર અલંકારો તને પ્રાપ્ત થયા છે તે વેચી દેવા યોગ્ય નથી."

ભાભીએ ગંભીરતાથી કહ્યું: "અરે અલંકારોમાં તે શું વધારે છે? તમે બન્ને ભાઇઓ કુશળ રહો એટલે મ્હારે કોઇ પણ વસ્તુની ન્યૂનતા નથી. વળી દશાનું ચક્ર ફરતાં વિલંબ લાગતો નથી. મનુષ્યનું નશીબ પાંદડાને તળીએ હોય છે. ઇશ્વરકૃપા હશે તો દીનુભાઇ ભણી ગણીને કમાતા થઇ જશે અને પુનઃ મને બે ચારને બદલે અનેક અલંકારોની પ્રાપ્તિ થશે."

ભાઇએ અલ્પ સમય સુધી વિચાર કરી કહ્યું: "ઠીક છે જોઇશું. કોઇ પણ પ્રકારે પૈસાની વ્યવસ્થા તો કરવીજ પડશે."

આમ કહીને ભાઇ ભોજનપરથી ઉઠી હાથ મ્હોં ધોઇ, કપડાં પહેરી નિશાળે ગયા. હું પણ ભાઇના દિવાનખાનામાં જઇને બેઠો. સંધ્યા સમયે જ્યારે ભાઇ પુનઃ ગૃહે આવ્યા ત્યારે તેમણે મને તથા મ્હારી ભાભીને બોલાવી કહ્યું કે: "ઇશ્વરની કૃપાથી દીનુ એવો ભાગ્યવાન છે કે પ્રભુ તેને ચિરંજીવી રાખે. તે આપણું દારિદ્ર દૂર કરી આપણા નામને ઉજ્વળ કરશે."

ભાઇની કથા શ્રવણ કરી હું તો શાંતિથી બેસી રહ્યો; પરંતુ મ્હારી ભાભીએ પૂછયુ: " કેમ આજે કાંઇ આમ બોલો છો? શું કોઇ સારી નોકરી મળી છે કે શું?"

"અરે! નોકરીની ક્યાં વાત છે?"

"ત્યારે છે શું?"

"દીનુભાઇના અભ્યાસની સર્વ વ્યવસ્થા થઇ ગઇ છે."

"કેવી રીતે?"

"રામપ્રસાદ શેઠનો છોકરો મ્હારી પાસેજ અભ્યાસ કરે છે; તથા હું પણ અન્ય છોકરાઓ કરતાં એના ઉપર વિશેષ દેખરેખ રાખું છું; આથી કરીને તેના સંબંધમાં કાઇક વાતચિત કરવાને આજે મને રામપ્રસાદ શેઠે પોતાને ત્યા બોલાવ્યો હતો. ગાડી આવેલી હતી તેમાં બેસીને હું તેમને બંગલે ગયો. કેટલીક આમતેમની વાતો થયા પછી તેમણે મને દીનુની હકીકત પૂછી. મ્હે કહ્યુ કેઃ "એ મિડલમાં તો પાસ થઇ ગયો છે પરંતુ હવે નિરૂપાયે તેનો અભ્યાસ બંધ પડતો જોઇ મને ઘણી ચિતા થાય છે."

તેમણે પ્રશ્ન કર્યોઃ "શા માટે અભ્યાસ બધ કરવો પડે છે?"

મ્હેં ઉત્તર આપ્યો કેઃ "હવે મુબઇ યા તો વડોદરે જાય તો એ એન્ટ્રેન્સમા અભ્યાસ કરે, પરતુ મ્હારી એવી સ્થિતિ નથી કે હું મ્હારા વીસ રૂપિયાના પગારમાંથી ગૃહખર્ચ ચલાવી તેના અભ્યાસનો ખર્ચ કાઢી શકુ."

રામપ્રસાદ શેઠના ન્હાના ભાઇ કૃષ્ણપ્રસાદે મ્હારાં વચનો શ્રવણ કરી કહ્યુ કેઃ "મ્હારી તો એવી સલાહ છે કે તેને એન્ટ્રેન્સનો અભ્યાસ ન કરાવતા ડૉકટરીનો અભ્યાસ કરાવો તો વધારે સારૂં. તેને મુંબઇ મોકલો અને જો તે ત્યાંથી પાસ થઇ આવ્યો તો તેનુ નશીબ સુધરી જશે; કારણ કે આજકાલ ડૉકટરોની આવક ઘણી સારી હોય છે"

મ્હેં કહ્યુંઃ "શેઠજી ! આપની સલાહ અક્ષરસઃ સત્ય છે પરતુ મ્હારે તેને મુંબઇ કેવી રીતે મોકલવો ? વળી મ્હારી અવસ્થા અત્યારે એવી નથી કે મને કોઇ પાંચસે કે હજાર રૂપિયા ઉછીના આપે."

ઉભય બધુઓએ થોડ સમય સુધી કાઇ વિચાર કરી રહ્યા પછી કૃષ્ણપ્રસાદે કહ્યુંઃ "ભાઇ! આજકાલ ઘણે સ્થળે એવું જોવામાં આવે છે કે, **'ગરજ સરી એટલે વૈદ્ય થયા વેરી.'** પછી સ્વાર્થી

મનુષ્ય પોતાના ઉપર થએલા ઉપકારો ભૂલી જાય છે."

તેમની આવી કથા સાંભળી મ્હારાં નેત્રોમાં જળ ભરાઇ આવ્યું, તથા મ્હેં હાથ જોડી કહ્યું કેઃ "શેઠજી! આપનું કહેવું સત્ય છે, પરંતુ સર્વ લોકો એકજ પ્રકારના હોતા નથી. કંટકમાં ગુલાબ ખિલે છેજ. હું કેવી રીતે આપને ભરોંસો આપું? પરંતુ શ્રી નારાયણ ઘટ-ઘટનો અંતર્યામી છે."

આટલું કહેતાં કહેતાંમાં તો મ્હારાં નેત્રોમાં જળ ભરાઇ આવ્યું. કૃષ્ણપ્રસાદ શેઠે મારા ભાવોનુ દર્શન કરી કહ્યુંઃ "ત્યારે જુઓ માસ્તર! સંસારમાં લોકો અનેક પ્રકારનો જુગાર રમે છે તો હું પણ આ એક ધર્મનો જુગાર રમુ છુ. તમે કોઇ સારૂં મુહૂર્ત જોઇ તમારા બંધુ દીનાનાથને મુંબઇ મોકલવાની તૈયારી કરી રાખજો. ત્યાં આગળ આપણી એક પેઢી ચાલે છે તેના મુનીમને લખી દઇશુ એટલે ત્યાં આગળ રહેવા વગેરેનો સર્વ બંદોબસ્ત થઇ જશે."

ભાઈનું કથન શ્રવણ કરી રહ્યા પછી મ્હારી ભાભીએ હર્ષનાં આંસુઓ વર્ષાવતાં કહ્યું:–" સત્ય છે! પ્રભુએ આપણા ઉપર કૃપા કરી કૃષ્ણપ્રસાદ શેઠના અંતરમાં વાસ કર્યો! એ નારાયણ દરેકના ઉપર આવી રીતે કૃપા કરે છે જ. ધન્ય છે સત્યનારાયણ પ્રભુ! મ્હેં ગઈ કાલે માનતા માની હતી કે દીનુભાઇના અભ્યાસની કોઇ પણ પ્રકારે વ્યવસ્થા થઇ જશે તો હું કથા કહેવડાવીશ; અને આજ તો વ્યવસ્થા પણ થઇ ગઇ. પ્રભુ! જેવી મ્હારી વનાત ધ્યાને ધરી છે તેવીજ રીતે સમગ્ર સંસારની વિનતિ ધ્યાને ધરજો અને ગરીબોનાં દુઃખોને દૂર કરજો. જુઓ હવે આપણે કાલેજ કથા કહેવડાવી દો; એવા કાર્યમાં વિલંબ કરવો ઉચિત નથી."

ભાઇએ કહ્યું:–" હવે પગાર મળવાને માટે થોડા જ દિવસનો વિલંબ છે."

ભાભીએ ઉત્તર આપ્યો: " મ્હેં કાંઇ તમારા ભરોંસા ઉપર માનતા માની નથી."

"ત્યારે મ્હારી ક્યાં ના છે? અમે તો એવુંજ ઇચ્છીએ છીએ કે, શ્રી સત્યનારાયણની કથા હમ્મેશાં થયા કરો તથા તેમનો પ્રાસાદ પંચામૃત અમને મળ્યા કરો."

ભાભીએ કહ્યું:-" પ્રભુની કૃપાથી કોઇ પણ કાર્ય અટકી રહેતું નથી. કથા કરાવવાની સકળ વ્યવસ્થા કરી શકાય તેમ છે. માટે તમે જઇને હરિનારાયણ શાસ્ત્રીજીને કથા કહેવા માટે બોલાવી લાવો."

ભાઇએ ઉત્તર આપ્યો: " હા, હુ જઇને બોલાવી લાવુ છું. તું અત્રેની સકળ વ્યવસ્થા કરી રાખજે."

ચતુર્થ પરિચ્છેદ.

મુંબઇની મુસાફરી.

જે દિવસે ભ્રાતાએ આવીને કૃષ્ણપ્રસાદ શેઠે કરેલી કૃપાની વાત કરી ત્યારથી ભાભીના શિર ઉપર ઘણો બોજો આવી પડયો. જ્યારે જોઇએ ત્યારે તે એક નહિ તો બીજા કાર્યમા પ્રવૃત્ત થએલાંજ જણાતાં હતાં. કેટલીક વખત હું તેમનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઈ આવેલું જોતો હતો તો કેટલીક વખત તેમના મુખ ઉપર હાસ્યની રેખાઓ અંકિત થએલી જોતો હતો.

આજે બપોરના સમયે મ્હારે મુબઈની મુસાફરી કરવાની હતી. સવારથીજ ભાભી અનેક પ્રકારના સામાનને બાંધતાં તેમજ છોડતાં હતાં. પ્રભાતકાળે તેમણે મને જાગ્રત કરી નિત્યકર્માદિથી નિવૃત્ત

થવાનું સૂચવ્યું. હું સ્નાનસંધ્યાદિ કરી રહી ભાભીની પાસે ગયો ત્યારે ભાભીએ આંખોમાંથી આંસુ સારતાં ગદ્દગદ્દ કંઠે કહ્યું:–" ત્યારે દીનુભાઈ! શું તમે જશોજ કે ? જુઓ પત્ર લખવામાં વિલંબ કરો તો તમને મ્હારા સોગન છે."

છેવટે મ્હેં યથોચિત વચનો કહી ભાભીના આત્માને શાંત કર્યો, તથા પ્રત્યેક સમાહે પત્ર લખવાનું જણાવ્યું.

ધીમે ધીમે ભોજનકાળ ઉપસ્થિત થયો. જે જે ચીજો મને પસંદ હતી તે સકળ ચીજો આજે ભાભીએ થોડી થોડી બનાવી હતી; અર્થાત્ આજનુ ભોજન અન્નકૂટ સમાન હતું. ભોજન કરી રહ્યા પછી તેમણે મ્હારે માટે જે જે સામાન તૈયાર કર્યો હતો તે ધીમે ધીમે મને સોંપવા માંડયો. ભાભીનો અપૂર્વ પ્રેમ જોઇ મ્હારા હૃદયમાં ઘણુંજ લાગી આવ્યું કે, આવાં પ્રેમમયી ભાભીના વિયોગમાં મ્હારે રહેવું પડશે. મને સોપારી ખાવાની વિશેષ ટેવ હોવાને લીધે ભાભીએ સરસામાનમાં થોડી ઘણી સોપારી પણ કાતરીને એક પડીકામાં બાંધીને મૂકી હતી.

થોડા સમયમાંજ મ્હારા ભ્રાતાએ કહ્યું:–" સમય થઇ ગયો છે માટે હવે વિશેષ વિલંબ ન કરો."

ભાભીએ તુરતજ ગણેશપૂજાની તૈયારી કરી. પાડોશમાંથી કુમારિકાઓને બોલાવી લાવ્યાં તથા મ્હારા હાથે ગોરીગણેશની પૂજા કરાવી. ત્યાર પછી કપાળે તિલક કરી મ્હારા હાથમાં લાડુ તથા એક રૂપિયો આપી મને આશીષ દીધી. હું તેમને પ્રણામ કરીને ઉઠયો. ભ્રાતાની આગળ જઇ તેમના ચરણોમાં પણ મ્હેં મ્હારૂં મસ્તિષ્ક નમાવ્યું. ભાઇએ પણ મને મંગળદાયક આશીર્વાદ અર્પણ કરી મ્હારા હાથમાં દશ રૂપિયા મૂકતાં કહ્યું: " ત્યાં જઇને કપડાં સીવડાવી લેજે."

હું તથા મ્હારા ભ્રાતા તરતજ જઇને બળદગાડીમાં બેઠા. ભાભીએ અશ્રુપૂરિત નેત્રોએ મને રજા આપી. મ્હારાં નેત્રોમાં પણ જળ ભરાઈ આવ્યું. ધીમે ધીમે ગાડી ચાલવા લાગી. ગામથી સ્ટેશન બે ગાઉ દૂર થતું હતું. રસ્તે જતાં જતાં ભાઇએ મને રૂડા પ્રકારનો ઉપદેશ આપ્યો; તથા મ્હેં પણ એ સકળ બોધવચનો ધ્યાનપૂર્વક શ્રવણ કર્યાં. છેવટે અમે સ્ટેશન ઉપર જઇ પહોંચ્યા. ભાઇ ટીકીટ ઑફિસમાં જઇને મુંબઈની ટીકીટ કરાવી લાવ્યા અને ગાડી પણ આવી પહોંચી. મ્હારી પાસે સરસમાન વિશેષ હોવાથી મ્હેં તથા મ્હારા ભ્રાતાએ મળી મહામુશિબતે તે સર્વ સામાન ગાડીમાં ગોઠવી દીધો. સામાન ગોઠવતાંની સાથેજ ગાર્ડની સીટી થઇ. હું ગાડીમાં દ્વાર પાસે ઉભો રહી ભાઇની સાથે વાતચીત કરવા જતો હતો એવામાં એક કાળી ડગલીવાળાએ આવીને ભાઇને દૂર હડાવ્યા. ગાડી પણ ઉપડી એટલે હું ભાઇની સાથે કાંઈ વાતચીત કરી શકયો નાહ, તેમ ભાઇ મ્હારી સાથે પણ કરી શક્યા નહિ.

જેમ જેમ ગાડી માર્ગ કાપતી હતી તેમ તેમ અનેક પ્રકારના વિચારો મ્હારા ચિત્તને ચિંતાતુર કરતા હતા. એક તો ગૃહત્યાગ, બીજુ ભાભીનું વાત્સલ્ય, ત્રીજું નવીન નગર પ્રતિ પ્રયાણ, પારકાને ત્યાં આશ્રિત થઇ રહેવુ, એ વગેરે અનેક વિચારોએ મ્હારા માનસ-પ્રદેશને વિહ્વળ કરી મૂકયો. કોઇ કોઇ વખત ગાડીમાંથી બહાર દૃષ્ટિ કરી જોતાં સૌંદર્યમયી પ્રકૃતિનુ દર્શન કરતાં હૃદયને અલ્પ સમય સુધી કાંઇક આનંદ થતો હતો, પરંતુ પુનઃ ઉપર્યુક્ત વિચારો આવવાથી પૂર્વવત્ દશા થતી હતી. આવી રીતે દિવસ પણ પૂર્ણ થવા આવ્યો. સૂર્યાસ્ત થવાનો સમય થયો. હું જે ડબ્બામાં બેઠો હતો તેજ ડબ્બામાં બે અન્ય માણસો બેઠા હતા પરતુ તેઓ બન્ને હવે ઉતરી પડયા એટલે મ્હેં મ્હારૂં બિછાનું બિછાવી નિદ્રાદેવીને બોલાવવાનો પ્રયોગ કરવા

માંડયો. ધન્ય છે નિદ્રા ! ગમે તેવા દુઃખી આત્માના દુઃખને તુંજ દૂર કરી શકે છે. મ્હારા ઉપર પણ નિદ્રાદેવીએ કૃપા કરી મને પોતાનો આશ્રિત કર્યો, એટલે હું મ્હારા સકળ દુઃખદાયક વિચારોને ભૂલી ગયો.

પંચમ પરિચ્છેદ.

ડૉકટરી શિક્ષણ.

મુબંઇ જઇને હું કૃષ્ણપ્રસાદ શેઠની પેઢી ઉપર ગયો. ત્યાં આગળજ મ્હારો સરસામાન ગોઠવી મુનીમની સાથે વાતચીત કરવા લાગ્યો. મ્હારા ભાગ્યવશાત્ મુનીમ ભારે અનુભવી હતો તથા જાતિનો પણ બ્રાહ્મણ હતો. તેણે મને ઘણું આશ્વાસન તેમજ ઉપદેશ આપ્યો. હુ નારાયણનુ ધ્યાન ધરી તેને ધન્યવાદ આપતો આપતો ભોજન કરવા ગયો; તથા ભોજનાદિથી નિવૃત્ત થઈ નગર જોવા ગયો ને સંધ્યા સમયે પાછો ફર્યો. પાછા ફર્યા પછી થોડા સમય સુધી મુનીમની સાથે વાર્ત્તાલાપ કરી હું તેની સાથે વાળુ કરવા બેઠો. વાળુ કરી રહ્યા પછી નિયત કરેલે સ્થાને જઇ મ્હેં શયન કર્યું. પ્રાતઃકાળે જાગ્રત થઇને આવશ્યકીય કાર્યોથી નિશ્ચિંત થઇ હરિનામનું સ્મરણ કરતો કરતો કૉલેજમા (મહાવિદ્યાલયમા) ગયો, ઇશ્વિરેચ્છાથી મને ત્યાં દાખલ થઇ જવામાં કાંઈ વિશેષ હરકત પડી નહિ. એક વિદ્યાર્થીદ્વારા મ્હેં વર્ગમાં ચાલતાં પુસ્તકોની નોંધ કરી લીધી અને સ્વસ્થાન ઉપર આવ્યા પછી પુસ્તકો એકત્ર કરવાની ચિંતા કરવા લાગ્યો.

જ્યારે પ્રભુ સાનુકૂળ થાય છે, ત્યારે એક રીતે થતા નથી પરંતુ અનેક રીતે થાય છે. મ્હેં મુનીમ આગળ જઇને કહ્યુ કેઃ—"મ્હારૂં નામ તો દાખલ કરી દીધું છે પરંતુ હવે આટલાં પુસ્તકો ખરીદવાં પડશે."

મ્હારી કથા શ્રવણ કરી મુનીમે ઉત્તર આપ્યોઃ–"અહિં એક મ્હારા સ્નેહી છે. તેમનો પુત્ર હમણાંજ ડૉકટરનો અભ્યાસ કરી રહ્યો છે માટે જો તેની પાસે તેણે પોતે અભ્યાસ કરેલાં પુસ્તકો હજુ હશે તો હું તે સઘળા તમને મંગાવી આપીશ; તથા જો એકાદ પુસ્તક કદાચિત્ ન મળે તો પછીથી ખરીદી લેજો."

એ દિવસમાંજ મુનીમે મને ઘણાં ખરાં પુસ્તકો મંગાવી આપ્યાં, બે ચાર ખરીદવાં પણ પડ્યાં. રાત્રે હું મુનીમજીનાં બે બાળકોને તથા તેમના પરિચયવાળા બે ત્રણ ગૃહસ્થોના બાળકોને એકત્ર કરી અભ્યાસ કરાવવા લાગ્યો એટલે એ આવકમાંથી કૉલેજની ફી મળી આવતી હતી; તથા પેઢીમાં આશ્રિત તરિકે રહીને ભોજન કરતો હતો. હુ ત્યાંનુ એટલુ બધું કામ કરતો હતો કે, મને ભોજન કરાવવામાં જે કાંઇ ખર્ચ થતું હતું તે કરતાં પણ વિશેષ લાભ પેઢીને થતો હતો. ધીમે ધીમે મ્હારા સંબધના સકળ સમાચાર મુનીમે કૃષ્ણપ્રસાદ તથા રામપ્રસાદ શેઠને લખી મોકલ્યા તથા મ્હેં પણ આ સઘળી હકીકતનો એક વિસ્તૃત પત્ર ભાઇના ઉપર લખ્યો. જે પત્ર વાંચતાં ભાઇ તથા ભાભીને મહા હર્ષ થયો હતો. આમ છતા ભાભીના જે જે પત્રો આવતા હતા તેમાં એમ પ્રત્યેક વખતે લખાઇ આવતું હતું કે, 'તમારા દર્શન વિના જીવ ઘણોજ વ્યાકુળ રહે છે. જો બની શકે તેમ હોય તો થોડા દિવસની રજા મેળવી ઘેર આવી જજો.'

ભાભીને હું જે ઉત્તર લખતો તે ઉત્તરથી તેમને સંતોષપ્રાપ્તિ થાય તેવુજ લખતો હતો, ત્યારે બીજી તરફ અધ્યયન કરવા ઉપરાંત

મને જે થોડો ઘણો વખત મળતો હતો તે વખતે હું બાળકોને ભણાવવામા તથા પેઢીનુ કામ કરવામાં વ્યતીત કરતો હતો.

ષષ્ઠ પરિચ્છેદ.

સ્વગૃહે ગમન.

કાળને વીતી જતાં વિલબ થતો નથી. ધીમે ધીમે ત્રણ વર્ષ પૂર્ણ થઇ જવા આવ્યા તથા નારાયણની કૃપાથી હું પ્રતિ વર્ષે પરીક્ષામાં પસારજ થયા કરતો. ત્રીજે વર્ષે છેવટની પરીક્ષા આપી સર્ટિફિકેટ લઇ મ્હે સ્વગૃહપ્રતિ ગમન કર્યું. મને જોતાંની સાથેજ ભાભીનાં નેત્રોમાંથી હર્ષાશ્રુ ઉભરાઇ જવા લાગ્યાં. હું પણ ત્વરિત ગતિથી ભાભી પાસે જઇ પહોચી તેમના ચરણમાં ઢળી પડયો. અનેક આશીષો આપી મ્હારો હસ્ત પકડી તેમણે મને ઉઠાડયો. ત્યાર પછી સક્ષિપ્તમાં મ્હાગ પાસ થયાના સમાચાર શ્રવણ કરી તે ભોજન બનાવવાના કાર્યમા રોકાયાં. થોડા સમયમાં ભાઇ પણ આવી પહોંચ્યા. મ્હેં ભાઇને સવિનય પ્રણામ કર્યા તો તેમણે મને અત્યંત પ્રેમપૂર્વક પોતાની છાતી સરસો ચાંપ્યો. આજે ત્રણ વર્ષ પછી પુનઃ અમે બન્ને ભાઇઓ સાથે ભોજન કરવાને બેઠા. ભોજન કરતાં કરતાં ત્રણ વર્ષમાં શું શું બન્યું તે સકળ કથા ભાભી પૂછતાં ગયાં અને હું પણ તેમને યથોચિત ઉત્તર આપતો ગયો.

ભોજન કરી રહ્યા પછીથી હું ભ્રાતાની સાથે રામપ્રસાદ શેઠ તથા કૃષ્ણપ્રસાદ શેઠને મળવા ગયો. અમે ગયા ત્યારે ઉભય બધુઓ ભોજનથી નિવૃત્ત થઇ દિવાનખાનામાં બેઠા બેઠા પાન ખાતા હતા.

મ્હેં જઈ બન્નેને પ્રણામ કર્યા તથા હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું કેઃ—“આપ મહાનુભાવોની દયાના પરિણામેજ હું પ્રશંસા પામીને પાસ થઇ ગયો છુ.” આમ કહી મ્હે તેમની આગળ મ્હારૂં સર્ટિફીકેટ મૂક્યું કૃષ્ણપ્રસાદ ઇંગ્રેજી જાણતા હોવાથી તેમણે તે લઇ વાંચ્યું તથા તેનો ભાવાર્થ પોતાના વડિલ ભ્રાતા રામપ્રસાદને સમજાવ્યો. ત્યાર પછી રામપ્રસાદ શેઠે મ્હારા તરફ દૃષ્ટિ કરી કહ્યુંઃ—“ચાલો, ઘણું સારૂં થયું. એતો ઠીક, પરંતુ ન કરે નારાયણ અને યદાકદાચિત્ અમે બિમાર થયા તો ડૉક્ટર સાહેબ અમારી સેવા–શુશ્રૂષા કરશો કે નહિ?”

મ્હેં કહ્યુંઃ—“જગન્નિયંતા નારાયણ આપ ઉભયને તથા આપના કુટુંબને સદાસર્વદા નિરોગી રાખે એજ હું હૃદયપૂર્વક ઇચ્છું છુ, વળી હું તો આપનો વેચાણ છુ.”

આ પ્રમાણે અનેક વાર્તાલાપ કરીને અમે તેમની પાસેથી વિદાયગીરી લઇ સ્વગૃહે આવ્યા, તથા પુનઃ ભાભી સાથે વાતચિત કરવા માંડી. મ્હેં કહ્યુંઃ—“પુનામાં મને સો રૂપિયાની નોકરી મળે છે, જો તમે રજા આપતાં હો તો હું જાઉં.”

ભાભીએ પ્રશ્ન કર્યોઃ—“પુના અહિંથી કેટલું દૂર છે?”

મ્હેં ઉત્તર આપ્યોઃ—“મુબઇથી થોડેજ દૂર છે.

ભાભીએ આશ્ચર્ય પામી કહ્યુઃ—“ના ભાઇ, આપણે તો એટલે દૂર જવાની કાંઇ જરૂર નથી. જે નશીબમાં હશે તે અહિં બેઠાં બેઠાં જ મળી રહેશે.”

મ્હેં કહ્યુંઃ—“ઠીક, જેવી તમારી તેમજ મ્હારા ભ્રાતાની ઈચ્છા. તમારી આજ્ઞા પ્રમાણે વર્તવું એજ મ્હારી ફરજ છે.”

સપ્તમ પરિચ્છેદ.

મ્હારી ડૉક્ટરી.

મ્હારા ભ્રાતા તથા અન્ય લોકો તરફથી છેવટે એવી સલાહ મળી કે, "હજુ સુધી આપણા ગામમાં કોઇ ડૉક્ટર નથી. એટલુંજ નહિ પરતુ દવાખાનુ યા તો ઇંગ્રેજી દવાઓની દુકાન સુદ્ધાં નથી. માટે તમે અત્રેજ એક દવાખાનુ ઉઘાડો. પરમેશ્વરની જેવી ઇચ્છા હશે તથા વિધાતાએ જે બે પૈસા તમારા ભાગ્યમાં લખ્યા હશે તે તમને પ્રાપ્ત થશે."

મ્હારૂં ગૃહે રહેવાનું તો ઉપર્યુક્ત સલાહકારોની સલાહથી નક્કી થઇ ગયું, પરંતુ દવાખાનું ઉઘાડવાને માટે દુકાનનો સામાન તથા દવાઓ લાવવાને માટે રૂપિયા જોઇએ તે ક્યાથી લાવવા એ બાબતની ચિંતાએ મ્હારા મનમા પ્રવેશ કર્યો

આ સંસારમાં ઉપદેશકોની ખોટ નથી, પરંતુ જે ઉપદેશ આપણું મન આપે છે તેજ વાસ્તવિક હોય છે; કારણ બહારના લોકો આપણી સ્થિતિ રીતિ જાણ્યા સિવાય જેવી ફાવે તેવી સલાહ આપે છે. આથી કરીને છેવટે હુ, મ્હારા ભાઇ તથા મ્હારાં ભાભી, ત્રણે મળી વિચાર કરવા લાગ્યા. છેવટે જ્યારે અન્ય કોઇ માર્ગ નજ સૂઝ્યો ત્યારે ભાભીએ પોતાના ગળામાંની મોહનમાળા, પગમાનાં કડાં, હાથમાંની સોનાની બંગડીઓ વગેરે પોતાના સકળ અલંકારો આપી દીધા. ધન્ય છે મ્હારા ભાભીને કે જેના મનમાં લેશ પણ દુઃખની છાયાએ આગમન કર્યું નહિ, નહિ તો સ્ત્રીઓને પોતાના પ્રાણ કરતા પણ પોતાના અલંકારો અધિક પ્રિય હોય છે તથા તે સકળ ઉપર તેમની અપાર મમતા હોય છે.

અંતે અલંકારોને લઇ, ભાઇ ભોજાઇની રજા મેળવી હું મુબઇ જવા નીકળ્યો. આઠ દશ દિવસ સુધી મુબઇમાં રહીને અલકારો વેચી જે જે વસ્તુઓની આવશ્યકતા હતી તે સકળ વસ્તુઓ ખરીદ કરી, સ્વગૃહે આવી દવાખાનુ સ્થાપન કર્યું.

ઈશ્વરની કૃપાને લીધે મ્હારૂં દવાખાનું ધીમે ધીમે સારૂં જામવા લાગ્યું. દુનિયાની લીલા કેવી વિચિત્ર છે! પ્રથમ હું દીનુ હતો તે પછીથી દીનાનાથ થયો; અને હવે તો મી. દીનાનાથ ડૉકટર ઍસિસ્ટટ સરજન બની ગયા. ધન્ય છે સમય ત્હારી લીલાને!

પ્રથમ માસમાં મને પચીસ રૂપિયાની પ્રાપ્તિ થઇ, દ્વિતીય માસમા ત્રીસ રૂપિયાની પ્રાપ્તિ થઇ, તથા આ પ્રમાણે દિનપ્રતિદિન લક્ષ્મીની મ્હારા પ્રતિ દયાદૃષ્ટિ થતી ગઇ. હું જે કાંઇ પેદા કરતો તે સર્વ ભાભીને આપી દેતો; અને મ્હારા પોતાના ખર્ચને માટે જે રૂપિયા–પૈસાની આવશ્યકતા પડતી તે ભાભીની પાસેથા માગી લેતો. તેઓ પણ ઘણીજ પ્રસન્નતાપૂર્વક મ્હારા માગ્યા પ્રમાણે મને આવશ્યક રકમ આપ્યા કરતાં હતા. વળી મ્હારાં ભાભી મ્હારાં કપડાંને માટે વારવાર કહ્યા કરતાં હતાં. અર્થાત્ તાત્પર્ય એજ હતું કે, મને સારૂં ખવડાવવું તથા પહેરાવવું એજ તેમનુ લક્ષ્ય હતું. ચોથે મહિને અમારા ગામનોજ એક શેઠ તથા તેનો પુત્ર ઉભય ઘણા બીમાર થઇ ગયા. બન્નેનો રોગ અતિશય વધી ગએલો હોવા છતા ઇશ્વરના અનુગ્રહથી–મ્હારીજ ચિકિત્સાથી એઓ ઉભયને આરોગ્ય પ્રાપ્તિ થઇ. આથી કરીને એ શેઠે મને ઔષધખર્ચ તથા મ્હારી હમ્મેશની ફી ઉપરાંત મને પુરસ્કાર તરિકે ત્રણસેં રૂપિયા તથા કેટલાંક ઉત્તમ કપડાં આપ્યાં. હવે મ્હે ભાભી સાથે કપટ કર્યું. મને પુરસ્કાર તરિકે પ્રાપ્ત થએલી રકમની વાત મ્હે તેમને કહી નહિ. મ્હારી પાસે દવાઓના વેચાણમાંથી જે સો રૂપિયાની રકમ એકત્ર થઇ હતી તે રકમમાં આ ત્રણસેં

રૂપિયા એકત્ર કરી મ્હેં ચારસેં રૂપિયાનુ સોનું ખરીદ કર્યું અને તેમાંથી એક મોહનમાળા, પગમાંનાં કડાં તથા હાથની બગડીઓ વગેરે અલંકારો તૈયાર કરાવી હુ ભાભી પાસે ગયો તથા તેમના ચરણો સમીપ એ અલંકારો મૂકી મ્હે તેમને પ્રણામ કર્યાં.

ભાભીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો:—"આ શું ?"

મ્હે જે હકીકત સત્ય હતી તે કહી દીધી; આથી કરીને મ્હારાં ભાભીને મ્હારા ઉપર એટલો બધો ક્રોધ ચડી આવ્યો કે તેવો ક્રોધ કદાપિ તેમને ચડયો નહોતો.

તેમણે કહ્યું.—"દીનુભાઇ ! તમે મને પૂછ્યા વિના આ પ્રમાણે કર્યું છે તે વાસ્તવિક નથી કર્યું. હમણાં તમારો વિવાહ કરવા સંબધની ગોઠવણ ચાલે છે તોપછી જો એ ગોઠવણ નક્કી થઇ જશે તો બીજા અલકારો હવે ક્યાંથી કરાવીશુ ? "

મ્હેં ઉત્તર આપ્યો:—"ભાભી ! વિવાહની એટલી બધી શું ઉતાવળ છે ? સમયાનુસાર બધું થઇ પડશે, પરતુ આ તૈયાર કરાવેલા અલકારો તો તમારે પહેરવાજ પડશે."

છેવટે કેટલોક વાદવિવાદ થયા પશ્ચાત્ મ્હારાં ભાભીએ એ અલંકારો પહેર્યાં. અમારા ઉભયમાં આ વાતચીત ચાલતી હતી એવામાંજ મ્હારા ભાઈ આવી પહોચ્યા. આવતાંની સાથેજ તેમણે પ્રશ્ન કર્યો:—"આશું દિયર ભોજાઇની લડાઈ ચાલી રહી છે કે ? "

મ્હેં તો કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ, પરંતુ મ્હારાં ભાભીએ તેમને પ્રણામ કરી કહ્યુ:—"આ જુઓ ! દીનુભાઇ મ્હારે માટે ચારસેં રૂપિયાના અલંકારો બનાવરાવી લાવ્યા છે ! "

ભાઇએ કહ્યું:—"ઠીક ત્યારે હવે તો અમારી પરવા પણ નહિ રાખો."

ભાભી સ્મિત કરી બોલ્યાંઃ—"થવાનું હતું તે થયું. પરમેશ્વર તેમની માર્કંડેયના જેટલી ઉમ્મર કરે. હવે તો તેમની વહુ આવી જશે ત્યારે મ્હારો આત્મા શાંત થશે. જુઓ દીનુભાઇનો વિવાહ થઇ ગયો હોત તો આટલી અવસ્થામાં તો એકાદ પુત્રના પિતા પણ થઇ ગયા હોત."

મ્હેં કહ્યુ —"મ્હારા ભાઇને તો પ્રથમ પુત્રના પિતા કરો. પછીથી મ્હારી વાત."

ભાભીએ ઠાવકા મુખે કહ્યુંઃ—"હવે મ્હારે અન્ય શી બાબતની ફીકર છે? તમને ફળફૂલની માફક જોઇ મ્હારો આત્મા શીતળ થાય. જો તમે મુબઇ ન ગયા હોત તો અત્યાર સુધીમાં મ્હેં તમારો વિવાહ નક્કી કરી નાખ્યો હોત."

ભાઇએ સ્મિત હાસ્ય કરી ભાભીના તરફ દૃષ્ટિ કરી કહ્યુઃ—"બહુ બહાદુરીની વાત! જન્મતાની સાથેજ વિવાહ કર્યો હોય તો કેવુ?"

ભાભીએ ઉત્તર આપ્યોઃ—"જન્મતાંની સાથે તો શું પરંતુ આપણા દેશમાં કેટલીક એવી જાતિઓ છે કે જેઓ પોતાનાં સંતાનો પેટમા હોય છે ત્યારથીજ તેમનાં સાટાં નક્કી કરે છે. અર્થાત્ સાટાં કરનાર ઉભય પક્ષ પૈકી જો એક પક્ષમાં કન્યા અને બીજા પક્ષમાં પુત્ર જન્મ ધારણ કરે છે તો ઉભયનો અરસપરસ વિવાહ કરવામા આવે છે, પરંતુ જો બન્ને પક્ષમા પુત્રપ્રાપ્તિ થાય છે તો કરેલુ સાટું નકામુ ગણાય છે."

સમયાનુસાર હુ પણ બોલી ઉઠયો કે—"**આ બાળવિવાહની પ્રથાથીજ આપણા દેશના સર્વસ્વનો નાશ થઇ ગયો છે; ચારે દિશાએ દરિદ્રતાએ આવી નિવાસ કરેલો છે; આજે અનેક બાળવિધવાઓ બાળલગ્ન જેવા ઝેરી રિવાજને લીધેજ પોતાનું જીવન અતિ દુઃખમાં વ્યતીત કરે છે. એવી વિધવાઓનો સંતાપ, તેમનું રૂદન તથા તેમનાં પાપોથીજ**

દેશની દિવસે દિવસે અધોગતિ થતી જાય છે. અરેરે! આપણા દેશમાંથી આ કુચાલનો કયારે નાશ થશે?! "

ભાભીએ પ્રશ્ન કર્યો:—બાળકોનો બાલ્યાવસ્થામાં વિવાહ થાય તો તેથી શું નુકશાન? નાની સરખી વહુ રૂમઝુમ કરતી ગૃહમાં આવીને ફરે તે જોઇને તો ઉલટો આત્મા શીતળ થાય."

મ્હે કહ્યું:—" ઠીક જુઓ, સહજ વિચાર કરી જોજો. એક નાના બાળકની સગાઈ કરવામાં આવી. પ્રથમ તો શીતળા વગેરેનો ભય રહે છે. પછી ધારો કે તે મોટો થાય તો તેની રીતભાત કેવા પ્રકારની નીવડશે તેની પ્રથમથી કોઇને માહિતી હોતી નથી. અર્થાત્ મૂર્ખ થશે કે વિદ્વાન, સદાચારી થશે કે દુરાચારી, તે કોઇ જાણતું નથી. માબાપ તો પોતાનાં બાળકોનો વિવાહ કરી પોતાના મનની હોંશ પૂર્ણ કરે છે, પરંતુ જો ભવિષ્યમાં ઉભય પાત્રોનું પરસ્પર સ્નેહસમિલન થતું નથી અને એક બીજાના આચારો એક બીજાથી વિભિન્ન થઇ પડે છે ત્યારે ઉભયના દુઃખની, શોકની તેમજ પાપાચારની પરિસીમા રહેતી નથી. જુઓ; આ મૂર્ખદાસનો વિવાહ તેની બાલ્યાવસ્થામા થયો છે. પ્રથમ તો તેની શીતળામાં એક આંખ ગઇ. ત્યાર પછીથી એ કાણો એવો તો દુરાચારી નીકળ્યો કે જેના દુરાચારથી આજે પેલી બીચારી છોકરી મહાદુઃખ સહન કરી રહી છે। તેના શરીર ઉપર વસ્ત્ર નથી અને પેટમાં અન્ન નથી તે બિચારીના સર્વસ્વનો નાશ અત્યારથીજ અર્થાત્ તેની બાલ્યાવસ્થામાં જ થઇ ગયો છે. વળી જે અજ્ઞાન બાલિકા અત્યારે આવા દુઃખમાં રિબાય છે તે ભવિષ્યમાં દુશ્ચરિત્રા નહિ થાય તેનો શું વિશ્વાસ? આવી રીતે ભારતવર્ષમાં અનેક બાળકીઓ દુઃખથી રીબાય છે. જે સમયે અધ્યયન કરાવવા તરફ લક્ષ્ય આપવાની જરૂર છે તે સમયેજ માબાપો પોતાનાં બાળબચ્ચાંઓને ગૃહસ્થાશ્રમનું શિક્ષણ (!) આપવા પ્રતિ

લક્ષ્ય દોડાવે છે; અને છેવટે ધોબીનો કૂતરો ઘરનો કે ઘાટનો રહેતો નથી. એવી અવસ્થા તેમનાં સંતાનોની પણ થાય છે."

મ્હારા વિસ્તૃત વિવેચનને શ્રવણ કરી ભાઇ બોલ્યાઃ—"દીનુ! તું શા માટે વિના પ્રયોજન ત્હારૂં મસ્તક આ અભણ સ્ત્રી સાથે ફોડે છે? પથ્થર જેવી બુદ્ધિ ઉપર જ્ઞાનરૂપી વારિસિંચન શા ઉપયોગનું?"

મ્હારાં ભાભીએ કાંઇક ક્રોધમિશ્રિત સ્વરે કહ્યુંઃ—"હુ તમારા જેવી પંડિત તે ક્યાંથી બની જાઉં? ગમે તેમ પરંતુ આ વર્ષે હું દીનુભાઇનો વિવાહ નક્કી કર્યા સિવાય રહેનાર નથી."

ભાનાએ મ્હારાં ભાભીના વિચારને અનુમોદન આપતાં કહ્યુંઃ-"હા સત્ય છે; દીનુ હવે વિવાહ-યોગ્ય થઇ ગયો છે, માટે તેનો વિવાહ કરવો ઉચિત છે."

ભાભીએ હર્ષાવેશમાં આવી જઇ ઉદ્દગાર કાઢ્યા કેઃ—"થયું ત્યારે; મને તો મ્હારા દીનુભાઇની ચિંતા! દુનિયાની ચિતા મ્હારે શા માટે જોઇએ?"

અષ્ટમ પરિચ્છેદ.

ભાઇની પરીક્ષા.

બીજી તરફ ભાઇ પણ કેટલાંક વર્ષથી કાયદાનો અભ્યાસ કરતા હતા. તેમની પરીક્ષાનો સમય પાસેજ આવી પહોચેલો હોવાથી તેમને મુંબઇની મુસાફરી માટે થોડા રૂપિયાની જરૂર આવી પડી. મ્હેં ભાઇને પ્રશ્ન કર્યોઃ—"હવે પરીક્ષાને થોડાજ દિવસ રહ્યા છે તો પછી તમે ક્યારે જશો?"

ભાઇએ ઉત્તર આપ્યોઃ—"હું તો એમ જ વિચારૂં છું કે

આજેજ ચાલ્યો જઉં, પરંતુ ખર્ચાદિની કાંઇ વ્યવસ્થા થાય ત્યારે જવાય ને ?"

મ્હે કહ્યું:—"ખર્ચાદિ માટે તમે કોઇ પણ પ્રકારની ચિંતા રાખશો નહિ. એક બે દિવસમાં મને પચાસ રૂપિયાની પ્રાપ્તિ થનાર છે તે લઇને તમે બેલાશક મુબઇ જજો."

મ્હારો ઉત્તર શ્રવણ કરતાંજ ભાભી બોલી ઉઠયાં —"જો ઘણી જ ઉતાવળ જેવું હોય તો પચાસ આઠ રૂપિયા હું આપું; પુન: લાવો ત્યારે મનેજ આપજો. કારણ કે હું જે રૂપિયા આપુ તે વિવાહની તૈયારીના છે."

મ્હે ભાભીનાં વચનોથી હાસ્ય કરી કહ્યું:—"વાહ વાહ ! આ તો આપણા ગૃહમાજ નાણાવટી વસેછે ને શું! હવે રૂપિયાની શુ ખોટ?"

તરતજ મ્હારાં ભાભીએ રૂપિયા કાઢી આપ્યા, જે લઇને મ્હારા ભ્રાતાએ મુબઇ પ્રતિ પ્રયાણ કર્યું. થોડાજ દિવસમાં ઇશ્વિરના અનુગ્રહથી તેઓ પાસ થઇ આવ્યા. ભાઇના પાસ થવાથી મને તથા ભાભીને અપૂર્વ આનંદ થયો.

પ્રથમ તો ભાઇએ સબડિવિઝનની કચેરીમાંજ પોતાની વકિલાત શરૂ કરી. ધીમે ધીમે કેસો પણ મળતા ગયા. છ માસમાં તો ભાઇ ફોજદારી કચેરીના મુખ્ય વકિલ બની ગયા. આવક પણ સારી થવા લાગી. લોકો અમારા સંસારનું ઉદાહરણ આપવા લાગ્યા. બે માસ પછી ભાઇએ અનેક હિતૈષીઓની સલાહથી જીલ્લા કચેરીમાં જવાનું નક્કી કર્યું. ભાભીએ કહ્યું કે દીનુભાઇનો વિવાહ થઇ ગયા પછી ગયા હોત તો ઘણું સારૂં થાત, પરંતુ મ્હારો તથા મ્હારા ભાઇનો વિચાર એવો થયો કે છ માસ સુધી વિવાહ મુલતવી રાખવો અને ભાઇને જીલ્લા કચેરીમાં જવા દેવા.

નવમ પરિચ્છેદ.

મ્હારો વિવાહ.

ધીમે ધીમે મ્હારો વિવાહ-પ્રસંગ પણ આવી પહોંચ્યો. ગૃહમાં અનેક પ્રકારની ધામધૂમ ચાલી રહી. ભાભીએ પૂર્વે નક્કી કર્યા કરતાં પણ ખર્ચનો આંકડો ઘણો વધારી દીધો હતો. દ્વાર પાસે સોનીઓ બેઠા બેઠા અનેક પ્રકારના સુવર્ણાલંકારો તૈયાર કરતા હતા. દરજીઓ કપડાં શીવતા હતા, રંગરેજો કપડાં રંગી રંગીને લાવતા હતા, અનેક પ્રકારની મીઠાઇઓ કંદોઇઓ બેસાડી તૈયાર કરાવવામાં આવતી હતી. ગૃહની આગળના ભાગમાં એક વિશાળ સુંદર માંડવો બાંધવામા આવ્યો હતો. અનેક સગાં વહાલાંઓ આ મંગળપ્રસંગમા આનંદવૃદ્ધિ કરવા આવ્યા હતાં. ગૃહની આગળના ભાગમા એક વિશાળ સુરમ્ય મંડપ બાંધવામા આવ્યો હતો કન્યા પક્ષવાળાનુ ગામ અમારા ગામથી ત્રણ ગાઉ દૂર થતું હતું મ્હારાં ભાભી પણ વિવાહ-કાર્યમાં એટલાં બધા ગુંથાઇ ગયાં હતાં કે ખાવા પીવાનુ તથા સૂવાબેસવાનુ પણ ભૂલી ગયા હતા. ધીમે ધીમે બધી સ્ત્રીઓએ એકત્ર થઇ અનેક પ્રકારના ગીતધ્વનિથી આકાશને ભેદી નાખવા માંડયુ. કેટલીક સ્ત્રીઓએ તો આપણા હિંદુ લોકોની પૂર્વ પ્રથા પ્રમાણે અશ્લીલ ગીતોનો ઉપયોગ પણ કરવા માંડયો. મ્હે મ્હારા એક સ્નેહીને કહ્યું કેઃ—“ભાઇ! તમે જઇને મ્હારા વડિલ ભ્રાતાને કહો કે તેઓ સ્ત્રીઓને આવાં અશ્લીલ ગીતો ગાવા દેવાનો સખ્ત પ્રતિબંધ કરે.”

તુરતજ મ્હારા સ્નેહીએ મ્હારા ભ્રાતાને જઇ મ્હારાં વચને

કહી સંભળાવ્યાં. મ્હારા ભ્રાતાએ મ્હારાં ભાભીને તથા બીજી બે ચાર મુખ્ય સ્ત્રીઓને બોલાવી અશ્લીલ ગીતો ગાવાનુ બંધ કરવાને સૂચવ્યું. આ સૂચનાની અન્ય સ્ત્રીઓને ખબર પડતાંજ તેઓ ક્રોધે ભરાઇ. એક સ્ત્રી પોતાની સ્ત્રી પાર્લામેંટમાં બોલી ઉઠીઃ—"વાહરે વાહ! એમ તે કાઇ બને કે? વિવાહ વખતે તો એવાં ગીતોજ ગાવાં જોઇએ!"

બીજી બોલી ઉઠીઃ—"અરે! આ પરાપૂર્વથી ચાલતા આવેલા રિવાજને તે વળી બંધ કરી શકાય કે?"

ત્રીજી એક અજ્ઞાન સ્ત્રીએ કહ્યુંઃ—"અરે! શાસ્ત્રમાં પણ એમ લખ્યું છે કે રામચંદ્રજીના લગ્ન પ્રસંગે પણ આવાંજ ગીતો ગવાતાં હતાં!"

આ પ્રમાણે અનેક સ્ત્રીઓએ વાદવિવાદ ચલાવ્યો જેથી મ્હારે સ્ત્રીમંડળ આગળ નિરૂપાયે જઇને કહેવું પડયું કેઃ—"તમને જેમ ઇચ્છામાં આવે તેમ બોલતાં શરમ નથી આવતી? જેની આગળ એક હાથ સુધીના લાંબા ઘુમટા ખેંચો છો, જેની આગળ વાતચીત કરતાં આતશય શરમ આવે છે, તેમને આવી અશ્લીલ ગાળો દેવાનું સાહસ તમે કેવી રીતે કરી શકો છો?"

મ્હારા ભ્રાતાએ પણ ત્યાં આગળ ઉપસ્થિત થઇને મ્હારાં વચનોને અનુમોદન આપતાં કહ્યું કેઃ—"જો આવાં ગીતો ગાવાનું તથા સગાંસંબંધીઓને ગાળો દેવાનું તમને યોગ્ય લાગતુ હોય તો તમારા-માંથી એક જણ સહજ મ્હારી પાસે આવીને મને ગાળો દઇ જાઓ. જો આમ ન બની શકતું હોય અથવા તો તેમ કરતાં શરમ આવતી હોય તો પછી અપરોક્ષ રીતે આવું વર્ત્તન રાખવાની કાંઇ જરૂર? એ તો ઘણીજ શરમ ભરેલી વાત કહેવાય."

વધારામાં મ્હેં મ્હારી ભાભીને કહ્યું કેઃ—"ભાભી! હું તમારા

સોગન ખાઇને કહુ છું કે, જો કોઇના મુખમાંથી એક પણ અપશબ્દ નીકળશે તો હુ અહિથી કોઇ એવે સ્થળે ચાલ્યો જઇશ કે પુનઃ તમે મ્હારૂં મ્હોં સુદ્ધાં જોઇ શકશો નહિ. જો તમને મ્હારાં આ વચનોની ખાત્રી ન થતી હોય તો હું ગંગાજળ લઇને સોગન ખાઉં!"

મ્હારાં વચનોથી ભાભોના નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. અન્ય એક સ્ત્રીએ મ્હારા પ્રતિ દૃષ્ટિ કરી પ્રશ્ન કર્યો:—"ત્યારે કન્યા-પક્ષવાળાઓ આવી રીતે અપશબ્દોનો ઉચ્ચાર કરશે તો શુ કરશો?"

મ્હે દૃઢતાથી ઉત્તર આપ્યો:—"હા, ત્યાને માટે પણ એમજ સમજવુ. જો તેમનામાંથી પણ કોઇ એવા અપશબ્દોનો ઉચ્ચાર કરશે તો હું ત્યાં પણ એક ક્ષણ સુધીને માટે પણ ઉભો રહીશ નહિ."

આમ કહી રહ્યા પછી અમે ત્યાંથી ઉઠી અન્ય સ્થળે જવા લાગ્યા. જતાં જતાં કોઇ કોઇ અપરિચિત સ્ત્રીનો સ્વર મ્હારે શ્રવણે પડયો કે—"જ્યારે પુરૂષ વર્ગની સમતિ નથી તોપછી આપણે એવા ગીતો ગાવાનુ બધ કરી સોહાગ ગાઓ, ઘોડી ગાઓ, ધોળ મગળ ગાઓ એની કાંઈ ઓછીજ મના કરી છે."

છેવટે સર્વેને સંતોષ થયો. અમે પણ બહાર જઇ એક માણસને વહેવાઇને ત્યા મોકલી તેની સાથે કહેવડાવ્યુ કે, 'કોઇ પણ પ્રકારના અશ્લીલ ગીતોનો તથા અપશબ્દોનો કોઇના મુખે ઉચ્ચાર થાય નહિ.'

વિવાહ એ પણ કેવો વિચિત્ર પ્રકાર છે! ભલેને ગમે તેવો નિર્ધન હોય તોપણ વિવાહને દિવસે જામાતૃનું માન તેમજ મર્યાદા એક રાજા કરતાં પણ વધી જાય છે. જે સમયે મને વસ્ત્રાલંકારો પહેરાવવામા આવ્યા તે સમયે ચારે દિશાએથી જનસમૂહે મને ઘેરી લીધો. કોઇ કપડાં પહેરાવવા લાગ્યુ, તો કોઇ પહેરાવેલાં કપડાંને ઠીકઠાક કરવા લાગ્યું; કોઇ અલંકારો પહેરાવવા લાગ્યું તો

કોઇ સૂચના કરવા લાગ્યું કે; ' આમ નહિ પરંતુ આમ પહેરાવો. ' હું તો એક લાકડાના પુતળા પ્રમાણે સ્થિરતાથી બેસી રહ્યો તથા મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો કે 'હે નારાયણ! આજે મને આ લોકો કેવા બનાવે છે!' છેવટે વસ્ત્રાલંકારોથી વિભૂષિત થઇ માથે મુકુટ મૂકી મને બરોબર સજ્જ બનાવવામાં આવ્યો. ત્યાર પછી નિયમ પ્રમાણે ગણપતિની તથા કુલદેવતા (ગોત્રજ)ની પૂજા કરી હું બહાર આવ્યો. મ્હે બહાર આવીને જે જોયું તેનું વર્ણન હું કયાં સુધી કરી શકું? બહારનો ઠાઠ જોઇ હું આશ્ચર્ય-ચકિત થઇ ગયો. ઘણીજ ધામધૂમથી જાન નીકળી. આ સમયે હુંજ એકલો આનંદથી પુલકિત થતો ઘોડા ઉપર બેઠો હતો, બાકી અન્ય કોઇને ક્ષણની પણ નિરાંત નહોતી. એ દિવસે રાજાધિરાજ કરતાં પણ હું વિશેષ મોટો પુરૂષ હતો.

ધીમે ધીમે જાન વહેવાઇના દ્વાર આગળ જઇ પહોંચી તે સમયે ત્યાં આગળની સ્ત્રીઓના આનન્દનું તથા પુરૂષોના ગભરાટનુ અવલોકન કરવા જેવું હતું. દ્વાર આગળ ઉતરતાંજ અનેક પ્રકારનાં વૈદિક તથા લૌકિક કાર્યો થયાં; તેમાં કેટલાંક એવા પણ કાર્યો થયાં કે જેને જોતા હસવું આવતું હતું, તથા લોકોના અજ્ઞાનપણા માટે ખેદ સુદ્ધાં થતો હતો. પુરૂષમંડળમાં તો શિષ્ટાચાર સિવાય એવું કોઇ પણ કાર્ય બન્યું નહિ કે જેની સાથે મ્હારો વિશેષ સબંધ હોય; પરંતુ જે સમયે મ્હારે માહ્યરામાં જવું પડયું તે સમયના સુખ દુઃખની કથા તો જેને વીતી હોય તેજ સારી રીતે જાણી શકે તેમ છે. એટલી બધી સ્ત્રીઓ ત્યાં એકત્ર થઇ ગઇ હતી કે વૃદ્ધાઓ સિવાય ગામની ભાગ્યેજ કોઇ યુવતી તે સમયે સ્વગૃહે બેસી રહી હશે. પ્રથમ તો મ્હારા શરીરના એકેએક અંગની સમાલોચના થવા લાગી. કોઇ નાક, કોઇ મ્હોં, કોઇ આંખ તો કોઇ હાથ સંબંધી સમાલોચના કરવા લાગી. ઇશ્વરની કૃપાથી

હું રૂપવાન ગણાતો હતો; અને તે ઉપર વળી ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો તેમજ અલંકારોથી વિભૂષિત થયો હતો. પછી શું બાકી રહે? સોનુ તથા સુગંધના મિશ્રણ સમાન મ્હારી કાયા બની રહી હતી!

જે સ્ત્રીઓ લજ્જાવતી, કુળવતી તથા શીયળવતી કહેવાતી હતી તે સર્વેએ તે દિવસે પોતાની પ્રકૃતિને પરિવર્તિત કરી દીધી. ઇશ્વરે સ્ત્રીઓને એક પ્રકારની એવી અવલોકન શક્તિ અર્પણ કરી હોય છે કે જે શક્તિના પ્રભાવથી સ્ત્રીઓ કોનું કયું અંગ પ્રશંસા કરવા યોગ્ય છે તથા કોના ક્યા અંગમાં સૂક્ષ્મ દોષ છે એ સહેલાઇથી સમજી જાય છે. પુરૂષોમાં આ શક્તિ ઘણી જ ઓછી જોવામાં આવે છે. અસ્તુ.

આ સકળ રહસ્યો ઉપરાંત અનેક પ્રકારની લૌકિક ક્રિયાઓ કરવી પડી કે જેનું વર્ણન કરી પાઠકોનો સમય વૃથા ગુમાવવાની મ્હારી અભિલાષા નથી. અર્દ્ધરાત્રિ વીતી ગયા પછી કન્યાદાનનું મુહૂર્ત હતું; એ સમયે મ્હારા શ્વશુર તેમજ સાસુએ કન્યાદાન આપ્યું.

ત્રીજે દિવસે જાન વિદાય થઇ, જે સમયે નવવધૂ પોતાના પરિવારથી વિદાય થાય છે તે સમયે કરૂણારસની સીમા રહેતી નથી. પૂર્વે જે મહાઆનંદ વ્યાપી રહ્યો હતો તે વિદાય–સમયે મહાશોકમાં પરિવર્તન પામ્યો. જો કે મ્હારા શ્વશુર તેમજ સાસુને પોતાની પુત્રીને ફક્ત બે ત્રણ ગાઉ દૂરજ મોકલવાની હતી છતાં તેમને જાણે પોતાની પુત્રીને જીવનપર્યંત કોઇ દૂર દેશે વિદાય કરવાની હોય એમ થવા લાગ્યું. એ સમયે વાત્સલ્યની પૂર્ણ પરિસીમા દેખાઇ આવતી હતી. આવાજ પ્રસગે શકુંતલા નાટકમા કાળિદાસે કણ્વ ઋષિને મુખે કહેવડાવ્યું છે કેઃ—"હું સંસાર ત્યાગી તપસી છું. તદુપરાંત આ મ્હારી પોતાની કન્યા નથી તોપણ આજે શકુતલાને વિદાય કરતાં મ્હારૂં ચિત્ત જ્યારે આટલું બધું ચિંતાતુર થઇ રહ્યું છે, તોપછી કોણ જાણે કે સંસારી જનોની આવા પ્રસંગે કેવી દશા થતી હશે!"

દશમ પરિચ્છેદ.

વસો ફર્યાં.

ઇશ્વિરની કૃપાથી અમારૂં ગૃહ પણ નવું થઇ ગયુ. ગૃહની આસપાસ પચીસ ત્રીસ વીઘાં જેટલી જમીનમાં એક બગીચો બનાવવામાં આવ્યો. અમારા દિવસો પણ હવે પૂર્વ કરતાં વિશેષ આનંદમાં વીતવા લાગ્યા. ફક્ત દુઃખ એટલુજ હતું કે ભાઇનું ગૃહમાં રહેવાનું થતું નહિ જ્યારે કોઇ સમયે કચેરીનો કેસ હોય ત્યારે જ તેઓ ઘેર આવતા.

ત્રણ વર્ષમાંજ મને ઇશ્વિરે બે પુત્રો આપ્યા, પરંતુ ભાભીને એક પણ સંતાન થયું નાહ. તેઓ મ્હારાં બાળકોનેજ પોતાનાં સમજી હમ્મેશા પ્રસન્ન રહેતાં હતાં. મ્હારાં ભાભીથી મ્હારી પત્ની જેટલી સુખી રહેતી તેટલી તે મ્હારી માતા જો જીવતી હોત તો તેમનાથી સુખી રહેત કે નહિ એ શંકાસ્પદ હતું. લોકોને અમારા ગૃહનો સલાહસંપ જોઇ ઘણુંજ આશ્ચર્ય લાગતું હતું; તથા તેઓ એમજ કહેતાં કે, ‘ અમુક ગૃહમાં તો સત્યુગ ચાલી રહ્યો છે ! ’

દિનપ્રતિદિન ભાઇની આવક વધતી જતી હતી; અને મ્હારી સંતતી વધતી જતી હતી ત્યારે આવક ઘટતી જતી હતી; કારણ કે પ્રથમ તો હું એકલો ડૉકટર હતો, પરંતુ હવે તો અમારા ગામમાં ૭ સાત ડૉકટરો થઇ ગયા. હોમિયોપેથિકનું તો કાંઇ કહેવા જેવુંજ નહોતું, ગૃહે ગૃહે ડૉકટરો હતા.

હવે આખા દિવસનું મ્હારૂં કામ બાળકોને લઇને દિવાનખાનામાં બેસી રહ્યા સિવાય અન્ય એક પણ નહોતું. કોઇ સમયે

બગીચામાં માળીઓની સરદારી કરતો હતો, તો કોઇ સમયે અમારા એક ખેતરમાં બાળબચ્ચાંને લઇ એકાદ કલાક ફરવાને જતો હતો. સવારના સમયે જે લોકો ગૃહે આવતા તેમને દવા આપતો. મોટાભાઇ પરદેશમાં કમાણી કરી ઘેર ખરચની રકમ મોકલી આપતા હતા; અને હું ગૃહનો વૃદ્ધ બની સંસાર સંભાળતો હતો. મ્હારા ભાભી એવાં ઉદાર હૃદયા તથા ગુણવાન હતા કે, મ્હારી આવક ઓછી થએલી હોવાથી હું ભાઇનીજ કમાણીમાંથી ખાતો પીતો તથા મ્હારા બાળબચ્ચાંનુ તેમનીજ કમાણીમાંથી પોષણ કરતો હોવા છતાં તેમના મનમાં કોઈ પણ પ્રકારની જૂદાઇ કદાપિ ઉપસ્થિત થતી નહિ. અમારી સર્વેની અંદર અરસ્પરસ પ્રત્યેનો જે પ્રેમ હતો તે અપૂર્વ તેમજ અસીમ હતો.

એકાદશ પરિચ્છેદ.

પ્રેમમયી ભાભીનો પરલોકવાસ.

" ઓ મૃત્યુ તુ ઉદધિવીચિ વિષે વસે છે,
સંગીત ગાન સમયે પણ તું રહે છે!
ને તુ વસેજ અમ આ ગૃહ શાંતમાં યે,
ને, દૂર દૂર પણ તુ સહુ સ્થાનમાં છે! "
—કુંજ.

મ્હારા મોટા પુત્રના વાળ ઉતારવાનો વખત આવી પહોંચ્યો હતો. આ પ્રસગે ભાઇ પણ ગૃહે આવ્યા. કેટલાંક સ્વજનોને પણ આ મંગળ સમયે આમત્રિત કરવામાં આવ્યાં. કેટલાક દિવસ સુધી આ ભીડ રહી અને એ ભીડની સકળ વેઠ ભાભીને ઉઠાવવી પડી;

કારણુ કે જે ગૃહમાં ઉત્સવ યા તો કોઇ મંગળ પ્રસંગ થાય છે ત્યારે તે ગૃહના મનુષ્યોને પરિશ્રમ સહન કરવો પડે છે; તથા આનંદપ્રાપ્તિ અન્ય મનુષ્યોને થાય છે. ફક્ત માન મેળવવા સિવાયનુ અન્ય એક પણુ શારીરિક સુખ એવા પ્રસંગો ઉજવનારને મળતું નથી.

ધીમે ધીમે વાળ પણુ ઉતરી ગયા. સકળજનો પોતપોતાને ઘેર ચાલ્યાં ગયા. બીજે દિવસે રાત્રે હું અને મ્હારા ભાઇ અમારા દિવાનખાનામાંજ સૂતા હતા. આગલે દિવસે સતત પરિશ્રમ કરેલો હોવાથી એવી ગાઢ નિદ્રા આવી કે, રાત્રિ કેવી રીતે પસાર થઇ ગઇ તેની બિલકુલ ખબર પડી નહિ. સવારે ઉઠતાંની સાથેજ માલૂમ પડયું કે મ્હારા ભાભીને રાત્રિના બાર વાગ્યા પછી ઉલટી ઉપર ઉલટી થતી હતી; તથા જ્વર પણુ સખ્ત આવ્યો હતો. હું તુરતજ ભાભીની પાસે ગયો તો તેમણે જળ પૂર્ણ નેત્રોએ મ્હારા પ્રતિ દષ્ટિ કરી ગદ્‌ગદ્ કંઠે કહ્યુ: "મ્હારો જીવ ઘણોજ ગભરાય છે ઉઠવા બેસવાનુ સામર્થ્ય પણુ મ્હારામાં રહ્યું નથી."

ભાભીની અવસ્થા જોતાંજ મ્હારો આત્મા ઉડી ગયો; તથા હું એવો તો ગભરાઇ ગયો કે મ્હારી ડૉક્ટરીનું તો થોડા સમય સુધી મને કાઇ ભાન પણુ રહ્યું નહિ. ત્યાર પછી મ્હે ભાઇને બોલાવ્યા. મ્હારી તથા મ્હારાં ભાભીની અવસ્થા જોઇ તેમણે અતિશય ગભરાઇ જઇને કહ્યુ: "દીનુ! આ શું થઇ ગયું છે? ત્હારે આવા સમયે ગભરાઇ જવુ ઉચિત નથી. જ્યારે આ વિકટ પ્રસંગે તુંજ આ પ્રમાણે ગભરાઇ જઇશ તોપછી આ પ્રસંગ વખત જતાં વધુ વિકટ બનતો જશે. અતિશય કામકાજ કરવાના કારણુથી તથા ગરમી શરદીથી આમ થઇ ગયું હશે. કાંઇક સ્વસ્થ થઇને ચિકિત્સા તો કરી જો."

ભાઇનાં વાક્યોથી મને કાંઇક જ્ઞાન આવ્યું. હું મ્હારાં ભાભીની ચિકિત્સા કરવા લાગ્યો, તથા ભાઇને મ્હેં એક મ્હારા ડૉક્ટર મિત્રને

કે જે થોડા દિવસ થયાં મુમ્બઈથી આવેલો હતો તેને બોલાવવા મોકલ્યા. એ ડૉકટર પણ ચિકિત્સક શક્તિમાં ઘણો નિપૂણ હતો.

ભાઇ તો ડૉકટરને બોલાવવા ગયા અને હું મ્હારાથી બની શકે તેટલી ઔષધિનો પ્રયોગ કરવા લાગ્યો. આમ છતાં હુ જે જે ઔષધિ આપતો હતો તે સઘળી પાણીની માફક વૃથા જતી હતી. અલ્પ સમયમાંજ ભાઇ મ્હારા ડૉકટર મિત્રને પોતાની સાથે તેડી લાવ્યા. આવતાની સાથેજ મ્હારા મિત્રે મ્હારાં ભાભીની ચિકિત્સા કરી; અને ત્યાર પછીથી મને પ્રશ્ન કર્યો: "શુ કાંઇ ચિકિત્સા કરી છે?"

મ્હેં જે જે કર્યું હતું તથા જે જે ઔષધિ આપી હતી તે સઘળી કહી સંભળાવી. ત્યાર પછી તેણે અન્ય લોકોને આશ્વાસન આપ્યું. પરંતુ ખાનગી રીતે મને કહ્યુ કેઃ "ઘણીજ થોડી આશા રહે છે."

જોત જોતાંમાં તો ભાભીની અવસ્થા વિશેષ બગડવા લાગી.

અલ્પ સમયમાજ ભાભીનું તેજસ્વી મ્હો સફેદ પુણી જેવુ બની ગયું. કાન તેમજ હોઠો ઉપર લીલાશ આવી ગઇ. આંખો ઉંડી ઉતરી ગઇ. નેત્રોની નીચેની પલકો ઝુકી ગઈ. શરીર ઉપર ચીકણો પરસેવો થઇ આવ્યો. સમગ્ર શરીર ઠંડું પડતું ચાલ્યુ. નાડીની ગતિનું કાંઇ ઠેકાણું રહ્યું નહિ. આવાં અનેક અમંગળસૂચક લક્ષણો દેખાવા લાગ્યાં. છેવટે ત્રુટક સ્વરે તેમણે પ્રશ્ન કર્યો: "દી......નુ...ભા...ઇ! ત...મારા...ભા ..ઇ...ક્યાં...છે?..."

મ્હારા ભાઇ જે મ્હારી ભાભીના ઉશિકા પાછળ બેઠા હતા તે આગળ આવીને બેઠા. તેમને જોતાંજ ભાભીનાં નેત્રોમાં જળ ભરાઇ આવ્યું. તેમણે ભાઇના ચરણો પ્રતિ પોતાનો હાથ લંબાવ્યો. ભાઇએ પોતાનો પગ આગળ ધર્યો. ભાભીએ મ્હારા ભાઇની ચરણરજ લઇ પોતાના શિર ઉપર મૂકી તથા તે કાંઇ કહેવા ઇચ્છતાં હતાં પરંતુ

તેમનો કંઠ ભરાઇ આવ્યો. કેટલાક સમય પછી પુનઃ તેમણે ક્ષીણ કંઠે મને ઉદ્દેશીને કહ્યું "વ...હુ...ત...થા...બાળ...કો...ને...બો...લાવો......"

એ સર્વના આવ્યા પછી પતિનો હાથ પોતાના દુર્બળ હાથથી મહા મુશ્કિલે પકડી તેમના પ્રતિ દૃષ્ટિ કરી, પતિને જાણે એવો સંકેત સૂચવ્યો કે જાણે 'હુ આ સર્વને તમને સોપુ છું.' ત્યાર પછી મ્હારા શિર ઉપર હસ્ત મૂકતાંજ તેમને મૂર્છા આવી ગઇ. બે ત્રણ-વાર સમગ્ર શરીર કંપી ઉઠ્યુ; અને તે સાથે જ તેમનુ પ્રાણ પક્ષી ઉડી ગયુ. સર્વના રૂદનધ્વનિથી આકાશ ભેદાઇ જવા લાગ્યું. અરેરે! અમારા આનંદમય ગૃહમા મહાશોકે આવીને સ્થાન લીધુ.

દ્વાદશ પરિચ્છેદ.

ભ્રાતા કાર્ય ઉપર ગયા.

શ્રાદ્ધાદિ ક્રિયા થઈ ગયા પછી ભાઈએ ભાભીના નામ ઉપર અમારા બગીચાની પાસેજ એક તળાવ ખોદાવ્યુ અને તે તળાવનુ નામ પણ મ્હારી ભાભીના નામ પ્રમાણે '**સરયુ તળાવ**' રાખ્યુ. આ તળાવમાં જળ પુષ્કળ નીકળ્યુ; તેમજ તે જળ ઘણુંજ મિષ્ટ હતું. આ તળાવ તૈયાર થવાથી આસપાસના લોકોને અતિશય સુખ થયું; કારણ કે ગામમા કોઇ એવુ તળાવ નહોતું, બીજુ એ એવા તો ઉત્તમ સ્થાનપર બનાવવામાં આવ્યુ હતું કે આવતા જતા મુસાફરોને તેનાથી અસીમ સુખ થાય. કેટલાક દિવસો રહીને ભાઇ તો ચાલ્યા ગયા હતા. પરંતુ તળાવ તૈયાર થઇ ગયા પછી તેની પ્રતિ-ષ્ઠાને માટે તેમને પુનઃ સ્વગૃહે આવવું પડયું. તળાવની પ્રતિષ્ઠા થઇ

ગયા પશ્ચાત્ ભાઇ ગયા તે પુનઃ પાછા આવ્યાજ નહિ. ચાર પાંચ માસ જેટલી મુદત વીતી ગઇ. મ્હેં ભાઇને ગૃહે આવી જવાને માટે અનેક પત્રો લખ્યા તોપણ તેઓ કાર્યપ્રવૃત્તિનું કારણ દર્શાવી નજ આવ્યા. આથી કરીને છેવટે હુંજ તેમની પાસે ગયો. મને જોતાંની સાથેજ ભાઇના મુખ ઉપર આનંદ ફેલાઇ રહ્યો. તેમણે અમારા સર્વેના કુશળ વર્તમાન પૂછ્યા, તથા કુશળ વર્તમાન પૂછતા પૂછતાં તેમના નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યુ. કેટલાક દિવસ સુધી હું ભાઇના સહવાસમા રહ્યો. નવ દશ દિવસ વીતી ગયા પછી ભાઇએ કહ્યું: "ભાઇ! ત્હારાથી જૂદા પડવાની મ્હારી ઇચ્છા તો નથીજ પરતુ ગૃહે બાળબચ્ચાંને એકલાં મુકી તું અહિં બેસી રહે એ યોગ્ય નથી. હવે તો ત્હારે જેમ બને તેમ ત્વરાથી સ્વગૃહે જવું જોઇએ."

છેવટે મ્હે ભાઇ પાસેથી રજા લઇ સ્વગૃહે સિધાવવાની તૈયારીઓ કરવા માડી. રજા લેતી સમયે ભાઇએ મ્હારી પત્નીને માટે તથા મ્હારા બાળબચ્ચાને માટે અનેક ભેટની ચીજો આપી સકળ ચીજો લઇ હુ જ્યારે વિદાય થયો તે સમયે મ્હેં ભ્રાતાને મ્હારા બન્ને હાથ જોડી નમ્રસ્વરે એકાદ માસ સ્વગૃહે આવાને રહી જવા માટે પ્રાર્થના કરી; તથા ભાઇએ પણ મ્હારી પ્રાર્થનાને સ્વીકારી. જેટલા દિવસ સુધી હું ભાઇની પાસે રહ્યો તે દરેક દિવસે ભાઇને ત્યાં સ્નેહી સબધીઓનુ મડળ એકઠું થઇ ભાઇને પુનર્લગ્ન કરવા માટે આગ્રહ કર્યા કરતું હતું કેટલાક તો ફક્ત એકલુ પુનલગ્ન કરવાનુજ નહિ કહેતા પુનર્લગ્ન કરવું એ શાસ્ત્ર સંમત છે કે અસમત છે તે વિષય ઉપર કલાકોના કલાકો સુધી ચર્ચા ચલાવ્યા કરતા હતા; તથા સકળ મંડળ મળી છેવટે એમ સિદ્ધ કરી બતાવતું હતુ કે પુનર્લગ્ન કરવું એ શાસ્ત્ર સમત છે. આ મડળમાં કેટલાક એવા પુરૂષોનું આગમન પણ થતું હતું કે, જેઓ પોતાની પુત્રી તથા ભત્રિજી

યાતો કોઇ નિકટના સગાની કન્યા સાથે સગાઇ કરવાને માટે મ્હારા ભાઇને આગ્રહ કરતા હતા. આ સર્વેના અત્યાગ્રહથી ધીમે ધીમે ભાઇનુ મન પણ ચલિત થતુ હોય એમ મને લાગ્યુ.

ત્રયોદશ પરિચ્છેદ.

ભ્રાતાની કાકી સાસુ.

ભ્રાતાને સ્વગૃહે આવી પહેચ્યાને એક સપ્તાહ વીતી ગયું હતું. એક દિવસ બપોરના સમયે ભોજન કરી રહ્યા પછી દિવાનખાનામાં ભાઇ તથા અન્ય બે ચાર સબધીઓ બેઠા બેઠા શેતરંજ રમતા હતા. એવામાં એકાએક કોઇનો એક્કો આવ્યાનો અવાજ શ્રવણે પડયો. એક્કામાં કોઇ સ્ત્રી બેઠી હતી. ભાઇએ નોકરને પ્રશ્ન કર્યો "જા જોઇએ કોણ આવ્યુ છે ?"

નોકરે જઇ આવીને ઉત્તર આપ્યો: "આપની કાકી સાસુ આવ્યાં છે ?"

ભાઇએ કહ્યું: "ઠીક ત્યારે તેમને ઉતારીને માનમહ અહિં બોલાવી લાવ તથા તેમને પૂછીને એક્કાવાળાનુ ભાડું ચુકવી દે "

કેટલાક સમય પછી ભાઇ પણ અંદર ગયા. એમને જોતાંજ તેમનાં કાકી સાસુ કે જેનું નામ યમુના હતું તે ઘણુંજ રૂદન કરવા લાગ્યાં. કેટલાક સમય સુધી રૂદન કર્યા પશ્ચાત્ અંતે તેમણે કહ્યું: "જુઓ ! મ્હારી નજરમાં તો તમે જેવા પ્રથમ હતા તેવાજ અત્યારે પણ છો. પ્રભુ ! તમને ચિરાયુ કરો. સરયુનું સુખ વિધાતાએ મ્હારા નશીબમાં નહિ નિર્માણ કર્યું હોય, બીજું શુ ? પરંતુ તમારૂં

શરીર આવું કેમ થઇ ગયું છે? તમારૂં શરીર સૂકાઇ ગએલા કંટક સમાન થઇ ગયું છે! અરેરે! આ બધાનું કારણ મ્હારી સરયુજ છે. હું તમને કેવી રીતે કહી શકું કે તમે મ્હારી સરયુને ભૂલી જાઓ. અરેરે! એના જેવી સુશીલ પુત્રીઓ આ સમગ્ર સંસારમાં ભાગ્યેજ હયાત હશે. પરંતુ! તમે અમને છેકજ વિસારી દીધાં. અમારી પુત્રીના પરલોકવાસ પછી તમે એક પત્ર સુદ્ધાં પણ ન લખ્યો એ શું વ્યાજબી કહેવાય? તમારો એક પણ પત્ર નહિ આવવાથી છેવટે મ્હારે તમારી કુશળ સ્થિતિ જોવાને અત્રે એકાએક આવવું પડયું."

ભાઇએ સંક્ષિપ્તમાં આ સકળ વચનોનો ઉત્તર આપી કુશળ સમાચાર પૂછ્યા, તથા વિશેષમાં પ્રશ્ન કર્યો કે: "બીજું કોણ આવ્યુ છે?"

યમુનાબાઇએ ઉત્તર આપ્યો. "આ તમારી સાળી કિશોરીને હુ મ્હારી સાથે લાવી છુ. જો કે મ્હારે તેને સાથે લઇ આવવાની ઇચ્છા નહોતી. પરંતુ તેણે એવી હઠ લીધી કે, 'હું તો મ્હારા બનેવીના દર્શન કરવાને આવવાનીજ."

ભ્રાતાએ પ્રશ્ન કર્યો: "એનો વિવાહ થઇ ગયો છે?"

તેમણે એક દીર્ઘ નિશ્વાસનો પરિત્યાગ કરી કહ્યું· "અરે! જો એમ થઇ ગયુ હોત તોપછી મ્હારા આત્માને અન્ય શું ચિંતા રહેત? પરંતુ તમે ક્યાં નથી જાણતા કે અમારા માથા ઉપર કોઇ હયાત રહ્યું નથી! હવે તો કોઇ પણ પ્રકારે એના હાથ પીળા થઇ જાય અને તમારા જેવા ચાર સંબધીઓ મને પહોચાડી આવે એટલે ગંગા નાહ્યાં. (મ્હારી સ્ત્રીના પ્રતિ સંકેત કરીને) તમારે ત્યાં નાની વહુ પણ સાક્ષાત દેવી સ્વરૂપ છે. જ્યારથી હુ આવી છું ત્યારથી તે મ્હારા પ્રતિ એકાગ્રદષ્ટિથી જોઇ રહી છે. પ્રભુ! તેને અખંડ સૌભાગ્યવંતી કરો, તેનાં બાળબચ્ચાંઓને ચિરાયુ કરો. મ્હારે મન તો એ મ્હારી સરયુ સમાન છે. એ બિચારી આજકાલની છોકરીઓ

જેવી ઉચ્છૃંખલ નથી. તેનાં નેત્રોમાં કેટલી બધી શરમ તેમજ પવિત્રતા સમાયલાં છે. હું ધારૂં છું કે તમે તો પરદેશમાંજ રહેતા હશો?"

ભ્રાતાએ ઉત્તર આપ્યો: "એક વર્ષ પશ્ચાત્ આજે પંદર દિવસ થયાં અત્રે આવ્યો છું. જો કે મ્હારી તો હમણાં પણ આવવાની ઇચ્છા નહોતી, છતાં દીનુભાઇએ ઘણોજ આગ્રહ કર્યો એટલે મ્હારે આવવું પડયું."

"ત્યારે અહિંનું ખરચ વગેરે તો ત્યાંથીજ મોકલી આપતા હશો?"

"હા, મ્હારાથી જે કાંઇ અલ્પ સ્વલ્પ બની શકે છે તે હું મોકલી આપુ છુ. હવે ભાઇ ગણું કે પુત્ર ગણું તોપણ એમના સિવાય અન્ય કોણ છે? હવે મ્હારે સંપત્તિને શુ કરવી છે? હવે તો જો ઇશ્વરની કૃપા હોય તો સકળ પ્રવૃત્તિનો ત્યાગ કરી તેનાજ ભજનમા દિવસો વ્યતિત કરવાની અભિલાષા છે.'

યમુનાબાઇ બોલી ઉઠયા: "ના, ના, હજુ તમારે એવું કરવુ તો શું પણ બોલવું સુદ્ધાં ઉચિત નથી. મ્હારી દૃષ્ટિમા તો તમે હજુ બાળક જેવા છો. બિચારી તમારી માતા જ્યારે સુખના દિવસો આવ્યા ત્યારે ન રહ્યાં. અરેરે! તેમણે કેટલું બધુ કષ્ટ સહન કરી તમારૂ પ્રતિપાલન કર્યુ હતું! જો તેઓ જીવતા હોત તો આજ સુધી તમને આવી રીતે વધૂ વિનાના રાખત કે?! મ્હારી ભત્રિજીના નશીબમાં મૃત્યુજ નિર્માણ થયું હશે યાતો તે મને દુઃખાગારમા ડૂબાવા મૂકવાને માટેજ જન્મી હશે. આમ છતાં હું મ્હારા આત્મા ઉપર પથ્થર મૂકીને પણ તમારો વિવાહ કરીશ."

આ વાતો ચાલી રહી'તી એવામાં નોકરે આવી કહ્યું: "રામપ્રસાદ શેઠ તથા કૃષ્ણપ્રસાદ શેઠ પધાર્યા છે તે બહાર ઉભા છે." નોકરનું વાક્ય શ્રવણ કરતાંની સાથેજ ભાઇ બહાર ચાલ્યા ગયા.

ચતુર્દશ પરિચ્છેદ.

સંબંધ.

To remain faithful to the dead is not in man's nature.

અર્થાત્—**ગએલાં-ગુજરી ગએલાં પ્રત્યે વફાદાર રહેવું એ જનસ્વભાવ નથી.**

જે દિવસે યમુનાબાઇ આવ્યાં તેના બીજા દિવસથી જ તેમણે બન્ને સમય ભોજન તૈયાર કરવા માંડયું. ભોજન બનાવવા ઉપરાંત પણ અનેક ગૃહ કાર્યાદિ તેઓએ જાણે પોતાનું જ ગૃહ હોય એમ દર્શાવી કરવા માંડયા આટલુંજ નહિ પણ તેઓ મ્હારી અર્ધાંગના તથા બાળબચ્ચાંઓના ઉપર પણ એટલું બધું હેત રાખવા લાગ્યા કે, તેમણે ફક્ત એકજ સપ્તાહમાં અમારા પ્રત્યેકના મનને પોતાને વશ કરી લીધું મ્હેં પણ એમજ વિચાર્યું કે એમનો સ્વભાવ ઘણોજ મળતાવડો છે. ભાભીના મૃત્યુથી હૃદય ઉપર થએલો સખ્ત આઘાત કે જે રૂઝાતો નહોતો તે યમુનાબાઇના મળતાવડા સ્વભાવથી ધીમે ધીમે રૂઝાતો ચાલ્યો એક દિવસે મ્હારી પત્નીએ મને કહ્યું: “યમુનાબાઇનો વિચાર પોતાની પુત્રી કિશોરીને તમારા બંધુને દાન કરવાનો છે.”

મ્હેં મ્હારી પત્નીને પ્રશ્ન કર્યો: “એ સંબંધે ત્હારો શું મત છે?”

મ્હારી પત્નીએ નિખાલસ હૃદયે ઉત્તર આપ્યો: “મ્હારો તો એવો મત છે કે, વિવાહ થઇ જાય તો ઘણું સારૂં. પાત્ર જે પ્રમાણમાં સુંદર છે તે કરતાં અધિક ગરીબ છે. વળી તમારા વડિલ

ભ્રાતાનું ગૃહ મંડાય તો તેમના આત્માને પણ શાંતિ થાય. જે દિવસથી તમારી ભાભીનો પરલોકવાસ થયો છે, તે દિવસથી તો તેમને સંસાર ઉપરથી ધીમે ધીમે માયા છૂટવા લાગી છે; અને અંતે આવા વૈરાગ્યસૂચક વિચારોનું શું પરિણામ આવશે તે કાંઇ કલ્પી શકાતું નથી ! માટે વિવાહ થઇ જાય તો એના જેવી અન્ય એક પણ સારી વાર્તા નથી."

મ્હેં ઠાવકું મ્હોં રાખી કહ્યું: "ત્હારા વિચારો તો યથાર્થ છે. પરંતુ કોઇ પણ કાર્ય કરતાં પહેલા તેના પરિણામનો વિચાર પૂર્વથીજ કરવો આવશ્યક છે. કદાચિત ભાઇને સંસારી બનાવવા જતાં ત્હારે નિરૂપાયે વૈરાગ્ય લેવાનો વખત ન આવે ! "

" તમે આમ કેમ બોલો છો ? તમારા વડિલ ભ્રાતા સંસારી થાય તથા બાળબચ્ચાવાળાં થાય એથી તો ઉલટું મ્હારા આત્માને આનંદ થશે."

" હજુ તું ઘણીજ ભોળા સ્વભાવવાળી છે. આજકાલ અનેક ગૃહોમાં એવું જોવામાં આવે છે કે ત્યાં દેરાણી જેઠાણી વચ્ચે હરહંમેશાં કલહકંકાસ ચાલ્યાજ કરે છે."

" અરે, નારાયણ નારાયણ કરો ! જે બાળિકા આટલી બધી સરળહૃદયા, સુશીલા તેમજ સુંદર જણાય છે. તે ભવિષ્યમાં એવી કલહકારિણી બને એ સર્વથા અસંભવિત છે."

" ત્યારે શું યમુનાબાઇએ આ સંબંધી કાંઇ વાતચીત કરી છે ?"

" ના સ્પષ્ટતાથી કાંઇ પણ કહ્યું નથી પરંતુ મર્મસૂચક વાક્યો મ્હેં સાંભળ્યા છે."

" ત્યારે તું હવે તેમને સ્પષ્ટ રીતે પૂછી જોજે; બીજી તરફ હું મ્હારા વડિલ ભ્રાતાનો શું વિચાર છે, તે પણ જાણી લઇશ."

એ દિવસે આટલીજ વાતચીત થઇ બંધ પડી ગઈ. પરંતુ

બીજા બે ત્રણ દિવસો પસાર થયા પછી પ્રસંગવશાત્ મ્હેં ભાઇને પુનર્વિવાહ કરવા માટે પ્રાર્થના કરી તો તેમણે ઉત્તર આપ્યો કેઃ–"હવે આ જન્મમાં વિવાહ કરીને મ્હારે શું કરવું છે? ઇશ્વિરે તમને જે બ ાળબચ્ચાં આપેલાં છે તેમને હું મ્હારાં પોતાનાજ સમજું છું."

ભાઇના આ વચનો પ્રતિ લક્ષ ન હ આપતાં પુનર્વિવાહ કરવાને માટે મ્હેં તેમને ઘણું કહ્યુ. મ્હારા મતને અન્ય કેટલાક સબધીઓએ પણ પુષ્ટિ આપી. બે દિવસ પૂર્વે રામપ્રસાદ શેઠ તથા કૃષ્ણપ્રસાદ શેઠ આવ્યા હતા તેમણે પણ જ્યારે મ્હારા ભ્રાતાનાં કાકીસાસુ તથા સાળી આવ્યાના સમાચાર જાણ્યા ત્યારે તેમણે ભ્રાતાને એવી સલાહ આપી કે, "તમારી સાળ કુમારિકા છે તોપછી તમે શા માટે તેની સાથે પુનર્વિવાહ નથી કરતા? વળી જ્યારે સ્વગૃહે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે અને તમે મ્હોં ધોવા જાઓ એ યોગ્ય નથી, માટે આવા પ્રસગનો લાભ લેવા ચૂકશો નહિ. કુમારિકા ઘણીજ સુદર જણાય છે."

અન્ય બાજુએ મ્હારી પત્નીએ યમુનાબાઇ આગળ જ્યારે પ્રથમ વિવાહ સબધીની વાત કાઢી, ત્યારે તો તેઓ પુષ્કળ રૂદન કરવા લાગ્યા; પરતુ થોડા સમય પછી ઉભયની અરસપરસ અનેક પ્રકારની વાતચીતો થઇ ગયા પછી તે પણ કાંઇક રાજી થયા. અર્થાત્ આ તરફ ભ્રાતા અને પેલી તરફ યમુનાબાઇ બન્ને રાજી થઇ ગયા. અમને પણ ઉભયના રાજી થવાથી અપૂર્વ આનંદ થયો, તથા મ્હારી પત્નીને તો લ્હાવો લેવાનો અવસર પ્રાપ્ત થએલો જણાવાથી તેના આનંદની સીમાજ રહી નહિ.

સત્યજ છે કે સ્ત્રીઓ વિવાહમાં અનેક પ્રકારનું કષ્ટ સહન કરે છે; છતાં તેમન મનમાં ઘણોજ આનંદ તથા ઉત્સાહ હોય છે.

આ સ્થળે મ્હારે જણાવવું જોઇએ કે અમારા ગૃહમાં એક વૃદ્ધ ચાકરડી હતી તેને આ વાત ન રૂચી. તેણે મ્હારી પત્નીને કહ્યુંઃ

" બ્હેન ! જેઠનો વિવાહ કરવાને આટલાં બધાં ઉત્સુક તો થઇ રહ્યાં છો, પરંતુ વિવાહ થઇ ગયા પછી ખબર પડશે. જ્યારે વહુરાણીજી આવીને ગૃહને સંભાળશે ત્યારે તમને મ્હારાં વચનો બરોબર યાદ આવશે; અને વળી આતો ઉંમર લાયક કન્યા હોવાથી ફક્ત છ માસમાંજ સર્વગુણાલંકૃત થઇ જશે. તમે એમ ધારતાં નહિ કે દરેકે દરેક સ્ત્રીઓ તમારી પરલોકવાસિ જેઠાણીના જેવી સુશીલા, નમ્ર અને ગુણવાન હોય છે. હું તો આપણા આર્ય સંસારોમાંની અનેક દેરાણી જેઠાણીઓને જોતી જોતી વૃદ્ધાવસ્થાએ પહોંચી ચૂકી છું."

પંચદશ પરિચ્છેદ.

વિવાહ તથા વિવાદ.

Marraige and hanging go by destiny,
Matches are made in heaven.

Anatomy of *Melancho.*

ભાવાર્થ —**લગ્ન કે ફાંસી એ તો ભાગ્ય ઉપરજ છે. જોડાં-યોગ્ય જોડાં તો વિશેષ કરીને સ્વર્ગમાંજ મળી આવે તેમ છે.**

ભાઇની ઇચ્છા એવી હતી કે અમારે ત્યાંજ વિવાહ થઇ જાય ત્યારે યમુનાબાઇની ઇચ્છા એથી વિરૂદ્ધ અર્થાત્ પોતાને ગૃહે વિવાહ કરવાની હતી. આમ હોવાથી જ્યારે સર્વ પ્રકારની વાતચીત નક્કી થઇ ગઇ ત્યારે તેઓ સ્વગૃહે ગયાં; પરંતુ ઉછીનાતું બ્હાનું કાઢી રૂપિયા લઈ ગયાં. મુહૂર્ત અનુસાર વિવાહ પણ થઇ ગયો. અમારી સર્વેની ઇચ્છા એવી હતી કે વહુને વિદાય કરાવી લાવવી

પરંતુ એ સંબંધી યમુનાબાઇએ નાખુશી દર્શાવ્યાથી અમે કોઇએ વિશેષ આગ્રહ કર્યો નહિ.

વિવાહ થઇ ગયા પછી ભાઇ પણ પોતાના કામ ઉપર ચાલ્યા ગયા; તથા બીજે ત્રીજે મહિને શ્વશુર પક્ષમાં પણ જવા આવવા માંડયું. ત્રણ વર્ષ નિર્વિઘ્ને પસાર થઇ ગયાં. ત્યાર પછી ભાઇને એક પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. અમે સર્વે જઇને ભાઇ ભત્રિજાને ગૃહે તેડી લાવ્યાં તથા મ્હારાં નવાં ભાભી પણ સાથે સાથે આવ્યા. અમે મોટી ધામધૂમ કરી પ્રેમપૂર્વક આનંદદાયક પ્રસંગ તરીકે કેટલાક ગૃહાચાર્યો તથા કુળાચાર્યોનાં ઉદરો મોદકથી પરિતૃપ્ત કર્યાં. કેટલાક દિવસો આનંદમાં વીતી ગયા. ત્યાર પછી ભાઇ પણ ચાલ્યા જવાની ઉતાવળ કરવા લાગ્યા, છતાં અમારા કહેવાથી અને વિશેષતઃ એમની સાસુના આગ્રહથી એક સપ્તાહ વધારે રહીને તેઓ ચાલ્યા ગયા બીજી બાજુએ એમની સાસુએ પણ જવાની તૈયારી કરી. જતી વખતે તેમણે મને તથા મ્હારી પત્નીને કહ્યું: "જુઓ! આ મ્હારી પુત્રી હવે તમારાજ ભરોંસા ઉપર છે. કોઇ પણ પ્રકારની જુદાઇ જાણશો નહિ! મ્હારે મન તો કિશોરી ને તમારી પત્ની ઉભય સરખાજ છે હજુ ગમે તેમ તોપણ એ અલ્પેતી બાલિકા છે, સાંસારિક કાર્યોથી અજ્ઞાત છે. માટે તેનાથી કાંઇ ભૂલચૂક થાય તો ક્રોધે નહિ થતા તેને સમજાવજો. તમે બન્ને સમજુ અને શાણાં છો એટલે મ્હારે અધિક કહેવું ઉચિત નથી.

ઇત્યાદિ અનેક શિષ્ટાચારની વાતચીત કરી તેઓ પોતાને ગૃહે ચાલ્યાં ગયાં. આ તરફ મ્હારાં નવાં ભાભીજીએ પણ પૂર્વેની પોતાની સુશીળતાને દેશવટો આપી, લજ્જાને ઉંચે લટકાવી રાખી દિવસે દિવસે નવા નવા રંગઢંગ દર્શાવવાની શરૂઆત કરી. મ્હારી સાથે વાતચીત સુદ્ધા કરવી તેમણે બંધ કરી. ગૃહમાંનું કામકાજ કરવાનું બિલકુલ બંધ કરી દીધું.

મ્હારી સ્ત્રીજ બન્ને સમયે રસોઈ બનાવતી, બાળબચ્ચાંની સંભાળ રાખતી અને મ્હારાં નવાં ભાભી સાહેબ ગૃહભંડારનાં ધણિયાણીપણાનું કામ કરતાં હતાં. રસોઇ બનાવતી સમયે તેજ પોતાના હાથે મ્હારી પત્નીને ઘી, તેલ, મીઠું, મરચું, લોટ, દાળ, ચોખા વગેરે સામાન કાઢી આપતા હતાં.

કેટલાક દિવસો આ પ્રમાણે ચાલ્યા ગયા. પરંતુ ધીમે ધીમે મ્હારાં નવા ભાભી ગૃહમાં પોતાની સત્તા અધિક જમાવતાં જઇ અમને તુચ્છ સમજવા લાગ્યાં. કોઇ કોઇ સમયે તેલ તથા શાકના ખર્ચ ઉપર તકરાર ચલાવતાં, તો કોઇ વખત અન્ય કોઇ ખર્ચ ઉપર તકરાર ચલાવતાં. આ તકરાર કરતી વખતે તેમના મુખમાંથી જે જે મહા વાક્યો નીકળતાં હતાં તે આ જગ્યાએ દર્શાવી મ્હારાં ભાભીની યોગ્યતામા વધારો કરવાની મ્હારી ઇચ્છા નથી. મ્હારી પત્ની જો કોઇ ભિખારી યા તો સાધુ સંન્યાસીને એકાદ મુઠી ચોખા દાળ આપતી તો એટલુ સુદ્ધાં તેમનાથી સહન કરી શકાતું નહોતુ. એક દિવસે મ્હારી પત્નીએ એક સંન્યાસિનીને કે જે ખાસ કરીને એકાદશી દ્વાદશીને દિવસેજ આવતી હતી તેને બે મુઠી અન્ન આપ્યુ આ બાબતની મ્હારાં નવાં ભાભી સાહેબને ખબર પડતાંજ તેઓ ક્રોધપૂર્ણ સ્વરે બોલી ઉઠયાં:- "જ્યારે જોઇએ ત્યારે બસ આપવા આપવાનીજ વાત! કમાવું એક પૈસો પણ નહિ અને આપી દેવું હોય તો આખું ગૃહ સમર્પણ કરી દેવાને તૈયાર! તે કેમ જોઇ શકાય?"

આવાં આવાં અનેક પ્રકારનાં વાક્યો એક દિવસે જ નહિ પરંતુ વારંવાર તેમના મુખમાંથી બહાર પડતાં હતાં. હવે એવો એક દિવસ ભાગ્યેજ પસાર થતો કે જે દિવસે મ્હારી પત્નીનાં નેત્રોમા અશ્રુજળ ભરાઇ આવ્યા સિવાય રહે. હું તો એમના ગૃહ કલેશ પ્રત્યે ધ્યાનજ આપતો નહોતો.

એક દિવસે મ્હેં એક મજુરને કે જે બગીચામાં કામ કરતો હતો તેને કહ્યુ કે: "આજે ત્હારે વિશેષ કામ કરવાનું હોવાથી જમવાને માટે તું ઘેર જઇશ નહિ, આપણે ત્યા જઇનેજ ભોજન કરી આવ."

મ્હારા કહેવાથી તે બિચારો ગૃહે ગયો તથા મ્હારૂં નામ દઇ તેણે પોતાને ભોજન કરાવવાની પ્રાર્થના કરી. અન્ન ભંડારની સત્તાધિકારિણી તો મ્હારાં નવાં ભાભી સાહેબ હતાં. તેમણે હાથ તથા મ્હોંને આશ્ચર્ય પમાડે તેવી રીતે મરડી, આખોને લાલચોળ બનાવી દઇ કહ્યુ: "ભાઇ! તમારે ઘેર જબરી લુંટ ચાલી રહી છે. વળી બગીચામા એવા નોકરો રખાતા હશે કે જેને ધરધણી ખવરાવે? એમને શું લેવા દેવા છે? '**પારકો ખડીઓ, પારકી શાહી, મતુ કરે મ્હારા માવજીભાઇ**' એ વાળો ધાટ છે."

મ્હારી પત્ની ઉપર્યુક્ત વાક્યો સહન કરી શકી નહિ, કારણ દિવસે દિવસે થતા કલહકંકાસોથી ધીમે ધીમે તેની સહનશીલતા દૂર થતી જતી હતી; છતાં તે કોઇ પણ દિવસે પોતાના મુખમાથી અપશબ્દ કાઢતી નહિ. જેઠાણીજીની ક્રોધરૂપી આગનો ભોગ બિચારો મજુર થઇ પડવાથી મ્હારી પત્ની બોલી ઉઠી- "કેમ, તમે આમ શા માટે બોલો છો? શુ જે કોઇ મજુર મજુરી કરવા આવશે. તેને ખાવાનુ આપ્યા સિવાય ચાલી શકશે કે? અને વળી આ બિચારો કંઇ પોતાના જાતે ઓછો જ આવ્યો છે? તેને મોકલ્યો ત્યારે તે આવ્યો. તમારે લડવુ હોય તો તમારા દિયરજી આવે તેમની સાથે લડજો. મજુર બિચારાને શું કહો છો?"

મ્હારી પત્નીના આ વચનોથી તો ઉલટું મ્હારાં નવાં ભાભીના ક્રોધરૂપી અગ્નિમા ધૃતનુ સિંચન થયું. ભયંકર સ્વરે બોલી ઉઠયાં. "મ્હે કહ્યુ તે તમને ખોટું લાગ્યું કેમ? હુ શું અસત્ય કહું છું? અને

જો કહું તોપણ તમારે સાંભળી રહેવુંજ પડશે. તમારે નાને મુખે આવાં વચનો ઉચ્ચારવાં એ મર્યાદાનું ઉલ્લંઘન કરવા જેવું છે."

મ્હારી પત્નીએ ગંભીરતાપૂર્વક કહ્યુંઃ "બસ કરો અમારાથી તમારાં એવાં અયોગ્ય વચનો સહન કરી શકાશે નહિ. આખો દિવસ મજુરી કરી કરીને મરી જઇએ તોપણ અંતે તેનો બદલો આજ કે?"

"મજુરી કરો છો તે કાંઇ મ્હારે માટે તો નથી કરતાંને? તમારા પોતાના પેટના માટે કરો છો. અહિં કાંઇ અન્નના ભડાર નથી ભરી મૂક્યા કે તમને અમે બેઠે બેઠે ખવરાવીએ? બહુ બોલશો તો પાછળથી પસ્તાશો. આ ગૃહમાં રહેવું પણ મુશ્કેલી ભર્યું થઇ પડશે."

"વારૂ ત્યારે તમે આવ્યાં છો તો પછી અમને કાઢી મૂકવાનું પરાક્રમ નહિ કરો તો બીજું શુ કરવાનાં છો?"

આટલું કહીને મ્હારી સ્ત્રી ત્યાંથી અન્ય કાર્યાર્થે ચાલી ગઇ; પરતુ મ્હારાં ભાભીનો ક્રોધ શાત થયો નહિ. ઉલટું ઉપલા પ્રસંગ પછી દિવસે દિવસે તેમનો અરસ્પરસનો કલહકંકાસ વધતોજ ચાલ્યો. આમ છતાં મ્હેં મ્હારી પત્નીને કહી રાખ્યું હતું કે, 'ભાઇના આવી પહોચ્યા સિવાય તું વિશેષ કાંઇ પણ બોલીશ નહિ.'

ષોડશ પરિચ્છેદ.

જૂદાં થયાં.

પુનઃ ભાઇના ગૃહે આવ્યાને ત્રણ ચાર દિવસ થઇ ગયા હતા, પરંતુ પૂર્વેના તેમના સ્વભાવમાં પરિવર્ત્તન થએલું સ્પષ્ટ રીતે જણાઇ આવતું હતું. તેમના વદનમંડળ ઉપર ઉદાસી છવાઇ રહેલી જણાતી

હતી. વાતવાતમાં અકળાઇ જતા હતા. આવાં લક્ષણો જોઇ મને ઘણું આશ્ચર્ય લાગ્યું, પરંતુ છેવટે મ્હેં નિશ્ચય કર્યો કે, અવશ્ય મ્હારાં નવાં ભાભીએ મ્હારા ભાઇના કાન ભંભેર્યા છે.

એક દિવસ ભાઇએ મને કહ્યુ: "હવે મ્હારી ઇચ્છા કુટુંબને સાથે લઇ જવાની છે; કારણ કે હવે દિવસે દિવસે મ્હારી પ્રકૃતિ બગડતી જાય છે. આ સિવાય ભોજનાદિની પણ મને ઘણી હરકત પડે છે.—"

મ્હેં ઉત્તર આપ્યો: "આપની ઇચ્છામાં આવે તેમ કરો. હું તો આપની આજ્ઞાને આધીન છુ. ફક્ત મ્હારે પૂછવા જેવુ એટલું જ છે કે, આપ અમારા ઉપર કોઈ પણ પ્રકારનો દોષારોપ મૂકીને તો આમ કરતા નથીને?'

ભાઇએ કહ્યુ: "શું દોષારોપ મૂકવાનો છે? તું ત્હારા પોતાના જેવી કોની કોની બુદ્ધિ કરીશ? મુખ્ય વાત એ છે કે, પ્રથમની ત્હારી ભાભી આગળ નાની વહુ બાળિકા હતી. બીજી વાત ત્હારી ભાભીએ જ તેનુ પ્રતિપાલન કર્યું હતું. ત્યારપછી અર્થાત્ ત્હારી ભાભીના પરલોકવાસ પછી તે સ્વતત્ર બની; અને એ અવસ્થામાં તેનો સ્વભાવ બદલાઇ ગયો છેવટે પરિણામ એ આવ્યું કે, હવે ત્હારી સ્ત્રી ગૃહમાના સકળ જનને પોતાનાં આજ્ઞાધીન બનાવવા ઇચ્છે છે. વળી સમય તથા મનુષ્ય માત્રની પ્રકૃતિ એવી થઇ ગઇ છે કે કોઇ કોઇના હાથ નીચે દબાઇને રહેવા ઇચ્છતું નથી. તું ક્યા નથી જાણતો કે આજ સુધી મ્હેં તમારાથી બિલકુલ જૂદાઇ જાણી નથી. તમારી આગળ પૈસાનો સ્વાર્થ પણ રાખ્યો નથી. જો કાંઇ સમજવા જેવું હોય તો તે તમારે પોતાનેજ છે. કદાચિત જો ત્હારી પત્ની પોતાના પિયરમાથી કાંઇ લઇને આવી હોત તો કોણ જાણે શુય કરી નાખત; અને તું કાંઇ કમાતો હોત તો એ પૃથ્વી ઉપર પગ પણ ન મૂકત."

ભાઈનાં હૃદયભેદક વચનો શ્રવણ કરતાં મ્હારા નેત્રોમાં અશ્રુ-જળ ભરાઇ આવ્યું. હું શાંતતાથી નીચી ગરદન કરી બેસીજ રહ્યો. મ્હારી અવસ્થા જોઇ ભાઇએ કહ્યું "તું આમ ઉદાસ શા માટે થઇ જાય છે? મ્હેં એમ તો નથી કહ્યું કે, એ લોકોને સાથે લઈ જઇ હું તમારો ત્યાગ કરીશ. જ્યાં સુધી બની શકશે ત્યાં સુધી તમને તમારૂં ખર્ચ મોકલતો રહીશ."

મ્હેં ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું: "ભાઇ! જો આ સંસારમાં કોઇને પિતા ગણતો હોઉં તથા માતા ગણતો હોઉં તો તે તમને અને મ્હારા ભાભીનેજ ગણું છું. અત્યારે પણ આપના સિવાય કોઇ મ્હારૂં મુરબ્બી નથી, તેમજ મને અન્ય કોઇની આશા કે ભરોસો પણ નથી."

સપ્તદશ પરિચ્છેદ.

હું ભાઇને ત્યાં ગયો.

સત્યજ કહ્યું છે કે, જ્યારે ખરાબ દિવસો આવે છે ત્યારે એક સાથેજ આવે છે. ભાઇ પોતાના બાળબચ્ચાને લઇને ચાલ્યા ગયા તેથી મને તથા મ્હારી પત્નીને ઘણુંજ દુઃખ થયું; કારણ કે, જે દિવસથી હું સમજુ થયો ત્યારથી તે આજ સુધી કદાપિ એ પ્રમાણે બન્યું નહોતું. અમે સદા સર્વદા મોટા ભાઇ તથા પરલોકગતા ભોજાઇનાજ હેતપ્રેમમા પ્રતિપાલિત થયાં હતા. જ્યારે જે કોઈ કાઇ કમાઇ લાવતા તે ભાભીના હાથમાજ મૂકતા અને જ્યારે કોઇ વસ્તુની આવશ્યકતા આવી પડતી તો ભાભી પાસેથીજ માગી લેતા. ભાભીના પરલોકવાસ પછી પણ ગૃહસંસારનો કારભાર હુજ કરતો હતો, પરંતુ

મને તે સંબધી કોઇ પણ પ્રકારની ચિંતા નહોતી. જે કાંઇ થતું તે ભાઇ સંભાળી લેતા હતા, પરંતુ હવે હું નિરાશ્રય થઇ ગયો. આવા સમયે રોગે પણ એકાએક મ્હારા ઉપર આક્રમણ કર્યું દસ્તદ્વારા લોહી વહી જવા લાગ્યું; અને જ્વરે પણ પોતાની સત્તા પૂર્ણ જોશમાં જમાવી. દિનપ્રતિદિન મ્હારૂં શરીર વિશેષ દુર્બળ થતું ચાલ્યુ. છેવટે અનેક પ્રકારના ઔષધોપચારથી એ અઢી મહિને રોગે મને મુક્ત કર્યો. બીજી બાજુએ ભાઇએ રૂપિયા મોકલવાનુ તો શું, પરંતુ પત્ર લખવાનુ સુદ્ધાં બંધજ કરી દીધુ હતું. અમારા એક ક્ષેત્રમાં જે કાંઇ અન્ન પાકયુ હતું તે પણ ભાઇએ મંગાવ્યુ. લોકો મને એમ સલાહ આપવા લાગ્યા કેઃ— “એ અનાજ તમે મોકલી આપશો નહિ, કારણ કે તેમાંથી યોગ્ય રીતે તમારો અર્ધો ભાગ તમને મળવો જોઇએ.” આમ છતાં મ્હે ભાઇ સાથે વિરોધ કરવો એ મહાપાપ કરવા સમાન વિચારી ક્ષેત્રમાં જે કાંઇ અન્ન ઉત્પન્ન થયું હતું તે સઘળું તેમને પહોંચાડી દીધુ; તથા જે માણસ સાથે અન્ન પહોંચાડી દીધુ તેની સાથે એક પત્ર લખી મોકલી મ્હારી બીમારીના સમાચાર પણ મોકલ્યા. છેવટે ઉત્તરમાં ભાઇએ અન્ન પહોંચ્યાનો ઉત્તર લખ્યો તથા મ્હારી બીમારી સંબંધે લખ્યું કેઃ—“તું જાતેજ ડૉક્ટર છે, એટલે પછી હું વિશેષ શું લખું ? જ્યાં સુધી બને ત્યાં સુધી પરહેજીપર રહેજે, તથા દવાનું સેવન કરવા ચૂકીશ નહિ.”

ભાઇનું મ્હારા ઉપર ગમે તેવું મન હોય તોપણ તેમને જોયાને ઘણા દિવસ થઇ ગયાથી મ્હારો આત્મા આકુળવ્યાકુળ બની ગયો હતો. આમ હોવાથી મ્હારી તેમને જઇને મળી આવવાની ઉત્કટ ઇચ્છા થઇ. મ્હારી પત્ની તથા અન્ય લોકોને મ્હેં એવું કહ્યું કે, મ્હારી પ્રકૃતિ ઘણી અસ્વસ્થ થઈ ગઇ છે તેટલા માટે થોડા દિવસ હું હવાફેર કરી આવું. આથી કરીને સર્વેએ મને જવાને માટે સંમતિ આપી.

હું ગૃહેથી નીકળી વડિલબંધુને ત્યાં ગયો. જે સમયે હું ત્યાં જઇ પહોંચ્યો તે સમયે ભાઇ કચેરીથી ગૃહે આવીને કપડાં ઉતારતા હતા. તરતજ મ્હેં ભાઈ પાસે જઇ તેમના ચરણોમાં ઢળી પડી નમસ્કાર કર્યા. તેમણે મ્હારી પ્રત્યે દૃષ્ટિ કરી કહ્યું:—" દીનુ ! તું ઘણોજ દુર્બળ થઇ ગયો છે ! હવે પ્રકૃતિ કેવી છે ?"

કોણ જાણે શાથી ભાઇનાં દર્શન થતાંજ મ્હારૂં હૃદય ભરાઇ આવ્યું, તોપણ મ્હેં મહા મુશ્કિલથી હૃદયના આવેગને રોકી રાખી એટલુંજ કહ્યું કે: "હમણાં તો હવે આપની કૃપાથી કાંઇક સ્વસ્થ છું; બાકી આપનાં દર્શન દુર્લભ થઇ પડયાથીજ જીવ ગયો નહિ; જીવન ટકી રહેશે એવી બિલકુલ આશા નહોતી."

કપડાં કાઢતાં કાઢતાં ભાઇએ કહ્યું: " ત્યારે ત્હેં ત્હારી એવી ભયંકર અવસ્થાના સમાચાર મને કેમ જણાવ્યા નહિ ?"

મ્હેં ઉત્તર આપ્યો: " જ્યાં સુધી મ્હારામાં લખવાનું સામર્થ્ય હતું ત્યાં સુધી તો મ્હે મ્હારી સ્થિતિના સમાચાર આપશ્રીને લખી જણાવ્યા હતા. "

આ પ્રમાણે અમારી ઉભયની વાતચીત ચાલતી હતી તે સમયે બે ચાર ગૃહસ્થો ભાઇના દિવાનખાનામાં બેઠા બેઠા અરસ્પરસ વાતચીત કરતા હતા. થોડા સમય પછી અન્ય પણ બેએક ગૃહસ્થો આવી પહોંચ્યા. આથી કરીને ભાઇ દિવાનખાનામાં ગયા અને હું શાંતતાથી બેસી રહ્યો.

કેટલોક સમય પસાર થઇ ગયા પછી ભાઇ ગૃહની અંદર મ્હોં ધોવા ગયા. આ અરસામાં એક દાસીએ રકાબીમાં બે ચાર જલેબી તથા એક બે કળીના લાડુ લઇ આવી ને તે રકાબી નોકરના હાથમાં મૂકીને ચાલી ગઇ.

તરતજ નોકર મને એક ઓરડીમાં બોલાવી ગયો. જ્યાં આગળ

એક ટેબલ, એક બે બેંચો તથા ત્રણ ચાર ખુરસીઓ પડી હતી. નોકરે ટેબલ ઉપર રકાબી મૂકી મને ઉદ્દેશીને કહ્યુંઃ "ભાઇ! મ્હોં ધોઇ આ નાસ્તો કરી લ્યો."

ઇચ્છા તો નહોતી છતાં હું નાસ્તો કરવા બેઠો; કારણ કે મ્હેં વિચાર્યું કે જો નાસ્તો કરવા નહિ બેસું તો ભાઇને ખોટું લાગશે; છતાં મ્હારા મનમાં એટલું તો ઓછું લાગ્યા સિવાય રહ્યું નહિ કે શું મ્હારા ભાઇજ મને પારકો ગણવા લાગ્યા છે કે નાસ્તો કરવાને પણ બહાર મોકલી આપ્યો!

હું નાસ્તો કરી, હાથ મ્હોં ધોઇ ભાઇ પાસે દિવાનખાનામાં જઇને બેઠો. ભાઇ તો પોતાના અસીલોની સાથે વાતચીત કરવામાં જ નિમગ્ન હતા.

સંધ્યા સમય થતાંજ આગતુક ગૃહસ્થો એક પછી એક સ્વગૃહે સિધાવવા લાગ્યા. નોકરે આવીને ભાઇને ભોજન કરવાને માટે પૂછ્યુ તો ઉત્તરમા તેમણે કહ્યુ કેઃ—" આજે અમે અંદર જમવા બેસવાના નથી. બે થાળીઓ બહારજ લઇ આવ."

ભાઇનાં આ વાક્યોથી તો મને અતિ આશ્ચર્ય લાગ્યું. મ્હેં વિચાર્યું કે, 'શુ નવાં ભાભી મ્હારૂં મ્હોં જોવાને પણ ઇચ્છતાં નથી. મ્હારાથી આટલો બધો પડદો રાખવાનું કાંઇ પ્રયોજન?'

ભોજન કરતી વખતે મ્હેં ભાઇને મ્હારાં નવાં ભાભીના તથા ભત્રિજાના કુશળ વર્તમાન પૂછ્યા તો ઉત્તરમાં ભાઇએ કહ્યું કેઃ—" હરિહર (મ્હારો ભત્રિજો) તો કુશળ છે; પરંતુ તેની માતા હમ્મેશાં બીમારજ રહ્યા કરે છે. વળી બિમાર તે એટલી બધી છે કે એનાથી રસોઇ પણ તૈયાર કરી શકાતી નથી. આમ હોવાથી સાસુજીને બોલાવ્યાં હતાં પરંતુ બે દિવસથી તેઓ પણ ચાલ્યાં ગયાં છે. હમણા એક બ્રાહ્મણીને રાખી છે. હવે સંસાર સુખ ભોગવવાનું લલાટે લખેલું હોય

એમ લેશ માત્ર પણ લાગતું નથી, ફક્ત દુઃખમાંજ આ જીવનના અવશેષ દિવસો પૂર્ણ થાય એમ લાગે છે. સસારનુ સુખ તો ત્હારી પૂર્વની ભાભીની સાથેજ ચાલ્યુ ગયુ."

ભોજન કરી રહ્યા પછી કેટલાક સમય સુધી અમે દિવાનખાનામાં બેસી રહ્યા તથા મળવા આવેલા મનુષ્યોની સાથે વાતચીત કર્યા કરી. ત્યાર પછી ભાઇએ કહ્યું:–" ચાલો હવે અદર જઇને આપણે શયન કરીએ."

હું ભાઈની સાથે મેડે ચડવા લાગ્યો પરંતુ જાણી જોઇને તેમનાથી ઘણો પાછળ રહ્યો.

ભાઇએ ગૃહમાં પ્રવેશ કરતાંની સાથેજ ભાભીએ પ્રશ્ન કર્યો:–" બીજું કોણ છે ?"

" દીનુ છે."

ભાભીએ પ્રશ્ન કર્યો.–" શું એ પણ અહિં સૂઇ રહેનાર છે ?"

" અહિ નહિ તો બીજે ક્યાં સૂઇ રહેશે ?"

" દિવાનખાનામાં જગ્યા નથી ?"

" યોગ્ય જગ્યા નથી."

" ઠીક ત્યારે તમે બન્ને અહિં સૂઈ રહો; અને હુ મ્હારા બાળકને લઇને ચોકમાં જઇ પડી રહીશ !"

એટલામાં ભાઇએ મને બોલાવ્યો. હું તેમની પાસે ગયો. અંદર જઇ મ્હેં મ્હારાં ભાભીને પ્રણામ કર્યા. તેમણે શું આશીષ આપી તે હું સ્પષ્ટતાથી શ્રવણ કરી શક્યો નહિ. મ્હેં એક પોટલી કે જે ગૃહેથી નીકળતી વખતે મ્હારી પત્નીએ મને આપી હતી તથા જેમા થોડો ઘણો મેવો મીઠાઈ અને બાળકનાં કપડાં પણ હતાં તે ભાભીના હાથમાં મૂકી. પોટલી પોતાના હાથમાં લીધા પછી ભાભીએ પ્રશ્ન કર્યો:–" આ શું છે ?"

મ્હેં ઉત્તર આપ્યો:–" તમારી દેરાણીએ જે કાંઇ બાંધ્યું હોય તે છે; હું કાંઇ જાણતો નથી."

ભાભીએ ઠાવકું મ્હોં કરી વ્યંગ વચનોએ કહ્યું:—" ઓહો ! ધન ભાગ્ય !"

આમ કરી હાથમાંની પોટલી બાળકના મ્હોં આગળ લઇ જઇ બોલી –" લે આ ત્હારી કાકીએ મોકલ્યું છે. આજે તો તું કોઈ સારાનું મ્હોં જોઇને ઉઠયો હોઇશ." આ પ્રમાણે બોલી બાળકને લઇ તેઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. હું અને ભાઇ જઇને સૂઇ રહ્યા. અનેક પ્રકારની વાતચીતો થયા પછી ભાઇએ કહ્યું:—" આજકાલ હું એક મોટા કેસમાં ફસાયો છું. રાત્રિ દિવસ એ કેસનીજ ચિંતા થયા કરે છે."

મ્હેં પ્રશ્ન કર્યો:—" શું બાબતનો કેસ છે? મને કહેવાને કાંઇ હરકત છે ?"

ભાઇએ કહ્યું:—" તું ક્યાં બહારનો માણસ છે કે તને કહેવાને હરકત હોય ? અહિના એક અસીલનો કેસ લડુ છું."

મ્હેં પુનઃ પ્રશ્ન કર્યો:—" પણ એ કેસ છે શું બાબતનો ?"

" એક વસિયતનો કેસ છે. હાલમાં સકળ ખર્ચ હુંજ કરૂં છુ. જો જીતીશ તો થએલા ખર્ચ કરતાં ત્રણગણી યા તો ચારગણી રકમ મળે તેમ છે; પરતુ ન કરે નારાયણ ને જો નાસિપાસ થવાનો પ્રસંગ આવે તો તો મહા દુર્ભાગ્યજ સમજવું."

" એમ કેમ બને ? હજી સુધીમાં કેટલું ખર્ચ થયું છે ?"

" લગભગ પચીસ હજાર રૂપિયા."

" ખર્ચ થએલા રૂપિયા તો આપણા પોતાનાજ છે ને ?"

" એટલા બધા રૂપિયા આપણા પોતાના ક્યાંથી હોઇ શકે ?

ઉછીના લીધા છે. ઘરમાં તો ત્હારી ભોજાઇના અલંકારો સિવાય બીજું કાંઇ સિલ્લક નથી.”

ભાઇની કથા સાંભળી મને ઘણું લાગી આવ્યું. આ સબંધી વાતચીત કરતા કરતા અર્દ્ધરાત્રિ વીતી ગયા પછી અમે ઉભય નિદ્રા-દેવીને આધીન થયા.

અષ્ટાદશ પરિચ્છેદ.

હું પુનઃ સ્વગૃહે આવ્યો.

મને ભાઇને ત્યાં આવ્યાને ફક્ત પાંચ સાત દિવસજ થયા હતા, પરંતુ એ સમય દરમ્યાન હું સ્પષ્ટ રીતે સમજી ગયો કે, મ્હારાં ભાભીને મ્હારા આગમનથી ઘણુંજ દુઃખ લાગ્યું છે. હરહમ્મેશાં બે ચાર એવાં વચનો મ્હારા સાંભળવામાં આવતાં કે, જેથી કરીને મને એમ થઇ આવતું કે હમણાં ને હમણાં અહિંથી વિદાય થઇ જાઉં! આમ છતાં ભાઇની ઇચ્છાને લીધેજ મ્હારે રોકાઇ રહેવુ પડયું. પરિણામ એ આવ્યું કે હું ભોજન કરવા માટે એક દિવસે ગૃહમા ગયો, ત્યારે મને રોકી રાખ્યો. એ ગુન્હા બદલ ભાભી મ્હારા ભાઇ સાથે તકરાર કરતાં હતાં. જો કે રસોઇ તો બ્રાહ્મણી બનાવતી હતી; પરંતુ મ્હારા એકલાને માટે ભાભીને વિશેષ શાક સુધારવું પડતુ હતુ! એ દિવસે ભોજન કરતી વખતે રસોઇયણે કહ્યું કેઃ—“અથાણું કાઢી આપો.”

આના ઉત્તરમાં ભાભીએ ક્રોધદર્શક સ્વરે કહ્યુંઃ—“હું ડાકણ છું તે વખત છે ને કદાચિત્ એમના ભાઇ ઉપર જાદુબાદુ કરી નાખીશ. હું તો કાંઇ કાઢી આપતી નથી. જોઇતું હોય તો લઇ લે—”

આ શબ્દો શ્રવણ કરતાંજ મ્હારો સ્પષ્ટ નિશ્ચય થઇ ગયો કે, મ્હારે માટે અવશ્ય કાંઇ તકરાર ઉપસ્થિત થઇ છે. ભોજન કરતી વખતે ભાઇના ક્રોધની પણ સીમા રહી નહિ, છતાં ક્રોધને રોકી રાખીને થોડું ઘણું ખાઇને તેઓ ઉઠી ઉભા થયા. મ્હારે પણ ભાઇની સાથે ઉઠી જવું પડયુ. એ દિવસે રવિવાર હોવાથી ભાઇને કચેરીમાં જવાનુ નહોતું

હું ભોજન કરીને જે સમયે નીચે ઉતર્યો તે સમયે મ્હારા કાન ઉપર નીચેનાં વાક્યો પડયાઃ "જો સુભદ્રા! એમના ભાઈ આવ્યા છે. તેમને જોતાજ હું તો બળી જઉં છુ. તેમની સાથે રહીને મ્હે જે જે દુઃખો સહન કર્યાં છે તે હજુ સુધી હું ભૂલી શકી નથી. એ દુઃખમાંથી મુક્ત થવાને માટે તો હું ગૃહનો ત્યાગ કરી અત્રે આવી, તોપણ હજુ મ્હારો પીછો ક્યાં મૂકે છે?"

મ્હારાં ભાભીના ઉપર્યુક્ત વચનોથી મ્હારા આત્માને કેટલું બધું દુઃખ થયુ હશે તેની કલ્પના અનુભવી સિવાય અન્ય કોઇના મનમાં આવી શકે એ સર્વથા અસંભવિત છે. આમ છતાં મ્હેં મ્હારા મનની અવસ્થા કોઇને જણાવી નહિ. દિવસ તો જેમ તેમ કરીને વ્યતીત કર્યો, તથા રાત્રે ભાઇને કહ્યું કેઃ "ગૃહે કોઇ નથી. હું ફક્ત એજ દિવસનો વાયદો કરીને આવ્યો હતો, તેથી જો હવે વિનાવિલંબે ગૃહે નહિ જાઉં તો તેમનો જીવ ગભરાશે. વળી સમય એવો છે કે ગૃહને સુનુ રાખવું એ વ્યાજબી નથી."

આ પ્રમાણે કહી મ્હેં ભાઇની પાસે રજા માગી. ભાઇ મનમાં તો બધું સમજી ગયા; પરંતુ તેમણે પણ મ્હારાં ભાભીના ભયથી વિશેષ રહેવાનો આગ્રહ ન કર્યો. અર્થાત્ મ્હારે મળસ્કે વિદાય થવાનું નક્કી થયુ.

પ્રાતઃકાળે ઉઠીને મ્હેં ઉપડી જવાની તૈયારી કરી. ભાભી પાસે

જઇને હાથ જોડી મ્હેં રજા માગી, તથા વિશેષમાં કહ્યું કે "મ્હારા અત્રે આવવાના અપરાધની ક્ષમા કરશો. તમારા સર્વેનાં દર્શન કરવાની ઇચ્છા થવાથીજ હું અહીં આવ્યો હતો."

ભાભીએ ઠાવકુ મ્હો કરી ઉત્તર આપ્યો: "આવ્યા તો ભલે આવ્યા; ક્યાં કોઇ પારકાને ઘેર આવ્યા છો? વળી તમે જવાની તૈયારી તો કરી; પરતુ હજુ સુધી બાળબચ્ચાંનાં કપડાં સીવવા આપ્યાં છે તે તૈયાર થઇને આવ્યાં નથી!"

મ્હેં કહ્યુ: "ભાભી! કપડાંથી શું વધારે છે? એ જે પહેરે છે, ખાય છે, પીએ છે, એ બધું તમારૂંજ છેને; એમનુ સમગ્ર સર્વાંગ તમારી કૃપાથીજ રક્ષિત થયુ છે."

આમ કહી હું ભાભી પાસેથી ચાલ્યો આવ્યો. વિદાય થતી વખતે ભાઇએ નેત્રોમાં આંસુ લાવી કહ્યું: "જો ભાઇ મ્હેં તને જે કેસ સબધી વાત કરી હતી તેનુ પરિણામ શું આવશે, તે તો હવે ઇશ્વર જાણે. કદાચિત જો કાંઇ અનિષ્ટ પ્રસંગ આવી પહોંચે તો કોઈ પણ પ્રકારનો ભિન્નભાવ ત્હારા મનમાં રાખીશ નહિ. કોઇ ગમે તેમ ધારે, પરતુ મ્હારે મન તો તું પૂર્વે જેવો હતો તેવોજ અત્યારે પણ છે. ત્હારા સિવાય આ સમગ્ર સસારમાં મ્હારૂં કોઇ સ્વજન નથી."

ઉત્તરમાં મ્હેં કહ્યુ: "ભાઇ! આપ ઉદાસ શા માટે થાઓ છો? જો આપ હયાત છો તો મ્હારે મન સંસારમાં સઘળુજ છે, એમ હું સમજું છું."

આટલું બોલતાં બોલતાં મ્હારો કંઠ ભરાઇ આવ્યો; હું વિશેષ કાંઇ બોલી શક્યો નહિ. હું ભાઇને નમસ્કાર કરી સ્વગૃહ પ્રત્યે ચાલી નીકળ્યો.

એકોનવિંશત્ પરિચ્છેદ.

મ્હારી નોકરી.

ઇશ્વરની લીલા કોઇ વિચિત્રજ પ્રકારની છે. તેને લૂટી લેતાં વાર લાગતી નથી; તેમજ આપી દેતાં પણ વાર લાગતી નથી. તે પરમ કૃપાળુનો મહીમા આપણે તુચ્છ પામર પ્રાણીઓ કેવી રીતે સમજી શકીએ? કારણ દેવતાઓ તથા અનેક ઋષિ મુનિઓ પણ તેની અકળ કળાને કળી શક્યા નથી.

જે સમયે હું રેલ્વે સ્ટેશન ઉપર જઇ પહોંચ્યો તે સમયે ગાડી આવવાને થોડો વિલંબ હતો; આથી કરીને મ્હારે સ્ટેશન ઉપર બેસી રહેવું પડયું. રેલ્વે સ્ટેશન પણ એક પ્રકારનુ વિચિત્રજ સ્થાન છે!

આજકાલના ઇંગ્રેજી ભણેલા ડૉકટરો જેવા પ્રકારના ઠાઠમાં રહે છે, તેવાજ પ્રકારના ઠાઠમાં હું રહેતો હતો. ટીકીટ લેવાનો વખત થતાંજ મ્હેં સેકંડ ક્લાસની એક ટીકીટ લીધી. ટીકીટ લીધા પછી હું ફરતો ફરતો વેઇટિંગ રૂમ આગળ જઇ પહોંચ્યો; તો અંદર એક ઠાકોરને તથા તેમની સાથે બીજાં દશબાર મનુષ્યોને બેઠેલાં મ્હેં જોયાં. સ્વાભાવિક રીતે જ મને નવીન માણસોના પરિચયમાં આવવાની એક પ્રકારની ટેવ પડી ગઇ હતી. આથી કરીને તરતજ મ્હેં વેઇટિંગ રૂમમાં પ્રવેશ કરી ઠાકોરની સાથે શૅકહેન્ડ કરી. તરતજ તેમણે મને પોતાની પાસે બેસવાને માટે સ્થાન આપ્યું. 'કયાં જાઓ છે?' 'કયાંથી આવો છો?' ઇત્યાદિ અનેક પ્રશ્નો અરસ્પરસ પૂછાઇ ગયા પછી જ્યારે તેમને એમ માલૂમ પડયુ કે, હું અમુક વકીલનો ભાઇ છું; તથા ડૉકટરીની પરીક્ષામા પસાર થએલો છું ત્યારે તેમણે

પોતાના અભિપ્રાયને અનેક અલંકારોથી વિભૂષિત કરીને એમ દર્શાવ્યુ કે જો હું કદાચિત તેમની સાથે જાઉં તો મહિને મને પચાસ રૂપિયાના પગારની પ્રાપ્તિ થાય, તદુપરાંત નગરમાંના અન્ય લોકોની ચિકિત્સા કરવામાથી પણ થોડી ઘણી પ્રાપ્તિ થાય. છેવટે આ સંબંધી મ્હેં મ્હારા મન સાથે વિચાર કરી જોયો તો હાથમાં આવેલા પ્રસંગનો લાભ ગુમાવી દેવાનું મને યોગ્ય લાગ્યું નહિ. વળી મને એમ પણ લાગી આવ્યું કે નવાં ભાભીનું અભિમાન ઉતારવા માટે જ આ પ્રસગ નારાયણે ઉપસ્થિત કરી આપ્યો છે. આમ વિચારી છેવટે મ્હે નમ્રતાપૂર્વક ઠાકોર સાહેબને કહ્યુ: " હાલ તો હુ સ્વગૃહ પ્રતિ જાઉ છું; ત્યાં ગંયા પછી જો આપશ્રી યાદ કરશો તો હુ અવસ્ય આપની સેવામાં ઉપસ્થિત થઇશ."

ઠાકોર સાહેબે મ્હારી વિનતિનો સ્વીકાર કર્યો. તેમણે મ્હારૂં શિરનામુ લખી લીધુ; તથા મને પોતાનું લખી આપ્યું. એટલામાં ગાડી પણ આવી પહોંચી. હું ઠાકોર સાહેબ પાસેથી રજા લઇ ગાડીમાં ચડી બેઠો.

વિંશત્ પરિચ્છેદ.

ઇશ્વરની કૃપા.

સ્વગૃહે જઇ પહોંચ્યા પછી લગભગ પંદરેક દિવસ પછી મ્હારી નોકરી સંબધીનો પત્ર આવી પહોંચ્યો. ઇશ્વિરને ધન્યવાદ આપી બાળબચ્ચાંથી વિદાય લઈ હું મ્હારી નવી નોકરી ઉપર જઇ પહોંચ્યો. જે ઠાકોરને ત્યાં હું નોકરી ઉપર રહ્યો હતો એ ઠાકોર ઘણાજ સજજન,

મેલનસાર, ગુણગ્રાહી તથા ઉદાર પ્રકૃતિવાળા પુરૂષ હતા. દિનપ્રતિદિન તેમનો મ્હારા ઉપરનો પ્રેમ વૃદ્ધિ ગત થતો ચાલ્યો. વળી તે સાથે ઈશ્વરના અનુગ્રહથી મ્હારી મ્હારા ધંધા સંબંધીની પ્રશંસા આખા ગામમાં થવા લાગી. આ પ્રશંસાના પરિણામે મ્હારી આવક પણ વધી પડી. લગભગ માસિક સો રૂપિયા મને પ્રાપ્ત થવા લાગ્યા.

પચાસ રૂપિયા જે પગાર તરિકે મળતા હતા તે તો હું સ્વગૃહેજ મોકલી આપતો; તથા ખાનગી પ્રૅક્ટિસમાંથી જે કાઇ રકમ મળતી તે રકમમાંથી હું ઉત્તમ પ્રકારની માનમર્યાદામાં રહીને મ્હારા ખર્ચનો નિર્વાહ કરી જે કાઇ રકમ બચતી તે એકઠી કરી રાખતો હતો. જે પ્રમાણે હું ડૉક્ટરી પરીક્ષામાં પાસ થયો હતો અને લક્ષ્મીજીએ મ્હારા ઉપર કૃપાદૃષ્ટિ કરી હતી તેથી પણ અધિકતર કૃપાદૃષ્ટિ લક્ષ્મીજીએ હમણાં મ્હારા ઉપર કરી. મ્હારા હસ્તની યશરેખાને પ્રભાવે ધીમે ધીમે એવો સમય પણ આવી પહોંચ્યો કે પૂર્વેની મ્હારી જે માસિક ફકત સો રૂપિયાની આવક હતી તે ત્રણસેથી ચારસે સુધીના આશરાનો થઇ પડી. મિત્રોના ઉપદેશથી, મ્હારા ભાઇની તેમજ ગૃહની સકળ પ્રકારની સ્થિતિનો વિચાર કરી મ્હે કેટલીક જમીન વેચાણ રાખી લીધી. ધીમે ધીમે મ્હેં એક સુંદર પાકું મકાન પણ બંધાવ્યું તથા મ્હારા બાળબચ્ચાને મ્હે મ્હારી પાસે બોલાવી લીધા. મ્હારા ભાઇ સાથેનો મ્હારો સકળ સંબંધ છુટી ગયા જેવુજ થયુ. આમ હોવા છતા હુ મ્હારા હૃદયમાંથી એક ક્ષણને માટે પણ ભાઇને ભૂલી શકતો નહોતો! ઈશ્વરની કૃપાથી આ સમયે હુ તન, ધન, જન તથા સર્વે પ્રકારે સુખી હતો; પરતુ ભાઇની યાદ આવતા મ્હારૂં હૃદય વ્યાકુળ બની જતું હતું. ભાઇને મળ્યાને આજકાલ કરતા નવ માસ થઇ ગયા હતા. આ સમય દરમિયાન ભાઇના ચાર પાંચજ પત્રો આવ્યા હતા તે ઉપરથી એમજ માલૂમ પડી આવતું હતુ કે ભાઇએ

મ્હારી સાથે જે કેસ સંબંધી વાતચીત કરી હતી તે કેસનું ભવિષ્ય સારૂં નીવડે એવાં લક્ષણો જણાતાં નહોતાં. વળી હવે એ કેસમાંથી મુક્તિ પણ કરી શકાય તેમ નહોતું. મ્હારા મનમાં એક બે વખત ભાઇને મળી આવવાનો વિચાર ઉપસ્થિત થયો; પરંતુ ભાભીનાં કઠોર વાગ્બાણો યાદ આવતાં મ્હારો વિચાર દૂર થઇ જતો, અર્થાત્ ભાભી પાસે જવાનું સાહસ મ્હારાથી બની શક્યુ નહિ.

એકવિંશત્ પરિચ્છેદ.

ભાઈ કારાગૃહમાં.

એક દિવસે સંધ્યા સમયે હુ મ્હારા ત્રણ ચાર સ્નેહીઓ સાથે વાતચીત કરતો હતો એવામાં ગૃહમાના નોકરે એક સરકારી તાર લાવીને મ્હારા હાથમાં મૂક્યો. મ્હે તુરતજ તાર પહોંચ્યાની સહી કરી આપી, પહોંચનો કાગળ તારવાળા સિપાઇને આપી આવવાનુ નોકરને સૂચવ્યું. ત્યાર પછી મ્હેં કવરમાંથી તાર કાઢીને વાચતાંજ મ્હારાં નેત્રોએ અંધારાં આવ્યાં. મનમાં એમ થયા કરતું હતું કે, રૂદન કરીને હૃદયભારને ઓછો કરૂં, પરતુ તેમ બની શકતું નહોતું. મ્હારૂં મસ્તક ભમવા લાગ્યું. જે સ્નેહીઓ મ્હારી પાસે બેઠા હતા તેઓ મ્હારી આવી દશા જોઇ ગભરાઇ ગયા તથા પૂછવા લાગ્યા કે –' શું બન્યું છે ? ' જેમ તેમ કરીને તેમને સકળ કથા કહી સભળાવી.

મ્હારા મોટા ભાઇના એક પરિચિત શ્યામચંદ્રે લખ્યુ હતું કેઃ– " તમારા ભાઇ પ્રિયનાથને આજે કારાગૃહમાં લઇ ગયા છે. જેમ બને તેમ જલદીથી આવો. "

જ્યારે હું ભાઇ પાસે ગયો હતો ત્યારે તેમણે મને કહ્યું હતું કેઃ—"આજકાલ એક કેસ લડું છું જેમાં ગૃહની સકળ મિલકત સ્વાહા થઇ ગયા ઉપરાંત ઘણી રકમ ઉછીની લેવી પડી છે." આ વાત થઇ ગયા પછી આજકાલ કરતાં ઘણા સમયથી ભાઇનો પત્ર આવ્યો નહોતો, એકાએક આ તારજ આવી પહોંચ્યો. જેમ તેમ કરી રાત્રિને વ્યતીત કરી; સવાર થતાંજ હું ઠાકોર સાહેબ પાસે રજા લેવા ગયો. રજા મળ્યા પછી તુરતજ હું સ્ટેશને જઇ પહોચી આગગાડી ઉપર આરોહણ કરી ભાઇને ત્યાં જઇ પહોંચ્યો. ત્યાં જઇ પહોંચતાંજ મને માલૂમ પડયું કે, મ્હારાં નવાં ભાભી સાહેબ, મ્હારા ભાઇની સાથે તુમુલ યુદ્ધ કરી પોતાના અલકાર આભૂષણોને લઇ પોતાની માતા પાસે ચાલ્યાં ગયાં છે. ભાઇ પણ પોતાનો કેસ હાઇકોર્ટમાં હારી ગયા હતા. અન્ય બાજુએ જે જે લોકોએ ઉછીના રૂપિયા આપ્યા હતા, તેમણે અરજી કરીને પોતાના રૂપિયાને માટે ભાઇને કેદ કરાવ્યા હતા. ત્રણ દિવસથી ભાઈ કેદખાનામાં પડયા હતા. સમય આવ્યે કોઇ પણ તેમની સંભાળ લેવા આવ્યું નહિ. આ સમયે કોઇ કદાચ એવો પ્રશ્ન કરશે કે શું મ્હારા ભાઇને જામીન ઉપર છોડાવવાને માટે પણ કોઇ આવ્યુ નહિ? તો આના ઉત્તરમાં સત્યતા સાથે મ્હારે જણાવવું જોઇએ કે, જ્યારથી મ્હારા ભાઇએ પુનર્વિવાહ કર્યો અને મ્હારા કુળતારિણી ભાભી સાહેબ અમારા ગૃહમાં આવ્યાં ત્યારથી ભાઇનો સ્વભાવ પણ કાંઇક બદલાઇ ગયો હતો. જો કોઇ બે ચાર ગૃહસ્થો આવી ભાઇને ત્યાં ફક્ત પાન તમાકુ ખાતા, તોપણ તે મ્હારાં નવાં ભાભીથી સહન થઇ શકતું નહોતું. જો કોઇ બે દિવસ અતિથિ તરિકે જાય તો તેના તો પૂરેપૂરા ભોગજ મળ્યા સમજવા. આ સંબધી ઉદાહરણ લેવા જવાની જરૂર હોય એમ તો છેજ નહિ. કારણ મને વીતેલી વિડંબના હજુ સુધી પાઠકોના લક્ષ બહાર તો નહિજ ગઇ હોય. વળી આજકાલના

સંબંધીઓ એવા નિઃસ્વાર્થ સ્વભાવના નથી હોતા કે જેમના ઉપર કાંઇ પણ ઉપકાર કર્યા સિવાય તેઓ સંકટ સમયે સહાય કરવા ઉપસ્થિત થાય. આ સમગ્ર જગતમાં એવા મિત્રો તો વિરલજ હોય છે કે જેઓ નિઃસ્વાર્થ મિત્રતાનો નિર્વાહ કરે. આજકાલ તો જ્યાં જોઇએ ત્યાં સ્વાર્થી સ્નેહીઓજ પ્રાપ્ત થતા જણાય છે. અર્થાત્ ભાઇનો કોઇ પણ સ્નેહી સંબંધી એવો નહોતો કે જે આ સંકટ સમયે તેમને માટે પોતાના હૃદયમાં લેશ માત્ર પણ ચિંતાતુર થાય. આમ છતાં મ્હારા ભાઇ જે ગૃહસ્થના મકાનમાં રહેતા હતા, તે ગૃહસ્થનું મન ઘણું દયાર્દ્ર હતું, તથા ભાઇને મુક્ત કરાવવાની તેમની ઉત્કટ ઇચ્છા હતી. એમણેજ મને તારદ્વારા મ્હારા બંધુની દુર્દશાના સમાચાર પહોંચાડયા હતા. પ્રથમ મ્હેં તેમને મળી સકળ હકીકત પૂછી લીધી, તથા ભાઇને કારાગૃહમાં શા માટે જવું પડયું, તે સંબંધીની અક્ષરે અક્ષર માહિતી મેળવી લીધી. ત્યાર પછી મ્હેં શ્યામચંદ્રને પ્રશ્ન કર્યો: "આવા સમયે મ્હારાં ભાભી ભાઇનો ત્યાગ કરી શા માટે ચાલ્યાં ગયાં?"

શ્યામચંદ્રે ઉત્તર આપ્યો: "મને નોકર તથા તેમને ત્યાં કામ કરનારી દાસી મારફત જે સમાચાર મળ્યા છે તેનું તાત્પર્ય એ છે કે, તમારા બંધુએ પોતાના શિરે આવી પડેલી વિપત્તિ તમારાં ભાભીને જણાવી કહ્યું: "આ સમયે મ્હારી પાસે એક કોડી પણ નથી; તથા હોય પણ ક્યાંથી? જે દિવસથી તુ અહિં આવી છું તે દિવસથી હું જે કાંઈ કમાઇને લાવું છું તે સકળ તુંજ લઈ લે છે; અને તે એટલા સુધી કે હજામ, ધોબી, તેલી, તબોળીને આપવાના પૈસા પણ તું મ્હારી પાસે રહેવા દેતી નથી. હવે જ્યારે આવા સંકટ સમયે તું મને આર્થિક સહાય નહિ કરે તો હું પૈસાની વ્યવસ્થા ક્યાંથી કરીશ?"

આના ઉત્તરમાં તમારાં ભાભીએ સ્પષ્ટ રીતે એવું કહ્યું કે: "તમારૂં જેમ થવાનું હોય તેમ થાઓ. હું એક પૈસો પણ આપનાર

નથી. જ્યારે ભાઇ ભોજાઇને જન્મ પર્યંત ખવડાવ્યું છે તોપછી તેમની પાસે શા માટે નથી માગતા ?"

આ ઉપર તમારા ભાઇએ અનેક વાતો કહી તેને સમજાવવાનો યત્ન કર્યો; પરંતુ તે સઘળું વિફળ થઇ પડયું. ઘણા દિવસ સુધી વિવાદ ચાલ્યા કર્યો, ત્યાર પછી તે પોતાના જે કાંઈ અલંકારો તેમજ આભુષણો વગેરે હતું તે લઇને તેની મા પાસે ચાલી ગઈ. તેના ચાલ્યા ગયા પછી ચોથેજ દિવસે તમારા ભાઇને વૉરંટ ઉપર પકડવામાં આવ્યા. જે દિવસે તેમને પકડવામાં આવ્યા તેજ દિવસે મ્હે તમને તારદ્વારા આ સમાચાર પહોચાડયા."

આ સકળ કથા શ્રવણ કરી રહ્યા પછી મ્હેં શ્યામચંદ્રને પ્રશ્ન કર્યો: "ડિક્રિ કેટલા માણસોની છે તથા તેમના કેટલા કેટલા રૂપિયા છે ?"

શ્યામચંદ્રે ઉત્તર આપ્યો "બે મનુષ્યોની ડિક્રી છે, તથા બન્નેના મળી દશહજાર રૂપિયા છે."

"ઠીક! ત્યારે મને કોઇ સારા વકિલ પાસે લઇ ચાલો."

"હમણાં આપ સ્નાન કરી થોડુ ભોજન કરી લ્યો, પછીથી આપણે બન્ને જઇશું."

"મ્હારે હમણા કાંઈ ખાવું પીવું નથી. જ્યા સુધી ભાઇનુ મુખ જોઈશ નહિ ત્યાં સુધી હું અન્નજળ લઇશ નહિ."

શ્યામચંદ્રે અતિશય આગ્રહ કર્યાથી મ્હેં સ્નાન કરી થોડુ દૂધ પી લીધુ, તથા તેમની સાથે સાથે હું કચેરી પ્રતિ જવા લાગ્યો. ત્યાં જઈને એક પ્રખ્યાત વકીલ કર્યો. એ બી. એ. એલ. એલ. બી. હતો. ભાઇના કેદ થયાના સમાચાર કચેરીમાના સર્વે લોક જાણતા હતા. મને જોતાંજ અનેક જણ ભાઈના સંબંધી દુઃખ પ્રકાશ કરવા લાગ્યા. કેટલાકે હૃદયપૂર્વક દુઃખ દર્શાવ્યું તો કેટલાકે ફક્ત ઉપર ઉપરથીજ દુઃખ

દર્શાવ્યું. જેઓ ઘણા દિવસથી વકીલાત કરી રહ્યા હતા તથા જેઓની આવક ભાઇના કરતા વિશેષ હતી તેમણે જે દુઃખ પ્રકાશ કર્યું તે તેમના મુખ ઉપરથીજ માલૂમ પડી આવ્યુ કે તેમને ભાઇને માટે અંતઃકરણપૂર્વક લાગણી થઇ હતી; તથા જે વકીલો ભાઇની પહેલાં બે ત્રણ વર્ષથી વકીલાત કરતા હોવા છતાં ભાઇના કરતા ઓછી આવકવાળા હતા તેમણે ફક્ત ઉપરથીજ લોક લજ્જાને માટેજ દુઃખ પ્રકાશ કર્યું. મ્હેં જે વકીલ કર્યો તેને પૂછ્યુઃ-"હાલ જો હુ આપને મુખત્યારનામુ આપીને ચાલ્યો જાઉ તો તેમ બની શકશે કે મ્હારે હાજર રહેવાની આવશ્યકતા છે?"

વકીલે ઉત્તર આપ્યોઃ-"જુઓ ભાઈ! લેવડદેવડનો કેસ છે, કાંઈ ફોજદારી નથી; માટે જો હમણાં રૂપિયા આપો તો તુરત તમારા ભાઈની મુક્તિ થઇ શકે તેમ છે."

મ્હે કહ્યુંઃ-"વકીલ સાહેબ! બે ચાર હજારની વાત હોત તો તો કાઇક સાહસ કરી શકત, પરંતુ દશ હજારનું દેવુ એકદમ મ્હારાથી આપી શકાય તેમ નથી. આપની સહાય લેવાનુ મુખ્ય કારણ એટલુ જ છે કે આપ એ બે ગૃહસ્થો કે જેણે ભાઇના ઉપર પોતાના રૂપિયાનો દાવો માંડયો છે તેમને સમજાવીને જો હાલ અર્ધી રકમ લેવાને માટે તેઓને રાજી કરતા હોવ તો હું તેમને તેટલી રકમ આપીશ, તેમજ આપનો પ્રયત્ન પણ વૃથા નહિંજ જવા દઉ."

વકીલે કહ્યુઃ "તમે એવી વાત કરો છો કે જે સાભળી હસવું આવે છે."

મ્હેં જણાવ્યુઃ "મહાશય! હુ અસત્ય નથી કહેતો. મ્હારામા જેટલું સામર્થ્ય છે તેટલી રકમ આપવાને માટે હુ તૈયાર છુ, એ સંબધી ખાત્રી રાખજો."

શ્યામચદ્રે વચમા ઉમેર્યુઃ "ડોક્ટર સાહેબ! મને સંપૂર્ણ

ભરોંસો છો કે વકીલ સાહેબ આપણે માટે પોતાનાથી બનતું કરવાની કૃપા અવશ્ય કરશેજ."

ત્યાર પછી વકીલે ગંભીરતાથી કહ્યું: "જુઓ! તમે ગભરાશો નહિ. હું આપના બંધુને મુક્ત કરવા માટે મ્હારાથી બનતો પ્રત્યેક પ્રયત્ન કરીશ. આજે જ હું એ બે લોકોને બોલાવું છુ. આપ નિશ્ચિંત રહો. ડોકટર સાહેબ! હવે તમે મને પરમ દિવસે મળજો."

દ્વાવિંશત્ પરિચ્છેદ.

કર્મનું ફળ.

यदाचरति कल्याणि नरः कर्म्म शुभाशुभम् ।
सोऽवश्य फलमाप्नोति तस्य कालक्रमागतः ॥
तद्यथाम्रवणं हित्वा पलाशव नमाश्रयेत् ।
पुष्पं दृष्ट्वा फलेप्सुर्नराशः स्यात् फलोगमे ॥

—रामायणम्.

ઇશ્વરની લીલા એવી વિચિત્ર છે કે, મોટા મોટા જ્ઞાનિઓ, ધ્યાનીઓ તેમજ યોગીઓ પણ તેનો પાર પામી શકયા નથી. એકજ ક્ષણમાં તે જગન્નિયંતા નારાયણ રંકને રાય તથા રાયને રંક બનાવે છે; તથા દશાનું ચક્ર આ પ્રમાણે ફેરવ્યા કરે છે.

મ્હારાં ભાભી પોતાના પુત્રને સાથે લઇ મ્હારા ભાઇનો આવા દુ:ખપૂર્ણ પ્રસંગે ત્યાગ કરી પોતાના અલંકાર આભુષણોને સાથે લઇ પોતાની માતાને ત્યાં ચાલ્યાં ગયાં. તેમની સાથે જવા સમયે એક દાસી તથા એક નોકર હતો. તેમની માતાને ત્યાં જવાને માટે બે

પ્રકારના માર્ગ હતા; એક જમીન માર્ગ અને બીજો જળ માર્ગ. મ્હારાં ભાભીએ જળ માર્ગે જવાનું પસંદ કર્યું. એક હોડી ભાડે કરી પોતાનો સઘળો સરસામાન તેમાં ગોઠવી મ્હારાં ભાભીએ જળ માર્ગે પ્રયાણ કરવા માંડયું.

સંધ્યાનો સમય હતો. લગભગ છ વાગ્યા હતા. હવે ફક્ત છ સાત ગાઉનો રસ્તોજ બાકી રહ્યો હતો. આકાશ ધીમે ધીમે વાદળાંઓથી છવાઇ ગયું. રાત્રિ પણ અંધારી હોવાથી માછી લોકોએ આગળ પ્રયાણ કરવાનું ઉચિત ધાર્યું નહિ. થોડે દૂર જતાં માછીઓએ બીજી બે હોડીઓને એક સ્થળે લંગર નાખેલી જોઇ. આથી તેમણે પણ એ હોડીઓ આગળ જઇ લંગર નાખ્યું. માછીઓએ જે સમયે લંગર નાખ્યું તે સમયે મ્હારી ભાભીએ તેમને કહ્યું હતું કેઃ "આવા વેરાન સ્થળે અટકવું યોગ્ય નથી. આના કરતાં તો થોડેક દૂર જઇ કોઇ વસ્તીવાળા પ્રદેશ પાસે રાત્રિ કહાડવાનો નિશ્ચય કર્યો હોત તો વધારે સારૂં." પરંતુ આકાશનાં તથા વાયુનાં ચિહ્નો સારાં નહિ જણાવાથી માછીઓએ મ્હારાં ભાભીની વાત પ્રતિ લક્ષ આપ્યું નહિ.

હોડીને લંગર નાંખી માછી લોકો પોતાનો આહાર તૈયાર કરવાની ખટપટમાં પડયા તથા મ્હારાં ભાભીને કહેવા લાગ્યાઃ "આ જગ્યા સારી છે. તમે પણ તમારા ભોજનાદિની તૈયારી કરો."

આઠ નવ વાગતા સુધીમાં તો તેઓ સકળ ખાઇ પીને નિશ્ચિંત થયાં, તથા હોડી ઉપર જઇને વિશ્રામ કર્યો.

એકાએક મધ્યરાત્રિના સમયે મહા કોલાહલ થઇ ઉઠયો. મ્હારાં ભાભીએ જાગ્રત થઇને જોયું તો પંદર વીસ અસ્ત્રશસ્ત્રના સજ્જ થએલા લૂંટારૂઓને પોતાની હોડી ઉપર ચડી આવેલા તેમણે જોયા. તેઓ પૈકી ચાર જણના હાથમાં સળગતી મસાલો સુદ્ધાં હતી. હોડીના

માછીઓ પણ પોતાના જીવનનું રક્ષણ કરવાને માટે પલાયન કરી ગયા હતા. મ્હારાં ભાભીએ ભાવિ ભયનો વિચાર આવતાં અનેક બૂમો પાડી, પરંતુ એ નિર્જન પ્રદેશમાં તેમનો ધ્વનિ પશુપક્ષી સિવાય કોઇને પણ શ્રવણે પડયો નહિ. સધ્યા સમયે જે બે હોડીઓ જોઇને માછી લોકોએ એ સ્થળે મુકામ કર્યો હતો તે બન્ને હોડીઓ લૂંટારાઓનીજ હતી.

ઇચ્છા પ્રમાણે માલમત્તા મેળવી લઇ તે સઘળું પોતાની હોડીઓમાં નાંખી લૂટારૂ લોકો જળમાર્ગે પ્રયાણ કરી અલ્પ સમયમાંજ અદશ્ય થઇ ગયા. જ્યારે રાત્રિ વીતી ગઇ ત્યારે માછી લોકો રૂદન કરતા કરતા હોડી પાસે આવી પહોંચ્યા. પરસ્પરે એકબીજાની આગળ એકબીજાનાં દુ.ખો રડીને હોડીને આગળ લીધી, અને બપોરના સમયે ગૃહે પહોચી ગયાં.

શ્યામચદ્રે જે દિવસે મને તાર કર્યો હતો તેજ દિવસે તેમણે મ્હારા ભાઇની સાસુને પણ તાર કર્યો હતો; પરતુ ગામથી સ્ટેશન ઘણે દૂર હોવાના કારણે ત્રિજે દિવસે તેમને ખબર મળી. અર્થાત્ પ્રથમ તારની ખબર પહોચી અને ત્યાર પછી રસ્તે લૂટાએલી પુત્ર પહોચી. એ સમયની માતા પુત્રીની અવસ્થા જોતાં કઠોરજનોનુ હૃદય પણ દ્રાવભૂત થઇ જતુ હતું. યથાર્થ રીતે તે સમયની માતાપુત્રીની અવસ્થા પણ એવીજ હતી. જગન્નિયંતા નારાયણ કોઇને પણ એવું દુઃખ ન દે, એટલીજ પ્રાર્થના છે.

ત્રયોવિંશત્ પરિચ્છેદ.

સૌ સારૂં તેનું છેવટ સારૂં.

All's well that ends well.

—*Proverb.*

વકીલના સમજાવવાથી તથા નગરના કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થોના કહેવાથી લ્હેણદારોએ અર્ધા રૂપિયા અર્થાત્ પાચ હજાર રૂપિયા પ્રથમ લેવાની હા પાડી. સર્વ પ્રકારનું લખાણુ તૈયાર થયા પછી એ લોકોએ કોર્ટમાં રાજીનામુ આપી દીધું. બીજેજ દિવસે ભાઇ કારાગૃહમાંથી મુક્ત થઇ ગયા. તેમને જોતાંજ હું તેમને ભેટી પડયો. અમારાં ઉભયનાં નેત્રોમાંથી એક પછી એક અનેક અશ્રુધારાઓ વહેવા લાગી. કેટલાક સમય સુધી કોઇના મુખમાંથી એક અક્ષર સુદ્ધાં નીકળ્યો નહિ. છેવટે ભાઇએ કહ્યું: "દીનુ! મ્હારા જેવા દુષ્ટ સ્વાભાવવાળા બધુ સાથે ત્હેં જે ભલાઈ કરી છે તેનો બદલો હું તને આ ક્ષુદ્ર જીવનમા કેવી રીતે આપી શકું તેમ છું? હુંજ એવો નિર્લજ છુ કે મ્હારૂં કાળુ મ્હોં તને બતાવું છુ! હાય! હું એ દુષ્ટા રાક્ષસીની મોહજાળમાં ફસાઇ જઇ ત્હારાથી અલગ થઇ ગયો! અરેરે! ભાઇ, એ સમયે એ દુષ્ટાએ કોણુ જાણે મ્હારાં નેત્રોમાં એવી મોહિનીનું અજન કર્યું હતું કે જેથી કરીને હું હિતાહિતને જોઇ શકવાને માટે તદ્દન અંધ બની ગયો હતો. મ્હારી વિચાર શક્તિ ચાલી ગઇ હતી. ભાઇ, મને આશા છે કે તું આ પાપાત્માને ક્ષમા આપીશ."

મ્હેં કહ્યું: "ભાઇ! આવાં વચનો ઉચ્ચારી મને પાપમાં ન નાંખો. હું આપનો કનિષ્ઠ ભ્રાતા આપને ક્ષમા આપવા જેવી યોગ્યતાવાળો ક્યાંથી હોઇ શકું? આ સંસારમાં ઉભા રહેવાને માટે મને

શક્તિમાન બનાવનાર આપ જ છો. મ્હારૂં પ્રતિપાલન કરનાર પણ આપજ છો. આપના મ્હારા ઉપર અનેક ઉપકારો થએલા છે. બાકી મ્હારાં ભાભીના કટુ સ્વભાવને લીધે તમને દોષ દેવો એ ઉચિત નથી. **આજ કાલ આપણા હિંદવાસીઓના ગૃહે ગૃહે સ્રીઓના એવાજ કલહકંકાસો થયા કરે છે; અને તેથીજ આપણા દેશની આટલી બધી અધોગાત થઈ છે.** ચાલો જે થવાનું હતું તે થઇ ગયું. હવે વ્યર્થ અનુતાપ કરવાનું કાંઇ પ્રયોજન ? થોડા દિવસ ગૃહે ચાલો, પુનઃ કોઇ શુભમુહૂર્ત જોઇને અત્રે આવજો. ”

મ્હારાં આ વચનોથી ભાઈનો આત્મા કાંઇક શાંત થયો તથા અમે બન્ને ભાઇ સ્વગૃહે આવી પહોંચ્યા. મ્હારૂં કુટુંબ પણ અગાઉથી સૂચના આપ્યા પ્રમાણે બે દિવસથી જ અમારા જુના ગૃહે આવી પહોંચ્યું હતું. જે દિવસે અમે બન્ને ભાઇઓ સ્વગૃહે પહોંચ્યા તેજ દિવસે ભાઇના શ્વશુરપક્ષમાંથી એક મનુષ્ય પત્ર લઇને આવ્યો; તથા તેણે મ્હારાં ભાભીના લૂંટાયા સંબંધીના સકળ સમાચાર વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યા. વિશેષમાં તેણે કહ્યું કેઃ “ આપની સાસુ ઘણાં બીમાર છે. તેમના જીવનની બિલકુલ આશા નથી. તમારાં બાળબચ્ચાંની પણ એવી અવસ્થા થઇ ગઇ છે કે ખાનપાનનું પણ ઠેકાણું રહ્યું નથી. એ લોકોની કરૂણાજનક સ્થિતિ જોઇનેજ હું અત્રે આવ્યો છું માટે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. ”

આ સમાચારથી સકળ જનને સંતાપ થયો; તથા અરસ્પરસ કહેવા લાગ્યા કેઃ “કરેલાં કર્મોનુ ફળ આમ એકાએક પ્રાપ્ત થએલું તો આજે જ જોવામાં આવ્યું ! સત્યજ છે કે “ **धर्मे जय** અને **पापे क्षय** થાય છે.” સર્વેએ ‘ सत्यमेव **जयते** ’નો મોટે સ્વરે ઉચ્ચાર કર્યો.

જો કે ભાઇની તો પુનઃ મ્હારાં ભાભીને બોલાવવાની બિલકુલ ઇચ્છાજ નહોતી, પરંતુ જ્યારે મ્હેં તેમને ઘણું સમજાવ્યા ત્યારે છેવટે

તેમણે મ્હારાં ભાભી ભત્રિજા વગેરેને બોલાવી મંગાવવાની અનુમતિ આપી. તુરતજ આવેલા માણસ સાથે એક બીજું માણસ મોકલી તેમને બોલાવી લીધાં.

જે દિવસથી ભાઇ ગૃહે આવ્યા છે તેજ દિવસથી તેમની ગતિ મતિમાં કાંઇ વિલક્ષણ પ્રકારનું પરિવર્તન થઇ ગયુ છે. હવે કોણ જાણે સંસાર ઉપર તેમને એવો કંટાળો ઉત્પન્ન થયો છે કે સાધુ સંતની સોબત, હરિ ભજન અને તીર્થ પર્યટન સિવાય તે અન્ય કોઇપણ કાર્યમાં પ્રવૃત્ત થતા નથી; મ્હારાં ભાભી સાહેબ કે જે પૂર્વે અભિમાનને લીધે પૃથ્વી ઉપર પગ પણ નહોતાં મૂકતાં તે હવે ઘણાં શાંત અને સુશીલ થઇ ગયાં છે. તેમને પોતાના પતિની સેવા કરવાની હવે ઉત્કટ ઇચ્છા થઇ આવી છે, પરંતુ મ્હારા ભાઇને હવે એવી સાંસારિક સેવાની ઇચ્છા નથી. ભાઇ ભાભીના પુણ્ય પ્રતાપને લીધે હું જે કાંઇ ઉપાર્જન કરૂં છું તેમાંથી સર્વ પ્રકારના સાંસારિક ખર્ચનો નિર્વાહ થાય છે, અને અમારા સર્વેના દિવસો આનંદમાં જાય છે.



૧૩

ગરીબ બિચારી પાર્વતી.

પાર્વતી કપાળ ઉપર પાટા બાંધીને રૂદન કરતી બેઠી હતી. આજે બે દિવસ થયા તે ભૂખી હતી, તથા તેનાં બાળબચ્ચાં 'ખાવું છે, ખાવું છે,' એવી કિકિયારીઓ પાડતાં હતાં. બાળબચ્ચાંને જોતાંજ પાર્વતીના દુઃખની સીમા રહેતી નહિ, પરતુ તે બિચારી શું કરે? કોઇ સ્થળે જઇને આડોસીપાડોસીનું દળવા ખાંડવાનું લઇ આવવાની તેનામા શક્તિ નહોતી. હમણા સ્વામી સ્વગૃહે આવીને પોતાને શું કહેશે તે સંબધીની તે પ્રત્યેક ક્ષણે ચિંતા કર્યા કરતી હતી. એટલામાંજ રતિલાલ ગૃહે આવી પહોંચ્યો. દ્વાર આગળથી આવતો તેનાં પગલાંનો અવાજ શ્રવણે પડતાંજ બન્ને બાળકો વિદ્યુતના પડ-વાથી ચમકી ઉઠે તે પ્રમાણે ચમકી ઉઠયાં, તથા ગૃહમાં આવેલા એક અંધારા ખુણામાં જઇને ભરાઇ ગયાં. રતિલાલ એકદમ આવતાંની સાથેજ પત્નીના શરીર પ્રતિ ધસતો બોલ્યો: "કેમ કાંઇ ભોજન સામગ્રી થઇ છે કે નહિ? ચાલ જે થયું હોય તે મ્હારી આગળ મૂક; તથા મને બે મ્હોં ભરીને જવા દે. ચાલ જલદી કર."

"શુ જલદી કરૂં? ગૃહમાં અનાજનો એક પણ દાણો રહ્યો હોય તો કરૂંને? ગૃહમાં કાંઇ પણ સિલ્લકે રહ્યું છે કે હું ભોજન સામગ્રી તૈયાર કરી શકું?"

"ગમે તેમ કર, રોટલા નહિ તો ખીચડી, ખીચડી નહિ તો બીજું ત્હારી મરજીમાં આવે તે મને કરી આપ. મને આજે પેલી

નવીન નીતિદર્શક મંડળીના નવા ખેલની તાલીમ છે. ત્યાં સકળ પ્રકારની તૈયારી કરાવવા મ્હારે વખતસર જવુંજ જોઇએ. હું આવ્યો ત્યારે મેનેજરે મને કહ્યું છે કે. "મી૦ રતિલાલ! તમારા આવ્યા સિવાય કાંઇ બની શકે તેમ નથી, ચાલ હવે ત્વરા કર. મને અવકાશનો ઘણો અભાવ છે."

"રોટલા નહિ તો ખીચડી, ખીચડી નહિ તો ભાત અને ભાત નહિ તો બીજું ગમે તે, એમ બોલતાં તો આવડેજ છે ને; પરંતુ તે કરવું કેવી રીતે ? ગૃહમાં કાંઇજ નથી." પાર્વતીએ આ પ્રમાણે કહી એક ગાઢ નિશ્વાસ મૂકયો.

"વિના કારણુ કાંઇ નથી, કાંઇ નથી એ પ્રમાણે કહીને મને દુખી કરીશ નહિ. તું ત્હારે ગમે તેમ કરીને મને ખાવાનું આપ, પછી તું ત્હારે ગમે તેમ ફોડી લેજે, નહિ તો જઇને કુવો હવાડો પૂરજે. લાવ ચાલ જલદી લાવ." રતિલાલ ક્રોધમાંજ બોલ્યો.

"પ્રભુ! વિના કારણુ શા માટે મને વધારે દુ:ખી કરો છો! આજે ગૃહમાં કાંઇ પણ અનાજ નથી, તેલ નથી, મીઠું નથી. જો કાંઇ પણુ હોત તો રસોઇ કર્યા સિવાય તમને બધાંને ભૂખ્યાં રાખી હું પણુ શા માટે ભૂખે મરવા પડત? આજે અનાહારથી મ્હારી સ્થિતિ પણુ એવી થઇ ગઈ છે કે ઉઠીને બેઠાં થવાતું નથી. આમ છતાં જો બજારમાંથી કાંઈક લઇ આવો તો હું તમને ભોજન તૈયાર કરી આપું, તે સિવાય હું નિરૂપાય છું—લાચાર છું."

પત્નીનાં નમ્ર વાકયોથી તો ઉલટો રતિલાલનો ક્રોધાગ્નિ વિશેષ પ્રમાણુમાં સળગી ઉઠયો, પત્નીના શરીર ઉપર હુમલો કરવા જતાં તે બોલ્યો: "આજે સવારથી બેસી રહીને ત્હેં શું કર્યું? ગૃહમાં કાંઈજ નથી એમ કહેતાં ત્હારી જીભ કેમ કપાઇ જતી નથી? આડોસી પાડોસીને ત્યાંથી કાંઈ ઉછીનું કેમ લઇ આવી નહિ?"

" આજ સુધીમાં તેમને ત્યાંથી ચાર પાંચ શેર બાજરી ઉછીની લાવી છું, તે ઉછીનું લીધેલું અન્ન હજુ સુધી પાછું આપ્યું નથી તે પહેલાં ફરીથી ઉછીનું કેવી રીતે માગી લાવવું ? મને તો હવે તેમને મ્હોં બતાવતાં પણ શરમ આવે છે. બાળકો પણ બિચારાં બેઠાં બેઠાં ભૂખથી સવારનાં રૂદન કર્યાં કરે છે—"

" બસ કર, બહુ થયું. હું ત્હારી અક્કલ કળી ગયો છું. મ્હારા પેટ ઉપર વિધાતાએ આવો પથ્થર તે ક્યાંથી મૂક્યો ? ત્રણ ચાર દિવસ ઉપર થોડી ઘણી બાજરી લાવ્યો હતો તે શું પૂરી થઇ ગઇ ?"

" અરે ! તેને લાવ્યાને આજે કેટલા બધા દિવસ થયા તે જાણો છો ? અને તે લાવ્યા ત્યારથી તે આજ સુધી તમે તથા તમારાં બાળબચ્ચાંએ ખાધું શું ? આજે બે દિવસથી મ્હેં એ ગ્રાસ પણ લીધા હોય તો મને ઇશ્વરના સોગન છે. અનાહારને લીધે તો મ્હારી આવી દશા થઇ ગઇ છે. મ્હારાથી ઉભું સુદ્ધાં રહેવાતું નથી."

" હમ્મેશાં ત્હારી તકરાર—ગૃહમાં પગ મૂક્યો કે તું આ પ્રમાણે ત્હારાં રોદણાં રડવાનીજ. ક્યાં ગયાં પેલાં છોકરાં ! શું એમનો બાપ મરી ગયો છે તે આમ કિકિયારીઓ પાડે છે ? કેમ અલ્યા મનુ ! તમે રડો છો કેમ ? શુ તમારો બાપ મરી તો નથી ગયો ને ? જો એ તો આ જીવતો જાગતો તમારી આગળ ઉભો છે. જો મરી ગયો હોત તો કલ્યાણ થઇ જાત કે આ જોવું મટત ને ભોગવવું મટત. ઉઠ ખૂણામાંથી નહિ તો મારીશ એક લાત તો બેવડોજ કરી નાખીશ. નહિ ભણવું, નહિ ગણવું અને આખો દિવસ આમ પોકો મૂક્યા કરો છો કેમ ?"

બિચારી પાર્વતીનાં નેત્રોમાંથી અનેક અશ્રુધારાઓ વહેવા લાગી. પોતાનાં બન્ને બાળકો ઉપર તેનો અપાર સ્નેહ હતો; તથા તે બાળકોના ઉપર પતિના વાગ્બાણોના થતા સખ્ત આઘાતોનું દર્શન કરવું

એ તેને માટે અપાર દુઃખની વાત હતી; પરંતુ તે બિચારી નિરૂપાય હતી. રૂદન કરવા સિવાય તેના ભાગ્યમાં બીજું કાંઇ નહોતું. આમ છતાં તે પતિ પ્રતિ કરૂણાજનક દૃષ્ટિ કરી બોલીઃ "અરે! તેમને બિચારાંને શા માટે આવાં કઠોર વચનો કહો છો? તેમનો શું અપરાધ છે? શું આવાં સોના જેવાં છોકરાં ઈશ્વરે આપ્યાં છે તેને પણ તમે જોઇ શકતા નથી?"

સ્ત્રીનાં આ વચનોથી રતિલાલના ક્રોધમાં શું બાકી રહે! ઉલટું તેના ક્રોધાગ્નિમાં ઉપર્યુક્ત વચનોરૂપી ઘૃતનું સિંચન થયું અને પરિણામે રતિલાલનો ક્રોધાગ્નિ વિશેષ સળગી ઉઠયો. તે આંખોને લાલચોળ કરી પત્નીને મારવા ધસ્યો, એવામાંજ તેની પાડોસમાં રહેતો કૃષ્ણદાસ ત્યાં આગળ આવી પહોચ્યો. તે પોતાની નજર આગળનો દેખાવ જોઇ આશ્ચર્યચકિત બની ગયો. અલ્પ સમય સુધી શાંતિથી ઉભા રહ્યા પછી તેણે રતિલાલ પ્રતિ દૃષ્ટિ કરી પ્રશ્ન કર્યોઃ "તમે અમારી પેઢી ઉપર નોકરી કરશો કે? મ્હેં ખાસ તમારે માટે એ જગ્યા શોધી કહાડી છે."

કૃષ્ણદાસ રતિલાલની સ્થિતિ સારી રીતે જાણતો હતો; તથા રતિલાલની પત્નીની દશા જોઇ તેના હૃદયમાં ઘણીજ દયા ઉત્પન્ન થતી હતી. અદ્યાપિ પર્યંત તેણે પોતાની પત્નીદ્વારા ગરીબ બિચારી પાર્વતીને મદદ કરી હતી, પરંતુ તે સંબંધી રતિલાલ કાંઇ પણ જાણતો નહોતો. અસ્તુ!

જો કે કૃષ્ણદાસે નોકરી સંબંધીની વાત હસતાં હસતાંજ કરી હતી, તોપણ તેથી રતિલાલને ઘણું ખોટું લાગ્યું. તે કૃષ્ણદાસ પ્રતિ તિરસ્કારથી જોવા લાગ્યો. કૃષ્ણદાસ તેને તેના આળસુપણા માટે તથા વ્યર્થ વખત ગુમાવવા માટે ઘણું કહેતો હતો, પરંતુ એ કહેવું રતિલાલને બિલકુલ ગમતું નહોતું. ઉલટું તે વારંવાર આવી,

પોતાની સ્ત્રી સાથે વાતચીત કરે છે; તથા પોતાનાં બાળકો તેને ત્યાં જાય આવે છે, તે માટે એને ઘણો ગુસ્સો આવતો હતો. આમ છતાં તે પોતાના ગુસ્સાને લીધે કોઇને કાંઈ કહી શકતો નથી; કારણ કૃષ્ણદાસની વૃત્તિજ એવી વિલક્ષણ પ્રકારની હતી. કૃષ્ણદાસ પોતાના ઉપર રતિલાલનો અપાર ક્રોધ છે એવું સ્વપ્ને પણ ધારતો નહોતો. તે પોતાના પ્રશ્નનો શુ પ્રત્યુત્તર મળે છે તે શ્રવણ કરવાને ઉત્સુકતાથી ઊભો હતો. એવામા ખુણામાં ગુપચુપ ભરાઇ બેઠેલાં છોકરાં પ્રતિ રતિલાલની દૃષ્ટિ ગઇ. તરતજ તેણે તેમને હાંક મારી, પરતુ છોકરા તેની નિકટ આવતાં નહોતા. નાની છોકરી તો ભયથી કપતી હતી. રતિલાલે તેમના પ્રતિ ક્રોધદર્શક દૃષ્ટિ કરી કહ્યું: "મનુ અહિં આવ; મણિ તું પણ ત્યા શા માટે બેસી રહી છે? તમે શા માટે રુદન કરો છો?"

બાળકોએ કાઇ ઉત્તર આપ્યો નહિ, તેમજ તેઓમાનુ કોઇ પોતાના નિષ્ઠુર પિતા પાસે ગયું નહિ. જો કે પોતાના પિતા બોલાવે છે માટે તેમની પાસે જવુ જોઇએ, એવું એમના મનમા વારવાર આવતું હતું; પરતુ પિતાના તરફ નજર કરતા તેમનો ક્રૂર ચહેરો જોઇને તેમના મનનો વિચાર મનમા ને મનમાજ સમાઇ જતો હતો. તેમને પોતાના પિતા તરફ આવી ભયભીત મુદ્રાથી જોતા જોઇને કૃષ્ણદાસના હૃદયમા તેમને માટે ઘણીજ દયા ઉત્પન્ન થઇ. તેણે તુરતજ એ બન્ને બાળકોની પાસે જઇ પ્રશ્ન કર્યો: "શા માટે રૂદન કરો છો? છે શુ?"

મનુએ ઉત્તર આપ્યો: "કાઇ નહિ, સહજજ."

મણી રૂદન કરતી કરતી બોલી ઉઠી: "અમને ભૂખ લાગી છે, ખાવાનુ જોઇએ છીએ."

મણી આ વાક્ય એટલા તો ધીમે સ્વરે બોલી હતી કે તે વાક્ય કૃષ્ણદાસ અને મનુ સિવાય અન્ય કોઇ સાંભળી શક્યુ નહિ. મણી

હજુ નાની હોવાથી તેનામાં પોતાના મોટા ભાઇ જેટલું જ્ઞાન આવ્યું નહોતું. તેણે જે સત્ય વાત હતી તે કહી દીધી. આમ છતાં તેણે ઉપર્યુક્ત વાક્ય એટલી બધી તો બીક રાખીને કહ્યું હતું કે તે કહેતાં કહેતાં, તે ભયથી ધ્રૂજતી અનિમેષે પિતાની પ્રચંડ મૂર્ત્તિ પ્રતિ જોઇ રહી હતી. બિચારીને ભય હતો કે જો તેના શબ્દો તેનો ક્રૂર પિતા સાંભળે તો તેની દુર્દશા કર્યા સિવાય રહેજ નહિ.

બિચારી પાર્વતી કૃષ્ણદાસ આવ્યો કે તુરતજ મર્યાદાથી ઉઠી ઊભી થઇ પોતાનાં નેત્રોમાંનાં આંસુ સાફ કરી બીજી બાજુએ જોવા લાગી. પોતાની નિર્ધનતા કોઇના પણ જાણવામા ન આવે એજ તેની ઇચ્છા હતી. પોતાના પાતદ્વારા થતું પોતાનું અપમાન અન્ય કોઇના જાણવામા આવે તો તેના જેવી શરમની અન્ય એક પણ વાત નથી એમ તેનુ ધારવું હતું. આમ છતાં કૃષ્ણદાસ આવ્યો ત્યારથી તેની એવી ધારણા હતી કે તે સઘળો પ્રકાર જાણતો હશે.

કૃષ્ણદાસ સમજુ માણસ હતો. તેણે બિચારી પાર્વતીના ગૃહની સઘળી સ્થિતિ જાણી લીધી. આ સ્થિતિ સપૂર્ણપણે પોતાની જાણમા આવતાંજ તેના હૃદયમાં પૂર્વે જે દયા પ્રકટ થઇ હતી તે સહસ્રધા વધી પડી. રતિલાલની પાસે જઇને તેણે પ્રશ્ન કર્યો. "કેમ! મ્હેં જે જગ્યા શોધી કાઢી છે તે જગ્યા ઉપર કામ કરશો કે નહિ? પગાર પણ સારો પ્રાપ્ત થશે. આ નોકરીનો સ્વીકાર કરવાથી ભવિષ્યમા તમારી ઉન્નતિ થતાં વિશેષ વિલબ થશે નહિ."

રતિલાલે પ્રથમ તો કૃષ્ણદાસને કાંઈ ઉત્તર આપ્યો નહિ; આથી કરીને કૃષ્ણદાસે પુનઃ એ સબધી પ્રશ્ન કર્યો ત્યારે તેણે કટાળા ભરેલી મુખમુદ્રા કરી ઉત્તર આપ્યો: "નહિ નહિ, મને એવી નોકરીની બિલકુલ જરૂર નથી. મને બીજી જગ્યા જલદીથી મળનાર છે."

રતિલાલના ઉત્તરથી કૃષ્ણદાસને તેના ઉપર કાંઇક ક્રોધ તો

આવ્યો, પરંતુ પોતાના ક્રોધને પ્રકટ નહિ કરતાં તે બોલ્યો–" ઠીક છે; જો બીજી વિશેષ પ્રાપ્તિ થાય એવી નોકરી તમને મળતી હોય તો ઘણું સારૂં. અમારી આ નોકરીને માટે સેંકડો ઉમેદવારો તૈયાર થશે. પણ મને તમારી હાલની સ્થિતિ જોતાં એમ લાગ્યું હતું કે તમે તમારી આવી સ્થિતિમાં આ નોકરીનો અસ્વીકાર નહિજ કરો."

પતિએ કૃષ્ણદાસને આપેલો ઉત્તર સાંભળતાં પાર્વતીને ઘણું ખોટું લાગ્યું. પ્રથમ તેને એવી આશા ઉત્પન્ન થઇ હતી કે આ નોકરીને પતિ પોતાના હાથમાંથી નહિજ જવા દે; તથા તેમાંથી જે કાંઇ પ્રાપ્તિ થશે તેમાંથી સાધારણ રીતે નિર્વાહ ચલાવવામાં કોઇ પણ પ્રકારે હરકત પડશે નહિ; પરંતુ આ સર્વ તે બિચારીનું મનોરાજ્ય હતું. આ સમયે તેનાથી બોલ્યા સિવાય રહેવાયું નહિ. તે એકદમ પોતાના પતિના તરફ ફરી બોલી: " પ્રભુ ! નાથ ! હું તમારે પગે પડીને તમને વિનંતિ કરૂં છું કે આવો સમય ગુમાવશો નહિ. તે મુઆ નાટકવાળાનું શું જાય છે ? તમે તેની વિના કારણ મહેનત કરી કરીને મરી જાઓ છો; છતા તે તમને એક પૈસો પણ આપનાર નથી! હવે આ બધા નાદ છોડી દઇને કૃષ્ણદાસભાઇ જે નોકરી માટે કહે છે તે નોકરીનો સ્વીકાર કરો!"

પત્નીનાં વાક્યોથી રતિલાલનો ક્રોધાગ્નિ પગથી મસ્તક સુધી સળગી ઉઠ્યો. તે ભયંકર સ્વરે બોલ્યો· "જા જા, બીજા લોકો ભલે પોતાની સ્ત્રીના કહેવા પ્રમાણે કરે. મ્હારે માટે તો ત્હારે એવું ધારવુંજ નહિ. વળી 'સ્ત્રીની બુદ્ધિ પાનીએ' એ વાક્ય પ્રમાણે મ્હારે ત્હારી બુદ્ધિની કાંઇ જરૂર નથી. હું તો મ્હારે નાટક મંડળીમાજ જવા આવવાનો તથા તેનુંજ કામ કરવાનો. મને કોણ શિખામણ આપવા આવે એમ છે જોઉં ? પારકા ગૃહમાં બીજાઓએ શા માટે ધણીની રજા વિના પ્રવેશ કરવો પડે? જાઓ! મ્હારે તમારૂં કોઇનું કાંઇ કામ નથી.

તું તથા ત્હારાં છોકરાં જેમ ઇચ્છામાં આવે તેમ કરો. તમારાં વચનો આપણે સાંભળી રહીએ એમ નથી. હું જાઉં છું."

આ પ્રમાણે બોલી રહ્યા પછી રતિલાલ દ્વાર તરફ દોડયો. પાર્વતીને પોતે પતિને કહેલાં વચનો માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેને એમ થવા લાગ્યું કેઃ–" હું તે વળી શું ભોગ લાગ્યા હતા કે બોલવા ગઇ! હરિ! હરિ!!"

કૃષ્ણુદાસની મુખમુદ્રા આ સમયે એવી જણાતી હતી કે તે ઉપરથી તેને રતિલાલના ઉપર ઘણોજ ક્રોધ ઉત્પન્ન થયો છે એમ લાગ્યા સિવાય રહે નહિ. આમ છતાં સમયનો વિચાર કરી પુનઃ પોતાના ક્રોધને દબાવીને તેણે કહ્યું:–"રતિલાલ! ગૃહની આવી અવસ્થા છે અને તમે વિના કારણ એ નાટક મંડળીમાં જઇને બેસી રહો છો, એ શું વ્યાજબી છે કે? ગૃહની સ્થિતિનો વિચાર કરો, કુટુંબનો વિચાર કરો. નાટક કંપનીના તરફથી તમને શું પ્રાપ્તિ થાય છે કે તમે ચાલ્લો કરવા આવેલી લક્ષ્મીનાથી તમારૂં મુખ છુપાવો છો? વળી કેટલાક હલકા નાટકવાળાઓ અનેક કાવઓને પણ ફસાવે છે. એવા નાટકવાળાઓ તમને એક રાતી પાઇ પણ આપનાર નથી, એ ખાત્રીપૂર્વક સમજજો. તમારૂં કર્ત્તવ્ય શું છે, તેનો પણ તમને બિલકુલ વિચાર નથી? **કુટુંબનો આશીર્વાદ પ્રાપ્ત થયા સિવાય કોઇ પણ મનુષ્યની ઉન્નતિ થતી નથી.** તમારે તમારી પત્ની ઉપર તથા બાળકો ઉપર દયા લાવી તેમને સુખી રાખવાનો યત્ન કરી તેમના આશીર્વાદો પ્રાપ્ત કરવા જોઇએ. વળી......"

કૃષ્ણુદાસનાં વચનો સાંભળતાંજ રતિલાલ છંછેડાયલા સર્પ પ્રમાણે કૃષ્ણુદાસના શરીર ઉપર ધસ્યો અને મોટે સ્વરે કહેવા લાગ્યોઃ–"તમે મને આ પ્રમાણે કહેનારા કોણ છો? તમારો મ્હારા ઉપર શું અધિકાર છે? મ્હારૂં કર્ત્તવ્ય શું છે તથા તે હું પૂર્ણ કરૂં છું કે નહિ, તે

જોવાની તમને શું જરૂર? મ્હારા ગૃહની બાબતમાં પુનઃ તમે જો ડહાપણ કરવા આવ્યા તો નવાજુની થઇ જશે. કાંઇ કામધંધો છે કે નહિ? જો પુનઃ આ ગૃહમાં પ્રવેશ કર્યો તો બત્રીસે દાંત તોડી નાખીશ."

કૃષ્ણદાસ પણ કાંઇ સાધારણ પુરૂષ નહોતો. રતિલાલ જેવા ચાર મનુષ્યોને તે પહોંચી વળે એમ હતું, પરંતુ પોતે જો આ સમયે મારામારી કરશે તો વાત બદલાઇ જશે. આવા વિચારથી તે શાંતિ ધારણ કરી સ્વસ્થ બેઠો. રતિલાલ પોતાની જીભમાં જેટલું જોર હતું તે સઘળું દર્શાવીને તુરતજ પોતાની પત્ની તથા બાળકોને રડતાં કકળતા મૂકી ચાલ્યો ગયો. કૃષ્ણદાસને બિચારી પાર્વતી તથા તેનાં બાળકો ઉપર પ્રથમથીજ દયા આવી હતી તેથી આવી અવસ્થામા તેમનો ત્યાગ કરી જવાનું તેણે ઉચિત ધાર્યું નહિ. તેણે તુરત જ બન્ને બાળકોને પોતાની પાસે બોલાવ્યાં. બાળકો પોતાની પાસે આવી પહોચતાજ તેણે પાર્વતીને કહ્યું: "આ બન્નેને હું મ્હારે ત્યાં લઇ જાઉં છું; તથા હું તમારી ભાભી સાથે તમને થોડું ઘણું ધાન્ય મોકલી આપુ છું. ચોખા તથા દાળ આવતાંજ તમે ત્વરાથા ખીચડી કરી જમી લેજો."

પાર્વતી કાંઇ બોલી નહિ; તેણે પોતાનાં બન્ને બાળકોને કૃષ્ણદાસ સાથે જવા દીધાં.

કૃષ્ણદાસે સ્વગૃહે જઇને પોતાની પત્નીને રતિલાલના ગૃહનો સકળ પ્રકાર કહી સંભળાવ્યો. તે સાભળીને રતિલાલની પત્ની માટે તેના હૃદયમા પણ દયાવૃત્તિ ઉદય પામી. તેણે બન્ને બાળકોને સ્નાન કરાવી ભોજન કરાવ્યુ; ત્યાર પછી તે ઉત્તમ પ્રકારનુ યથાસ્થિત શિધું તૈયાર કરી પોતાના નોકરના હાથમાં આપી નોકર સાથે પાર્વતી પાસે જવા નીકળી. રસ્તે જતાં જતા તેને એમ લાગ્યું કે "પાર્વતી ગમે તેમ તોપણ કુળવાન સ્ત્રી છે. મોભાવાળી છે. તે આવું ધર્માદા

તરિકે ગણાતું અન્ન ખાવાનું કબૂલ કરશે નહિ. માટે હું જાતે જઇને જ તેને આગ્રહપૂર્વક સ્નાન કરાવી જમાડીશ." આથી કરીને જ તે નોકર સાથે પાર્વતીને ત્યાં જઇ પહોંચી.

તે સમયે કૃષ્ણદાસની પત્નીએ પાર્વતી જે ઓરડામાં બેઠી હતી તે ઓરડામાં પ્રવેશ કર્યો તો તેણે પાર્વતીને રૂદન કરતી જોઇ. કૃષ્ણદાસની પત્નીએ બે ચાર વાક્યો કહી તેને કાંઇક શાંત કરી સ્નાન કરવા માટે તથા ભોજન કરવા માટે આગ્રહ કર્યો. આ આગ્રહ થતાં પાર્વતીએ ગદ્ગદ્ કંઠે કહ્યું કે: "તેઓ જમ્યા સિવાય ગયા છે, એટલે હું કેવી રીતે જમુ? હું જમવાની નથી."

કૃષ્ણદાસની પત્નીને પાર્વતીને ખીચડી તૈયાર કરવાને ઉઠાડતા ઘણો શ્રમ પડયો! ત્યારે તે મહામુશ્કિલે ઉઠી. પાર્વતીએ ઉઠયા પછી નેત્રોમાંનાં આંસુ સાફ કરતાં કરતાં કહ્યુ: "હું સ્નાન કરીને ભાત રાંધુ છું, તમે જાઓ."

તુરતજ કૃષ્ણદાસની પત્ની આનંદ પામી ત્યાથી ચાલી નીકળી. પાર્વતીને પણ બે દિવસથી નિરાહાર રહેવું પડેલું હોવાથી ઘણીજ ક્ષુધા લાગી હતી; પરંતુ પોતાનો પતિ કલહ કરી કાંઇ પણ ન ખાતાં ભૂખ્યો ને તરસ્યો ચાલ્યો ગએલો હોવાથી તેને પોતાને જમવું યોગ્ય લાગ્યું નહિ. તેના મનમાં એમ આવ્યું કે હુ ખીચડી તૈયાર કરી મૂકીશ અને તે આવશે ત્યારે તૈયાર થએલી ખીચડીથી તેમની ક્ષુધા દૂર કરી બનેલા પ્રકાર માટે તેમની પાસે ક્ષમા મેળવવા પ્રાર્થના કરીશ."

આમ વિચારી પતિને પુનઃ પ્રસન્ન કરવાની આશાથી તેણે ત્વરાથી શીતળ જળથી સ્નાન કરી ચૂલા ઉપર ખીચડી મૂકી.

રતિલાલ એક નિર્લજ્જપણાની પ્રતિમા જેવો હતો. તે ઉપર જણાવ્યા પ્રમાણે ચાલ્યો ગયો તો ખરો, પરંતુ પુનઃ કલાક દોઢ કલાક પણ નહિ થયો હશે, એટલામાં સ્વગૃહે પાછો આવ્યો. પાર્વતીએ

કેટલાક સમય સુધી તેની રાહ જોઇ અને થાળી પીરસી રાખી હતી. હવે પોતાનો પતિ ભોજન કરવાને નહિજ આવે એમ તેને લાગ્યું. તેણે તેના આગમનની આશાનો ત્યાગ કર્યો. પછીથી તે ભોજન કરવાને બેસતી હતી, એવામાં પતિનાં પગલાંનો અવાજ દૂરથી તેના કાને પડતાંજ તેને અપૂર્વ આનંદ થયો. આર્ય અબળાઓનું હૃદય કેટલું પ્રેમાળ અને દયાપૂર્ણ હોય છે તે આટલા ઉપરથીજ પાઠકો સારી રીતે સમજી શકશે. પોતાનો પતિ પોતાના ઉપર જુલમ વર્ષાવતો હોવા છતાં પાર્વતીને પતિના મિલન સમયે જે આનંદ તથા જે સુખની પ્રાપ્તિ થતી તેની તુલના આ ક્ષુદ્ર લેખિનીથી કદિ દર્શાવાય તેમ નથી. પતિનાં પગલાનો અવાજ સાંભળતાંજ તે દ્વાર આગળ ગઈ તથા નમ્રતાથી બોલીઃ "નાથ ! તમે પધાર્યા ! મ્હારા મનને ઘણોજ આનંદ થયો. આપને માટે મ્હેં ખીચડી તૈયાર કરી રાખી છે. થાળી પણ પીરસેલી તૈયાર છે. ભોજન કરવા પધારો."

રતિલાલ ઘણોજ સ્વાર્થી પુરૂષ હતો. "તું બે દિવસથી ભૂખી છે, માટે તુંજ ભોજન કરી લે," એમ કહેવાની દયા–બુદ્ધિ તેના હૃદયમા ઉત્પન્ન થઈ નહિ. તે પીરસેલી થાળી પાસે જઇને બેઠો, અને ચાર મ્હો ભર્યા હશે, એટલામાંજ કૃષ્ણદાસ ત્યાં આગળ આવી પહોંચ્યો.

જે કૃષ્ણદાસનું તેણે અલ્પ સમય પૂર્વે મહા અપમાન કર્યું હતું, તેજ કૃષ્ણદાસના ગૃહની ખીચડી તેની દૃષ્ટિ આગળ ખાતાં રતિલાલને લેશ માત્ર પણ શરમ આવી નહિ. તે તો આનંદથી પેટપૂજા કર્યેજ જતો હતો.

તે કરે પણ ? જે નવીન નીતિદર્શક નાટક મંડળીના મેનેજરને તાલિમની સમયે વ્યવસ્થા રાખવા માટે રતિલાલની આવશ્યક્તા હતી, તેજ મેનેજરને તેને ભોજન કરાવવાની બિલકુલ આવશ્યક્તા નહોતી. રતિલાલની માન્યતા એવી હતી કે 'હું પોતે અહિં હાજર

હોવાથી ભોજન સમયે મંડળીના માણસો મને આગ્રહ કરીને ભોજન કરવા લઇ જશે' પરંતુ આ પ્રમાણે કાંઇ બન્યુ નહિ. ભોજનનો ઘંટ થતાંજ સર્વે ભોજન કરવા દોડયા, પરતુ રતિલાલને કોઇએ કશું કહ્યુ નહિ! વળી રતિલાલ પણ કાઇક અભિમાની સ્વભાવવાળો હોવાથી 'હું આજે અહિંજ જમનાર છું' એમ પણ તેનાથી કહી શકાયું નહિ; તેથી છેવટે 'હુ જમી આવું છું' એમ કહ્યાથી કોઇ પ્રશ્ન કરશે કે 'શા માટે જાઓ છો? અહિંજ જમી લ્યો' આવી આશાથી તેણે મેનેજરને કહ્યુ કે: "લ્યો, હવે હું જાઉં છું. પુનઃ જમી પરવારીને આવીશ, તથા જે કાઇ થોડુ ઘણું કામ બાકી રહ્યુ છે, એ ત્યાર પછી પૂર્ણ કરી નાખીશ."

મેનેજરે ઉત્તર આપ્યો: "ઠીક છે, જાઓ ત્યારે; તથા પાછા જ્યારે આવો ત્યારે પેલા પોલીસ જનાદારે બે તરવારો અને બે પોષાકો આપવાને કબૂલ્યું છે, તે લેતા આવજો. ભૂલશો નહિ. નહિ તો વળી તમે લહેરી લાલા છો, વળી કયાંય ઉપડી ગયા તો ઉપડીજ ગયા; પરતુ આવા કામમાં બેદરકારી ના રાખશો. તમને વિલંબ થશે તો તમારે લીધે અમારે પણ સઘળુ કાર્ય રોકી રાખવું પડશે. જાઓ જલદી જઇ જમી પરવારી એ સામાન લેતા આવો."

થયુ; રતિલાલની આશાનો નાશ થયો. નિરાશ થઇને તે સ્વગૃહ પ્રતિ જવા લાગ્યો. રસ્તે જતાં તે વિચારવા લાગ્યો કે. "કૃષ્ણદાસને ત્યાંથી સિધુ આવ્યું હશે તથા મ્હારી પત્ની કાઇ પણ ભોજન તૈયાર કરતી હશે."

આ પ્રમાણે વિચારી રતિલાલ સ્વગૃહે આવી પહોચ્યો, તો તેની પોતાની ધારણા સત્ય માલૂમ પડી પત્નીની કાંઇ પણ પરવા કર્યા સિવાય નિર્દય રતિલાલ આહાર કરવા બેઠો હતો એવામાંજ ઉપર દર્શાવ્યા પ્રમાણે કૃષ્ણુદાસ ત્યાં આગળ આવી પહોંચ્યો. કૃષ્ણદાસના આવી પહોંચવા છતાં રતિલાલ તો ત્વરાથી પેટપૂજા કરવામાંજ નિમગ્ન હતો.

આમ છતાં તે કાંઇક શરમાઈ ગયો હોય એવું તેની મુખમુદ્રા ઉપરથી સૂચન થતું હતું. કૃષ્ણદાસે વિચિત્ર પ્રકાર જોઈ પ્રશ્ન કર્યો: "કેમ પાર્વતી બહેન! તમે હજુ સુધી જમ્યાં નથી? બીજી ખીચડી પણ વધી નથી કે શુ?"

આ પ્રશ્નોથી રતિલાલની શરમ ક્રોધના રૂપમાં ફેરવાઈ ગઈ. ક્રોધની આગથી સળગી ઉઠતો તે બોલ્યો: "અરે! તમારે અમારા ગૃહની આટલી બધી ચિંતા રાખવાનું કાંઇ પ્રયોજન? એક વખત ના પાડયા છતાએ તમે શા માટે અહિં આવો છો? કાંઇ તમારૂં મ્હારૂં......"

તેનાથી આગળ બોલી શકાયું નહિ. ચાર પાચ કોળિયા ખીચડી થાળીમાં પડી રહી હશે એટલામાં તે ઉઠયો; તથા પોતાનો ક્રોધ થાળી તેમજ અન્ન ઉપર ઉતારવાને તેણે થાળીને એક લાત મારી દૂર કરતાં કહ્યું "આ ચાડાળણીએ ત્હારા ગૃહમાંનાં ચોખા દાળ આણ્યાં હોય એમ લાગે છે; જો આવા અન્ન કરતાં તો નરક ખાધુ હોત તોપણુ મને આટલી બધી લાગણી થાત નહિ..."

રતિલાલના મુખમાંથી આગળ જે કાંઇ શબ્દો નીકળ્યા તે અત્રે પ્રસિદ્ધિમાં મૂકી પાઠકોનું મન દુઃખવવાની અમારી ઇચ્છા નથી; એવા શબ્દો પ્રકટ કરતાં અમને પણ શરમ આવે છે તો વાચનારને તો શુંજ થાય! પોતે ભોજન કરે છે, એ અન્ન કોને ત્યાનુ છે, એ રતિલાલની જાણબહાર નહોતું. પોતાની પત્ની પાસે કૃષ્ણદાસને ત્યાંથી અન્ન આવ્યું હશે એવી ધારણાથી તો તે સ્વગૃહે આવ્યો હતો. આમ છતા પૂર્વે જેની સાથે તકરાર કરી તેજ મનુષ્યનુ અન્ન તેનીજ હાજરીમાં પોતે ખાય છે એ માટે તેને પાછળથી ઘણો સતાપ થયો!! પુનઃ તે પૂર્વાનુસાર ક્રોધે ભરાઇને ચાલ્યો ગયો. સધ્યાકાળ સમયે પતિ અન્નને લાત મારી ચાલ્યો ગયો એથી બિચારી પાર્વતીનો આત્મા અધિક દુઃખી થવા લાગ્યો. **સ્ત્રીઓનાં મન ઘણાં**

શંકાશીલ હોય છે. પાર્વતી પણ પતિથી થએલા અપશુકનથી અનેક સંકટો પોતાના ઉપર આવશે એવો સદેહ પોતાના મનમાં લાવી તે સંબંધી ચિંતા કરવા લાગી. આવી અવસ્થામા થાળીમાં પડી રહેલી બે ચાર કોળિયા ખીચડી ખાવાનું પણ તેને સૂઝયુ નહિ. તે બિચારી શું કરે ? પતિના ચાલ્યા ગયા પછી કૃષ્ણુદાસ પણ થોડા સમય સુધી ત્યાં ઉભો રહ્યો. પોતાના પતિએ કૃષ્ણુદાસને જે અપમાનસૂચક વચનો કહ્યાં તે માટે તેણે બન્ને હાથ જોડી કૃષ્ણુદાસને કહ્યુ: "ભાઇ ! તેઓ જે વચનો બોલ્યા છે, તે મનમા લાવશો નહિ. શુ બોલવું અને શું ના બોલવું તેનુ તેમને બહુ ભાન નથી. તેનનો સ્વભાવ બહુજ તામસી થઇ ગયો છે."

આ પ્રમાણે કહી તેણે પોતાના તરફથી પતિનાં વચનો માટે ઘણો શોક પ્રકટ કર્યો. પાર્વતીને રૂદન કરતી જોઇ નહિ શકાવાથી કૃષ્ણુદાસ ત્યાંથી ચાલ્યો ગયો. વળી પરગૃહમા એક નિર્ધન સ્ત્રી આગળ ઉભા રહેવું તેને યોગ્ય પણ લાગ્યું નહિ. તેનુ હૃદય વિશુદ્ધ હોવા છતા લોકલજ્જાનો તેને ઘણો ભય રહેતો હતો.

તે રાત્રે પાર્વતીએ કાંઇ ખાધું નહિ. તેનો પુત્ર કૃષ્ણુદાસને ત્યાંથી ગૃહે આવ્યો હતો તેને લઇ પોતે સૂઇ ગઇ. તેની પુત્રી હજુ સુધી કૃષ્ણુદાસને ત્યાંથી આવી નહોતી.

બીજી તરફ રતિલાલ સ્વગૃહેથી બહાર નીકળી ક્રોધમાં ને ક્રોધમાં ઉતાવળો ચાલ્યો જતો હતો, એવામાં રસ્તેથી તેને કોઇએ હાંક મારી. રતિલાલ પોતાને હાંક મારનાર મનુષ્ય પાસે ગયો તો તે મનુષ્ય કહેવા લાગ્યો: "અરે રતિલાલભાઇ ! તમે પણ કેવા વિચિત્ર મનુષ્ય છો આજે હું ક્યારનો તમારી શોધ કર્યા કરૂં છું પણ તમારાં કાંઇ દર્શનજ થયાં નહિ. મને આજે તાલિમમા લઇ જાઓ. તમારા સિવાય ત્યાં મ્હારો પ્રવેશ કેવી રીતે થઇ શકે ?"

આ વાક્યોથી શું બાકી રહે? રતિલાલનો ક્રોધ ઉતરી ગયો તથા તુરતજ તેણે ઉત્તર આપ્યો: "મ્હેં ઘણાને તાલિમમાં લઇ જવાનું કબૂલ કર્યું છે. માટે જો તમે મને પહેલાં વખતસર મળ્યા હોત તો તમને પણ લઈ જવા માટે વ્યવસ્થા કરત! હવે મ્હારાથી કાંઇ બની શકે તેમ નથી. હવે તો નવા ખેલની તાલિમ સમયે હું તમને લઇ જઇશ."

આ પ્રમાણે કહીને રતિલાલ ત્વરાથી આગળ ચાલવા લાગ્યો. પેલો ઇસમ પણ તેની પાછળ પાછળ અનેક પ્રકારની વિનતિઓ તથા પ્રાર્થનાઓ કરતો જવા લાગ્યો. આથી કરીને તો રતિલાલના આનંદની સીમાજ ના રહી. છેવટે તેણે કહ્યું: "ઠીક છે ત્યારે, મ્હારી સાથે ચાલો; એક જમાદારને ત્યાંથી બે તલવારો તથા બે પોષાકો કપડામાં લઇ લેવાના છો, તે ઉંચકી લઇ મ્હારી સાથે સાથે આવજો. એટલે તમને અંદર આવવાને માટે આ ઉત્તમ પ્રસંગ છે."

પેલા મનુષ્યે રતિલાલનો ઘણો ઉપકાર માન્યો. રતિલાલને પણ પોતાની થએલી પ્રશંસાથી પોતાનું જીવન ધન્ય લાગ્યું! તે દિવસે રાત્રે ખેલમાં લઇ જવાને માટે પણ ઘણા માણસોએ તેને પ્રાર્થના કરી હતી; આ ઘણા મનુષ્યો પૈકી કેટલાકને અનેક પ્રકારના કારણો દર્શાવી ના પાડવાને તથા કેટલાકને પોતાના માથા ઉપર ઉપકારનો ભાર લઇ નાટકશાળામાં દાખલ કરાવવાને રતિલાલને ઘણીજ હરકત પડી. "લોકો પણ કેવા છે! હવે 'નાહ બને,' એમ પણ કેટલાકને કહેવું? હવે તો અહિંથી ચાલ્યા જવાનો વખત આવી લાગ્યો છે, તેની કોઇને લાગણી છે?" આવા ઉદ્ગારો તેણે પોતાના મુખમાંથી અનેક વખત કાઢ્યા હશે; તથા આવા ઉદ્ગારો કાઢતાં તેણે અનેક વખત પોતાના અન્ય સ્નેહીઓ તરફ જોઇને નેત્રસંકેતો કર્યા હશે; પરંતુ ગૃહે પોતાની પત્નીની કેવી અવસ્થા હશે, તે જીવતી હશે કે સ્વર્ગે ગઇ હશે તે સંબંધી તેને બિલકુલ વિચારજ આવ્યો નહિ.

પાર્વતી બિચારી ક્ષુધાની વેદનાથી આકુળ વ્યાકુળ બની જઇ પડી રહી હતી. એવામાં તેનો પુત્ર કોઇ કારણને લીધે નિદ્રાવસ્થામાંજ મોટી બૂમ પાડી ઉઠયો. પાર્વતી ગભરાતી " શું છે બાઇ! શું છે બેટા! શું થયું ?" આ પ્રમાણે અનેક પ્રશ્નો પૂછવા લાગી; પરંતુ મનુ ઉત્તર નહિ આપતાં બૂમોજ પાડવા લાગ્યો. છેવટે અનેક પ્રશ્નો કર્યા પછી બિચારી પાર્વતીને માલૂમ પડયું કે તેના પેટમાં દુઃખે છે. તે આકુળવ્યાકુળ બની જઇ આમ તેમ આળોટવા લાગ્યો. પેટમાં થતું દુઃખ તેનાથો સહન કરી શકાતું નહોતું. પાર્વતીએ ઉઠીને સુંઠ વાટીને ખવડાવી. હીંગનું પાણી કરી તેના પેટ ઉપર ચોપડયું, ચણાનો ખાર શીશીમાં પડયો હતો તે પાયો; આમ છતા તેના સકળ પ્રયત્નો વિફળ થઇ પડયા. મનુ આળોટતો તથા બૂમો પાડતો બંધ રહ્યોજ નાહ. જેમ જેમ સમય વિશેષ વ્યતીત થતો ચાલ્યો તેમ તેમ તેનું બૂમો પાડવાનું જોર વધતુંજ ચાલ્યું કોણ જઇને વૈદ્ય કે ડૉકટરને બોલાવી લાવે તે સબંધી પાર્વતી ચિંતા કરવા લાગી. તેને કાંઇ સૂઝયુ નાહ. પોતાનો પતિ પોતાના આવા દુર્દૈવ પ્રસંગે પણ ગૃહમાં નાહ હોવાથી તેને ઘણું લાગી આવ્યું. પતિ જ્યાં હોય ત્યાંથી એક વખત તેને બોલાવી લાવવો એમ તેને વિચાર થઇ આવ્યો; આથી તે ઉઠી અને પાડોસમાં રહેતી સુલોચના નામની એક વિધવા સ્ત્રી પાસે ગઇ, સુલોચના પાસે જઇને તેણે તેને પોતાના પુત્ર પાસે થોડા સમય સુધી બેસવાની પ્રાર્થના કરી. સુલોચનાએ બેસવાની હા પાડયાથી તે તેને લઇને પોતાને ત્યા આવી. તેને પોતાના પુત્ર પાસે બેસાડી તે પતિને બોલાવવા ચાલી નીકળી. રસ્તે જતાં જતાં તે વિચારવા લાગી: " પુત્રની આવી ગંભીર સ્થિતિના સમાચાર મળતાંજ તેઓ મ્હારી સાથે અવશ્ય સ્વગૃહે આવશે અને વૈદ્ય તથા ડૉકટરને બોલાવવાની વ્યવસ્થા કરશે."

પોતાનો પતિ જે નાટક કંપનીમાં જતો હતો તે કંપની જે સ્થળે આવી હતી તે સ્થળ પાર્વતી જાણુતી હોવાથી પતિને બોલાવી લાવવાની મહેનત તેણે કૃષ્ણુદાસને આપી નહિ.

જ્યારે પાર્વતી નાટક મંડળીના દરવાજા પાસે ગઇ ત્યારે નાટકની તાલિમ પૂર્ણ થઇ ગઇ હતી; અને કેટલાક મુખ્ય ગણાતા માણુસો મદ્યપાન કરવાના કાર્યમાં પ્રવૃત્ત થયા હતા. પાર્વતી દરવાજા પાસે જઇ પહોંચી હતી. એટલામાં એક મનુષ્ય બહાર આવ્યો. તેની મારફત પતિને બોલાવવાનો પાર્વતીના મનમાં વિચાર આવ્યો પરંતુ બોલાવે કેવી રીતે? તેનાથા પતિના નામનો ઉચ્ચાર કેવી રીતે થઇ શકે? તે બિચારીને કાંઇ જ સૂઝયું નહિ. છેવટે તેણે ઉપર્યુક્ત મનુષ્યને પોતાની પાસે બોલાવી કહ્યુ: " ભાઇ! તમે અંદર જઇને કહેશો કે મનુની તબિયત ઘણી બગડી ગઇ છે, તેથી કરીને તમારી પત્ની તમને બોલાવવા આવી છે?"

આ મનુષ્ય પશુ જેવો હતો; તેણે કહ્યુ: "બાઇ! અંદર પચાસ માણુસો બેઠા છે, તે સર્વેને આ સમાચાર કહું કે?"

આમ કહી ઉત્તરની રાહ જોયા સિવાય 'હાઃ હાઃ હા' કરતો હસતો હસતો તે અંદર ગયો અને ઉપર્યુક્ત શબ્દો એણે સર્વ જણુને કહી સંભળાવ્યા. તે સર્વે મનુષ્યો પૈકી આ સમાચાર સાંભળી ના હસ્યા હોય એવા ભાગ્યે બે ચારજ હશે, બાકી બીજા સકળ મનુષ્યો કે જેઓ પશુ કરતાં પણુ અધમ હતા તેઓ હસી પડયા. રતિલાલને લાગ્યું કે પોતાનીજ પત્ની કોઇ પણુ પ્રકારનું નિમિત્ત કાઢી આવી હશે; આથી તે ઉઠયો. તે ઉઠયો કે તરતજ એક નીચ મનુષ્ય બોલી ઉઠયોઃ " એ તમારી પત્ની હોય એમ લાગે છે?" આમ કહી તે પોતાના અન્ય સ્નેહીઓ પ્રતિ નેત્ર સંકેત કરી મોટેથી 'હાઃ હાઃ' કરતો હસી પડયો.

આ પ્રમાણે બનવાથી રતિલાલને પોતાની પત્ની ઉપર ઘણોજ ક્રોધ થઇ આવ્યો. બિચારી પાર્વતીનુ પણ આ એક પ્રકારે દુર્દૈવજ કહી શકાય; કારણ કે ક્રોધ આવવો જોઇતો હતો પેલા મશ્કરી કરનાર માણસો ઉપર, તેને બદલે પોતેજ તેનો ભોગ થઇ પડી. દરવાજા આગળ જઇને રતિલાલ પોતાની ઇચ્છામાં આવે એવા વિચિત્ર વચનો પત્નીને બોલ્યો. વળી મદ્યપાનની પણ કાંઇક અસર થએલી હોવાથી તેની જીભનો સુમારજ ન રહ્યો. છેવટે તે બોલ્યો: "તુ મ્હારી ફજેતી કરાવવાજ આવી છે. ચાલી જા. ત્હારે ને મ્હારે કાંઇ સંબધ નથી. છોકરાને મરવુ હોય તો મરી જવા દે. છોકરાની પાછળ તુ મરી જા અને ત્હારી પાછળ પેલી છોકરી પણ સ્વર્ગે સિધાવો; એટલે આપણે આ ત્રાસમાંથી મુક્તિ પામીએ. જા, ચાલી જા, અહિં દરવાજા આગળ ઉભી રહીશ નહિ. તુ પુનઃ મને ત્હારૂં મ્હોં બતાવીશ નહિ. હું અત્યારે ત્હારી સાથે આવી શકું તેમ નથી.' આમ કહી તે પત્નીની સ્થિતિની પરવા કર્યા સિવાય વિદ્યુતગતિથી અંદર ચાલ્યો ગયો.

આ સમયે પાર્વતીની કેવી સ્થિતિ થઇ હશે! તેના હૃદય ઉપર નિરાશાની છાયા છવાતાં તે કેટલી બધી આકુળવ્યાકુળ બની ગઇ હશે! એની કલ્પના કરાવવાને માટે અમારી પાસે જોઇએ તેવા શબ્દો નથી. તે બિચારી કીડી પ્રમાણે ધીમે ધીમે સ્વગૃહ પ્રત્યે પાછી જવા લાગી. નિરૂપાયને લીધે કૃષ્ણદાસની સહાય મેળવવાનો તેને વિચાર થઈ આવ્યો, પરતુ તે સાથે એમ પણ લાગ્યુ કે તેની સહાય ક્યાં સુધી લેવી? આમ છતાં અન્ય એક પણ માર્ગ રહ્યો નહોતો. ધીમે ધીમે પાર્વતી કૃષ્ણદાસ પાસે જઇ પહોંચી તથા પુત્રની ભયંકર સ્થિતિના સમાચાર કહી સંભળાવ્યા. કૃષ્ણદાસ પરહિત કાર્યમાં હમ્મેશાં તત્પર રહેતો; તથા તેવાં કાર્યો કરવામાં પોતાના ઉપર સંકટ આવી પડે તોપણ તે ધૈર્યપૂર્વક સહન કરી લેતો. તે તુરત

જઇને એક હોશિયાર ડૉક્ટરને બોલાવી લાવ્યો. ડૉક્ટરે દવા આપી, તોપણ મનુના પેટનું દરદ દૂર થયું નહિ. છેવટે ડૉક્ટરે નિરાશા દર્શાવતાં કહ્યુઃ "આરામ થશે કે કેમ એ શંકા ભરેલું છે." વૈદ્યને બોલાવવામાં આવ્યો તો તેણે પણ કાંઇ આશા આપી નહિ. પાર્વતી બિચારી પુત્રના દુઃખે તથા પોતાના નિરાહાર વ્રતને લીધે ગાંડા જેવી બની ગઇ હતી. અંતે એક બે જણે એવી સલાહ આપી કે ભૂત કાઢનારને બોલાવો. પાર્વતી પણ દીવાની બની ગએલી સ્ત્રી પ્રમાણે ભૂત કાઢનારની શોધ કરવા માટે આમતેમ દોડાદોડ કરવા લાગી ભૂત કાઢનાર પૈસા મળ્યા સિવાય આવવાને માટે ના પાડતો હતો. તે બે રૂપિયા માગતો હતો. પાર્વતી બિચારી બે રૂપિયા ક્યાંથી લાવે? કોની પાસે માગે? છેવટે તેને પોતાના ગળામાંનું ફક્ત એકનુ એક માદળિયું યાદ આવ્યું આ માદળિય ઉપર રૂપિયા લઇ આવવાનો તેણે વિચાર કર્યો અને તેના ગૃહ સમિપ રહેતા નર્મદા નામની એક વૃદ્ધા સ્ત્રી ઉછીના પૈસાની લેવડ દેવડ રાખતી હતી તેની પાસે જઇ માદાળયુ ગીરો મૂકી તે બે રૂપિયા લઇ આવી રૂપિયા લઇને જેવી પાર્વતી સ્વગૃહે આવતી હતી કે તેને રસ્તે રતિલાલ સામો મળ્યો. તેણે પત્નીને ઉપરા ઉપરી પ્રશ્નો પૂછ્યાઃ "કેમ શુ છે? ક્યાં ગઇ હતી? હું ગૃહમા હોઉં છુ ત્યારે તને બહાર જવાનો લાગ મળતો નથી કેમ? અત્યાર સુધી ક્યાં હતી?"

પાર્વતી પોતાના હાથમાં જે રૂપિયા હતા તે કદાચિત ખખડશે; અને સ્વામીના જાણવામાં આવશે એવા ભયથી તેને છુપાવવાનો યત્ન કરવા લાગી. જેવી તે રૂપિયા છુપાવવા જતી હતી કે તુરત તેનો અવાજ થયો અને એ અવાજ રતિલાલના કાને પડયો એટલે તેણે પત્નીના પ્રતિ સાશંક મુદ્રાએ દષ્ટિ કરી પ્રશ્ન કર્યોઃ "શું તું કૃષ્ણદાસને ત્યાં ગઇ હતી? ત્યાંથી રૂપિયા લાવી છે કે શું? મ્હારા દુશ્મન પાસેથી

તું રૂપિયા લઇ આવી કેમ? લાવ તે રૂપિયા મ્હારી પાસે લાવ આમ કહી રતિલાલે પત્નીનો હાથ પકડી મરડયો તથા રૂપિયા ખુચાવી લઇ તે ચાલ્યો ગયો. રતિલાલ પૈસા મેળવવાનોજ લાગ શોધતો હતો; અને એવામાં તેને પત્ની પાસેથીજ રૂપિયા મળી ગયા તેથી તેને એમ લાગ્યું કે 'ઇશ્વરેજ આ રૂપિયા મ્હારા ભાગ્યમાં નિર્માણ કર્યા હશે.' પોતાની પત્ની એ બે રૂપયાની શું વ્યવસ્થા કરવાની હતી; તથા પોતાના પુત્રની શુ દશા હતી, તેનો તેને વિચાર સુદ્ધાં આવ્યો નહિ. પાર્વતી બિચારી તદ્દન નિરાશ થઇ ગઇ. તે ચિંતાતુર વદને પોતાના પુત્રની પાસે આવીને બેઠી. મનુની તબિયત વિશેષ બગડતી જતી હતી. પ્રથમ તો એક બે દિવસ સુધી આડોસી પાડોસીએ આવીને પાર્વતીને સાંત્વન આપવા માંડયું; પરંતુ હમ્મેશાં કોણ આવ્યા કરે?! પાર્વતી અને તેની પુત્રી સિવાય ગૃહમાં અન્ય કોઇ મનુષ્ય નહોતું કૃષ્ણદાસની પત્ની વારવાર આહાર કરવાની વસ્તુઓ લઇ આવતી હતી તથા પાર્વતીના દિલને દિલાસો આપતી હતો, પરંતુ એ દિલાસાથી શું થાય? પાર્વતીને પોતાના પતિના આચારવિચાર માટે ઘણી લાગણી થઈ આવી. તે બિચારી પોતાના પુત્રનું દુઃખ સ્થિરતાથી જોઇ રહી; ઇશ્વિરની પ્રાર્થના સિવાય અન્ય એક પણ માર્ગ તેને માટે રહ્યો નહિ. આડોસીપાડોસી જે કાંઇ અન્ન લાવી આપતાં હતાં તે અન્નમાથી પોતાની પુત્રીને પરિતૃપ્ત કરી જે કાંઇ અવશેષ રહેતું તે પોતે જમી લેતી હતી. આવી અવસ્થામાં છ દિવસ વીતી ગયા, પરતુ રતિલાલ એક પણ દિવસે સ્વગૃહે આવ્યો નહિ. શરમનો ત્યાગ કરી લોકો તેનો ફિટકાર કરતા હોવા છતાં, તેમજ કપનીના માણસો તેનું અપમાન કરતા હોવા છતાં તે નાટક મંડળીમાંના રોટલાના કકડા ખાવા લાગ્યો. પોતાના ઘરમાં અન્નનો એક પણ દાણો અવશેષ રહેલો નહોતો, જેથી તેણે ગૃહે જવાનો વિચાર તો માંડીજ વાળ્યો હતો.

આવતા શનિવારે તે નાટક મંડળીનો નવો ખેલ ભજવવાનું

નક્કી થયું, જેથી કરીને વિના કારણ રતિલાલના માથા ઉપર કામનો ઘણો બોજો આવી પડયો. તે નાટક મંડળીમાં જમતો હોવાથી તેની પાસેથી ગમે તે પ્રકારે તેના આહારાદિના ખર્ચના પૈસા વ્યાજ સાથે વસુલ કરવાને માટે મંડળીનો મેનેજર મોતીલાલ, રતિલાલને અનેક પ્રકારનાં કામો કે જે કામો મજુરને સોંપતાં પણ કાંઇક સંકોચ થાય એવાં કામો સોંપવા લાગ્યો.

આવતા શનિવારે નવો પ્રયોગ ભજવવાનો હોવાથી તે પ્રયોગ માટે કેટલીક નવી સીનસીનેરી તૈયાર કરવાની હતી, તથા નવા પડદાઓ ચઢાવવાના હતા, તેથી તે કામ કરવાનું કંપનીના મેનેજર મોતીલાલે રતિલાલને સોંપ્યું. તેણે પણ ઘણી ખુશીથી આ કામ કરવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી. તે પોતાને માથે આવી પડેલું કાર્ય ઘણીજ ઉતાવળીથી કરવા લાગ્યો. એક પ્રસંગે જેવો તે પડદો ચઢાવવાને થાએટરની અંદર ઉંચે ચઢયો હતો તેવામાં ત્યાંથી તેનો પગ સરકી ગયો; અને તે રંગભૂમિ ઉપર પટકાઇ પડયો. જે સમયે તે રંગભૂમિ ઉપર પડયો તે સમયે તે બેશુદ્ધ સ્થિતિમાં હતો. આ સમયે નાટક મંડળીના મેનેજરે આવી રતિલાલની કાંઇ પણ ચિકિત્સા નહિ કરાવતાં તેને તેના ગૃહે મોકલાવી આપ્યો, તથા પોતે થોડા સમય પછી ડૉકટરને મોકલી આપશે એવું ગરીબ બિચારી પાર્વતીને કહેવડાવ્યું ! પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે રતિલાલને ગૃહે પહોંચાડી દીધા પછી કોઇ તેની સ્થિતિના સમાચાર જોવા સુદ્ધાં ગયુ નહિ પોતાના સ્વામીની ભયંકર સ્થિતિ જોઇ પાર્વતીના દુઃખની સીમાજ રહી નહિ. તે પોતાના પુત્રનો મંદવાડ ભૂલી જઇ પતિની સેવા સુશ્રુષ કરવામા પ્રવૃત્ત થઇ. કૃષ્ણદાસે પાર્વતીના આવા દુઃખદ પ્રસંગે તેને ઘણી સહાય કરી, આમ છતાં મનુ તો પોતાના આ લોકના દિવસે પૂર્ણ કરી પરલોકે પ્રયાણ કરી ગયો. તેને આંતરડાનો રોગ થએલો હોવાથી એ મટવોજ મુશ્કેલ હતો. આમ છતાં પુત્રના શોકને મહ

મુશ્કિબતે સમાવી રાખી પાર્વતી તથા કૃષ્ણુદાસે રતિલાલને આરામ થાય એ હેતુથી અનેક પ્રકારના ઉપચારો કર્યા; પરંતુ રતિલાલને તે કાઇ માલૂમ પડયું નહિ; કારણુ કે તે લગભગ એક સપ્તાહ સુધી બેશુદ્ધ અવસ્થામાં રહ્યો હતો. જ્યારે એક સપ્તાહ પૂર્ણ થઇ ગયું અને તેને કાંઇક જ્ઞાન આવ્યું ત્યારે પુત્રના પરલોકવાસના સમાચાર મળતાં તેના આત્મા ઉપર સખ્ત આઘાત થયો, તથા પોતે કરેલાં કૃત્યો માટે તેને આ સમયે અપાર પશ્ચાત્તાપ થયો. છેવટે પાર્વતી તેમજ કૃષ્ણુદાસે બે માસ સુધી તેની સતત સેવા ચાકરી કરી ત્યારે તેનું જીવન બચી શક્યું. આમ છતાં તેનો એક પગ તો લંગડોજ રહ્યો. કૃષ્ણુદાસ જેવા સજ્જન મનુષ્યની કિંમત રતિલાલ પોતાના મંદવાડ સમયે કાંઇક કરી શકયો. આજે તે કૃષ્ણુદાસની કૃપાના પરિણામને લીધેજ પોતાના દિવસો ગરીબ બિચારી પાર્વતી સાથે તથા પોતાની પુત્રી સાથે આમોદ પ્રમોદમાં વ્યતીત કરે છે. આમ છતાં આ ગરીબ દંપતિને કેટલીક વખત પોતાના પુત્રના પરલોક પ્રયાણુની સ્મૃતિ થઇ આવે છે, ત્યારે ઘણું દુઃખ થાય છે. અસ્તુ !

ટીપણુ—પોતાની નિર્દોષ પત્ની અને બાળકો પ્રત્યે નિષ્ઠુર વર્તન ચલાવનારા મનુષ્યો આ રતિલાલની પેઠે અત્યંત દુઃખનો અનુભવ ન મેળવતાં સ્વતઃ સમજણુથીજ તેના જેવા સુધરી જાય એવી ઇચ્છા સાથે આ વાર્તા છેવટનાં આ થોડાં વચનો સાથે પુરી કરીશુ કે **"આ વાર્તામાંના કૃષ્ણુદાસની પેઠે ગરીબ પવિત્ર આત્માઓ પ્રત્યે ઉપકાર કરવાનું સૌભાગ્ય અને શુભેચ્છા પ્રત્યેક વાચક સજ્જનોને પ્રાપ્ત થાઓ.** આવાં ગરીબો પ્રત્યેક સ્થળમા ખુણે ખોચરે પડેલાંજ હોય છે, **જેમનાપર પ્રભુની પૂર્ણ દયા હોય તેમનેજ તે જણાઇ આવીને પરોપકારની આવી મહાભાગ્ય-શાળી તકો પ્રાપ્ત થાય છે.**

१४

ગરીબાઈનો સંસાર.

અમારી પાડોસમાંજ એક ઘણું જીર્ણ તેમજ પડી ગએલું ગૃહ હતું. તે ગૃહની પાછલી બાજુની પડી ગએલી ઓરડીમાં એક વિધવા સ્ત્રી રહેવા આવી હતી. તે બિચારી કરે પણ શુ ? પતિને ફક્ત દશ રૂપિયાની નોકરી હતી તેમાંથી શુ થઇ શકે? તેને છ બાળકો હતાં તે પૈકી સૌથી નાનાની ઉમર છ માસની હતી. છતાં પતિ પત્ની ઉભય પોતાનો સંસાર મહા મુશિબતે ચલાવતાં હતાં.

જ્યારે સંકટ આવી પડે છે ત્યારે સામટુંજ આવી પડે છે. તેમનો સંસાર આવો મહામુસ્કેલીથી ચાલતો હતો તે પણ દૈવને ગમ્યું નહિ; તે ગૃહના કર્ત્તાને ક્રૂર કાળે પોતાના મુખમાં લઇ લીધો. પોતાના ઉપર આવો દુઃખદ પ્રસંગ આવી પડવાથી બિચારી રાધાગૌરીની કેવી શોચનીય અવસ્થા થઇ પડી હશે એનો ખ્યાલ વાચકોએજ કરી લેવો. તે બિચારીને આ સંસારમાં ફક્ત એકજ આધાર હતો તે પણ હમ્મેશાંને માટે દૂર થયો. જો કે આ દશ રૂપિયાની ખોટ શ્રીમંતોથી તો કદાપિ સમજી નહિ શકાય, પરંતુ ક્ષુધાથી વ્યાકુળ બની જવાને લીધે જેના વદન ઉપર મ્લાનતા ફેલાઇ રહી છે એવી આ છ બાળકોની માતાને તો માસિક દશ રૂપિયા કુબેરની સંપત્તિ કરતાં પણ વધારે કિમતી લાગે એમાં શું આશ્ચર્ય ? રાધાગૌ-રીના આ માસિક દશ રૂપિયા દૂર થતાં સાથે પતિનું સુખ પણ તેના કમનશીબ ભાગ્યમાંથી દૂર થયું. વળી રાધાગૌરીને પિયરનું નામ તો

બાલ્યાવસ્થાથીજ ભૂલી જવું પડયું હતું; કારણ કે તેનું લગ્ન થયાને એકાદ વર્ષ થયુ હશે એવામાંજ દૈવસયોગે તેની માતા તથા ભાઇ બન્નેએ થોડા થોડા સમયને અતરે પરલોક યાત્રા કરી હતી. આ સિવાયનાં તેનાં અન્ય સ્વજનો પણ પૂર્વેજ પરલોકવાસ કરી ગયાં હતાં. બિચારી પિયરના આશ્રય વિનાની અબળાને શ્વશુરપક્ષનો આશ્રય પણ જતો રહ્યાથી કેટલી બધી લાગણી તેમજ દુઃખ થયું હશે? હવે તે બિચારી પોતાનાં છ બાળકોનો ઉદરનિર્વાહ કેવી રીતે કરી શકે? પરંતુ આવી અવસ્થામાં આવી પડેલાં સદ્ગુણી મનુષ્યોને પરમેશ્વર વિશેષ ધૈર્ય આપે છે, તદનુસાર રાધાગૌરીએ પણ ધૈર્યનું અવલબન કર્યું.

પતિની ઉત્તરક્રિયા વગેરે થઇ ગયા પછી તેણે માસિક એક રૂપિયાના ભાડાની જગ્યાનો ત્યાગ કરી ત ઉપર દર્શાવેલા અમારી પાડોસના ગૃહમાં છેકજ પડી ગએલી માસિક છ આનાના ભાડાવાળી ઓરડીમાં પોતાનાં બાળબચ્ચાં સાથે આવીને રહી. એ આ સ્થળે રહેવા આવવાથી મ્હેં તેનું સકળ ચરિત્ર જોયું. તે રાત્રિદિવસ અનેક પ્રકારનો શ્રમ સહન કરી પોતાનો તેમજ પોતાનાં બાળકોનો નિર્વાહ મહામુશ્કેલીથી ચલાવતી હતી. રાત્રિનો ઘણોખરો સમય તે દળવાનું કામ કર્યા કરતી હતી. તે ક્યારે વિશ્રાંતિ લેતી હશે તે તો તેજ જાણે મ્હારા ગૃહનું દળણું તેને ત્યાંજ આપવામાં આવતું હોવાથી તે હમ્મેશાં મ્હારે ત્યાં અમારો લોટ આપવા આવતી હતી; પરતુ આશ્ચર્ય જેવું એ હતું કે તે લોટ આપવા આવતી ત્યારે મ્હારી પત્ની જે કાંઇ કાર્ય કરી આપવાનું તેને સૂચવતી તે તે પ્રફુલ્લવદનથી કરી આપતી, અને મ્હારી પત્ની તેને જે કાંઇ આપતી તે લઇ સંતોષ-સૂચક મુદ્રાએ ચાલી જતી. વિના પ્રયોજન ગામગપાટા હાંકવામાં કે કોઇની નિંદા કરવામાં તે પોતાની એક ક્ષણ પણ ગુમાવતી નહિ.

એક દિવસ મ્હારી પત્નીએ તેને થોડો સમય બેસવાને માટે બોલાવી તો તેણે નિર્ભયતાથી ઉત્તર આપ્યો કેઃ " જો મને કોઇ કાર્ય પ્રસંગે બોલાવશો તો હું બેલાશક આવીશ; પરંતુ પ્રયોજન વિના વૃથા સમય ગુમાવવાનું મને ગમતું નથી."

તેનો આવો ઉત્તર શ્રવણ કરી મ્હારી પત્ની તેના ઉપર ક્રોધે ભરાઇ, તથા તેની એવી વર્તણુક એ એક પ્રકારની ઉદ્ધતાઇ છે, એમ તેણે મને કહ્યું. મ્હારી પત્નીની આવી સમજથી હું સહજ હસ્યો અને મ્હેં તેને કહ્યુંઃ "તું ત્હારી સ્થિતિ સાથે રાધાની સ્થિતિ સરખાવી જો? તું એટલું પણ સમજતી નથી કે છ બાળકોનો તથા તેનો પોતાનો નિર્વાહ તેના સતત શ્રમ ઉપરજ અવલંબીને રહેલો છે? આ પ્રમાણે હોવાથી તે પોતાનો સમય નિષ્પ્રયોજન ગુમાવે તો તેની શું દશા થાય એનો કાંઇ તને કલ્પના છે?"

મ્હારાં વચનો શ્રવણ કરી મ્હારી પત્નીએ અજ્ઞાનતાથી કહ્યું કેઃ "તે ગમે તેમ હોય, પરંતુ તેણે મને જે ઉત્તર આપ્યો છે તે યોગ્ય નથી. શું તેને અર્ધો કલાક પણ મ્હારી સાથે બેસવાનો વખત ન મળી શકે?"

મ્હે વિચાર્યું કે મ્હારી પત્ની જો કે રાધાગોરીએ જે વચનો કહ્યાં છે તે વચનોને હવે અયોગ્ય નહિ ધારતી હોય, પરંતુ સ્ત્રી સ્વભાવ પ્રમાણે તે એક વખત પોતે જે મત પ્રકટ કર્યો છે તેને ફેરવીને 'તમે કહો છો તે તદ્દન સત્ય છે,' એમ તો અત્યારે કહેશે નહિ.

ત્યારપછી મ્હારી પત્ની કદાપિ રાધાને વિના કારણ બેસવા ઉઠવાને બોલાવતી નહોતી; ફક્ત જ્યારે ગૃહમાં કાંઇ કામ પડતું ત્યારે જ તે તેને બોલાવતી; અને રાધાને સોંપેલા કાર્યમાં પણ પોતાનાથી બનતી મદદ કરતી.

રાધાગોરીમાં બીજો એક એ ગુણ હતો કે તે કોઇનું કાંઈ કાર્ય કર્યા સિવાય કોઇની પાસેથી કાંઇ પણ મફત લેતી નહિ; તથા "મ્હારી

પાસે અમુક વસ્તુ નથી, મ્હારા બાળક પાસે ફલાણી વસ્તુ નથી, મને અમુક આપશો ?" આવા ઉદ્ગારો તેના મુખમાંથી કદાપિ બહાર પડતા નહિ. તે તથા તેનાં બાળબચ્ચાં ગૃહમાં શું કરે છે તે પણ કોઇ ભાગ્યેજ જાણવા પામતું. તેના બે મોટા પુત્રોમાં એકની ઉંમર બાર વર્ષની અને બીજાની નવ વર્ષની હતી. એક પુત્રીની ઉંમર સાત વર્ષની હતી તથા બીજી છોકરીની ઉંમર પાંચ વર્ષની હતી. સૌથી નાના પુત્રની ઉમર ચાર વર્ષની અને સૌથી નાની પુત્રીની ઉંમર બે વર્ષની હતી. આ પ્રમાણે તેનું કુટુંબ હતું. તેનાં બાળકો કદાપિ કોઇની આગળ કાંઇ પણ વસ્તુ માટે પ્રાર્થના કરતાં જોવામાં આવતાં નહોતાં. તેઓ સર્વે સરળ સ્વભાવનાં અને ગરીબ હતાં. એ છોકરાં ઘણી વખત મ્હારાં બાળકો પાસે રમવાને આવતાં હતાં. તેઓની રમત ગમતો એવી હતી કે જેથી કરીને કોઇને પણ ઇજા થવાનો સંભવ નહોતો. બપોરે બે વાગે જ્યારે નિશાળે જવાનો વખત થતો ત્યારે મ્હારાં બાળકો ભોજન કરીને નિશાળે જતાં હતાં. રાધાગૌરીનાં બાળકો મ્હારાં બાળકો પાસે બેસીને અભ્યાસ કરતાં હતાં તેમજ નિશાળે પણ જતાં હતાં; છતાં જ્યારે મ્હારાં બાળકોને જમવાનો સમય થતો ત્યારે તેઓ સર્વે ત્વરાથી મ્હારે ત્યાંથી ચાલ્યાં જતાં હતાં. ભોજન સમયે તેઓ અમારે ત્યાં કદાપિ રહેતાં નહોતાં.

એક દિવસે રવિવારે હું ગૃહેજ હતો. રાધાગૌરીના બે પુત્રો અને ચાર વર્ષની પુત્રી મ્હારાં બાળકોની સાથે રમતાં હતાં. હું ત્યાં આગળ આરામ ખુરશી ઉપર પડયો પડયો એક પુસ્તક વાંચતો હતો. એવામાં મ્હારી સ્ત્રી એક થાળીમાં મીઠાઇ લઇને ત્યાં આગળ આવી. તેણે મીઠાઇની થાળી મ્હારા હાથમાં મૂકી, તે સમયે મ્હારા હાથમાં મીઠાઇની થાળી જોઇને મ્હારી પુત્રી તુરત મ્હારી પાસે આવી. રાધા-ગૌરીનાં સંતાનો તો જ્યાં આગળ બેઠાં હતાં ત્યાંજ બેસી રહ્યાં.

તુરતજ મને તેમની યાદ આવવાથી મ્હેં સર્વેથી નાના છોકરાને હાંક મારી. જો કે તે છોકરો આશાપૂર્ણ દૃષ્ટિથી મીઠાઇ પ્રતિ જોઇ રહ્યો હતો, પરંતુ મ્હારા બોલાવવા છતાં તે પોતાની જગ્યાએથી સહજ પણ હાલ્યો નહોતો છેવટે હું જાતેજ ઉઠીને તેની પાસે ગયો; અને પ્રેમપૂર્ણ સ્વરે મ્હેં કહ્યું: "લે, કાંઇ હરકત નહિ."

તે છોકરાએ આતુરતાથી પરંતુ ભયથી ધ્રૂજતાં ધ્રૂજતાં પોતાનો હાથ લંબાવ્યો. જેવો હું તેના હાથમાં મીઠાઇ આપવા ગયો કે તુરતજ જાણે તેના હાથ ઉપર વિંછીએ ડંખ માર્યો હોય તે પ્રમાણે તેણે પોતાનો હાથ પાછો ખેંચી લીધો અને બોલ્યોઃ "ના, મ્હારે જોઇતી નથી."

તેના આ શબ્દોથી તેમજ તેના વિલક્ષણ વર્ત્તનથી મ્હારા મનમાં આશ્ચર્ય, આનંદ અને પ્રેમ ઉત્પન્ન થયો; તથા તેની માતા માટે મ્હારા મનમાં માન પેદા થયું! તે છોકરાની મુદ્રા તે સમયે એટલી બધી વિલક્ષણ દેખાવા લાગી કે ન પૂછો વાત! હું તેને મીઠાઇ લેવા માટે વારંવાર કહેવા લાગ્યો, પરંતુ તે લેતોજ નહોતો. છેવટે નિરૂપાયથી જ્યારે હું તેના હાથ પકડી તેને મીઠાઇ આપવા ગયો કે તુરતજ તે દૂર ખસી ગયો; અને દ્વાર પાસે જઇ ઉભો. તેની આવી વર્ત્તણુક જોઇ હું તેની નાની બ્હેન યશોદા આગળ ગયો અને તેની આગળ મીઠાઇ ધરીને મ્હે કહ્યુ: "તે નથી લેતો તો ભલે, તું લે યશોદા!"

મ્હારૂં વાક્ય શ્રવણે પડતાંજ તે બોલી ઉઠીઃ "ના, ના, મ્હારી માતાએ કહેલું છે કે બીજા કોઇને ત્યાં કાંઇ પણ ખાવું નહિ."

આ પ્રમાણે કહી રહ્યા પછી તે પણ ચાલી જવા લાગી; પરંતુ મ્હેં તેને પકડીને કહ્યું: "ગાંડી છોકરી! તું ત્હારે ભય રાખ્યા સિવાય લે! હું ત્હારી માતાને કાંઇ કહેવાનો નથી."

આ પ્રમાણે કહી હું જેવો એક પેંડાનો કડકો તેના મુખમાં મૂકવા ગયો કે તેણે પોતાનું મુખ ફેરવી નાખી કહ્યુઃ "ના, હું નહિ લઉં. જો મ્હારી માતા જાણે તો મ્હારી સાથે બોલે પણ નહિ."

તેનો આવો ઉત્તર શ્રવણ કરી મ્હે તેની પરીક્ષા લેવાને માટે પુનઃ કહ્યું: "તું તો ગાંડી છે, ત્હારી માતાને કોણ કહેવા જનાર છે?"

તેણે તુરતજ ઉત્તર આપ્યોઃ "બીજું કોણ કહે! મ્હારેજ મ્હારી માને બધુ કહેવુ પડે."

તેના આવા ઉત્તરથી મ્હેં તેને જવા દીધી. તેની મોટી ભગિની તથા નાનો ભાઇ તો ક્યારનાંય ચાલ્યાં ગયાં હતા. મ્હારા હાથમાંથી છુટી એટલે જાણે કોઇ મહા સંકટમાંથી છુટી હોય તે પ્રમાણે એ છોકરી ત્વરાથી ચાલી ગઈ જેને ફક્ત છ વર્ષ તો પૂર્ણ થયા નથી એવી અજ્ઞાન બાળિકામા આટલું બધુ શાણપણ, આટલી બધી સત્યપ્રીતિ તથા આવા પ્રકારના ઉત્તમ આચાર વિચારો જોઇ મને જે લાગણી થઇ તેનું વર્ણન હું કરી શકું તેમ નથી. જો અન્ય કોઇએ મ્હારી આગળ આવી વાત કહી હોત તો હું એકાએક તેને સત્ય તરિકે માની શકતજ નહિ.

તે બાળિકાનાં તેમજ બાળકોનાં કપડાં જાડાં હોવા છતાં, એક પણ દિવસે તે મ્હે અસ્વચ્છ જોયાં નહોતાં. ઉપરનો પ્રકાર બન્યા પછી હું રાધાગૌરી તથા તેના કુટુંબ પ્રતિ માયાની દૃષ્ટિથી જોવા લાગ્યો. એક દિવસે તો મ્હેં સૌથી મોટી બાળિકાને મ્હારી પાસે બોલાવી, તેના સાથે વાતચીત કરતાં કરતાં તેઓ કેવા પ્રકારે રહે છે; એ સકળ સમાચાર જાણી લીધા. પોતાના બંધુઓની પોતડીઓ તથા બ્હેનની અને પોતાની ચોળી તે બાળિકાજ ધોઇને સૂકવતી હતી! બબ્બે દિવસના અંતરે આ જ બાળિકા પોતાની માતાને સકળ કુટુંબનાં પહેરવાનાં કપડાં ધોવામાં સહાય કરતી હતી. રાધાગારી કદાપિ

ધોબીને કપડાં ધોવા આપતી નહિ કે ફાટેલાં લુગડાં સીવવા દરજીને આપતી નહોતી. એ બધું તે પોતેજ પોતાની નાની પુત્રીની યથાશક્તિ સહાયથી કર્યા કરતી હતી. તેના બાળકોનાં અંગરખાંની કોસો યાતો બટનો કદાપિ ટૂટેલાં માલૂમ પડતાં નહોતાં. પોતાના બાળકોના હાથે જો કોઇ અપરાધ થતો તો રાધાગૌરી અન્ય મૂર્ખ માબાપો પ્રમાણે તેમને ગાળો દેતી નહોતી, કે શિક્ષા કરતી નહોતી; પરંતુ કલાક બે કલાક સુધી તેમની સાથે માત્ર વાતચીત કરવાનુજ તે બંધ કરતી. માતા તરફની આ શિક્ષા બાળકોને બીજી સકળ શિક્ષાઓ કરતાં વિશેષ અસહ્ય થઇ પડતી હતી. તે બાળિકાના વચનો ઉપરથી હું સ્પષ્ટ રીતે સમજી શકયો કે, **આવી માતા તે એક દેવી જ હોવી જોઇએ;** કારણ કે આવી સ્થિતિમાં પોતાનાં બાળકોને આવા ઉત્કૃષ્ટ પ્રકારનુ શિક્ષણ આપીને તેમનામાં આટલી બધી યોગ્યતા તથા અભિમાન જાગ્રત કરવું એ કાંઇ સાધારણ કાર્ય નથી. **એ કાર્ય જેણે સફળ કર્યું છે તેને દેવીજ કહેવી જોઇએ.** મ્હેં મ્હારી સ્ત્રીને તેનુ આ ઉદાહરણ કહી સંભળાવ્યુ; અને કહ્યું: “ જોયું ને ? આનુજ નામ શાણપણ અને શિક્ષણ ! ”

મ્હારી પત્ની શાંતિથી મ્હારાં વચનો સાંભળી રહી; અને તે ઉપરથી તેના મનમાં આ વાત પ્રવેશી શકી છે એમ મને લાગ્યું. તે દિવસથી અમે બન્ને રાધાગૌરી તથા તેનાં બાળબચ્ચાંની વિશેષ સંભાળ રાખવા લાગ્યાં.

એક દિવસે રાત્રે દશ વાગી ગયા હતા, એવામાં મ્હારી અર્ધાંગનાના પેટમાં ઘણું દુખ થઇ આવ્યું. રાત્રે દશ વાગે બોલાવવું પણ કોને ? બાળકો સર્વે નિદ્રાદિન થઇ ગએલાં હોવાથી આવી રાત્રે રાધાગૌરી પણ કેવી રીતે આવી શકે ? મ્હારા ગૃહમાં કોઇ અન્ય સ્ત્રી નહોતી અને મ્હારી પત્નીને ગર્ભ રહ્યો હતો; પરંતુ હજુ દિવસ

પૂર્ણ થયા નહોતા, તેથી હું ઘણીજ ચિંતામાં પડયો. છેવટે અન્ય કોઇ ઉપાય ન જડી શકવાથી મ્હેં રાધાગૌરીનેજ બોલાવવાનો નિશ્ચય કર્યો. હું મ્હારી પાડોસના ગૃહમાં ગયો. આજ સુધીમાં હું કદાપિ રાધાગૌરીને ત્યાં ગયો નહોતો અને જવાનુ મ્હારે પ્રયોજન પણ શું હોય? તે ગૃહનું આગળનું દ્વાર ઉઘાડું હોવાથી મ્હેં અંદર જઇને બૂમ નહિ મારતાં રાધાગૌરીની ઓરડી નિકટ જઇનેજ "રાધાગૌરી" નામનો ઉચ્ચાર કર્યો. રાધાગૌરીએ 'આવો ભાઇ!' એવો ઉત્તર આપવાથી હું અંદર ગયો તો તેના હાથમાં એક ચોપડી હતી, તથા તેનાં ત્રણ મોટાં બાળકો એક દીવીની આસપાસ બેસી પોતપોતાનો અભ્યાસ કરતા હતાં; અને નાનાં ત્રણ નિદ્રાધિન થઇ ગયાં હતાં. આ સમયે આવો પ્રકાર જોઇને મને આશ્ચર્ય દર્શાવવાનો સમય ન હોવાથી, મ્હે મ્હારી સ્ત્રીની સ્થિતિના સમાચાર રાધાગૌરીને કહી તેને મ્હારી સાથે આવવાને કહ્યું. તેણે એક ક્ષણનો પણ વિલંબ ન કરતા પોતાની મોટી પુત્રીને દ્વાર બંધ કરવાનુ સૂચવી, તે મ્હારી પાછળ પાછળ મ્હારે ત્યાં આવી પહોચી.

મ્હારી સ્ત્રીને પેટમાં દુઃખ થતું હતું, તેથી કરીને કાંઇ વિશેષ ભય રાખવા જેવું નહોતું. સહજ ચોળ્યા પછી તેલ ઘસીને શેક કરવાથી તેને આરામ થઇ ગયો. ત્યારપછી રાધાગૌરી ચાલી ગઈ; અને મ્હારૂં મન પણ સ્થિર થયું. રાધાગૌરીને ત્યાં જોવામાં આવેલો પ્રકાર મ્હારા નેત્રો સમિપ ઉપસ્થિત થઇ આવ્યો. તે સ્ત્રીને વાચતાં લખતાં આવડે છે, તથા તે પોતાનાં બાળબચ્ચાંને પણ પોતાની પાસે બેસાડી અભ્યાસ કરાવે છે, અને શિક્ષણ આપે છે, એ માટે મ્હારા આશ્ચર્યની સીમાજ રહી નહિ. તેમને ત્યાનો આવો પ્રકાર જોઇ મને મ્હારા જીવન વ્યવહાર માટે બહુ લજ્જા આવી, કારણ કે હું મ્હારાં બાળકોના અભ્યાસ સમયે એ પ્રમાણે કદાપિ બેઠો હોઉં એમ મને યાદ સુદ્ધાં નથી.


ગરીબ બિચારી રાધાગૌરીને ત્યાં મ્હે કેટલાક તો એવા ઉત્તમ પ્રકારો જોયા કે જે સકળનુ અત્રે વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવે તો એક મોટો ગ્રંથ થયા સિવાય રહે નહિ. જે છોકરાંને બાલ્યાવસ્થાથી પોતાની માતા તરફથી આવા પ્રકારે શિક્ષણ મળ્યું હતું, તે છોકરાઓએ પોતાની યોગ્ય અવસ્થા થતાંજ પોતાની માતાને ઘણી સુખી કરી. જે છોકરો સર્વેથી મોટો હતો તેણે સૌથી પ્રથમ અભ્યાસને પૂર્ણ કરી એક ઉત્તમ નોકરીનો સ્વીકાર કર્યો. રાધાગૌરીના પાસે પૈસા નહિ હોવાથી તેને પોતાની પુત્રીના લગ્ન માટે ઘણી ચિંતા થયા કરતી હતી; પરંતુ આ ચિંતામાંથી તે ઈશ્વરના અનુગ્રહથી જલદી મુક્ત થઇ; કારણ કે મને એ કુટુંબને માટે એટલી બધી લાગણી થઇ હતી કે મ્હેજ મ્હારા પુત્રનો એ કન્યા સાથે વિવાહ કર્યો. આ સ્નેહ સંબંધનું સંધાન થતી વખતે મ્હારી સ્ત્રીએ અનેક પ્રકારના વાંધાઓ ઉઠાવ્યા, પરંતુ મ્હેં તેના સર્વે વાંધાઓનુ યોગ્ય સમાધાન કરી ઉભય પાત્રોનું લગ્ન કરી નાખ્યુ. આજે મ્હારી પત્નીને પોતાની પુત્રવધૂ ઉપર એટલો બધો પ્રેમ છે કે તે પ્રેમની તુલના આજકાલની કોઇ પણ સાસુ કરી શકે એમ નથી!

રાધાગૌરીનો મોટો પુત્ર તેની ચાલાકીથી તેમજ તેની વિદ્યાના પ્રભાવથી એકદમ ત્રીસ રૂપિયાની નોકરી ઉપર ચડી ગયો. આ નોકરી ઉપરથી ઉચે ચઢતાં ચઢતાં અત્યારે તેને માસિક સવાસો રૂપિયાનો પગાર મળે છે. તેણે પોતાના બન્ને બંધુઓને કૉલેજમા અભ્યાસ કરાવી; એકને ઈંજીનિયર અને બીજાને હાઇકોર્ટનો વકિલ બનાવ્યો છે. રાધાગૌરી હવે પોતાના અવકાશનો સમય પરોપકાર કરવામાં તથા ધાર્મિક ગ્રંથોનું અવલોકન કરવામાં ગાળે છે. જ્યારે અમે બે સાથે બેસીને વાતચીત કરીએ છીએ ત્યારે તેની ‘ગરીબાઇના સંસાર’ સંબંધી વાત નીકળ્યા સિવાય રહેતી નથી. એ સબંધી વાત નીકળતાં

રાધાગૌરી મને કહે છે કે "આજે તમે અમારી જે કાંઇ ઉન્નતિ જુઓ છો તે સઘળું તમારી કૃપાનુંજ પરિણામ છે."

રાધાગૌરીનાં આ વચનોનો હું એવોજ ઉત્તર આપું છું કે. "આ કોઇની કૃપાનું પરિણામ નથી, પરંતુ તમારી સુશીળતાનુંજ પરિણામ છે. **જો આર્યાવર્ત્તની સકળ સ્ત્રીઓનું ચારિત્ર્ય તમારા જેવું નીવડે તો આર્યજાતિની આજે જે અધોગતિ જોવામાં આવે છે તેને બદલે પ્રગતિરૂપી પ્રભાકરનાં પ્રબળ કિરણોનો આપણા અંધ સમાજપર પ્રકાશ પડતાં વાર લાગે નહિ."**

મ્હારાં આવાં વચનો શ્રવણ કરતાજ તેનો ઉત્તર આપવાને બદલે રાધાગૌરીના નેત્રોમાં જળ ભરાઇ આવે છે. ઇતિશમ્



૧૫

પતિનો ખોટો વહેમ.

૧

મનોરમા રામનગરના જમીનદાર રામયશની બીજી પત્ની છે. સોળ વર્ષની ઉંમરની મનોરમા વર્ષા સમયની સરિતા પ્રમાણે સુંદરતાથી પરિપૂર્ણ છે, ચંદ્રમાના જેવી કાન્તિમયી હોવા ઉપરાંત અત્યંત ગુણવતી છે. તે પોતાના સ્વામી રામયશને અપૂર્વ પ્રેમથી ચ્હાય છે. રામયશનું શરીર બેડોળ તથા શ્યામવર્ણું હોવા છતાં મનોરમા તેને ચ્હાય છે. તેની (રામયશની) પ્રથમ પત્નીની પુત્રી કનકલતાને તે પોતાના પેટની પુત્રીવત્ જાણે છે. આ સિવાય પણ મનોરમામાં અનેક ગુણો હતા.

તે આટલી બધી સ્વરૂપવતી, સુશીલા તેમજ ગુણવતી હોવા છતાં પણ રામયશની વિધવા થએલી મોટી બ્હેન કમળા તેને જોઈ શકતી નહોતી. રામયશની સંપત્તિ ઉપર કમળાની પ્રથમ જેવી સત્તા હતી તેવીજ સત્તા અદ્યાપિ પર્યંત છે; છતાં કોણ જાણે શા માટે તે પોતાની ભાભીને માટે કાળિકાનું સ્વરૂપ ધારણ કરતી હતી. આ તરફ મનોરમા અપરાધ ન હોવા છતાં પણ શાંતિથી સકળ તિરસ્કારોને સહન કરતી હતી. મનોરમાનો એક પણ અપરાધ નહોતો. જો અપરાધ ગણીએ તો ફક્ત એટલોજ કે રામયશે તેની સાથે વિવાહ કર્યો હતો.

પ્રથમની સ્ત્રીના પરલોકવાસ પછી રામયશની પુનર્વિવાહ કરવાની ઇચ્છા નહોતી. પોતાની એકની એક પ્રાણાધિક પુત્રી કનકલતાનું મ્હોં

જોઇનેજ સ્ત્રીવિયોગના શોકને ભૂલી જવાનો તેણે દઢ સંકલ્પ કર્યો હતો. આવી સ્થિતિમાં સ્ત્રીના મૃત્યુને પાંચ વર્ષો પસાર થઈ ગયાં. સર્વ લોકોએ એમજ ધાર્યું કે હવે તે પુનર્લગ્ન નહિજ કરે. પાંચ વર્ષો પસાર થઇ ગયા પછી રામયશ ફરતો ફરતો એક સમયે કાશી તરફ જઈ ચઢયો. કાશી નગરીમાં જયગોવિંદ નામના એક દરિદ્ર બ્રાહ્મણ સાથે તેને પરિચય થયો. એ બ્રાહ્મણને એક ચૌદ વર્ષની કન્યા હતી, પરંતુ તે બિચારો પોતાની દરિદ્રતાને લીધે અદ્યાપિ પર્યંત કન્યાનો વિવાહ કરી શકયો નહોતો. વિવાહની ચિંતામા ને ચિંતામાંજ તે બિચારો મહાદુઃખમાં પોતાના દિવસો વ્યતિત કરતો હતો. રામયશની સાથે પરિચયમાં આવતાં જ્યારે તેને એમ માલૂમ પડયું કે તેની સાથે પોતાની પુત્રીનો વિવાહ થઈ શકે તેમ છે, ત્યારે કન્યાદાનના ઋણથી પોતાનો ઉદ્ધાર થવાને માટે તેણે રૂદન કરતાં કરતાં રામયશનો હાથ પકડયો! આ ગરીબ બ્રાહ્મણની વિનંતિ થતાં પૂર્વેજ રામયશના જોવામાં એ બ્રાહ્મણની કન્યાનું અલૌકિક રૂપ લાવણ્ય આવી ચૂક્યું હતું. આથી કરીને ગરીબ બ્રાહ્મણ ઉપર દયા આવતાં તેના મનમાં વિલંબ થયો નહિ. એક સપ્તાહની અંદર તો જયગોવિંદ પોતાની પુત્રી રામયશને સોપી પોતાના ઋણમાંથી મુક્ત થયો. એ કન્યા તેજ આપણી આ મનોરમા છે!

વિવાહ સંબંધી રામયશે પોતાના ગામના માણસોને કોઇ પણ પ્રકારના સમાચાર આપ્યા નહિ. કાશીમાં તેનાજ ગામનો એક ગૃહસ્થ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારપર હતો. તેનું નામ ઉમાપતિ હતું. તે ઉમાપતિએજ રામયશના વિવાહના વર્તમાન તેના ગામમાં મોકલ્યા, જે શ્રવણ કરી કમળા ઘણી ક્રોધિત અને ક્ષોભિત બની ગઈ.

વિવાહ પછી એક સપ્તાહ વ્યતિત થઇ ગયું એટલે રામયશ પોતાની નવવધૂને લઇ સ્વગૃહે આવ્યો. કમળા ભાઇને પત્નીસહ

આવેલો જોઇને તેની પ્રથમ પત્ની માટે મોટે સ્વરે રૂદન કરવા લાગી. તેના રૂદનથી કનકલતાનું પ્રફુલ્લવદન પણ નિસ્તેજ થઇ ગયું. આડોસ-પાડોસમાં રહેતી અનેક સ્ત્રીઓ મનોરમાને જોવાને માટે આવવા લાગી. સર્વે નવવધૂને જોઇ આનંદ પામી પાછાં જતાં હતાં.

૨

આજે મનોરમાના લગ્નના બે વર્ષ પછીની વાત કહીએ છીએ. આટલા દિવસોમાં મનોરમાએ ફક્ત કમળા સિવાય પોતાના વ્યવહારથી સર્વેને પ્રસન્ન કર્યા છે. સ્ત્રીના વિયોગથી રામયશનું હૃદય જે પૂર્વે દુઃખી હતું તે જ હૃદય નવવધૂના સુસ્નિગ્ધ પ્રેમથી સુશીતળ થઇ ગયું છે. માતાના પ્રેમથી વંચિત થએલી કનકલતા પણ ધીમે ધીમે પોતાનો શોક ભૂલી ગઇ છે. ગૃહની દાસદાસીઓ પણ મનોરમાને પોતાના પ્રાણ કરતા પણ વિશેષ ચ્હાય છે. કનકલતા કમળાનું નયનઅંજન છે. કમળાને એવી દૃઢ ખાતરી હતી કે રામયશના થએલા આ પુનર્વિવાહથી કનકલતા દુઃખી થશે, છતાં અદ્યાપિપર્યંત તેને પોતાની ધારણા સત્ય થએલી જણાઇ નહિ. ઉલટું પૂર્વ કરતાં કન્યાના ઉપર માતાપિતાનો સ્નેહ વધતો જ જતો હતો. આમ છતાં પણ કમળાની નીચ ધારણા દૂર થઇ નહિ.

આજે સવારની કનકલતાને પોતાની પાસે નહિ જોવાથી કમળાએ હાંક મારીઃ “ કનક ! ”

ગૃહના એક ઓરડામાંથી કનકે દોડી આવી પ્રશ્ન કર્યોઃ “ શું છે ફોઇ ? ”

કમળાએ સામો પ્રશ્ન કર્યોઃ “ હમણાં તુ ક્યાં હતી ? ”

કનકે ઉત્તર આપ્યોઃ “ મ્હારી બા પાસે. ”

કમળાએ આ ઉત્તર શ્રવણ કરી આશ્ચર્યયુક્ત સ્વરે કહ્યુંઃ “શું કહ્યું ? બા! શું એ ત્હારી બા છે? અરે! એ તો ત્હારી સાવકી બા છે! ત્હારી બા

કેવી હતી તે શું તું ભૂલી ગઇ? એ મ્હારા ગૃહની લક્ષ્મી તો સ્વર્ગમાં ચાલી ગઇ! ઠીક, તું ત્યાં શું કરતી હતી?"

કનકે ઉત્તર આપ્યો: "બા મ્હારી વેણી બાંધતી હતી."

કનકલતાના મુખમાંથી પુનઃ 'બા' શબ્દને બહાર નીકળેલો સાંભળી કમળાના હૃદયમાં કાંઇક ક્રોધનો સંચાર થયો. કિન્તુ તે પોતાની પ્રાણાધિક કનક ઉપર કેવી રીતે પોતાનો ક્રોધ પ્રકટ કરી શકે? પોતાના ક્રોધને છુપાવી તેણે પ્રશ્ન કર્યો: "મને જોવા તો દે કે વેણી કેવી બાધી છે?"

આમ કહી કમળાએ કનકલતાની પાછળ ફરી તેની વેણી જોઇ. તે જોતાંજ બોલી: "રામ! રામ! શું આવી વેણી બંધાય કે? જેનો જેવા વંશમાં જન્મ થયો હોય તેને તેવુંજ આવડે!"

બસ, હવે શું બાકી રહ્યું! તેના હૃદયમાં જે ક્રોધનો અગ્નિ સળગી રહ્યો હતો તેમાં ઘૃતની આહુતિ પડી. અગ્નિ ભયંકર સ્વરૂપમાં સળગી ઉઠયો! તેણે ક્રોધથી કંપતાં કંપતાં કનકની વેણી છોડી નાંખી, તથા મનોરમાના પિતૃકુળને ગાલીદાનથી કૃતાર્થ કરવા લાગી. આ બધો પ્રકાર કનકલતાથી જોઇ શકાયો નહિ. તેણે કહ્યું: "ફોઇ! તમે ગાળો શા માટે દો છો? મને આવી જ વેણી બંધાવવી પસંદ છે."

કનકની વાત સાંભળી કમળાએ અત્યંત આશ્ચર્ય પામી કહ્યું: "હું તો એમજ જાણતી હતી કે એ ચણ્ડાલીનીએ ફક્ત ત્હારા પિતાનેજ પોતાની મુઠીમાં રાખ્યો છે, પરંતુ હવે તો એમજ જણાય છે કે તને પણ તેણે પોતાની મુઠીમાં કરી લીધી છે. શું તને પણ એવુંજ પસંદ છે કે?"

અત્યારસુધી તે કનકલતા ઉપર પોતાના ક્રોધાગ્નિની આગ વર્ષાવવા લાગી, પરંતુ અપરાધ તો મનોરમા ઉપરજ મૂકવામાં આવ્યો! આથી કરીને પુનઃ ગાળોનો વર્ષાદ શરૂ થયો. આ સમયે એક નોકરે

આવીને ખબર આપી કે: "દિવાનખાનામાં બળતો મોટો લૅમ્પ કોણ જાણે શાથી જમીન ઉપર પડી ફૂટી ગયો છે!"

આ ખબર જાણી કમળાએ પૂર્વ પ્રમાણે ક્રોધથીજ કહ્યું: "જ્યારથી એ ગૃહમાં આવી છે ત્યારથીજ કાંઈ નહિ ને કાંઇ પણ નુકશાન થયા જ કરે છે! અનેક ચીજોનો આ પ્રમાણે નાશ થઇ ગયો છે!"

આમ કહી તે તેને જોવાને માટે ત્વરાથી દિવાનખાના તરફ જવા લાગી! જતાં જતાં દિવાનખાનાના દ્વારના ઉમરાની તેને એવી તો સજ્જડ ઠેસ વાગી કે તેના અંગુઠામાંથી લોહી નીકળવા લાગ્યું. દિલગીરીની સાથે સત્ય તરિકે જણાવવું પડે છે કે આ પ્રકારની અપરાધિની પણ નિર્દોષ મનોરમાજ ઠરી. આવા પ્રકારની નાની મોટી સાંસારિક જે જે અનિષ્ટકર ઘટનાઓ બનતી તે સર્વેની અપરાધિની મનોરમાજ ગણાતી! રાત દિવસ મૂશળધાર વૃષ્ટિની માફક તેના ઉપર અતિશય ગાળોની વૃષ્ટિ થતી હતી. પોતાની બાના ઉપર થતો ફોઇનો આવો અન્યાય વ્યવહાર જોઇને કનકલતા પણ પોતાના મનમાં ઘણી દુ:ખી થતી હતી. ગુપ્ત રીતે તે પોતાની ફોઇને સમજાવવાનો ઘણો યત્ન કર્યા કરતી હતી, પરંતુ તેની અજ્ઞાન ફોઇ કોઇ પણ પ્રકારે સમજતી નહોતી; અને તે તો મનોરમાની સાથેનો પોતાનો અન્યાય વ્યવહાર કોઇ પણ પ્રકારે હરહમ્મેશાં ચાલુ રાખ્યા કરતી હતી.

કનકલતા મનોરમાને પણ વારંવાર સમજાવતી હતી, પરંતુ મનોરમાનું અવિચળિત મન તો કદાપિ આ સકળ કારણોથી વિચળિત થતુંજ નહિ; તેથી કરીને કનકલતાનાં સાંત્વનદાયક વાકયોની કોઇ પણ પ્રકારની આવશ્યકતા નહોતી. કમળાનાં સકળ વચનો મનોરમા હસવામાં કહાડી નાંખતી હતી; અને કનકલતાનું મ્હોં પકડી અત્યંત પ્રેમથી તે ચુંબન કરતી હતી.

૩

તે દિવસે રાત્રે મનોરમા અને રામયશ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઈ.

રામયશ બોલ્યોઃ “મનોરમા ! હવે હું સહન કરી શકતો નથી ! અત્યાર સુધી મ્હેં ત્હારા કહેવા પ્રમાણે ધૈર્ય ધર્યું, પરંતુ હવે ધૈર્ય ધારણ કરી શકનાર નથી. શું વિના અપરાધે રાત્રિ દિવસ એ તને ગાળોજ દીધા કરશે ?”

મનોરમાએ પ્રશ્ન કર્યોઃ “આ બધું તમને કોણે કહ્યું ?”

રામયશ બોલ્યોઃ “શું તુ મને ના કહે એટલે હું કાંઇ જાણતો જ નથી એમ ત્હારૂં ધારવું છે ? દાસીદ્વારા હું સર્વ પ્રકાર જાણી શકું છું. આજની હકિકત પણ મને તેણેજ કહી છે !”

“નોકર તથા દાસીની વાત ઉપર વિશ્વાસ મૂકવો વ્યાજબી નથી ! તેઓ અસત્ય વાતને મોટા સ્વરૂપમાં રજુ કરે છે !”

“અરે ! ત્હારૂં કહેવું કદાચિત્ સત્ય હોય તોપણ મ્હેં જાતે કેટલીક વખતે ત્હારા ઉપર ગાળોની વૃષ્ટિ થતી પરોક્ષ રીતે જોઇ છે. હું આ સંબંધી કોઇ પણ વ્યવસ્થા કર્યા સિવાય રહેનાર નથી !”

“શું વ્યવસ્થા કરશો ?”

“હવે હું એવી બ્હેનને મ્હારે ત્યાં કદાપિ રાખી શકીશ નહિ !”

મનોરમા પતિનો ઉત્તર શ્રવણ કરી એકાએક કંપી ઉઠી. તે બોલી: “નહિ નહિ, નાથ ! એવી વાત ભૂલથી પણ આપે કરવી જોઇએ નહિ. તમારો વિચાર લોકોના જાણવામાં આવશે તો તેઓ શું કહેશે ? આવા વિચારને કદાપિ આપના મનમાં સ્થાન આપશો નહિ.”

“હું બ્હેનને કાશીમાં રહેવાને માટે મોકલીશ, અને તેનું પ્રતિ માસનું ખર્ચ આપણે અત્રેથી મોકલ્યા કરીશું.”

"જો કાશી જવાની તેમની પોતાની ઈચ્છા હોય તો ખુશીથી મોકલજો. બળાત્કારે મોકલવાની કાંઇ પણ જરૂર નથી."

"એને મ્હારા ગૃહમાં રહેવાનો અધિકાર શું છે?"

"કેમ તેમનો ઘણો અધિકાર છે? તમારામાં તથા તેમનામાં અંતર એટલુંજ છે કે તમે પુત્ર છો અને એ કન્યા છે. જ્યારે આમ છે તો તમારો પુત્ર તરિકે આ ગૃહ ઉપર જેવો અધિકાર સમજો છો તેવોજ અધિકાર તેમનો પુત્રી તરિકે ન ગણી શકાય કે? આ ગૃહમાં જો તમે તમારો અધિકાર સમજતા હો તો તેમનો પણ અધિકાર છેજ!"

"ત્હારી સાથે શાસ્ત્રાર્થ કરવાની મ્હારી ઇચ્છા નથી. તું જાણે છે કે ત્હારે લીધે મને ઘણું કષ્ટ થાય છે. હવે આ કષ્ટ હું સહન કરી શકું તેમ નથી."

"વાહ! એ મને ગાળો દે છે તો મને કાંઇ કષ્ટ માલૂમ પડતું નથી અને આપને કેમ કષ્ટ માલૂમ પડે છે; અને વળી એ કષ્ટ તે કેટલા બધા પ્રમાણમા તમને લાગે છે કે તમે તેને સહન કરી શકવાને પણ અસમર્થ છો! આપને એમનાં વચનોથી એવું દુઃખ શા માટે થાય છે એ હું સમજી શકતી નથી."

"મને એજ વિચારથી દુઃખ થાય છે કે હું તને સુખી કરી શકતો નથી."

પતિનો ઉત્તર સાંભળી મનોરમાએ કાંઇક ઉત્તેજિત સ્વરે કહ્યું: "તમે શું કહ્યું—શું હું સુખી નથી? તમે આમ શા માટે બોલો છો? જેને તમારા જેવા પતિ છે, કનકલતાના જેવી પુત્રી છે, તેને પછી શું દુઃખ હોઇ શકે?"

વિસ્મયપૂર્ણ નેત્રોએ રામચંદ્રે મનોરમા પ્રતિ દૃષ્ટિ કરી કહ્યું: "મનોરમા! તું કોણ છે?"

એક ક્ષણમાંજ પૂર્વેના પોતાના ઉત્તેજિત ભાવને દૂર કરી, શિર નમાવી વિનિતભાવથી મનોરમાએ કહ્યું: "કેમ ભૂલી ગયા કે શું? હું તો આપના ચરણની દાસી છું!"

આ સમયે ઉન્મત્ત ભાવથી મનોરમાને પોતાની છાતી સાથે ચાંપી રામયશે પ્રેમપૂર્વક કહ્યું: "મનોરમા, તું કોઇ દેવી છે!"

૪

રામયશનો પ્રિય મિત્ર ઉમાપતિ દત્ત કેટલાક દિવસની રજા મેળવી સ્વગૃહે આવ્યો છે. બીજે દિવસે પ્રાતઃકાળે રામયશે રાત્રિની સકળ વાતચીત તેને કહી સભળાવી. સર્વ વાત શ્રવણ કરી રહ્યા પછી ઉમાપતિએ મનોરમાની ઘણી પ્રશંસા કરી છેવટે કહ્યુ: "જુઓ! જયગોવિદની પુત્રી રૂપમાં તથા ગુણમાં આવી સારી નીકળી; પરતુ તેમનો એક પુત્ર ગંગાધર ઘણોજ ખરાબ નીકળ્યો છે; તે અનેક વખત પોલીસના હાથમાં પણ પડી ચૂક્યો છે. આમ છતાં તેનો પિતા મ્હારો સ્નેહી હોવાથી તેમજ તમે પણ મ્હારા મિત્ર હોવાથી હુ તેને પોલીસના હાથમાંથી વારંવાર બચાવુ છુ"

રામયશે આશ્ચર્યથા કહ્યુ: "મ્હેં તો ગગાધરને કદાપિ જોયો નહોતો. શુ તે મ્હારા વિવાહ પ્રસગે નહોતો?"

ઉમાપતિએ ઉત્તર આપ્યો: "તે એકજ જગ્યાએ હરહમ્મેશાં ક્યા રહે છે. કાશીમા પોતાનું ગૃહ હોવા છતાં રાત્રિદિવસ તે પોતાના લુચ્ચા દોસ્તદારોના મડળમાં ફરતો ફરે છે."

રામયશે કહ્યું: "આ સર્વ વાતને હમણાં એક બાજુએ રાખો; અને આ સમયે મ્હારે શું કરવું ઉચિત છે તે કહો. મ્હારી તબિયત હમણાં સારી રહેતી નથી. આ કારણને લીધે હુ મ્હારી બ્હેનને અત્રે રાખી પત્નીસહ કાશી તરફ હવાફેર માટે જવા ધારૂં છું. આ સંબંધી તમારો શું અભિપ્રાય છે?"

ઉમાપતિએ ઉત્તર આપ્યો "હા, બેલાશક જાઓ."

"ઠીક ત્યારે હવે વિલંબ કરવો ઉચિત નથી **'शुभस्य शीघ्रम्'** કરવું જોઇએ. હું કાલે સવારેજ અત્રેથી પ્રયાણ કરીશ।'

* * * *

રાત્રે ભોજન થઇ ગયા પછી રામયશ પોતાના શયનાલયમાં ગયો ત્યારે લગભગ બાર વાગ્યા હતા. તેણે પોતાના પ્રયાણના વર્ત્ત-માન મનોરમાને જણાવ્યા. મનોરમાએ એ વર્ત્તમાન સાભળીને કહ્યું: "જો તમારી મને સાથે લઇ જવાની ઇચ્છા હોય તો કનકલતાને પણ આપણી સાથે લઈ ચાલો હુ કનકલતાનો ત્યાગ કરી કોઇ પણ સ્થળે જઇ શકુ તેમ નથી; તેના સિવાય એક કલાક કહાડવો પણ મને ભારે થઇ પડશે."

રામયશે ઘણી ખુશીથી પત્નીની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો તુરત જ પ્રયાણની તૈયારીઓ ચાલી રહી. સાથે જનાર દાસ દાસીઓનો પણ પોતાને અનેક તીર્થોના દર્શન કરવાનો દુર્લભ પ્રસગ પ્રાપ્ત થશે, એ વિચારથી આનદ સમાતો નહોતો. ફક્ત કમળા સિવાય સર્વેના મુખ ઉપર આનદની જ્યોતિ પ્રકાશી રહી હતી. કમળાને તો જાણે બધુના પ્રયાણના સમાચાર પોતાના ઉપર વિદ્યુત્ પડી હોય એવા જણાયા. આ સમયે રામયશને પોતાની સાથે વાતચીત કરતો નહિ જોયાથી તેનો પ્રાણ આકુળવ્યાકુળ બની જવા લાગ્યો! કનકલતા સિવાય તે એકલી ગૃહમા કેવી રીતે રહી શકે? કમળાને માટે એથી અધિક અન્ય શિક્ષા શુ હોઈ શકે?

૫

રામયશના શયનાલયની પાસેજ કપડા લત્તાં રાખવાનો ઓરડો છે. આજે રાત્રે નવ વાગ્યાને સમયે એ ઓરડામા બેસીને મનોરમા મુસાફરી માટેનાં આવશ્યક કપડાં ઇત્યાદિ એક ટૂંકમાં ગોઠવે છે.

એવામાં ત્યાં આગળ કનકલતાએ આવી હસતાં હસતાં કહ્યું: "મા ! ફોઇ હવે પ્રસન્ન થયાં છે! તમારી બુદ્ધિની તુલના થઇ શકે તેમ નથી. જે જે પ્રમાણે તમે કાલે કહ્યું હતું તે સર્વ મ્હેં તેમને જઇને કહ્યું છે. મ્હારી વાતો સાંભળી તેઓ ઘણા ખુશી થયાં છે! જો કે ફોઇનો ત્યાગ કરીને જવામા મને દુઃખ તો થાય છે, પરંતુ તમારા અને પિતાશ્રીનો વિયોગ વેઠીને તો હું ફોઇ પાસે રહેનાર નથી!"

મનોરમાએ કનકલતાના મુખને ચુંબન કરી કહ્યું: "ઠીક થયું બ્હેન! હવે હું ત્હારા કપડાં લત્તાં પણ એકત્ર કરી ટ્રંકમાં ગોઠવું છું."

બરોબર આજ સમયે પાછલા ભાગમા કોઇ ભારે વસ્તુના પડવા જેવો અવાજ થયો! એ અવાજને શ્રવણ કરી કનકલતા બોલી: "એમ લાગે છે કે મ્હારો મોતીઓ (કૂતરો) કૂદકા મારી રહ્યો છે. માતા! એને કાશીની જાત્રાએ આવવાની મરજી હોવી જોઇએ. મ્હારી સાથે મ્હારા મોતીઆને પણ લઇ લેવા દેશો કે?"

મનોરમાએ સ્મિત કરી કહ્યું: "ગાડી! કૂતરાં તે વળી જાત્રા બાત્રામા સમજતા હશે! હુ તે ત્હારી સંભાળ રાખીશ કે ત્હારા કૂતરાની? આપણે કૂતરાને સાથે લઇ જવાની કાંઇ જરૂર નથી. જા બ્હેન, હવે ઘણી રાત્રિ વ્યાતત થઇ ગઇ છે, માટે જઇને સૂઇ જા. નહિ તો સવારે વહેલુ ઉઠાશે નહિ."

કનકલતા ધીમે ધીમે એ સ્થળેથી ચાલી ગઇ. તેના ચાલ્યા ગયા પછી થોડા સમયના અંતરે રામયશ ત્યાં આવી પહોંચ્યો. પતિના હાથમાં પિસ્તોલ જોઇ મનોરમાએ પ્રશ્ન કર્યો "આ શુ છે?"

રામયશે ઉત્તર આપ્યો: "આપણે જે માર્ગે થઇને જવાનું છે તે માર્ગે ચોર, લૂટારાઓનો ભય ઘણો હોય છે, આથી કરીને હું સાથે લઇ જવાને માટે આ પિસ્તોલ ઉમાપતિને ત્યાંથી લઇ આવ્યો છું."

આમ કહીને તેણે ઓરડામાં પડેલા એક ગોળ ટેબલ ઉપર પિસ્તોલને મૂકી. પછી પત્ની પ્રતિ દૃષ્ટિ કરી તેણે કહ્યું: "આપણી મુસાફરીના ખર્ચ માટે પાંચ હજાર રૂપિયા લઇ લીધા છે, એટલા પૂરતા છે ને?"

સહજ સ્મિત કરી મનોરમાએ ઉત્તર આપ્યો: "એ વાતમાં હું શું સમજું?"

રામયશ બોલ્યો: "ઠીક, લે આ રૂપિયા તું ત્હારી પાસેજ રાખ. આજે મને ઘણો થાક લાગ્યો હોય એમ જણાય છે."

"ત્યારે તમે શય્યાવશ થઇ જાઓ. હું પણ આ બધુ ઠીકઠાક કરીને શયન કરીશ."

"ઠીક; પરંતુ વિશેષ ઉજાગરો ન કરીશ." આમ કહી પાસેના ઓરડાનુ દ્વાર ઉઘાડી રામયશ તેમા સૂવાને માટે ચાલ્યો ગયો.

રાત્રે અગીઆર વાગે મનોરમા પોતાની પ્રવૃત્તિમાથી નિવૃત્ત થઈ. ત્યાર પછી તે બારી બારણા બધ કરી સૂવા જવાની તૈયારી કરતી હતી એવામા રસ્તા ઉપર પડતી ખૂલ્લી બારીમાથી કોઇ એક ચોર જેવા મનુષ્યને અદર પ્રવેશ કરતો મનોરમાએ દીઠો. એને જોતાં પ્રથમ તો તે ઘણીજ ગભરાઇ તથા તેને કાંઇક આશ્ચર્ય પણ લાગ્યું; કારણ આવનાર મનુષ્ય અન્ય કોઇ નહિ પરંતુ તેનો મોટો ભાઇ ગંગાધરજ હતો.

મનોરમાને આશ્ચર્યવત્ સ્થિતિમા ઉભેલી જોઇ ગગાધરે તેની સમીપ જઇને કહ્યું "મનોરમા! હુ અનેક દુઃખોમાં સપડાઇ જવાથી ત્હારી પાસે આવ્યો છુ. આવા સમયે ત્હારે મને થોડા ઘણા રૂપિયા આપીને સહાય કરવી પડશે, જો આ સમયે તુ મને સહાય નહિ કરે તો મ્હારે મ્હારા પ્રાણનો ત્યાગ કરવો પડશે."

આ વખતે મનોરમા મહાસુશિબતે ક્ષીણ સ્વરે બોલીઃ "ભાઇ! આવી ભયકંર રાત્રે આવા ભાવથી તું મ્હારી પાસે શા માટે આવ્યો?"

ગંગાધરે ઉત્તર આપ્યોઃ "આ મકાનમાં ઉમાપતિદત્ત રહેતા હોવાથી ભયનો માર્યો તેમનાથી છુપાઇને હું આવી રીતે તને મળવા માટે આવ્યો છું."

મનોરમાએ કહ્યું: "હું અત્યારે રૂપિયા ક્યાંથી લાવું? જો કોઇ વખતે કાંઇ પ્રાપ્ત કરૂં છુ તો તે પિતાને મોકલી આપું છું. તને પણ મ્હેં ઘણી વખત મદદ કરી છે."

"એવા દશ વીસ રૂપિયાથી મ્હારૂં કાંઇ કલ્યાણ થઇ શકે તેમ નથી. અત્યારે મને વધારે રૂપિયાની આવશ્યક્તા છે. આમ હોવાથી પત્ર ન લખતાં હું જાતેજ આવ્યો છુ."

"કેટલા રૂપિયાની જરૂર છે?"

"પાચ હજાર રૂપિયાની!"

ગગાધરનો ઉત્તર શ્રવણ કરી મનોરમા કંપી ઉઠી. ગંગાધર આગળ બોલ્યો "આ રૂપિયાનો વ્યય હું ખરાબ કાર્યમાં નહિ કરૂં. એક વધારે આવકવાળો ધધો કરવાનો મ્હેં નિશ્ચય કર્યો છે; એ ધધાથી અમારૂં સકળ દુઃખ દૂર થશે, જેથી પુનઃ ત્હારે કોઇ પણ સમયે પૈસા મોકલવાની પંચાત રહેશે નહિ."

"એ બધું તો ખરૂં; પરંતુ હું એટલા બધા રૂપિયા ક્યાંથી લાવું?"

"એટલા રૂપિયા હમણાં ત્હારી પાસે છે; જો તું આપવાને ઇચ્છતી હોય તો હમણાંજ આપી શકે તેમ છે!"

આ સમયે બહારથી કોઇએ કહ્યું: "કેમ વહુ! હજુ સુધી સૂવા નથી ગયાં કે?"

આ વાક્ય બોલનાર એક વૃદ્ધા દાસી હતી! તેના વાક્યના અવાજથી એમ માલૂમ પડી આવ્યું કે તે મનોરમાના ઓરડા તરફ આવે છે. મહામુશ્કેલીનો પ્રસંગ આવી પહોચ્યો. આવા સમયે મનોરમા શુ કરે? તે ત્વરાથી ઓરડાની બહાર નીકળી તથા ત્યાં આગળજ ઉભી રહીને દાસીની સાથે થોડા સમય સુધી વાતચીત કરી તેને ત્યાથી વિદાય કરી દેવાનો યત્ન કરવા લાગી. આજ સમયે ગૃહમાં એકાએક પિસ્તોલનો હૃદયભેદક અવાજ થયો. અંદર જતાજ તેણે જે હૃદય વિદારક દેખાવ જોયો તેનુ વર્ણન થઇ શકવુ અશક્ય છે શયનાલયના દ્વાર આગળજ મનોરમાના જીવન સર્વસ્વ સ્વામી મુર્છિતાવસ્થામાં પડયા છે, તેમના શરીરમાથી રૂધીરની ધારા વહન થઇ રહી છે!

૬.

બે ત્રણ ડૉક્ટરો રામયશની દવા કરે છે; પરંતુ સર્વે તેના જીવનની આશાનો ત્યાગ કરી બેઠા હતા. આ કારણથી જે મકાનમાં સદા સર્વદા આનંદની બંસી વાગી રહી હતી, તેજ ગૃહમા સર્વત્ર દુઃખની સત્તા ફેલાઇ ગઈ છે. આ આકસ્મિક વિપદથી સર્વે દુઃખિત છે; ગૃહમાં કોઇ કોઇને સમજાવનાર કે શાંતિ આપનાર રહ્યુ નથી. ફક્ત રામયશના એકલાનોજ નહિ, પરંતુ મનોરમાનો જીવનદીપ નિર્વાણ પામવાનો સમય પણ હવે ઉપસ્થિત થઇ ગયો છે. મનોરમા સમજી ગઇ છે કે પોતેજ પોતાના પ્રાણાધિક પ્રિયતમના મૃત્યુના કારણરૂપ છે. કેમકે પોતાના ભાઇએજ પોતાના પ્રાણેશ્વરનું ખૂન કરવાનો યત્ન કર્યો હતો. આ સમયે મનોરમાની દશા 'સર્પે છછુંદર ગળ્યા' જેવી થઇ ગઇ હતી. એક બાજુએ દેવતુલ્ય પતિ અને બીજી બાજુએ સહોદર ભાઇ. હવે તો તેનો ભાઇ ફાંસીએ જાય તોપણ તેના પતિનું જીવન બચે તેમ નહોતું. આ સમયે મનોરમાને એક માત્ર ઈશ્વરનોજ આધાર છે. તેના હૃદયમાં એક ભીષણ 'સંગ્રામ' નો આરંભ થયો છે.

છેવટે આ માનસિક 'સંગ્રામેજ' તેને રોગશય્યા ઉપર સૂવાડી દીધી.

આ ભયંકર ઘટનાથી સર્વેના જીવમાથી જીવ ચાલ્યો ગયો આવી અવસ્થામાં ફક્ત એકલો ઉમાપતિજ રામયશની સેવા શુશ્રુષા ઉત્તમ પ્રકારે કરતો હતો. બે દિવસ પછી જ્યારે છાતીમાથી ગોળી નીકળી ત્યારે ડૉકટરોના મનમાં તેનું જીવન ટકશે એવી કાંઈક આશા ઉત્પન્ન થઇ. રામયશની છાતીમાંથી ગોળી નીકળી તે પછી ઉમાપતિએ તપાસ કરવાની શરૂ કરી કે કોણે રામયશને ગોળી મારી હતી, ના તો તેણે જાતેજ આપઘાત કરવાની કોશીષ કરી હતી કે કેમ ? સ્થાનીક પોલીસને આ સબંધીના સમાચાર પહોચાડવામા આવ્યા. જ્યા આગળ આ પ્રકાર બન્યો હતો ત્યા આગળ તપાસ કરતા માલૂમ પડી આવ્યું કે તે ઓરડામા જે મનોરમાની ટૂંક છે તે ઉઘાડી પડી છે, તથા તેમાં જે પાચ હજાર રૂપિયા હતા તે નથી આ પ્રકાર જાણવામા આવતાં સર્વેએ એવી ધારણા ધારી કે કોઇ ખૂન કરવાને માટેજ આવ્યું હોવુ જોઇએ. સ્થાનીક પોલીસ ઇન્સ્પેકટરની અનુમતિથી ખૂનીની શોધ કરવાનું કાર્ય ઉમાપતિએ પોતાને શિર લીધુ; અને તે દિવસથી લગભગ એક સપ્તાહ સુધી તેણે એ કાર્યની સૂક્ષ્મ તપાસ કરી.

બીજી બાજુએ ધીમે ધીમે ઉત્તમ પ્રકારે દવા ચાલુ રહેલી હોવાથી રામયશની પ્રકૃતિ પણ સુધરવા લાગી. થએલા ઘાને લીધે જે જ્વર આવતો હતો તે પણ દિવસે દિવસે ઓછો થવા લાગ્યો. બેહોશપણું પણ દૂર થતું ગયુ. ધીમે ધીમે તેનામા ચૈતન્ય આવવા લાગ્યું. મનોરમા પલગપર બેઠી બેઠી સ્વામીની સભાળ લેવા લાગી. કનકલતા માતાના આ કાર્યમા યથાશક્તિ સહાય કરતી હતી. સ્વામીની પ્રકૃતિ સુધરતી જોઈ મનોરમાનામાં પણ રોગશય્યા ઉપરથી ઉઠવાનું સામર્થ્ય આવ્યુ. રામયશ મૃત્યુશય્યા ઉપર હતો તે સમયે મનોરમા પણ બિમાર હતી, આથી કરીને એવા સમયે સ્વામીની સેવા કરવાનું

તેના ભાગ્યમાં નિર્માણ થયું નહોતું; વળી ડૉક્ટર પણ સંબંધીઓને રોગીની પાસે જવાની મના કરતા હતા. જે દિવસે ડૉક્ટરે એમ સૂચવી દીધું કે હવે રામયશ સંબંધી કોઈ પણ પ્રકારની ચિંતા નથી, તે દિવસે પોતાનાં નેત્રોમાં ભરાઇ આવેલાં આનંદાશ્રુઓને સાફ કરતી કરતી મનોરમાએ કનકલતાને કહ્યું: "બેટા! આજે મને ત્હારા પિતા પાસે લઇ જા. આજે તેમની પાસે જવાની મ્હારી હિંમત થઇ શકે છે. હવે મ્હારા શરીરમા વિશેષ નિર્બળતા રહી નથી."

સંધ્યા સમયે ધીમે ધીમે કનકલતા પોતાની માતાને પિતાની પાસે લઇ ગઈ. તે સમયે ત્યાં આગળ રામયશ સિવાય બીજું કોઇ નહોતુ. રામયશે ધીમે ધીમે પોતાનાં નેત્રો વિકાસ્યા, પરતુ મનોરમાને જોતાની સાથેજ પુન. તેણે પોતાના નેત્રો મીચી દીધા. કેટલાક સમય સુધી ઉભય શાત રીતે બેસી રહ્યા. ત્યાર પછી ક્ષીણ કંઠથી ઉત્તેજિત સ્વરે રામયશે કહ્યુઃ "પાપિણી! ત્હારૂં ધાર્યું નજ થયુ. વિશ્વાસઘાતિણી! હવે હુ ત્હારા ફંદામાં ફસાઉં તેમ નથી. મ્હારી આગળથી ત્હારૂં કાળુ મ્હો દૂર કર."

આ શબ્દો રામયશ બેહોશીમાં બકયા કરે છે કે મનોરમા સ્વપ્નનું દર્શન કરે છે, તે તે બિચારી સમજી શકી નહિ. રામયશે એક દીર્ઘશ્વાસ મૂકીને કહ્યુ: "અહા! કેવો ઘોર કળિયુગ! કુલટા! ત્હારે માટે એક પણ કાર્ય અસાધ્ય નથી. તું પિશાચિણી છે. રાત્રિના સમયે મ્હારાજ શયનાલયમા યારને બોલાવી મ્હારીજ હત્યા!"

આ વચનો મનોરમાના કોમળ હૃદય ઉપર વજ્રાઘાત સમાન થઇ પડયાં. પતિનાં વચનોનું રહસ્ય હવેજ તેની સમજમા આવ્યુ. કેવો વિલક્ષણ પ્રકાર! રામયશને પોતાની પત્ની ઉપર સંદેહ! તેના હૃદયમા ઘોર 'સંગ્રામ' થવા લાગ્યો. નેત્રોમાથા અશ્રુધારો નીકળી ભૂમિને ભીંજવવા લાગી. નયનજળથી તેનો હૃદયાગ્નિ શાંત થયો નહિ.

આ સમયે રામયશના હૃદયમાં પણ એક ભીષણ 'સંગ્રામ'નો આરંભ થયો. એ 'સંગ્રામ'ને લીધે તેનું હૃદય ટુકડેટુકડા થવા લાગ્યું. તેના હૃદયમાં ચાલતા આ સંગ્રામથી તેના આત્મા ઉપર જે આઘાત થયો તે ગોળીથી થએલા આઘાત કરતાં પણ અધિક દુઃખ-જનક હતો. હૃદયની અપાર વેદનાથી ગભરાઇ જઇ રામયશે પુનઃ કહ્યું: "હવે હું આ ત્હારી બહારથી દર્શાવવામાં આવતી નમ્રતાના ફંદામાં ફસાઉં તેમ નથી; તું સત્વર મ્હારી આગળથી દૂર થા."

આ સમયે મનોરમા રૂદન કરતી કરતી પતિના ઓરડાની બહાર નીકળી. સ્વામીની આજ્ઞાનો અનાદર તે કેવી રીતે કરી શકે? તેના બહાર નીકળી ગયા પછી થોડા સમયને અંતરે ઉમાપતિ રામયશના ઓરડામાં ગયો અને તેણે પ્રશ્ન કર્યો: "કેમ ભાઇ! હવે કેમ છે?"

રામયશે એક દીર્ઘ નિઃશ્વાસ મુકી ઉત્તર આપ્યો: "ભાઇ ઉમા-પતિ! તમે મને શા માટે બચાવ્યો? આ સમયે મ્હારૂં મૃત્યુ થયું હોત તો તેજ મ્હારે માટે ઉત્તમ હતું!"

ઉમાપતિએ આશ્ચર્ય પામી પૂછ્યું: "ભાઇ! આમ શા માટે બોલો છો?"

ઉમાપતિના આ વાક્યને સાંભળી રામયશે મહા દુઃખપૂર્વક જે દિવસે તેના પોતાના ઉપર દુર્ઘટના બની હતી તે દિવસનો સઘળ પ્રકાર કહી સંભળાવ્યો. તે બોલ્યો: "તે દિવસે રાત્રે હું મ્હારા શયનાલયમાં સૂતો હતો. એકાએક મ્હારી નિદ્રા ચાલી ગઈ. આ સમયે મને માલૂમ પડયું કે મનોરમા પાસેના ઓરડામાં કોઇની સાથે વાતચીત કરે છે. હું તેમની વાતચીત સાંભળવાને ચુપકીથી પલંગ ઉપરથી ઉઠી દ્વારની પાછળ જઇને ઉભો. આ સમયે મ્હેં મનો-રમાની સાથે એક અપરિચિત મનુષ્યને વાતચીત કરતો જોયો. ત્યાર

પછી જેવો હું ત્વરાથી તે ઓરડામાં જવા લાગ્યો કે તરતજ તે અપરિચિત મનુષ્યે મ્હારા ઉપર પિસ્તોલ છોડી !"

રામયશની વાત શ્રવણ કરી ઉમાપતિએ કહ્યુ: "ભાઈ રામયશ ! આ સમયે તમને ભ્રમ થઇ ગયો છે. આ ભ્રમને લીધેજ તમને મનોરમાના નિર્મળ ચારિત્ર્યમાં સદેહ ઉત્પન્ન થયો છે! તમે જેને મનોરમાનો જાર અર્થાત્ ઉપપતિ સમજ્યા છો તે તો અન્ય કોઇ નહિ, પરતુ મનોરમાનો સહોદર ગગાધરજ હતો મ્હારા ભયથી રાત્રિના સમયે તે સતાતો સતાતો તમારા શયનાલયની પાસેના ઓરડામાં મનોરમાને મળવા આવ્યો હતો ! તમારી બન્નેની વાતચીત તેણે બહાર સતાઇ રહીને સાભળી હતી; તેથી એ પેલા રૂપિયાને માટેજ આવ્યો હતો. જ્યાં આગળ મનોરમાએ રૂપિયા મૂક્યા હતા તે પણ ગગાધરે છુપાઇને જોઈ લીધુ હતું ! ખૂન કરવાની તેની ઇચ્છા નહોતી, પણ જે સમયે ટૂકને ઉઘાડી તે નોટોનુ બડલ લઇ જવાની તૈયારીમાં હતો, તેજ સમયે તમે ત્યા જઈ પહોંચ્યા હોવાથી પકડાઇ જવાના ભયથીજ તેણે તમારા ઉપર પિસ્તોલનો બાર કર્યો હતો. ભાઈ, આમાં કોઇનો કાંઇ દોષ નથી દોષ ફક્ત મ્હારોજ છે કે જે સમયે મ્હે તમને પિસ્તોલ આપી તે સમયે હુ તમને કહેવાનુ ભૂલી ગયો કે તેમાં ગોળી ભરેલી છે. તમારી આ દુર્ઘટનાનું કારણુ હુજ છુ ! નોટોના નબરની શોધ ચલાવતાં ચલાવતા મહામુશ્કેલીએ ગગાધરને પકડયો છે! તેની પાસેના પાચહજાર રૂપિયામાથી તેણે ફક્ત પચાસેક રૂપિયાનુ ખર્ચ કર્યું હતુ. બાકીના બધા રૂપિયા મ્હે તેની પાસેથી લઇ લીધા છે. લ્યો આ તમારા રૂપિયા !" આમ કહી ઉમાપતિએ પોતાના ખિસામાંથી નોટોનુ એક બંડલ કાઢી રામયશ આગળ મૂક્યું.

રામયશે મહા આનંદથી ઉમાપતિને દઢ આલિંગન કરી કહ્યું: "પ્રિય મિત્ર ! આ સમયે વાસ્તવિક રીતે તમેજ મને જીવિતદાન

આપી તમારી મિત્ર તરિકેની ફરજ અદા કરી છે. અરેરે! ગરીબ બિચારી મનોરમાનો હું ઘણોજ અપરાધી છું. તેના ચારિત્ર્ય ઉપર સંદેહ કરી મ્હે અનુચિત પ્રકારે તેનો અપાર તિરસ્કાર કર્યો છે.”

* * * *

રામયશ તથા મનોરમાના હૃદયનો 'સંગ્રામ' વિના વિલંબે દૂર થઈ ગયો અને તે પવિત્ર પ્રેમી યુગલનુ સદાને માટે પુનઃ ઐક્ય થયુ વિશેષ ચોકસી કર્યા વિનાજ આવી રીતે જગતમાં કેટલાં પવિત્ર-હૃદયો એક બીજા પ્રત્યે અયોગ્ય શંકાઓ લાવી દુઃખી થતાં હશે? પ્રભુ તેમને વિશેષ ચોકસી કરવાની બુદ્ધિ આપી તેમનાં દુઃખ દૂર કરો.



૧૬

પત્નીના પ્રેમની કસોટી.

अथ भार्या म॒ ष्यस्य भार्या श्रेष्ठतमःसखा.

મહાભારત.

૧.

આ જગતમાં કેટલીક વખત એવું બને છે કે કોઈ મોટા દુઃખદાયક પ્રસંગ સમયે મનુષ્યનું ધૈર્ય બિલકુલ જતું રહે છે, તથા પોતાને શું કરવું, તેનો તે નિશ્ચય કરી શકતો નથી; અને સ્વાભાવિક રીતે અબળા કહેવાતી સ્ત્રી આવે સમયે પુરૂષને ધૈર્ય આપે છે, તથા પોતે ધૈર્યતાનીજ મૂર્ત્તિ હોય એવું સાબિત કરી બતાવે છે. પતિ ઉપર કોઇ દુ ખજનક પ્રસ ગ આવી પડે છે ત્યારે પત્નીજ તેને સાંત્વનાદાયક વચનોદ્વારા કાઇક શાંતિ આપે છે. જે સ્ત્રી અબળા કહેવાય છે તે સ્ત્રીના માનસિક ધૈર્યનું આવા પ્રકારે દર્શન કરવામાં આવતાં કાંઇક આશ્ચય પણ થાય છે. જે પ્રમાણે કોઇ કોઇ સમયે વસ તઋતુના વાવાઝોડામાં વેલી જેમ વૃક્ષને નહિ છોડી દેતાં વળગી રહે છે તેજ પ્રમાણે સ્ત્રીરૂપી વેલી પણ દુ ખરૂપી વાવઝોડા સમયે પતિરૂપી વૃક્ષનો ત્યાગ નહિ કરતા ઉલટું પતિને પોતાનો વિશેષ પ્રેમ દર્શાવી પોતાનાથી બને તેટલી સહાય કરવા તત્પર રહે છે. આવી પત્નીઓજ ગૃહિણીનારૂપમાં દેવીઓ સમાન છે. છતાં આવા પ્રકારની દેવીઓ સકળ ગૃહોમાં નિવાસ કરતી હોય એમ જણાતું નથી; મ્હારા એક મિત્ર નારાયણની પત્ની ઘણી સુશીલ, નમ્ર તેમજ શાણી હોઇ તેના

આચાર વિચારો પ્રત્યેક અબળા જાતને આદર્શ સમાન હોવાથી તે સંબંધે હું કેટલીક હકીકત અત્રે આપુ છું.

મ્હારા મિત્ર નારાયણના પિતા પોતાના મૃત્યુ સમયે ઘણી લક્ષ્મી મૂકી ગયા હતા. વળી તેમનો ધંધો શાહુકારીનો અર્થાત્ વ્યાજવટાવનો હોવાથી તેમની પાસે જમીન તથા રોકડા પૈસા પણ વિશેષ પ્રમાણમાં હતા. નારાયણ તેમનો એકનો એક છોકરો હતો. તેની માતા તેને બાલ્યાવસ્થામાંજ મૂકી પરલોક પ્રયાણ કરી ગઇ હતી. પિતાનું મૃત્યુ થયુ તે સમયે નારાયણ મુંબઇમાં અભ્યાસ કરતો હતો. પિતાના પરલોકવાસ પછી પોતાનુ કોઇ સ્વજન નહિ હોવાથી નારાયણે અભ્યાસનો ત્યાગ કરી ગૃહની વ્યવસ્થા સંભાળી લેવાનો નિશ્ચય કર્યો. ગૃહે આવીને પોતાનો સકળ પ્રકારનો કામધંધો ચલાવતાં ચલાવતાં કેટલાક વર્ષો વીતી ગયા. પછી તેણે લગ્ન કર્યું. તેની પત્ની લક્ષ્મી એક પૈસાદાર ગૃહસ્થની પુત્રી હતી, તથા તેને ઉત્તમ પ્રકારનુ શિક્ષણ મળેલુ હતું. લગ્ન સમયે નારાયણને પોતાના શ્વશુર તરફથી સારો માલ મળ્યો હતો; તથા થોડાજ દિવસમાં તેના સસરાએ પણ પોતાની આ લોકની યાત્રા પૂર્ણ કર્યાથી નારાયણને થોડીજ મુદ્દતમાં અપાર દ્રવ્યની પ્રાપ્તિ થઇ. આ પ્રકારે પોતાને દ્રવ્યની પ્રાપ્તિ થતાંજ તેણે બધુ દ્રવ્ય રૂનો વ્યાપાર કરવામાં રોકયું. વળી આ દ્રવ્યને વ્યાપારમાં રોકી નારાયણે વ્યાપાર સબંધીની સઘળી વ્યવસ્થા રાખવાનું કાર્ય પોતાના ભાગીદારને સોંપી તે નિશ્ચિંત મને ગૃહમાં બેસી રહેવા લાગ્યો. પોતાના પિતાએ રહેવાને માટે જે હવેલી બાંધી હતી તે ઉત્તમ પ્રકારની વ્યવસ્થાવાળી હતી, તેમજ નોકર ચાકરોની પણ ખોટ નહોતી. લક્ષ્મીને રાંધવાનું કે એવું અન્ય કોઇપણ ગૃહ કાર્ય કરવાનું નહતું. પ્રત્યેક પ્રકારની વ્યવસ્થા યથાસ્થિત હતી. પોતાની પત્નીની દરેક પ્રકારની ઇચ્છા પરિપૂર્ણ કરવાને માટે નારાયણ સદાકાળ તૈયાર રહેતો.

ખાનપાનમાં, આભુષણ અલંકારાદિમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા તે રાખતો નહિ. લક્ષ્મીનો સ્વભાવ પણ સારો તથા તેનો પોતાના પતિ પ્રત્યે સ્નેહ નિઃસીમ હતો. પ્રત્યેક વ્યક્તિનું એમ કહેવું હતું કે નારાયણ અને લક્ષ્મીના જેવાં ઉત્તમ યુગલ આ સંસારમાં થોડાજ હશે. નારાયણ પોતાને સર્વ પ્રકારે સુખી સમજતો હતો તે તેની સમજ કાંઇ અસત્ય નહોતી. આ પ્રમાણે એક વર્ષ ચાલ્યુ ગયું.

૨.

હું એક દિવસે સંધ્યા સમયે શાંતિથી ગૃહમાં બેઠો હતો. ઘણા દિવસથી નારાયણ મ્હારે ત્યાં આવ્યો નહોતો તેથી હું તેની રાહ જોતો હતો. એવામાં મ્હે તેને મ્હારી પાસે આવતાં જોયો તેનો ચ્હેરો ઘણો ફિક્કો જણાતો હતો. તેના મુખ ઉપર વિષાદ ગાંભીર્ય જણાતું હતું. મ્હેં તેને પૂર્વે કદાપિ આ પ્રમાણે ચિંતાતુર જોયો નહોતો. તેની મુખમુદ્રાનુ પરિવર્ત્તન જોઇ મને અતિ આશ્ચર્ય લાગ્યું ! મને આશ્ચર્ય લાગે તેમા નવાઇ પણ શુ ? કારણ કે તે સદા-સર્વદા આનંદી, હસમુખો તેમજ મળતાવડો હતો. હું તેને જોતાંજ અનેક પ્રકારના વિચારો કરતો બેસી રહ્યો તે મ્હારી પાસે આવીને એક આરામ ખુરસી ઉપર બેઠો. ઘણા સમય સુધી અમે ઉભય શાંત બેસી રહ્યા અને છેવટે મ્હેં પ્રશ્ન કર્યો "કેમ ભાઇ નારાયણ! કાંઇ નવા જુની તો થઇ નથીને ? તુ આજે આ પ્રમાણે ઉદાસ કેમ દેખાય છે ? લક્ષ્મી બ્હેન તો સુખી છે ને ?"

ઘણા સમય સુધી કાઇ વિચાર કરતો તે બેસી રહ્યો; અને પછી તેણે એક દીર્ઘ નિશ્વાસ મુકીને કહ્યુ : "ભાઇ શુ કહુ ! મ્હારા સઘળા પાસા ઉંધા પડયા છે; હું ચિતાની ચિત્તામાં સળગી ઉઠયો છું; મ્હારૂં રક્ષણ કેવી રીતે થશે તે મ્હારાથી સમજી શકાતુ નથી."

"કેમ, એવું તે શું બન્યુ છે ?" મ્હે પ્રશ્ન કર્યો.

"તું ક્યાં નથી જાણતો કે મ્હેં મ્હારી સઘળી લક્ષ્મી રૂના વ્યાપારમાં રોકી દીધી છે. અદ્યાપિ પર્યંત એ કાર્ય સારી રીતે ચાલતું હતું, પરંતુ આઠ દિવસથી મને મ્હારા ભાગીદાર માર્ફત એવી ખબર મળે છે કે હવે દેવાળું નીકળવાનો વખત ઘણો પાસે આવી પહોંચ્યો છે. જો આ સંબંધી કાંઇ જલદીથી વ્યવસ્થા કરવામાં નહિ આવે તો પ્રાપ્ત કરેલી કીર્તિપર પાણી ફરી વળશે. હવે પાસે રોકડ રકમમાં એક પાઇ પણ રહી નથી. ભૂલનું ભોપાળુ હવે જલદીથી ફૂટશે. શું કરવું તે બિલકુલ સમજાતું નથી. જ્યારથી ભાગીદારનાં ઉપર્યુક્ત ભાવાર્થનાં વચનો મ્હારા જાણવામાં આવ્યાં છે, ત્યારથી મ્હારા હૃદયમાં ભાવિ દુઃખદ અવસ્થા સબંધીના વિચાર અતિશય આવ્યા કરે છે. હવે તો છેવટે ત્હારો મત શુ છે તે જાણવાને હું ત્હારી પાસે આવ્યો છું કહે હવે મ્હારે શુ કરવું ?"

મ્હે કહ્યુ —"નારાયણ! થયું ન થયુ બની શકે એમ નથી. તેને માટે વિના કારણ શોક શા માટે કરવો ? ત્હેં આ સંબંધી મ્હારાં લક્ષ્મી બ્હેનને કાંઈ વાત કરી હતી કે ?"

નારાયણે ઉત્તર આપ્યો:—"અરે, મને તે બિચારીનીજ ચિંતા થયા કરે છે. અદ્યાપિ પર્યંત હું તેને કેવી સુખી અવસ્થામાં રાખી શક્યો છું તે તમે સારી રીતે જાણો છો. તે બિચારીના જાણવામાં આ ભાવિ દુઃખની વાત આવે તો પછી તેની કેવી ભયકર સ્થિતિ થાય તેનો કાંઇ વિચાર કર્યો ? વળી હુ શું મ્હો લઇ તેને આવી દુઃખજનક વાત કહી શકું ? તે મને પૂર્વેથીજ કહ્યા કરતી હતી કે 'બધી રકમ વ્યાપારમાં રોકતા નહિ.' છતાં મ્હે તેના શબ્દો પ્રતિ લક્ષ નહિ આપતાં મ્હારૂં ધાર્યું કર્યું; અને તે સાથેજ મ્હારા નશીબનું ચક્કર પણ ફર્યું. જે સ્ત્રી બાલ્યાવસ્થા તેમજ યૌવનાવસ્થામાં શ્રીમંતાઇમાં રહી છે, જેણે અનેક પ્રકારના સુખોના લ્હાવા લીધા છે,

તે સ્ત્રી હવે પોતાનું ભાવિજીવન કેવી રીતે દુઃખમાં પસાર કરે ? તેનુ પિયર પણ લક્ષ્મીવાન હોવાથી તે ત્યાં પણ દુઃખ શુ છે, તે જાણતી નહોતી; અને મ્હારી પાસે આવ્યા પછી પણ તેણે દુઃખનું દર્શન કર્યું નથી. ગરીબાઇ કેવી હોય છે, તથા તેનાં દુઃખો કેવાં હોય છે, તેનો તેને સ્વપ્ને પણ ખ્યાલ નથી. વળી જો તે એમ જાણશે કે મ્હારી મૂર્ખાઇને લીધેજ પોતાને દુઃખની પ્રાપ્તિ થઈ છે, તો પછી તેનો મ્હારા પ્રત્યેનો સ્નેહ હાલના જેવોજ દૃઢ કેવી રીતે રહેશે ? થયું ! ભાઈ, મ્હારા સંસારસુખની પુર્ણાહુતિ થવાનો સમય સમીપ આવી પહોંચ્યો."

આ પ્રમાણે વિસ્તૃત ભાષણ કરી નારાયણ શાંત થયો. ત્યાર પછી મ્હેં કહ્યુ —"નારાયણ, આવી રીતે નિરાશ થઇશ ના. તે સ્ત્રીને તું સાધારણ સમજે છે તે યોગ્ય નથી. પૈસાની ઉપરજ પ્રેમનો આધાર રહેલો નથી. જો કે કેટલીક સ્ત્રીઓ માયા તથા પૈસાથી લુબ્ધ થઇ જઇનેજ પ્રેમ દર્શાવે છે, પરંતુ વાસ્તવિક રીતે તેવા પ્રેમને પ્રેમ કહી શકાય નહિ. એ તો એક પ્રકારનો સ્વાર્થજ કહી શકાય. ઘણી સ્ત્રીઓ એવી હોય છે કે જેઓ પોતાના પતિને સુખના સમય કરતાં દુઃખના સમયમાં વિશેષ સહાય કરી પતિનાં દુઃખ દૂર કરે છે; અને શાંતિ આપે છે. હજુ ત્હેં 'પત્નીના પ્રેમની પરીક્ષા' કરી નથી, એવુજ મ્હારૂં ધારવું છે. જો ત્હે આ વાત ત્હારી પત્નીને કરી હોત તો તેણે ત્હારા મનનુ મ્હારા કરતાં વિશેષ સમાધાન કર્યું હોત; તથા ત્હારા હૃદય ઉપરનો બોજો ઘણો ખરો ઓછો થઇ ગયો હોત."

નારાયણ બોલી ઉઠયો: "એ વાતને પડતી મૂકો. સમાધાનને બદલે મ્હારી પૂજા થઇ હોત. બધી લક્ષ્મી ચાલી ગઇ અને હવે નિર્ધનતા આવશે, એમ તેના જાણવામાં આવતાં અવસ્ય તે મ્હારા ઉપર ક્રોધે ભરાયા સિવાય રહે નહિ. ભાઇ ! આ સંસારમાં ગરીબાઇના જેવું બીજું દુખ નથી. ભાઇ! અમારી પ્રીતિ પૂર્ણ થઇ જવા આવી!"

"તું આ પ્રમાણે દીવાના મનુષ્યના જેવી વાતો કરીશ નહિ. અદ્યાપિપર્યંત ત્હેં ત્હારી પત્નીને આ વાત જણાવી નથી એજ એક પ્રકારે મોટી ભૂલ કરી છે. અરે! જેને પોતાની અર્ધાંગના માનવામાં આવે છે, જે મનુષ્યના સુખ દુ ખના સાથી સમાન છે, તેનાથી આવી વાત છુપાવવાયજ કેમ? જ્યાં નિષ્કપટ પ્રેમનો નિવાસ હોય છે ત્યા આ પ્રમાણે કરવુ યોગ્ય નથી. **સ્ત્રીઓનાં હૃદય પ્રેમથી પરિપૂર્ણ હોય છે; તે પ્રેમની પરીક્ષા યોગ્ય પ્રસંગની પ્રાપ્તિ થયા સિવાય પુરૂષ કરી શકતો નથી.** હવેજ તું ત્હારી પત્નીના પ્રેમની પરીક્ષા કરી શકીશ તથા ત્હારા હૃદયના ભેદને દૂર કરી શકીશ જા, સ્વગૃહે જઇને આ સકળ પ્રકાર ત્હારી પત્નીને કહી સભળાવ જેથી તને પોતાને શાંતિ મળશે."

છેવટે નારાયણ મ્હારૂં કહેવુ કબૂલ કરી, પોતાને ઘેર ગયો.

૯.

ઉપર્યુક્ત બનાવને ચાર પાચ દિવસ થયા. જો કે મ્હે મ્હારા મિત્રને ખાત્રીપૂર્વક કહ્યુ હતું તોપણ મ્હારૂં મન સદેહજનક હતું. ઘણે સ્થળે એમ બનતું જોવામા આવે છે કે પતિની પાસે જ્યારે પૈસા હોય છે ત્યારે પત્ની તેને આધીન થઇ રહે છે; અને પછીથી તે તેના પ્રતિ બેદરકારી બતાવી તેનો તિરસ્કાર કરે છે. હું પણ નારાયણદાસની પત્ની આ પરીક્ષામા કેવી ઉતરે છે તે જાણવાની રાહ જોતો હતો. છેવટે નારાયણ આવી પહોચ્યો. આજે તેની મુખમુદ્રા પૂર્વ કરતા કાઇક વિશેષ પ્રફુલ્લિત થએલી જણાતી હતી. તેના આવ્યા પછી મ્હે અતિ આતુરતાથી પ્રશ્ન કર્યો· "કેમ ભાઈ! ઠીક છે ને?"

"ભાઇ! તમે તો સાક્ષાત્ ભવિષ્યવેત્તા જણાઓ છો. તમે જે પ્રમાણે કહ્યુ હતું તે પ્રમાણે કરવાથી મ્હારો જીવ કાઇક શાતિ પામ્યો છે."

"શું થયું તે મને વિસ્તારપૂર્વક કહી સંભળાવ."

"હું તમારી પાસેથી જે દિવસે ગયો તે દિવસે મ્હેં એ વાત મ્હારી લક્ષ્મી આગળ કાઢવાનો નિશ્ચય કર્યો, છતાં મ્હારાથી ધૈર્ય ધારણ કરી કાંઈ કહી શકાતું નહોતું તેવામાં તેણેજ મને પ્રશ્ન કર્યો કે 'આજકાલ તમે કેમ ચિંતાતુર જણાઓ છો?' આવો પ્રશ્ન તે પૂર્વે પણ વારંવાર પૂછતી હતી, પરંતુ હું તેને 'કાંઇ નહિ, સહજજ.' આટલોજ ઉત્તર આપતો હતો; પરંતુ તે દિવસે મ્હે તેને સત્ય વાત કહી સંભળાવી. છેવટે મ્હારી વાત સંપૂર્ણ શ્રવણ કરી રહ્યા પછી તેણે કહ્યું: 'બસ એજ કે? ત્યારે તેને માટે આટલા બધા ચિંતાતુર રહેવાનું કાંઇ પ્રયોજન? ભાગ્યમાં જે પ્રમાણે નિર્માણ થયું હોય છે તે પ્રમાણે બન્યા સિવાય રહેતું નથી. **यद् भावि तद् भविष्यति** હું તો ધારતી હતી કે આથી પણ વિશેષ ભયંકર પ્રસંગ આવીને ઉપસ્થિત થયો હશે.' આમ કહી તે બિલકુલ ખોટું નહિ લગાડતાં ઉલટી મને ધીરજ આપવા લાગી. ત્યાર પછી શું કરવું તે સંબંધી અમે બન્ને વિચાર કરવા લાગ્યા. છેવટે હવેલી તથા બીજી કેટલીક કિંમતી વસ્તુઓ વેચી દઇને દેવું આપી દેવાનો અમે નિશ્ચય કર્યો. આ સમયે તેણે મને પોતાનાં ઘરેણાં વેચી દેવાનો પણ અતિશય આગ્રહ કર્યો તેણે કહ્યુ: '**મ્હારે ઘરેણાંને શું કરવાં છે? તેનો ઉપયોગ જ્યારે તમારા આવા દુઃખપૂર્ણ પ્રસંગે નહિ થાય ત્યારે ક્યારે થશે?** મને તે પહેરવાનો ઉમંગ પણ નથી. મને તો આપનો સ્નેહ છે એજ સર્વદા અનેક અલંકારોથી પણ અધિક છે. ગરીબાઇમાં પણ તમારો એ પ્રેમ દૃઢ છે ત્યાં સુધી મને અન્ય કોઇ પણ વસ્તુની આવશ્યકતા નથી.' મ્હારી પત્નીનાં વચનો શ્રવણ કરતાંજ હું આશ્ચર્યમાં નિમગ્ન થઇ ગયો. તેને શું કહેવું તે પણ મને સૂઝયું નહિ; કારણ મ્હારી લક્ષ્મીના પ્રત્યેથી મને આવાં વચનો શ્રવણ

કરવાનો અવસર પ્રાપ્ત થશે એવું હું સ્વપ્નમાં પણ ધારતો નહોતો."

મ્હેં કહ્યું: "હવે આ કરતાં વિશેષ ત્હારે શું જોઇએ? હું કહેતો હતો તે હવે ત્હારા અનુભવથી સત્ય ઠર્યું ને? હવે ત્હારા જીવને કેટલી બધી શાંતિ મળેલી જણાય છે?"

"હા એ તો સત્ય છે પરંતુ હજુ પ્રત્યક્ષ અનુભવ લીધા પછી જ હું તેના સંબધી કાઇક નિર્ણય કરી શકું. આવતી કાલે હવેલીનો ત્યાગ કરવો પડશે. નોકર, ચાકર, ભટ, ભટાણી વગેરેને રજા આપી દેવી પડશે અને સંસારનુ સઘળુ કાર્ય તેને પોતાને કરવુ પડશે. એવા પ્રસગે જ્યારે તેની આવી વૃત્તિ કાયમ રહે ત્યારેજ ખરૂં"

"જે પ્રમાણે હમણા અનુભવમાં આવ્યુ તે પ્રમાણે આવતી કાલે પણ આવશેજ. વળી ભૂલનું ભોપાળુ લાંબા સમય સુધી છુપાવવું શ્રેયસ્કર નથી. જેમ બને તેમ તું ત્હારી ખરી સ્થિતિ લોકોને જલદીથી દર્શાવીશ તેમ વધારે સારૂં છે. કાલેજ તું આ વ્યવસ્થા કરી નાખવાનુ ભૂલીશ નહિ."

૪.

ઉપરનો બનાવ બન્યાને ઘણા દિવસ થઇ ગયા. કાર્યની પ્રવૃત્તિ વિશેષ હોવાને લીધે મને હજુ સુધી નારાયણને ત્યાં જવાનો અથવા તેના તરફના કાઇ પણ સમાચાર જાણવાનો સમય મળ્યો નહોતો. એક દિવસે રવિવારે હું મ્હારી ઓરડીમાં બેઠો હતો તથા સંધ્યા સમયે ક્યાં ફરવા જવું તે સંબધી વિચાર કરતો હતો, એવામાં નારાયણ આવી પહોચ્યો. તેને જોતાંજ મ્હારા મનમા ઘણું લાગી આવ્યું; કારણ પૂર્વના તેના શ્રીમતાઇના પોષાકમાં અને અત્યારના નિર્ધનતાના પોષાકમાં ઘણું પરિવર્તન થઇ ગયું હતું. આમ છતાં મ્હેં તેનું મ્હોં આજના જેવું આનંદમય પૂર્વે કદાપ જોયું નહોતું. હું તેને પ્રશ્ન કરવા જતો હતો તે પહેલાંજ તેણે મ્હારા કુશળ-વર્ત્તમાન પૂછ્યા.

ત્યાર પછી મ્હે તેને પ્રશ્ન કર્યો: "હવે તમે તમારી વ્યવસ્થા કરી હશે?"

તેણે ઉત્તર આપ્યો: "હું અહિથી ગયો તેને બીજેજ દિવસે એક સારો ગ્રાહક મળવાથી મ્હે તેને હવેલી વેચી દીધી. તેમાંની કેટલીક ઉત્તમ પ્રકારની કિમતી વસ્તુઓ પણ તેણે ખરીદી લીધી. મને જે જે વસ્તુઓની ખાસ આવશ્યકતા હતી તે તે વસ્તુઓને રાખી બીજી બધી વસ્તુઓ વેચી દીધી. આ પ્રમાણે કરતા અમારા મનને કેટલુ બધુ લાગી આવ્યુ હશે તેનો ખ્યાલ તમે કરી શકો તેમ નથી. તે સમયની મ્હારી સ્થિતિનુ દર્શન હું તમને શબ્દોદ્વારા કરાવી શકું તેમ નથી. નિરૂપાયે નોકર ચાકરોને પણ રજા આપવી પડી આમ છતા પણ જે રૂપિયા મ્હારી પાસે એકત્ર થયા તે રૂપિયાથી મ્હારી આબરૂનુ સરક્ષણ થાય એમ નહિ હોવાથી કોઇની પાસેથી હું દેવા રૂપિયા લેવાનો વિચાર કરતો હતો. આ સમયે મ્હારી ગૃહલક્ષ્મીએ પોતાના ઘરેણા વેચી દેવાનો મને ઘણો આગ્રહ કર્યો પણ મ્હે તેના આગ્રહ પ્રતિ લક્ષ આપ્યુ નહિ. છતા તેણે પોતાનો આગ્રહ ચાલુજ રાખ્યો તેમ કહ્યુ. '**તમને સંકટમાંથી મુક્ત કરવાને માટેજ જો આ ઘરેણાં નિર્માણ થયાં હોય તો એના જેવા સૌભાગ્યની બીજી વાત શું હોઇ શકે?** વળી દેવુ કરવા કરતા આ અલકારો વેચી દેવામાથી મુક્ત થવુ એજ વધારે ઉત્તમ છે. **તમે જાતે કલંકરહિત રહો એટલે મ્હારે મન ઘરેણાં કરતાં પણ તે વધુ શોભાપ્રદ અને અનંદદાયક છે.** છેવટે મ્હારી ઇચ્છા નહિ હોવા છતા તેના આગ્રહને લીધે મ્હારે કેટલાક ઘરેણા વચી દેવા પડયાં. ત્યાર પછી સઘળુ દેવુ ચુકવી દઇ અમે અમારી વિશાળ હવેલીનો ત્યાગ કરી શહેરમા એક સાધારણ નાનુ મકાન ભાડે રાખી તેમા રહેવા ગયા, તથા અમારો ગરીબાઇનો સસાર ચલાવવાની

રૂઆત કરી. તે દિવસે અમારા આત્માને જે દુઃખ થયુ હતું તેની સીમાજ નહોતી. મ્હારી પત્નીને સસારનાં કાર્યોનો અનુભવ નહોતો છતા શાંતિથી તેણે ધીમે ધીમે સકળ કાર્યો કરવા માડયા હું તેને કષ્ટ પામતી જોઇ પ્રશ્ન કરતો કે 'તને કાઇ કષ્ટ થાય છે?' ત્યારે તે હસતે મ્હોંએ ઉત્તર આપતી કે 'સસારનાં કાર્યો કરવા એમા તે વળી કષ્ટ શાનુ હોય?' આ પ્રમાણે કહી તે મને ધૈર્ય આપતી. દિવસે દિવસે અમારૂ દુઃખ અનુભવના પ્રતાપે દૂર થતું ચાલ્યુ અને અમે અમારી ગરીબાઇનેજ સુખપૂર્ણ સમજવા લાગ્યા મ્હારી સ્ત્રી સુશીલ, પતિપરાયણ, તથા કાર્ય કરવામાં આટલી બધી ઉમગી હશે એવો મને વિચાર સુદ્ધાં આવ્યો નહોતો. તે મ્હારા ઉપર નિષ્કામ પ્રીતિ રાખે છે તેની મને હવેજ ચોક્કસ ખાત્રી થઇ છે"

મ્હેં કહ્યું: "ભાઇ! પ્રસગ પડયા વિના મનુષ્યની ખરી પરીક્ષા કેવી રીતે થાય? તને હવે ત્હારી ગરીબાઇથી દુખ તો થતું નથી ને?"

"મને હવે જ્યા પ્રેમનો મહાસાગર મળ્યો છે ત્યા પછી દુઃખ ક્યાંથી થાય? હવે તો હુ એમજ ધારૂં છે કે મ્હારા જેવો ભાગ્યશાળી આ સસારમાં ભાગ્યેજ અન્ય કોઇ હશે"

મ્હારા મિત્રે તે દિવસે રાત્રે પોતાને ત્યાં ભોજન લેવા આવવાનો મને આગ્રહ કર્યો તેણે કહ્યું: "અમારી શ્રીમતાઇના સમયે તું આવતો હતો તો પછી અમારી નિર્ધનતામા પણ અમને કેટલું સુખ છે તે જોવા તું શા માટે નથી આવતો? વળી ત્હારી ભાભીએ અમારો નવો સસાર જોવાને માટે તને બોલાવી લાવવા, મને આગ્રહ કર્યો છે."

તે દિવસે મને વિશેષ કામ નહોતું, જેથી કરીને હું મ્હારા મિત્ર નારાયણ જોડે જવાને કબૂલ થયો. મ્હે નારાયણને ત્યા જઇને

તેના ગરીબાઇના સંસારની જે સ્થિતિ જોઈ તે સ્થિતિથી મને અપૂર્વ આનંદ થયો. જમતાં જમતાં અમે ઘણી વાતો કર્યા કરી. મ્હેં મ્હારા જીવનમાં એમના જેવું સ્નેહી જોડું ભાગ્યેજ જોયું હશે એમ મને લાગ્યું.

* * * *

કાળચક્રના પરિવર્ત્તનાનુસાર મ્હારા મિત્રની સ્થિતિ પણ પુનઃ પરિવર્ત્તન પામી છે. હમણાં તે પૂર્વના કરતાં પણ વધારે ધનાઢ્ય બન્યો છે. લક્ષ્મીદેવીનો પ્રેમ પણ હજુ તેના ઉપર પૂર્વ પ્રમાણેજ દઢ રહ્યો છે. આમ હોવા છતાં પણ જ્યારે જ્યારે મને નારાયણ મળે છે ત્યારે તે પોતાની શ્રીમંત સ્થિતિના કરતાં નિર્ધન સ્થિતિમા વધારે સુખ હતું એમ કહે છે. **સત્યજ છે કે શ્રીમંતાઇ કરતાં ગરીબાઇજ વિશેષ સુખકર હોય છે.** પણ તે લક્ષ્મીના જેવી ઉત્તમ પત્નીઓ જેમને મળી હોય તેઓનેજ. બીજાની હાલત તો શ્રીમતાઇ હો કે ગરીબાઇ હો પણ દુઃખીજ રહેવાની. ભારતમા ગૃહે ગૃહે એવી સુશીલ અને શુદ્ધ સ્નેહવાળી પત્નીઓ વસી તેને સ્વર્ગમય બનાવો.

૧૭

સરસ્વતીની પતિભક્તિ.

૧.

સમર્થલાલ સોળમે વર્ષે મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી આગળ અભ્યાસ કરવાને મુંબઈની એલફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયો. આ નગરમાં તેને કોઇ સાથે પરિચય નહિ હોવાથી તેને છાત્રાશ્રમ (Boarding)માંજ નિવાસ કરવો પડયો તે સ્વભાવે ચપળ હોઇ પોતાનો અભ્યાસ નિયમાનુસાર કર્યા કરતો હતો. આમ છતાં પોતાની નાની અવસ્થામા એવો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતાં અમારો સમર્થલાલ શરીરસ્થિતિમાં કાંઇ અપવાદ રૂપ નહોતો. સ્વ. મી. અમૃતે પણ કહ્યું છે કેઃ—

મેટ્રિક માંદા ના મટે, બી. એ. ના બેહાલ;
એમ. એ. મરણ પથારીએ, એ વિદ્યાના હાલ.

છાત્રાશ્રમમાં અનેક બહારગામના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવાનુ ઉત્તમ પ્રકારે બની શકે એ હેતુથી આવીને નિવાસ કરી રહ્યા હતા; આ સર્વે વિદ્યાર્થીઓનો સમર્થલાલ ઉપર અને સમર્થલાલનો તેમના ઉપર અપૂર્વ પ્રેમ થઇ ગયો હતો; છતાં સમર્થલાલ બીજા કેટલાક વિદ્યાર્થીઓની માફક વિના કારણનાં ગપ્પા હાંકવા કોઈની પણ સાથે ખોટી થતો નહિ. તે પોતાનો અભ્યાસ કરવામાં જ આનંદ માનતો હતો.

પ્રિવિયસની પરીક્ષા આપ્યા પછી રજાઓના દિવસમાં તે સ્વ-

ગૃહે ગયો. તેનો પિતા ગોવિંદલાલ ખાધે પીધે સુખી હતો. પોતાનો એકનો એક પુત્ર જો કે નાનો છે, તોપણ અભ્યાસમાં તે આગળ વધેલો હોવાથી હવે તેનુ લગ્ન કરી નાખવામાં કાંઇ હરકત નથી એમ તેમણે વિચાર્યું. તેનો વિચાર બીજા લોકોની જાણમા આવતાંજ કેટલાકો મ્હોમાગ્યું ગજવુ આપી પોતાની દીકરી આપવાનું જણાવવા લાગ્યા. છેવટે હજાર રૂપિયા લેવાના ઠરાવી ગોવિંદલાલે મુંબઇના એક વણિકની સ્વરૂપવતી બ્હેન સાથે સમર્થલાલની સગાઇ કરી. મુહૂર્ત પ્રમાણે લગ્ન થવાનો સમય પણ સમીપ આવી પહોચ્યો. લગ્ન થવા માડયુ એવામા વહેવાઇ તથા વહેવાણો વચ્ચે એટલો બધો તો કલહ ઉપસ્થિત થયો કે બે ચાર દિવસ સુધી તો સર્વેએ અબોલાવ્રત લીધુ આ કલહ થવાનુ કારણ ગોવિંદરામ તથા લક્ષ્મીનો લોભ હતું. ગોવિંદલાલને પોતાને જે એક હજાર રૂપિયા મળવાના હતા તે ઉપરાત વહેવાઇ પાસેથી તેને બીજા એક હજાર રૂપિયા કઢાવવાનો વિચાર હતો. બિચારો વહેવાઇ બીજા એક હજાર રૂપિયા આપી શકે એવો શક્તિવાળો નહોતો. તેણે ઘણા કાલાવાલા કર્યા પરંતુ તે નિષ્ફળ ગયા. છેવટે ગોવિંદલાલનો લોભ અતિશય વધી પડયાથી તેણે વહેવાઇને સંબોધીને કહ્યુ "જો તમે આ રકમ નહિ આપો તો તમને પાછળથી પસ્તાવો કરવો પડશે."

પરંતુ આ પસ્તાવાના ભયથી નિર્ધન વહેવાઇ બિચારો શુ કરી શકે? લગ્ન કરી સર્વ મંડળ સ્વગૃહે આવ્યા પછી સમર્થલાલને અભ્યાસ માટે પાછો મુબઇ મોકલ્યો ત્યારે ગોવિંદલાલે સૂચના આપી કે: "જો તું ત્હારા સસરાને ત્યાં જઇશ તો હુ ફરીથી ત્હારૂં મુખ જોઇશ નહિ."

થોડા દિવસ સાસરીમાં રહ્યા પછી સમર્થલાલની પત્ની સરસ્વતી પણ પિયર (મુબઇ) ગઇ. ગોવિંદલાલે હવે તેને પુનઃ નહિ બોલાવવાનો દૃઢ નિશ્ચય કર્યો.

સમર્થલાલ છાત્રાશ્રમમાં જઇ પહોચ્યો. તેના મિત્રોએ તેની પાસેથા મિષ્ટાન્ન મેળવ્યુ તે હમ્મેશા પ્રફુલ્લ વદન રાખતો હતો; છતાં તેના અ તઃકરણુમા અનેક પ્રકારના વિચારો આવી તેના જીવને ચકડોળે ચઢાવતા હતા. તેને પોતાને પોતાની પત્ની સ બ ધી ઘણી ચિંતા થતી હતી. પિતા પોતાની ભાર્યા પ્રતિ અત્યારથી જ આવો ત્રાસ વર્ત્તાવવા લાગ્યા એ જાણુતાંજ તેના દુઃખની સીમા રહી નહિ. આવા વિચારોને લીધે તે પોતાના મનમાં ને મનમાં મુઝાયા કરતો હતો કોઇ પણ પ્રકારનુ કાર્ય કરવામાં તેને આન દ લાગતો નહિ. ચોપડીઓનાં પૃષ્ઠો ફેરવતો હોવા છતાં પોતે શુ વાંચે છે તેનું સુદ્ધા તેને ભાન રહેતું નહિ. ચોપાટી ઉપર જઇ બે ત્રણ કલાક બેસી મનના દુઃખને દૂર કરવા યત્ન કરતો હતો, પરંતુ એમ કરવા જતાં તો ઉલટું અધિક દુઃખ તે અનુભવતો હતો.

આવી સ્થિતિમાં એક વર્ષ વીતી ગયું. તે ઇંટરની પરીક્ષામાં નાસિપાસ થયો, અને તેમ બને તેમાં નવાઇ પણ શુ? પણ લક્ષ્મીએ તથા તેના સમજાવવાથી ગોવિ દલાલે તો તે બદલ વહુનેજ અપરાધી ઠરાવી! પોતાનો પ્રવીણુ પુત્ર પરીક્ષામાં નપાસ થયો તેનું કારણુ વહુનાં અમંગળ પગલાં પોતાના ગૃહમા થયાં એજ તેમણે દર્શાવ્યુ. હરકોઇ અનિષ્ટ બાબત બનતી તો તેનુ કારણુ બિચારી ગરીબ નવવધૂનાં અમંગળ પગલાંનુ જ જાહેર થતું. પોતાના પુત્રનું પુનર્લગ્ન કરવાથી ગૃહદશા સુધરી જશે એમ વિચારી ગોવિ દલાલે એકદમ પોતાના પુત્રને ત્વરાથી સ્વગૃહે આવવાનો કાગળ લખ્યો.

બીજી બાજુએ સમર્થલાલ પોતાની પત્નીના દુઃખે એટલા બધો દુઃખી થતો હતો કે તેને આહાર ઉપર રૂચિ થતી નહિ. નિદ્રાદેવી તેના ઉપર કૃપાદષ્ટિ કરતી નહિ. ચિ તાની ચિતામાં રાત્રિ દિવસ તે જીવતો બળ્યા કરતો હતો. તેનું શરીર મૂળથીજ સાધારણુ રીતે સુકોમળ હતું.

એટલે તેને આ ચિંતાને લીધે અનેક પ્રકારના રોગોએ ઘેરી લીધો. આવા પ્રકારની સ્થિતિમાં એક દિવસે તેને પોતાના પિતાનો પત્ર મળ્યો. પત્ર વાચી જોતાંજ પિતાએ શું ઉદ્દેશથી પત્ર લખ્યો હશે એ તે સારી રીતે સમજી શક્યો. તેણે વિચાર્યું: "હે કૃપાસિંધુ! હજુ આ પાપી જીવદ્વારા કેટલાં અન્યાયી કાર્યો થવાનાં બાકી રહ્યાં છે? તે બિચારીનું મ્હેં મ્હોં પણ જોયુ નથી, તોપછી તેણે મ્હારો અગર તો મ્હારા પિતાનો એવો શું અપરાધ કર્યો છે કે તેને માટે પિતાશ્રી આવું ભયંકર પ્રાયશ્ચિત્ત આપવા તૈયાર થયા છે? પૈસો! આ સર્વનાશનું કારણ માત્ર પૈસોજ છે."

આવા પ્રકારના અનેક વિચારોથી સમર્થલાલની તબિયત ઘણી બગડી આવી. જો કે પોતાને સાધારણ પ્રકારનુ દુઃખ હોય તો તે અન્ય કોઇ વિદ્યાર્થી મિત્રને માલૂમ પડવા દેતો નહિ, પરંતુ આજે તેની પ્રકૃતિ એટલી બધી બગડી આવી કે તેના મુખ ઉપરથી તેનું સ્નેહીમંડળ તેની કેવી વિચિત્ર સ્થિતિ થઇ ગઇ છે એ સમજી ગયું. સમર્થલાલને સખ્ત તાવ આવવા લાગ્યો. તેના કેટલાક મિત્રોએ ડૉક્ટરને બોલાવ્યો. સમર્થલાલનો સાળો ગિરગામમાં રહેતો હતો તેને પત્રદ્વારા આ વર્ત્તમાન પહોંચાડવામાં આવ્યા. ગોવિંદલાલને પણ તાર કરવામાં આવ્યો.

૨.

ગિરગામમાં એક નાનુ મકાન હતું. આ મકાનની આગળ એક સુંદર બગીચો શોભી રહ્યો હતો. એકંદરે આ ગૃહમાં ચાર મનુષ્યો રહેતાં હતાં. ભોગીલાલ, તેની પત્ની પાર્વતી, તેની ભગિની સરસ્વતી અને એક નોકર. ભોગીલાલ બી. એ. મા પાસ થયા પછી એક સ્કુલમાં શિક્ષકનું કામ કરતો હતો. હમણાં સરસ્વતીની ઉંમર ચૌદ વર્ષની હતી. તેના ઉપર તેના વડિલ બંધુનો તથા ભાભીનો બહુજ

સ્નેહ હતો. સરસ્વતી પણ પોતાના વડિલ ભ્રાતાને પિતા સમાન અને પોતાની ભાભીને માતા સમાન સમજી તેમનું યોગ્ય પ્રકારે માન જાળવતી હતી. તે સ્વરૂપવાન હોવા ઉપરાંત સુશીલા, નમ્ર અને શાણી હતી. સ્વચ્છતા ઉપર તેને વિશેષ પ્રેમ હતો. સરસ્વતીને લીધે આખું મકાન એવું તો સ્વચ્છ રહેતું હતું કે, અજાણ્યા મનુષ્યની આંખો તો એ મકાન જોતાંજ અંજાઇ જતી હતી. તેનું હૃદય દયાર્દ્ર હોવાથી પરોપકાર કરવામાં તે સદા સર્વદા તત્પર રહેતી હતી. સરસ્વતી પોતાના ભાઇની કૃપાને લીધેજ ઉત્તમ પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી શકી હતી. નાનપણથીજ તેને ધર્મકથાઓ વાંચવા પ્રત્યે અતિ પ્રેમ હતો, અને તેના પરિણામે તેને ઇશ્વર ઉપર અપાર આસ્થા હતી. આમ છતાં લગભગ બે વર્ષથી સરસ્વતીની ચિંતાનો—દુઃખનો પાર નહોતો. તેને જ્યારે જ્યારે એકાંત મળતી ત્યારે ત્યારે આંસુઓ પાડતી જોવામાં આવતી હતી. તેની આવી સ્થિતિ જોઇ ભોગીલાલને તેમજ પાર્વતીને પણ ઘણું લાગી આવતું હતું; તથા તેઓ બન્ને એના આત્માને શાન્ત કરવાનો યત્ન કર્યા કરતાં હતાં.

એક દિવસે બપોરે સરસ્વતીનો જીવ ગભરાઇ જવા લાગ્યો. તેને ગૃહ ખાવા ધાતું હોય એમ દેખાવા લાગ્યું, તથા કોઇ પ્રકારનું મહાન સંકટ આવી પડશે એવી તેને કલ્પના થઇ. ભોગીલાલ પોતાની ભગિનીની અવસ્થા કળી શક્યો નહિ, એટલે તેણે પ્રશ્ન કર્યો: "સરસ્વતી! આજે આમ કેમ કરે છે?"

એવામાં ચાકર એક પત્ર લઇને ત્યાં આગળ આવી પહોંચ્યો, જે વાંચતાં જ ભોગીલાલનું ચિત્ત ચિંતાતુર થઇ ગયું. તેણે મોટે સ્વરેથી એ પત્રને પુનઃ વાંચ્યો કે જેના શ્રવણથી સરસ્વતીની ગભરામણ વધી પડી. પોતાના ઉપર કોઇ મહાન સંકટ આવી પડનાર છે, એવો તેણે જે વિચાર કર્યો હતો તે આજ સંકટ છે એમ તેને

ખાત્રી થઇ, જેથી તે રૂદન કરવા લાગી. આ સમયે ભોગીલાલે સરસ્વતીને સંબોધીને કહ્યુંઃ "સરસ્વતી! ભય શા માટે રાખે છે? આપણે ક્યાં કોઇનું બગાડયું છે કે ઈશ્વર આપણું બગાડશે? હું હમણાંજ જઇને સમર્થલાલને અહિં લાવું છું. ગોવિંદલાલનો ગુસ્સો હમણાં નહિ તો થોડા કાળ પછી પણ શાંત થઇ જશે. ઈશ્વર આપણા ઉપર અવશ્ય કૃપા કરશેજ. સરસ્વતી! બ્હેન! તું કોઇ પણ પ્રકારનો ભય ગભરાશ નહિ જેનું આ અસાર સંસારમાં કોઇ નથી તેનો સમર્થ જગન્નિયંતા નારાયણ છે. ચાલ હવે વખત ગુમાવવો વ્યાજબી નથી. હું જઇને સમર્થલાલને અત્રે તેડી લાવું છું. તું અત્રેની સર્વ વ્યવસ્થા કરી રાખજે."

ભોગીલાલના ગયા પછી સરસ્વતી પોતાનું દુઃખ વિસરી જઇ શાંતિથી પોતાની ભાભી પાર્વતીને મદદ કરવા લાગી. આવશ્યક વસ્તુઓને વ્યવસ્થાસર ગોઠવી રહ્યા પછી નણંદભોજાઇ—બન્ને ભોગીલાલના આગમનની રાહ જોવા લાગ્યા.

કેટલોક સમય વીતી ગયા પછી ભોગીલાલ સમર્થલાલને પાલખીમાં સુવાડી પોતાને ઘેર લઇ આવ્યો તથા નણંદભોજાઇએ તૈયાર કરેલા બિછાના ઉપર તેને ધીમેથી સૂવાડયો. પતિની ભયંકર અવસ્થા જોઇ સરસ્વતીનું દુઃખ પાછું તાજું થઈ આવ્યું. તે બેભાન થઇ પૃથ્વી ઉપર પડી. ભોગીલાલે તેના માથા ઉપર કોલનવૉટર વગેરે છાંટી, વાયુ ઢોળી તેને શુદ્ધિમાં આણી તથા એક બાજુએ તેને લઇ જઇને કહ્યુંઃ "સરસ્વતી! આવા પ્રસંગે ધૈર્ય ધારણ કરવું એજ ત્હારા જેવી સમજુ બાળાનું કર્ત્તવ્ય છે. સામાના દુઃખ આગળ ઉલટું તું આ પ્રમાણે કરે એટલે તેના દુઃખમાં વધારો થયા સિવાય રહે નહિ. ડૉક્ટરે પણ ચિકિત્સા કરીને કહ્યું છે કે ફિકર કરવા જેવું કાંઇ નથી. બરોબર સેવા—શુશ્રૂષા કરવામાં આવશે એટલે આરામ થઇ જશે.

આ સમયે તો ત્હારે ધીરજથી પતિની સેવા કરવી જોઇએ. **સન્નારીઓનો મુખ્ય ધર્મજ પતિને દુઃખદ પ્રસંગે ધૈર્ય આપવાનો તથા તેની સેવા-શુશ્રૂષા કરવાનો છે.** તું સમજુ છે એટલે મ્હારે તને વિશેષ શુ કહેવુ ?"

સરસ્વતી એટલી બધી દુર્બળ થઇ ગએલી હોવા છતાં તેના મનમાં આશાના અંકુરો ઉત્પન્ન થઇ આવ્યા. તેની મુખમુદ્રા ઉપર પ્રફુલ્લતાએ આવીને નિવાસ કર્યો ડૉકટરે પુનઃ આવાને ચિકિત્સા કરી રહ્યા પછી જણાવ્યુ કેઃ "ચાર પાંચ દિવસમાં આરામ થશે. સેવા ચાકરી કરવામા કસર રાખશો નહિ."

સરસ્વતી રાત્રિદિવસ પતિના ખાટલા પાસેજ બેસી રહેતી હતી. સમર્થલાલ બેશુદ્ધ અવસ્થામાજ પડયો રહેતો હતો. તેની છાતી ઉપર શેક કરવાનુ, તેને નિયમ પ્રમાણે દવા આપવાનુ, માથા ઉપર બરફ મૂકવાનુ, શક્તિ અતિ ક્ષીણ ના થઇ જાય તે માટે વખતસર ખાવા આપવાનુ કામ કરવા ઉપરાત બીજા કાર્યો પણ તે પોતાનાથી બની શકે તે પ્રમાણે કરતી હતી. ચાર દિવસ સુધી તો તે એ પ્રમાણે પતિની સેવા કરતી રહી રાત્રના સમયે તે પોતાના પતિને આરામ કરવાને માટે ઇશ્વરને પ્રાર્થના કરતી હતી.

ચોથે દિવસે રાત્રે ડૉકટરે પ્રકૃતિને તપાસીને કહ્યુઃ "પ્રકૃતિ પાછી વિશેષ બગડી આવી છે; હવે એક બે કલાકમાજ કાંઇ નવા જુની થશે. કોઇ આહથી દૂર જશો નહિ. હુ પણ અત્રેજ બેસી રહીશ."

ડૉકટર આ પ્રમાણે બોલી રહ્યા હશે એટલામાંજ સમર્થલાલને ઉધરસ આવી. આ ઉધરસથી સરસ્વતીને મનમાં ઘણો ભય લાગ્યો. શરમ તથા ભયનો ત્યાગ કરી તેણે પતિ દેવતાના મસ્તકને પોતાના ખોળામાં લીધુ; તથા પોતાની બે આંગળીઓ પતિના મુખમાં નાખી તેમાથી કફ બહાર કાઢયો. સરસ્વતીએ ડૉકટરનું કહેવુ સાભળ્યું હતું;

જેથી તેના મનની દુઃખદ સ્થિતિનું વર્ણન કરી શકવાનું કાર્ય અમારી શક્તિની બહાર છે. તે વારંવાર દીવાનીની માફક ડૉક્ટર તરફ, વડિલ બંધુ તરફ, તથા સમર્થલાલની તરફ વ્યાકુળતાથી જોવા લાગી. તેના મનમાં અનેક પ્રકારના અનિષ્ટ વિચારો ઉત્પન્ન થઇ આવતા હતા. એવામાં એકાએક તેની દૃષ્ટિ ભીંત ઉપર લટકાવેલા રવિવર્માના એક ચિત્ર પ્રતિ ગઇ. આ ચિત્રમાં સાવિત્રી પોતાના પરલોકવાસી સ્વામીનું મસ્તક પોતાના ખોળા ઉપર મૂકીને તેને પુન સજીવન કરવાને માટે યમરાજાને પ્રાર્થના કરતી હતી. સાવિત્રીની કથાના ગીતો સરસ્વતીને કઠેજ હતાં. અત્યારે પોતાની તેમજ સાવિત્રીની સ્થિતિમા કેટલું સામ્ય છે તે સંબંધીનો તે વિચાર કરવા લાગી તે પોતાના મનથી પોતાનેજ સાવિત્રી કલ્પી યમરાજાની પ્રાર્થના કરવા લાગી તે પ્રેમથી, મનથી તથા એકાગ્ર દૃષ્ટિથી ચિત્રમા અંકિત કરવામાં આવેલી યમની પ્રતિમૂર્ત્તિ તરફ જોઇ રહી. ઘણા સમય સુધી તેણે પોતાની દૃષ્ટિ અન્ય દિશા પ્રતિ ફેરવી નહિ. એવામા તેને ચક્કર આવતાં હોય એમ લાગ્યું. તેની આખોએ અંધારાં આવ્યા. બે ચાર દિવસ સુધી જાગ્રતજ રહેલી હોવાથી કદાચિત્ તેને નિદ્રાના ઝોકા આવતાં હશે એમ ધારી કોઇએ તેના પ્રતિ સવિશેષ લક્ષ આપ્યુ નહિ. સરસ્વતીનાં નેત્રો બંધ હતાં. તે કાંઇક અંશે બેશુદ્ધ થઇ ગએલી હતી તથા બેશુદ્ધાવસ્થામાં સ્વપ્ન દર્શન કરી રહી હતી. આ સ્વપ્નમાં તેને યમનો ચ્હેરો પ્રસન્ન જણાયો; તથા પોતાની પ્રાર્થના ઉપર ધ્યાન દઇ યમરાજાએ પતિને સજીવન કર્યો હોય એવો તેને ભાસ થયો. જ્યારે સરસ્વતીએ કાંઇક શુદ્ધિમાં આવી પતિની સ્થિતિ જોઇ તો તેને પ્રથમ કરતાં શ્વાસોશ્વાસની ક્રિયા ઉત્તમ પ્રકારે ચાલતી જણાઇ. ડૉક્ટરે પણ અંગ પ્રત્યંગની સવિશેષ ચિકિત્સા કરી કહ્યું: “હવે સારૂં છે, ઇશ્વરની અપાર કૃપાના પરિણામે અનિષ્ટ પ્રસંગ દૂર થયો છે. હવે

ધીમે ધીમે સ્થિતિ સુધરતી જશે; પરંતુ સરસ્વતીને અહિં વિશેષ સમય બેસવા દેશો નહિ; કારણ કે એને ઓળખવાથી સમર્થલાલની સ્થિતિ પુન. બગડે એવો ભય લાગે છે."

સરસ્વતી પણ ડૉક્ટરનું કહેવું સત્ય સમજી બીજા ઓરડામાં જઇ બેઠી બેઠી ઇશ્વરસ્મરણ કરવા લાગી.

ગોવિંદરામ તેજ દિવસે સવારે પોતાને તાર મળવાથી ગભરાતો ગભરાતો પુત્રને શોધતો શોધતો ભોગીલાલને ત્યાં આવી પહોચ્યો હતો; પરંતુ ડૉક્ટરે તેને તેના પુત્રની સાથે મુલાકાત કરવા દીધી નહોતી. બીજે દિવસે ડૉક્ટરે ગોવિંદલાલને કહ્યું. "તમારા પુત્રના જીવન-સંરક્ષણનું કાર્ય મ્હારા કરતાં તમારી પુત્રવધૂએ વિશેષ પ્રમાણમાં કર્યું છે; કારણ કે તેના અપાર પરિશ્રમ વિના મ્હારી દવાની અસર થવી મહા મુસ્કેલ હતી. ખરેખર, એના પાતને પણ ભાગ્યશાળીજ સમજવો જોઇએ."

આ સકળ વચનો શ્રવણ કર્યા પછી ગોવિંદલાલને પોતાનાં પૂર્વકૃત્યો માટે ઘણો પશ્ચાત્તાપ થવા લાગ્યો. સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપા પુત્રવધૂને અપમાન કરી ગૃહમાંથી કાઢી મૂકી એ માટે તો તેને હવે ઘણુંજ લાગી આવ્યું તેણે સરસ્વતીને પોતાની પાસે બોલાવીને કહ્યુ "બેટા! મ્હેં સમર્થલાલને જન્મ આપ્યો છે ખરો, પરતુ તેના જન્મનુ રક્ષણ કરનાર તો તુંજ છે. અરેરે! મ્હેં ફક્ત લક્ષ્મીના લોભે તણાઇ ત્હારા જેવી સુશીલ, સાધ્વી, પતિપ્રાણા પુત્રવધૂનું અપમાન કરી તને કાઢી મૂકી હતી તે માટે હવે મને અપાર પશ્ચાત્તાપ થાય છે."

સરસ્વતીનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું, તથા તેણે પોતાના શ્વશુરને પ્રણામ કર્યા. ગોવિંદલાલે તેને આશીર્વાદ આપતાં આપતાં કહ્યું: "**સરસ્વતી; ત્હારી પતિભક્તિની સીમાજ નથી!** જગન્નિયંતા નારાયણ ત્હારૂં કલ્યાણ કરો તથા ત્હારા સકળ દુખને ત્વરાથી હરો."

સરસ્વતીને સુખી જોવાથી ભોગીલાલ તેમજ પાર્વતી બન્નેને આનંદ થયો.

સમર્થલાલની પ્રકૃતિ દિન પ્રતિદિન સુધરતી ચાલી એટલે પોતે ક્યાં છે એ જાણવાની જીજ્ઞાસા તેને ઉત્પન્ન થઇ. દરેક મનુષ્ય તેને પોતાનું પરિચિત હોય એમ જણાતું હતું; પરંતુ પોતે ક્યા આગળ છે, તે તે સમજી શકયો નહિ એક દિવસે તેણે ધૈર્ય ધારણ કરી ભોગીલાલને પ્રશ્ન કર્યો: "આપે મ્હારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. મ્હેં તમને પૂર્વ કોઈ સ્થળે જોયા હોય એમ લાગે છે. મને અહિ કોણ લઇ આવ્યુ ?"

ભોગીલાલે ઉત્તર આપ્યો: "તમારા રેસિડેન્સીના મિત્રોને તમારી પ્રકૃતિ અતિ અસ્વસ્થ જણાવાથી તેઓ તમને અહિ લઇ આવ્યા છે; પરંતુ હમણા તે સંબંધી વિશેષ વિચારો લાવી મનને ત્રાસ આપતા નહિ."

સમર્થલાલે પ્રશ્ન કર્યો: "પરંતુ મ્હારા પિતાને પત્ર લખ્યો છે કે ? ઘણો સમય થઇ ગયા છતા મ્હારા તરફનો એક પણ પત્ર નહિ મળવાથી તેઓ ચિંતા કર્યા કરતા હશે. વળી તેમણે મને સ્વગૃહે બોલાવ્યો હતો, પરંતુ મ્હારાથી જઇ શકાયુ નહિ તેથી કરીને તેમને કદાચિત્ મ્હારા ઉપર ક્રોધ પણ આવ્યો હશે હું નાશી ગયો હોઇશ એવું તેમને લાગ્યુ હશે"

એટલામાજ દ્વાર ઉઘાડી ગોવિંદલાલ ત્યા આગળ જઇ ઉપસ્થિત થયો તથા પુત્રને દૃઢ આલિંગન આપી કહેવા લાગ્યો: 'ભાઇ ! ફિકર કરીશ નહિ. હુ ત્હારા ઉપર બિલકુલ ગુસ્સે ભરાયો નથી. આ સકળ જનોની કૃપાથીજ ત્હારા જીવનનું રક્ષણ થયુ છે."

સમર્થલાલ ક્ષીણ કંઠે બોલ્યો: "પરંતુ પિતાશ્રી ! તમારા પત્રમાં........"

ગોવિંદલાલે પુત્રને બોલતો અટકાવી કહ્યું: "બસ કર હવે; મ્હેં મ્હારો વિચાર માંડી વાળ્યો છે. તે સંબંધીનો એક અક્ષર પણ ઉચ્ચારીશ નહિ."

સમર્થલાલે પુનઃ પિતાને પૂછ્યું "પિતાશ્રી! આ ગૃહસ્થ કોણ છે? મ્હે તેમને પૂર્વે કોઇ સ્થળે જોયા હોય એમ જણાય છે. જ્યારે હું અસ્વસ્થ હતો ત્યારે એક છોકરી મ્હારી પાસે બેસી રહી રાત્રિ દિવસ મ્હારી સેવા શુશ્રુષા કર્યા કરતી હતી. જ્યારે એક સમયે મને કાંઇક ભાન આવ્યુ ત્યારે મ્હારૂં મસ્તક તેના ખોળામાં હતું, એવું મને હમણાં સાધારણ યાદ આવે છે. હશે જેમ હોય તેમ ખરૂં, પરંતુ મને તૃષા ઘણી લાગી છે. થોડુ શીતળ જળ પાઓ."

ગોવિંદલાલે કહ્યું: "ભાઇ! જળપાન ન કરતાં જો થોડું દૂધ પીએ તો વધારે સારૂ ચાલો ભોગીલાલ શેઠ! થોડુ દૂધ મોકલીએ."

થોડો સમય વીતી ગયા પછી, ધીમેથી ઓરડાનું મુખ્ય દ્વાર ઉઘાડીને સરસ્વતી શરમાતી શરમાતી હાથમાં દૂધનો પ્યાલો લઇ ત્યાં આગળ આવી તેનુ દર્શન થતાજ સમર્થલાલના સર્વે રૂવાટા સ્થિર થઇ ગયા તેને એક પ્રકારનુ સ્મરણ થઇ આવ્યુ. તેની છાતી વિશેષ ધડકવા લાગી. તે અનિમેષે સરસ્વતી પ્રતિ જોઇ રહ્યો. પોતાનુ મન તે સ્ત્રીએ મેળવી લીધુ હોય એમ તેને થોડા સમય સુધી લાગ્યુ. તે એકાએક શય્યા ઉપર બેઠો થયો. પતિને મૂર્ચ્છા આવી જશે એવો ભય સરસ્વતીના મનમા પણ ઉપસ્થિત થયો, તેથી તે એકદમ તેની પાસે ગઇ અને દૂધનો પ્યાલો તેના મુખ આગળ ધર્યો.

સમર્થલાલનું અંગ પ્રત્યંગ પસીનાથી ભીંજાઇ ગયું. તેના મુખમાથી એક શબ્દ પણ બહાર નીકળી શક્યો નહિ. તે દીવાના મનુષ્ય પ્રમાણે સરસ્વતીના તરફ જોઇજ રહ્યો.

સરસ્વતી ડરતી ડરતી પરંતુ સ્મિત કરતી બોલીઃ "આપને તૃષા લાગી છે ને? થોડુ દૂધ પીવાથી સારૂં થશે."

સમર્થલાલે પ્યાલાને પોતાના હાથમાં નહિ લેતાં સઘળું દૂધ પીધું. દૂધ પીતાંજ તેનામાં વધારે હોશિયારી આવી. શરીરમાં કાંઇક ધિરજ આવી, પરતુ તેનાથી પુનઃ ઉંચું મસ્તક કરી સરસ્વતી તરફ જોઇ શકાયું નહિ. તે સ્વતઃ વિચારવા લાગ્યો કેઃ "આ બાળાને કોઇ સ્થળે જોઇ છે ખરી; ક્યાં જોઇ હશે વારૂ?"

એવામાં સમર્થલાલ સઘળુ રહસ્ય સમજી ગયો. તેના મનમાં એકાએક સર્વ પ્રકાશ પડયો. તેનાં નેત્રોમાં આનંદાશ્રુઓ ભરાઇ આવ્યાં. પોતાને ઈશ્વર આવા પ્રસંગનુ દર્શન કરાવશે એવો તેને સ્વપ્નમાં પણ વિચાર નહોતો આવ્યો. ગદ્ગદ્ કંઠે તેણે સરસ્વતીને કહ્યું: "પ્રિય સરસ્વતી! હું હવે કદાપિ તને દૂર રાખીશ નહિ, તેમજ હું હવે ત્હારાથી દૂર રહીશ નહિ. ઇશ્વરે મને આવું અમૂલ્ય રત્ન આપ્યા છતાં હું તેની કિંમત કરી શક્યો નહિ. હું કેટલો બધો નિષ્ઠુર છું! સરસ્વતી! મ્હેં ત્હારો મહા અપરાધ કર્યો છે. મ્હારા અપરાધનું પ્રાયશ્ચિત્ત મ્હારા પિતાની મરજી પ્રમાણે પુનર્લગ્ન થયાથી થનારજ હતું; પરંતુ એવામાં દૈવની લીલાથી હું અસ્વસ્થ થઇ પડયો. જે થયું તે સારૂજ થયું. નહિ તો મ્હારા પાપની સીમા રહેવાની નહોતી. અરેરે! પિતૃ આજ્ઞાનું પાલન કરવા માટે હું ત્રણ વર્ષ મુંબઇમાં રહ્યો છતાં આ તરફ આવ્યોજ નહિ! આથી વિશેષ મ્હારા કઠોર સ્વભાવનો બીજો શું પુરાવો જોઇએ?"

સરસ્વતીએ કહ્યું: "નાથ! આપ ક્યાં નથી જાણતા કે કર્મમાં લખેલું ભોગવવુંજ પડે છે. હુંજ ભાગ્યહીન છું કે મ્હારે માટે આપને આટલું બધું સહન કરવું પડયું. આટલું છતાં અંતે તમે મ્હારો સ્વીકાર કર્યો એ શું મ્હારે માટે ઓછા આનંદની વાત છે?!"

આનંદના ઉભરાને લીધે સરસ્વતી વિશેષ કાંઇ બોલી શકી નહિ. હવે ફક્ત મુખ્ય વાત કહેવાની એજ રહી કે ગોવિંદલાલને સરસ્વતીના લગ્ન સમયે તેના વડિલ બંધુ તરફથી એક હજાર રૂપિયા વધારે મળ્યા નહિ તોપણ હમણાં ગોવિદલાલ તેને બદલે તેના પતિ પાસેથી પ્રત્યેક માસે બસેં રૂપિયા પ્રાપ્ત કરે છે; પરંતુ પહેલી તારીખે તે રૂપિયા ગણતી વખતે તેનાં બાળબચ્ચાં ગોવિદલાલને શાતિથી રૂપિયા ગણવા દેતાં નથી! સત્યજ કહ્યું છે કે **या सौन्दर्यगुणान्विता पतिरता सा कामिनी कामिनी।**

૧૮

ક્લેશની પૂર્ણાહુતિ.

માણેક ગુસ્સાથી બોલી ઉઠી:—"હુ તેની સ્ત્રી છુ; કાંઇ ગુલામડી તો નથી ને? લગ્ન કર્યું છે તે કાંઇ દાસીપણું કરવાને માટે તો નથી કર્યું?"

"માણેક! માણેક! એવું ગાંડું બોલીશ નહિ; જો મ્હારૂં કહેવું કાઇક સાભળ."

"પરતુ દાદી! તમેજ કહો, તમેજ ઇન્સાફ કરો હુ શુ ઘરની ગુલામડી છુ?"

"નહિ, નહિ, કદાપી નહિ. તુ તેની પરણેલી સ્ત્રી, પટ્ટરાણી તથા ઘરની ધણિયાણી છે."

"ત્યારે પછી તે મને ઘર ધણિયાણી પેઠે શા માટે માન આપતા નથી? સ્ત્રોનુ સન્માન કરીને તથા તેના ઉપર પ્રેમ રાખીને જ પતિએ વર્ત્તવુ જોઇએ. દાસીની માફક ગમે તે હુકમ કરે તે હું કાંઇ સાભળવાની નથી."

"અરે, તુ આ પ્રમાણે બોલે છે અને જો કદાચિત્ ત્હારાં વચનો તે સાભળે તો પછી તેનો ત્હારા ઉપર કેવી રીતે પ્રેમ ઉત્પન્ન થાય?"

"તેથી શુ? ઉલટું જો મ્હારાં વચનો તેમને શ્રવણે પડશે તો તેઓ હવેથી મ્હારૂ અપમાન કરવાનુ ભૂલી જઇ મને સન્માન આપવાનુ શીખશે. આપણાથી તો હવે કોઇનું ઉપરીપણું ખમી શકાશે નહિ. સ્વતંત્રતા વિનાનુ જીવન તે કાંઇ જીવન છે?"

"માણેક તું તો છેકજ ગાંડી છે. ત્હારા આ ગાંડપણનું પ્રાયશ્ચિત પણ ત્હારેજ ભોગવવું પડશે. શું બધો દોષ જમાઇનોજ છે, એમ ત્હારૂ કહેવુ છે? તું જે પ્રમાણે ત્હારો હક્ક આવો છે ને તેવો છે એમ કહે છે, તેજ હક્કની સાથે તું ત્હારી પતિ પ્રત્યેની ફરજ પણ સમજી હોત તો આવાં ન બોલવાનાં વચનો કદાપિ બોલત નહિ. આમાં ત્હારી એકલીનો દોષ છે એમ પણ મ્હારૂં કહેવુ નથી. બે હાથ વિના તાળી પડતી નથી. ત્હારા પતિનો કાંઇક અપરાધ હશે, પરંતુ જો પ્રથમથીજ ત્હે તેમને નમ્ર વચનો કહ્યાં હોત તો ક્લેશ ઉભો થાત નહિ, અને તે પણ કાંઇક સમજી જાત પ્રથમ દોષ ત્હારોજ છે."

"આજે મ્હારા મનમાં તમારી પાસે આવવાનો વિચાર હતો, હું મ્હારી મરજીમા આવે ત્યા જઉં, તેઓ શામાટે મને પોતાની સાથે લઇ જવાનો આગ્રહ કરે? મ્હેં અત્રે આવવાનો વિચાર નક્કી કર્યો હતો. હું મ્હારો વિચાર કદાપિ ફેરવતી નથી એ તેઓ જાણે છે, છતાં વિના કારણ તેમણે આગ્રહ કર્યો ત્યારેજ આવુ પરિણામ આવ્યુ ને?"

"પરતુ તું જાણે છે કે ત્હારે પણ તેમનો સ્વભાવ સાચવીને રહેવું જોઇએ. જો તું આ પ્રમાણે ન કરે તો કલહકકાસ થયા કરે; અને તેને લીધે તમારા બન્નેમાથી કોઇને સુખ મળે નહિ. આજ સુધી જમાઇએજ શાન્તિ ધારણ કરી હતી, તેઓ ત્હારી વિરૂદ્ધ કાંઇ પણ બોલતા નહોતા. બધું સાંભળીજ રહેતા હતા."

"ઠીક, તું પણ એમનુજ ખેચ. હું જાણું છું કે મ્હારૂં અંતરનુ કોઇ રહ્યું નથી" આમ કહી માણેક રૂદન કરવા લાગી.

બીજી બાજુએ જયકૃષ્ણ ખેલ જોવા ગયો. તે ગૅલેરીની ટીકીટ લઇને બેઠો હતો, પરંતુ ખેલ જોવામાં તેનું ચિત્ત બિલકુલ નહોતું. તેની પત્ની બે માસ થયાં ગૃહમાં આવી હતી. જયકૃષ્ણ થોડા સમય ઉપરજ બી. એ. માં પાસ થઇ મુંબઇમાં નોકરીએ લાગ્યો હતો.

પત્ની સાથે સુખેથી રહેવાના હેતુએ તેણે તેને પોતાની પાસે બોલાવી જૂદો સંસાર માંડયો હતો. મૂળથીજ તે સુખી અવસ્થાનો હોવાથી માત્ર નોકરીવડેજ તેનો નિર્વાહ ચાલતો નહોતો. સ્વતંત્ર નાનો બંગલો, નોકર તથા રસોઇઓ વગેરે પણ રાખવામા આવ્યા હતા. પ્રોફેસર રામમૂર્તિના અંગબળના અદ્દભુત ખેલોની કેટલાક તેના મિત્રોએ તેની આગળ ઘણી પ્રશંસા કરી હતી; તથા તે ખેલ સ્ત્રીઓને પણ દેખાડવા જેવા છે એવુ જણાવ્યું હતું. આથી કરીને એક દિવસે રાત્રે જયકૃષ્ણે સ્ટૉલની બે ટીકીટ લીધી. પોતે ટીકીટ લઇને ગૃહે જશે, અને પત્નીને પોતાને પણ ખેલ જોવા જવાનુ છે, એવી તેને ખબર પડશે ત્યારે તેને કેટલો બધો આનંદ થશે, તે સંબધીના વિચારો કરતો કરતો પ્રસન્ન વદને તે સ્વગૃહ પ્રતિ જતો હતો ગૃહે જઇ સ્મિત કરતાં કરતાં તેણે કહ્યું: "આજે આપણે રામમૂર્તિના ખેલ જોવા જવાનુ છે, માટે ભોજનની વ્યવસ્થા જલદીથી કરો."

"ખેલ જોવા જવાનુ છે?" માણેકે આવો પ્રશ્ન એટલા કંટાળાથી તથા ગુસ્સાથી કર્યો કે જયકૃષ્ણદાસનુ હસવું નાસી ગયું; અને તે પણ તદ્દન બદલાઇ ગએલા અવાજથી બોલ્યો: "મ્હેં ફક્ત મ્હારેજ માટે નક્કી કર્યું છે!"

"તેવુંજ કહેવું જોઇતું હતું. તમારે પોતાને માટે હોય તો ઠીક, નહિ તો હું તો કાંઇ આવવાની નથીજ." માણેકે રોફમાંજ ઉત્તર આપ્યો.

"તમે આવશો? આજે હું બન્નેને માટે ટીકીટ લાવ્યો છું, માટે આપણે બન્ને જઇશુ."

"જ્યારે ટીકીટ લીધી ત્યારે તો મને કાંઇ પૂછયુંજ નહોતું. મ્હારાથી આજે અવાશે નહિ. મ્હારે બીજે એક સ્થળે જવાનું છે."

"પરતુ આજે મ્હેં ટીકીટ વેચાતી લીધી છે માટે બીજે કોઇ સ્થળે જવાનો ત્હારો વિચાર હોય તો ત્યાં આવતી કાલે જજે."

"નહિ બસ, મ્હારે આજેજ જવાનું છે અને હું જઈશજ."

"આ બધું બોલવું એ મૂર્ખાઇ ભરેલુ છે." જયકૃષ્ણે ગુસ્સાથી કહ્યું.

"બહુ સારૂં, હું મૂર્ખી હોઇશ તો મ્હારી જાતને ભારે તેમાં તમારે શુ?"

પુનઃ જયકૃષ્ણે શાંત થઇ જઇ કહ્યુ: "જો મ્હેં આમ કર્યું છે તે ફક્ત તને આનંદ થશે એમ વિચારીનેજ કર્યું છે, માટે જો તું ત્વરાથી ભોજન કરી મ્હારી સાથે આવીશ તો મને પણ ઘણો આનદ થશે."

"મ્હારૂ કામ બગાડી હું તમને આનંદ આપી શકું તેમ નથી. હુ કાંઇ ગુલામડી નથી કે તમારી ઇચ્છા પ્રમાણે ચાલ્યા કરૂ."

માણેકના વચનો એવા તો તીવ્ર હતા કે જે શ્રવણ કરતાંજ જયકૃષ્ણના આત્મા ઉપર સખ્ત આઘાત થયો. તે એકદમ ઉઠયો તથા પોતાની પાઘડી માથા ઉપર ઘાલીને બહાર ચાલ્યો ગયો. તે ગયો એટલે માણેક પણ ત્વરાથી ત્યાથી ઉઠી અને મુંબઇમાં તેની દાદી રહેતી હતી ત્યા જવા નીકળી, અને ત્યાં જઇ તેણે પોતાને ત્યાં બનેલો સકળ પ્રકાર પોતાની દાદીને કહી સભળાવ્યો. આ વાતોના પ્રારંભમા આપેલો વાદવિવાદ તે સમયે થયો હતો. તે પછી શુ બન્યું તે હવે જોઇએ.

દાદીનાં છેવટનાં વચનો સાંભળીને માણેક રૂદન કરવા લાગી. તે રૂદન કરતી કાંઇક શાંત થઇ ત્યારે તેની દાદીએ પુનઃ ગભીરતાથી કહ્યું: "છોકરી! આજે જે બનાવ બન્યો છે, તે કદાચિત્ તને ઘણો નજીવો લાગશે, પરંતુ કોણ જાણે કે તેથી ત્હારા ઉપર કેટલું બધું દુઃખ આવી પડશે. આનું પરિણામ એ આવશે કે તમારા ઉભયના, પરસ્પરના પ્રેમનો નાશ થશે; અને જ્યારે પ્રેમનો નાશ થાય તો

પછી સુખ ક્યાંથી? પ્રેમ સિવાય સુખની પ્રાપ્તિજ નથી. એવો સર્વ સાધારણ નિયમ છે. કેટલાક સ્થળોએ આવા નહિ જેવા કલહોનાં પણ શુ શું પરિણામો આવ્યાં છે તે તું જાણે છે? આવા આવા નજીવા કલહકંકાસોથી અનેક પ્રેમા જોડાંઓના ગૃહ સુખનું સત્યાનાશ વળી ગયું છે."

આ પ્રમાણે બોલતા બોલતા દાદીનો કંઠ ભરાઇ આવ્યો. તેના નેત્રોમાથી અશ્રુધારા વહેવા લાગી. પુનઃ તે બોલીઃ "માણેક! જો સાંભળ! ત્હારા જેવીજ એક હઠીલી છોકરી હતી. તેના નશીબે તેને એક સારો પરતુ અભિમાની તથા દુરાગ્રહી પતિ મળ્યો હતો. પ્રથમ તો તે બન્નેના કેટલાક દિવસો સુખ શાતિમા પસાર થયા. પતિના મુખમાથી જે શબ્દ નીકળતો તે પત્ની ઝીલી લેતી હતી, પરતુ પછીથી કોઇની શીખવણીથી તે સ્ત્રી પોતાના પતિના વચનો પ્રત્યે દુર્લક્ષ્ય કરવા લાગી. પ્રત્યેક વાતમા એક બીજાનો એક બીજાથી વિરૂદ્ધ મત પડવા લાગ્યો. આવી સ્થિતિમા કેટલા દિવસો કાઢી શકાય? એક દિવસે નજીવી બાબત માટે પતિ પત્ની વચ્ચે કલહ ઉત્પન્ન થયો. બન્ને જણ પરસ્પર ક્રોધ વચનો બોલવા લાગ્યા. પછી તેનુ પરિણામ..."

ડોસીથી આગળ બોલી શકાયુ નહિ તેથી થોડા સમય સુધી શાંત રહીને બોલીઃ "તેનુ પરિણામ અંતે એવું આવ્યુ કે પતિ ગૃહમાથી ચાલ્યો ગયો; અને પુનઃ કદાપિ પાછો આવ્યોજ નહિ. પતિના વિયોગથી પત્નીનુ જીવન પણ ધૂળધાણી થઇ ગયુ."

માણેકે આશ્ચર્યથી પ્રશ્ન કર્યોઃ "શુ કદાપિ પાછો આવ્યોજ નહિ?" તેના મનમાં જુદોજ ભય ઉત્પન્ન થયો. તે ઘણીજ ગભીર બની ગઇ.

"નહિ, આ લોકમાં તો તેમનો મેળાપ ના જ થયો. તે સ્વગૃહેથી મથુરાં તરફ નાસી ગયો! આમ થવાથી તેની સ્ત્રીને પાછળથી ઘણો પશ્ચાત્તાપ થયો. પરતુ તે બિચારી શુ કરે? તેણે ઘણીએ

શોધ કરાવી, પરંતુ કાંઇ વળ્યું નહિ. છેવટે ચાર મહિના પછી મથુરાંથી એક કાગળ આવ્યો, તેમાં લખેલું હતું કે ભૂખથી તેનું મૃત્યુ થયું હતુ." બોલતાં બોલતા ડોસી પોતાના નેત્રોમાંથી ઉભરાઇ જતાં અશ્રુઓને રોકી શક્યાં નહિ.

આ વાત સાંભળી માણેક કંપી ઉઠી. તેનું મુખ ચિંતાતુર થઇ ગયું. ગભરાતી ગભરાતી તે પોતાની દાદીને પૂછવા લાગી. "દાદી, દાદી! શુ તમે આ સત્ય કહો છો? આ શુ ખરી બનેલી વાત છે?"

"છોકરી! મ્હારે અસત્ય બોલવાનુ કારણુ શુ? તને ખાત્રી થાય એટલા માટે મ્હારે તને કહી દેવુ પડે છે કે, એ અભાગિણી સ્ત્રી તે હુંજ છું. નશીબમા એક છોકરી હતી તેના પેટે ત્હારો જન્મ થયો. બ્હેન! આવા નાના સરખા કારણુથીજ કલેશ ઉભો થયો હતો; માટે કાંઇ શિખામણ લે અને આ નજીવા કલહનો અંત લાવ તે ઘેર આવે ત્યારે તેમની પાસે ક્ષમા માગજે, તથા હવેથી નજીવી બાબતો માટે કલહ નહિ કરવાનો દૃઢ નિશ્ચય કરી રાખજે. મ્હારાં વચનો લક્ષમા રાખીશ તો ભવિષ્યમા બહુ સુખી થઇશ **પતિના પ્રેમથી સ્ત્રીના આત્માને જેટલું સુખ મળે છે તેટલું સુખ બીજા કશાથી મળતું નથી.**"

"પરંતુ દાદી! મ્હારા દુર્દૈવે કદાચ તેઓ પાછા નહિ આવે તો?"

"ના, ના, તે માટે તુ બિલકુલ ચિંતા કરીશ નહિ. પ્રથમ વખતનાજ કલહથી કંટાળી નાસી જનાર મનુષ્યો ઘણાં થોડાં હોય છે. એ તો જ્યારે હરહમ્મેશાં કલહકંકાસો થયા કરે ત્યારે કોઇ સમયે મનુષ્ય કંટાળી સાહસિક બની જઇ ગૃહનો ત્યાગ કરે છે. માટે હવે જો તુ ત્હારી ભૂલ નહિ સુધારે તો ત્હારે પણુ કદાચ ભવિષ્યમાં પસ્તાવું પડશે. વળી આ કલહ થવાના કારણુરૂપ તો તુજ છે. શું મ્હારે ત્યાં ન આવતાં પતિને આનંદ આપવા માટે તેની સાથે

આઇ હોત તો કાંઇ બગડી જાત ? તેઓ ટીકીટના પૈસા ખરચી આવ્યા હોવા છતાં તું તેમની સાથે ગઇ નહિ એ ત્હારી એક પ્રકારની મૂર્ખતાજ છે."

માણેક ગદ્‌ગદ્‌ કંઠે અશ્રુપૂર્ણ નેત્રોએ બોલીઃ "સત્ય છે, દાદી મ્હેંજ રાંડે ભૂલ કરી છે. અરેરે ! તેઓ ચાલ્યા જશે તો પછી મ્હારી શું ગતિ થશે ?"

માણેક ગભરાઇ ગઇ. તેની દાદીએ તેને ઘણી શાંત્વના આપી છતાં તેના આત્માનુ સમાધાન થયું નાહ. પોતાની દાદી ઉપર પૂર્વે આવી પડેલો વિપદ્ પ્રસગ યાદ કરી તે રૂદન કરવા લાગી તેને રૂદન કરવા સિવાય બીજું કાંઇ સૂઝતુજ નહોતુ. રાત્રે દશ વાગે તે સ્વગૃહે જઇને પતિની રાહ જોતી બેઠી. પ્રત્યેક ક્ષણ તેને એક વર્ષ સમાન જણાવા લાગી. તે ગૃહમાં આમતેમ આંટા મારતી મારતી દ્વાર માંથી રસ્તા ઉપર વારવાર દૃષ્ટિ ફેંકવા લાગી. આજે તેનો વખત બિલકુલ જતો નહોતો.

પેલી તરફ જયકૃષ્ણ થોડો સમય ખેલ જોવા બેઠો, પરંતુ તેને ખેલ જોવાનું ગમ્યુ નહિ. ગૃહેથીજ તે કંટાળીને નીકળેલો હોવાથી તેનો આત્મા અસ્થિર હતો. પત્નીના સ્વભાવ માટે તેને ઘણો સંતાપ થવા લાગ્યો. છેવટે તે શરીર સારૂં નથી એવું બ્હાનુ કાઢી મિત્રોની રજા લઇને સમુદ્ર ઉપર ફરવાને માટે ચાલ્યો ગયો, પરંતુ સમુદ્રનો શીતળ હવા જયકૃષ્ણના ઉત્તપ્ત આત્માને શીતળ કરી શકી નહિ.

બીજી બાજુએ માણેક છેકજ અધિરી બની ગઇ તથા પતિની શોધ ખેલના મંડપ આગળ જઇનેજ કરવી એવો નિશ્ચય કરી તેણે ગૃહ બહાર જવાનો વિચાર કર્યો; પરંતુ મધ્યરાત્રિના સમયે તે કેમ જઇ શકે ? એકલી જાય પણ કેવી રીતે ? પતિને યાદ કરી તેણે ઘણા સમય સુધી રૂદન કર્યા કર્યું તથા પોતાના મન સાથે દૃઢ નિશ્ચ

કર્યો કે જો ઇશ્વરની કૃપાથી તેઓ પાછા ગૃહે આવશે તો હું મ્હારા અપરાધ માટે તેમની ક્ષમા માગી પુનઃ કદાપિ કલહ ઉત્પન્ન કરીશ નહિ. ઘાટીને તથા રસોઇઆને તેણે પતિની શોધ કરવા માટે મોકલ્યા. ઘણા સમય સુધી તેઓ પણ શોધ કરીને પાછા આવ્યા નહિ. છેવટે તે મેડા ઉપર સૂવાના ઓરડામાં જઇને ત્યા પડેલા કોચ ઉપર બેઠી. થોડાજ સમયમાં તેનાં નેત્રોમા નિદ્રા આવી. તેને સ્વપ્નુ આવ્યુ. આ સ્વપ્નમાં તેને પોતાનો પતિ ચાલ્યો ગયો હોય તથા પોતે તેની શોધ કરતી હોય એમ જણાયુ. એવામા પતિની ભય કર સ્થિતિનો તાર આવ્યો; અને તે તેણે કોઇને વ ચાવ્યો. એક કલાક સુધી તે નિદ્રામા પડી રહી. જે સમય દરમ્યાન તેને ઉપર્યુક્ત ભાવાર્થનુ સ્વપ્નુ આવ્યુ. તે ગભરાતી ગભરાતી ઉઠી. પોતે ક્યા છે તેનું તેને બિલકુલ ભાન નહોતું. તેને સર્વત્ર અધકાર ને અધકારજ જણાવા લાગ્યો. દીપક પણ નિર્વાણ પામ્યો હતો. થોડા સમય સુધી તેણે આસપાસ જોયા કર્યું; તથા પોતે જે જોયુ છે તે સ્વપ્નજ છે, અને સત્ય પ્રકાર તો જૂદોજ છે, આમ વિચારી પુન શાતિ મેળવતાં તેને પંદર મિનિટ જેટલો સમય લાગ્યો. શાંત થયા પછી તેના મનમાં પોતાનો પતિ આવ્યો છે કે નહિ તે સંબધીનો પ્રશ્ન ઉપસ્થિત થયો. તેનું શરીર કંપવા લાગ્યું. તે બિચારીને દીવાસળીની પેટી પણ જડી નાહ. છેવટે અથડાતા કુટાતાં તેણે મહા મહેનતે દીવાસળીની પેટી શોધી કાઢી દીવો સળગાવ્યો ઘડીઆળમાં જોતાં તે સમયે દોઢ વાગેલો માલૂમ પડયો. વિચારમા ને વિચારમાં તે નીચે આવી તો ત્યાં આગળ કોઇનો શ્વાસોશ્વાસ ચાલતો તેને માલૂમ પડયો. ઓટલા ઉપર આવેલી ઓરડીમાં પડેલી આરામ ખુરસી ઉપર કોઇ સૂતેલું હોય એમ તેને લાગ્યુ. દીવો આગળ કરી તેણે આતુર દષ્ટિથી જોયું તો તે જયકૃષ્ણજ જણાયો! હવે માણેકના હર્ષનું શું પૂછવું? એકદમ તે આનંદથી પતિને વળગી પડી.

બૅંકની ઉપર કેટલોક સમય ફરવાથી તેનો આત્મા કાંઇક શાંત થતાં તેને લાગ્યુ કે સ્ત્રીને ગુસ્સામાં પડી રહેવા દઇ બહાર ભટકવું એ સારૂ નથી એક વખત તેને તેની ભૂલ સમજાવવીજ જોઇએ. આમ નિશ્ચય કરી તે સ્વગૃહે પાછો આવ્યો, પરંતુ મનમાંથી ખેદ હજી બરાબર દૂર થએલો નહિ હોવાથી ગૃહમાં પ્રવેશ ન કરતાં ઓટલા ઉપર આવેલી ઓરડીમાં પડેલી આરામ ખુરસી ઉપરજ તે સુઇ રહ્યો. તેને એવી આશા હતી કે, "મોડા સુધી મ્હારૂ જવું ન થવાથી તેને પોતાના દોષનું કંઇક પણ ભાન થશે; અને તે પોતાનો સ્વભાવ સુધારશે;" અને તેથીજ તે ઓરડી ઉઘાડી આરામ ખુરસીમા સૂતો હતો. રાત્રી બહુ ગએલી હોવાથી નિદ્રાવશ થઇ ગયો હતો. પત્નીના હાથ તેના શરીર ઉપર પડતાંજ તે જાગી ઉઠયો. જાગીને જોતાજ તેને પત્નીની સ્થિતિ અને તેનું વદન મંડળ બદલાઇ જુદાજ પ્રકારનુ થઇ ગએલુ જણાયુ ! તરતજ તેના મનમાનો બધો ઉદ્વેગ શમી જઇ તેનું સ્થાન સ્નેહે લીધુ. માણેકબાઇ પતિ દેવતાની ચરણરજને મસ્તક પર ચઢાવીને રૂદન કરતી કરતી બોલી ઉઠી "નાથ ! મ્હારી થએલી ભૂલ માટે મને ક્ષમા કરો." આ પ્રકારે પતિ પત્નીના '**ક્લેશની પૂર્ણાહુતિ**' થઇ

સ્ત્રીઓના વગર સમજણના આવા કઈ કઇ દોષોને લીધે કેટલા પતિઓ અને પતિઓના દોષોને લીધે કેટલી પત્નીઓ દુઃખી થતી હશે ! પ્રભુ કૃપાએ તેઓ સર્વેને માણેકબાઇની દાદીમાના જેવાં શુભેચ્છક અને શુભ સલાહ આપનાર મળી આવો; અને માણેકબાઇના જેવું પોતાના દોષને તરત સમજી જઈ પશ્ચાત્તાપ કરી ક્ષમા માગનાર કોમળ અને ઉમદા હૃદય પ્રાપ્ત થાઓ !

૧૯

નવવધૂનાં દુઃખ.

પ્રથમ હુ 'નવવધૂ' સંબંધી કેટલીક વાત પ્રકટ કરીશ. આ લેખ મ્હારા અનુભવનુંજ ફળ છે. આ નાના લેખમાં હુ એજ દર્શાવવાને ઇચ્છું છું કે વિવાહ થઇ ગયા પશ્ચાત્ ભારતીય કન્યાઓની કેવી અવસ્થા થાય છે?

વિવાહ પછીથી પ્રથમવાર જે કન્યાઓને સાસરે વળાવવામાં આવે છે તે બિચારીઓ પોતાનાં માતાપિતાના વિયોગથી, સખી સાહેલીઓના વિરહથી તથા ભાઇભાંડુથી અલગ થવાના દુઃખથી દુઃખીત થઇને અપાર રૂદન કરે છે.

વિદાય સમયે કન્યાઓના ગૃહનુ દશ્ય કેવુ હ્રદય વિદારક થઇ પડે છે, એ વાત ભાગ્યેજ કોઇ પણ પાઠકથી અજ્ઞાત્ હશે. રૂદન કરતી કરતી માતા, પિતા, સખી, ભાઇ, બોનઇ ઇત્યાદિ સર્વેની પાસે દયા માટે ભિક્ષા માગે છે. આમ છતા તની ભિક્ષા કોઇ પણ પૂર્ણ કરતુ નથી, સર્વેજનો માત્ર તેને શાત્વના આપે છે, અને થોડાજ દિવસમાં પાછી તેને પિયેર બોલાવી લેવાના તેમજ એવા એવા અનેક પ્રકારનાં શાત્વનાદાયક વચનો કહે છે. આમ થવા છતા પણ કન્યા તો બિચારી રૂદન કર્યાજ કરે છે

જ્યારે પિતાના ગૃહનો ત્યાગ કરવાનો સમય આવી પહોચે છે અને કન્યા રાજીખુશીથી વિદાય થતી નથી તો કેટલીક સ્ત્રીઓ તેને પકડીને વાહનમાં પરાણે બેસાડી દે છે; અને તે બિચારી નિરાધાર

કન્યા રૂદન કરતી કરતી, સ્નેહી સ્વજનો ઉપર ખીજવાતી ખીજવાતી તેમને નિર્દય અને કઠોર સમજીને વિદાય થાય છે.

જ્યારે એ રૂદન કરતી કરતી થાકી જાય છે, ત્યારે તેના વિયોગનો પ્રથમ ઉચ્છ્વાસ કાંઇક અંશે ઓછો થઇ જાય છે. તે સમયે સ્વભાવિક રીતેજ એના મનમાં સવાલ ઉઠે છે કે "હું કયાં જાઉં છું? મ્હારે સાસરામાં કેવી રીતે રહેવું પડશે? સાસરીઆઓ મ્હારા પ્રત્યે—મ્હારા પ્રતિ કેવા પ્રકારનુ વર્ત્તન ચલાવશે?"

અત્યાર સુધી તેનાં સાસરીઆઓ તેની સાથે જે મર્યાદા અને મીઠાશથી બોલતા હોય છે તથા વર્તતાં હોય છે તે ઉપરથી સાસરીમાં જઇને આનંદથી મ્હાલશે અને ત્યાં સૌ કોઇ પોતાના પ્રત્યે ઘણો પ્રેમ રાખશે, એવા અનેક તરંગો તેના મનમા આવે છે. વળી તેમાં પણ જે કન્યા રૂપ, ગુણ તથા આભુષણ અલંકારો વડે અલંકૃત છે તેના મનની આનંદજનક કલ્પનાઓની તો સીમાજ રહેતી નથી. તે તો આનંદિત મનવડે અનેક પ્રકારના સુખ અને સત્કાર મળવાના વિચારો કરતી કરતી સાસરીમાં પહોચે છે; અને જે કન્યા રૂપ, ગુણ અથવા ઘરેણાંથી રહિત હોય છે તે ઇશ્વરને દોષ દેતી અને ઘરેણાં નહિ હોવાથી માતાપિતાને પોતાનાં વૈરી તથા કંજુસ કહેતી, મનમાં અનેક પ્રકારની ચિંતા તથા રૂદન કરતી કરતી સાસરીમા જાય છે. આ પ્રમાણે કોઇ સુખના વિચારોમાં મ્હાલતી તો કોઇ દુઃખના દરિયામાં ડૂબતી સાસરે પહોંચી જાય છે.

આ સ્થળે હુ એ પણ ઉલ્લેખ કરી દેવો ઉચિત સમજુ છુ કે તેઓ માર્ગમાં કેવી રીતે જાય છે? વિશેષ કરીને ગાડા રસ્તેજ જવાનું હોય છે જેથી કન્યાને પાલખીમા, માફામાં કે બેલગાડીમાં બેસાડીને તેને ચારે બાજુએથી પીંજરાની પેઠે ઢાંકી દઇને લઇ જાય છે, અને કન્યાને ખુલ્લી ગાડીમાં બેસારવાની હોય છે ત્યારે તો

બિચારીના પુરાજ ભોગ ! પોતાને માથે, મ્હોડે તેમજ સર્વ શરીરે એકાદ ચાદર તેને વીંટી લેવાની ફરજ છે, છતાં પર્દો રાખવો પડે છે, જેથી તે બિચારી નવવધૂને લેશ માત્ર પણ પવન મળતો નથી. તેમજ રસ્તામાં આવતાં સુશોભિત ક્ષેત્રો, વૃક્ષો વગેરે જોવાનો જરા પણ લાભ કે આનંદ મેળવ્યા વિના, હવા વિના ગુંગળાતી ગુંગળાતી તેમજ સંબંધીઓના વિયોગથી દુ ખી થતી અત્યંત દુર્દશાપૂર્વક સાસરીએ પહોચે છે.

શ્વશુરના ગૃહમાં સ્ત્રીઓની મેદની ભરાઇ રહી હોય છે. સર્વે સ્ત્રીઓ નવવધૂને જોવાને માટે ઉત્સુક થઇ રહી હોય છે. કેટલીક મુખ્ય સ્ત્રીઓ નવવધૂને વાહનમાંથી ઉતારવાને જાય છે. પછી નવવધ જ્યારે વાહનમાંથી નીચે ઉતરી ગૃહમાં પેસે છે ત્યારે તેની ચારે દિશાએ સ્ત્રીઓની એટલી બધી મેદની ભરાઇ ગઇ હોય છે કે જેથી કરીને તે બિચારી લાકડાના પુતળા સમાન સ્થિર થઇ જાય છે. નવવધૂ આંગણામાં આવતાંજ એક વૃદ્ધા સ્ત્રી તેનો ઘુઘટો ઉંચો કરે છે. જેમ કરતાની સાથેજ જો નવવધૂ ચતુર હોય છે તો પોતાનાં નેત્રોને મીંચી દે છે. તેનું શાંત મુખ સર્વ સ્ત્રીઓ જોવા મડી પડે છે; અને પછીથી સમાલોચનાની શરૂઆત થઇ જાય છે.

વહુ રૂપમાં રતિ, ધનમાં કુબેર પુત્રી અને ગુણમાં સીતા સમાન હોય છે, તોપણ તેના કેટલાક અવગુણો દર્શાવ્યા સિવાય સ્ત્રી જાતિથી રહી શકાતું નથી. સર્વે સ્ત્રીઓ એ બાબતમાં પોતપોતાની બુદ્ધિ અને જીભનો ઉપયોગ કરવા મંડી પડે છે. એક સ્ત્રી કહે છે કેઃ “વહુ સુંદર તો છે, પરંતુ તેનું નાક કાંઇક ચપટું જણાય છે!”

બીજી બોલી ઉઠે છે કેઃ “હરિ! હરિ! ઇશ્વરનો દોષ ના કાઢો. જુઓ તેના નાકની બનાવટ તો ઘણીજ સુંદર છે. તમે અસત્ય દોષારોપણ કરો છો. પણ અરે! આ તરફ તો જુઓ, એનો ચોટલોજ બરોબર ક્યાં બાંધેલો છે!”

ત્રીજી હામાં હા મેળવી કહેવા લાગે છે: "હા બ્હેન! તમે સત્ય કહો છો; જૂઓ ચાંલ્લો પણ બરાબર કરતાં ક્યાં આવડયો છે? એની મા તે કેવીક ફુવડ હશે!"

આ પ્રમાણે ગાળી પ્રદાનનું મંગળાચરણ થયું, એટલે હવે એ ફુવડ શબ્દરૂપી સૂત્ર ઉપર ભાષ્ય અને મહાભાષ્ય કરવાની પંડિતાઓની હરિફાઇ ચાલવા લાગે છે. કોઈ આંગળી ચમકાવતી કહે છે: "એની માતા તો ઘણી જંગલી છે."

કોઇ બોલી ઉઠે છે: "અરે એ તો ભૂત કે ડાકણના જેવી છે. આટલું પોતાની કન્યાને સજ્જ કરતાં પણ આવડયું નહિ!"

ત્રીજી ઉમેરે છે: "ત્યારે તો સારૂં થયું કે આ બિચારી એ પિશાચિણીના હાથમાથી છુટી. હવે અનુભવી સાસુ તેને સારી રીતે વસ્ત્રાલંકારો સજવાનું શીખવશે"

વળી કોઇ વૃદ્ધા ઠચરી ઉમેરે છે કે: "જેવી તેની માતા કાંઇ ઢંગ વિનાની છે તેમ તેનો બાપ પણ કશા ધડા વિનાનો જ છે! અરે વાદરા જેવોજ છે! એટલે તેની દીકરી પણ તેવીજ હોય એમાં શું નવાઇ! જૂઓ! આ વહુની બંગડીઓ પણ કેવી ખરાબ કરાવી છે?"

બીજી એક બોલે છે: "અરે તેના બાપની કંજુસાઇની પણ શું વાત કરવી? જૂઓને, વહુનું કડું પણ કેટલું બધું પાતળું છે?"

કોઇ વળી માથું ધૂણાવતી બોલી ઉઠે છે: "ખરૂં પૂછો તો એવાને ઘેર તો કોઇએ વિવાહજ કરવો જોઇએ નહિ!"

કોઇ ભવિષ્યવાદિણી બોલે છે કે: "હું તો પ્રથમથીજ કહેતી હતી કે ત્યાં વિવાહ કરવાથી કાંઇ ફાયદો નથી એ વંશની કન્યા આપણા વંશમાં લાવવા યોગ્ય નથી."

બિચારી નવવધૂની કુલણજી સાસુ પોતાની વહેવાણની નિંદા સાંભળી ખડખડ હસી પડે છે! તે તો એમજ સમજે છે કે આ તો

અમારા ઘરની પ્રશંસા ચાલી રહી છે!

ઠીક, હવે વહુનાં માબાપની ટીકાનો અધ્યાય પૂર્ણ થઇ ગયા પછી આ નિંદાખોર સ્ત્રીપલ્ટણ બિચારી સહાયરહિત વહુની નિંદા કરવાની શરૂઆત કરે છે. એક જણી બોલી ઉઠે છે: "જુઓને, તેને છેડો ખોસતાંએ હજી ક્યાં આવડે છે?"

બીજી બોલે છે: "અરે એ તો ઠીક પણ આટલી મોટી થઇ તોપણ હજી ઉભા રહેતાં પણ ક્યાં આવડે છે?"

ત્રીજી ઉમેરે છે: "અત્યારથીજ આવો ઘાટ છે તો મ્હારા બાપ, ભવિષ્યમા તો કોણ જાણે કેવીએ નીવડશે?"

નિંદારૂપી તોપોના આ મારાથી બિચારી નવવધૂના દુખની તો સીમાજ રહી હોતી નથી, તેમાં જાણે હજી કાઇ બાકી રહી ગયું હોય તેમ ડાહ્યલાં સાસુમા તેનાપર દયા કરવાને બદલે વધારામાં ઉમેરે છે કે, "એ તો જેવાં માબાપ તેવાંજ છોકરા હોયને? કોણ જાણે કયા પાપે આ પથરો અમારે માથે જડાયો!"

છેવટે કેટલીક ડાહી ડમરી સ્ત્રીઓ સાસુજીને શાત કરે છે. બીજી તરફ બિચારી નવવધૂ પોતાના–હૃદયપર ઉપરા છાપરી આવી પડતાં આ વચન બાણોના પ્રહાર સહન નહિ કરી શકવાથી, ઘરના વધારે અદરના બાગમાં જાય છે કે જ્યાં કેટલીક મોટી વયની કન્યાઓ એકઠી થએલી હોય છે. આ સર્વ કન્યાઓ નવવધૂની સાથે વાતચીત કરવાને ઘણીજ આતુર થઇ રહી હોય છે; પરંતુ બિચારી શરમાળ, વહુ કોની સાથે અને શી બાબતનો વાર્તાલાપ કરી શકે? છેવટે સર્વ વેરાઇ જાય છે.

રાત્રિ વીતી પ્રભાત થતાંજ બિચારા પતિરાજ ચોરની પ્રમાણે ગૃહની બહાર ચાલ્યા જાય છે. બીજી તરફ વહુ પણ નિત્યકર્મથી પરવારી સાસુજીનાં દર્શન કરવાને જાય છે. તે સાસુજીને સાષ્ટાંગ પ્રણામ

ફરી એક જગ્યાએ જઇને બેસે છે. આ સમયે સમય જોઇ સાસુજી પોતાના કર્ત્તવ્યનુ પાલન કરવા લાગે છે !

જો વહુ નમ્રતાથી બેઠી હોય છે તો સાસુજી કહે છે કેઃ " અરે ! આમ રાણી સાહેબ થઇને કેમ બેઠા છો ? કાંઇક રીતસર બેસો. " જો વહુ સિધી બેઠી હોય છે તો કહે છે કેઃ " અરે ! આમ ઉતાવળી થઇને અકડાઇને કેમ બેઠી છે ? મોટાઓની પુત્રી પ્રમાણે નમ્ર થઇને કેમ બેસતી નથી ? "

ઉપર પ્રમાણે નવવધૂ ગમે તેમ બેસે તોપણ સાસુજી તો પોતાના કર્ત્તવ્ય પ્રમાણે પોતાની મધુરી વાણી (!) તેને સંભળાવવાનાં જ ! આ પ્રગાણે તે બિચારીને સાસુજીનાં વચનો સાંભળી રહેવાં પડે છે; અને જો તે દરમ્યાન વહુ કાઇ હાલે ચાલે છે તો તેના ઉપર 'ડાકિણી, પિશાચિણી ' ઇત્યાદિ મધુર (!) શબ્દોની છુટથી વૃષ્ટિ કરવામાં આવે છે !

આ ઠેકાણેથી કોઇ પ્રકારે મુક્તિ મેળવી નવવધૂ જ્યારે પોતાના ઓરડા તરફ જાય છે ત્યારે તેની ચાલ ઉપર સમાલોચના થાય છે. અન્ય જનોની વાત તો શું કરવી, પરંતુ ઘરમાં કામ કરવા આવનારી બહારની હલકી સ્ત્રીઓ પણ આ પ્રકારની ટીકા કરતાં શરમાતી નથી. કોઇ કહે છે કેઃ " વહુ ખૂટાના જેવી સીધી ચાલે છે. " કોઇ કહેશે કે "ડોબા જેવી છે !" તો કોઇ કહેશે કે "પગજ ઉપાડતાં કયાં આવડે છે ! વળી જુઓને મિજાજમાં ને મિજાજમાંજ અક્કડ ચાલે છે. અભિમાનનો તો જાણે સુમારજ દેખાતો નથી ! "

જો તે ચાલવામાં ચપળ હોય છે તો તેને એવો ઇલકાબ મળે છે કે " જુઓને, ચાલે છે તે જાણે હરણું દોડતું હોય એવી તો ફલંગો ભરે છે ! "

આવી આવી ટીકાઓથી મુક્ત થઇ નવવધૂ પોતાના કર્ણને તૃપ્ત (!) કરતી બિચારી પોતાના ઓરડામાં ચાલી જાય છે.

આ સર્વેની પછી હવે નણંદનો સમય આવી પહોચે છે. જો વહુને સહજ ઉધરસ આવી તો નણદ પોતાની માતા પાસે જઇને કહે છે કેઃ "અરે બા આ તે કેવી ! આખો દિવસ જાણે ખુ ખુંજ કર્યા કરે છે!"

આ વાક્યની પુષ્ટીમાં સાસુજી પણ બીજાં કેટલાંક મહા વાક્યો ઉચ્ચારે છે. નણંદબાઇ તો જાણે ઇન્સ્પેક્ટરની પેઠે વહુના દોષો શોધવાનીજ તજવીજમાં રહી સાસુબાઇને મરચા મીઠા સાથે રિપોર્ટ કરવાને નીમાયાં હોય તેમ ઘડીએ ને પળે તેજ ધધો કર્યા કરે છે !

પાઠકો ! પ્રથમથીજ સમજી ચૂકયા છે કે સાસુજીનાં દર્શન માત્રથીજ વહુને કેટલુ બધું સહન કરવું પડે છે? આ પ્રમાણે બિચારી નવવધૂને સદા ગૃહરૂપી પિંજરામાં પૂરાઇ રહેવુ પડે છે.

જો પતિ સમજુ હોય છે અને પત્નીના ઉપર પ્રેમ રાખતો હોય છે તો તે પોતાની પત્નીને સુખી રાખવા જતા ઉલટો વિપદમાં આવી પડે છે. તેનાં માબાપજ એમ કહ્યાં કરે છે કેઃ "રાડ આવી છે ત્યારથી તેણે છોકરાને વશજ કરી દીધો છે! ભાઇ સાહેબ વહુજીને જોઇને ગાંડાઘેલા બની ગયા છે!"

જ્યારે આમ પતિની વિરૂદ્ધનાં વચનો બિચારી નવવધૂના શ્રવણે પડે છે ત્યારે પતિની વિપદના કારણરૂપ પણ પોતેજ છે, એમ ધારી તે ઘણીજ દુઃખી થાય છે. ઘણા લોકો આવા ઉત્તમ જોડાની નિન્દા કર્યા સિવાય રહેતા નથી. પતિને પણ 'બૈરીનો ભડવો' એવા હલકા સબોધનથી વાતચીતમાં ઓળખાવે છે. પતિ બિચારો કરે પણ શું? તેનાં વચનો ઉપર કોણ લક્ષ આપે?

આવી રીતે 'નવવધૂ' અનેક પ્રકારનું કષ્ટ ભોગવે છે; અને તે બિચારીને પોતાનું સાસરૂં એક કેદખાના કરતાં પણ અધિક દુઃખદાયક થઈ પડે છે. તેની દુઃસ્થિતિ પ્રતિ કોઈ લક્ષ આપતું નથી. જો તે બિચારી નિરૂપાયે પોતાનુ દુઃખ સ્વામીને કહી સંભળાવે છે; અને તે બાબત જો પ્રકટમાં આવે છે, તો તે બિચારીને 'કુથલી કરનારી' કહેવામા આવે છે! કેટલીક વખત સાસુ, નણંદ કે અજ્ઞાન પતિનો માર પડવા છતાં તે બિચારીને રોવાનો કે ડસકું ભરવાનો અધિકાર પણ હોતો નથી! ખરેખર આવે સમયે તેના દુઃખની હદજ વળી ગએલી હોય છે!! બિચારી નવવધૂઓનાં હજી અનેક દુઃખો અહીં વર્ણવી શકાય તેમ છે. પણ હાલ તો આટલેથીજ અટકીશુ.

પાઠકો! આપણા દેશની નવવધૂઓની દુર્દશાનું દર્શન કરો, તથા **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः** એ મહામત્રનુ સ્મરણ કરો. શુ નવવધૂઓનું આ વાકય પ્રમાણે સન્માન થાય છે કે? એ ગરીબ બાળાઓને આવા પ્રકારે દુખી કરવી એ તેમને જીવતી બાળી મકવા કરતા પણ અનેકગણું પાપ કરવા જેવું છે, માટે ગુજરાતનાં જે સ્થળો તથા જે જ્ઞાતિઓમાં આવી કે એને મળતી કુરીતિઓ ચાલતી હોય ત્યાંના સમજુ પુરૂષોએ બીજું નહિ તો પોતપોતાનાં ગૃહોમાંથી તો અવશ્યજ ખાસ કાળજી રાખીને તે દૂર કરાવવી ઘટે છે. અને તેમ થતાં બીજેથી પણ દૂર થવા માંડશેજ.

સમાપ્ત.

ભક્તિમાર્ગના સિદ્ધાંતોનું હાલ નવુંજ નીકળેલું પુસ્તક.

"સ્વર્ગની સડક."

રોયલ ૧૨ પેજી પૃષ્ઠ ૫૪૦, સોનેરી પાકા પુઠાંવાળું
દળદાર પુસ્તક માત્ર રૂ. ૧)માં.

ભક્તિજ્ઞાનનાં ઉંડાં રહસ્યો સમજાવી હૈયામાં હરિનું હેત જાગૃત કરે તેવા ૧૬૬ દાખલા આ પુસ્તકમાં સાદી ને સહેલી રીતે વર્ણવેલા છે.

તેમાંના થોડા દાખલાઓનાં મથાળાં —

સંસારિક ભક્તોનો ખરો ધર્મ.
ગૃહસ્થાશ્રમ ભોગવવો એ ઉંચી વાત છે.
અંતરમાં રહેલાં પાપોને કાઢવાનો ખુલાસો.
દુઃખથી દબાઈ જઈને રોયા કરો મા.
જપ કરવા તથા ધ્યાન ધરવા વિષે.
મંદવાડ વખતે ધીરજ તથા શાન્તિ રાખવી.
ભક્ત થવું એટલે શું? તેનો ખુલાસો.
આનંદ, આનંદ ને આનંદ.
અંતરની પવિત્રતા વિષે.
વૃદ્ધ માણસોને શિખામણ.
કુટુમ્બ સુખ મેળવવાના ઉપાયો.
સાચા ભક્તોની ઓળખાણ.
ધર્મનાં ને ભક્તિનાં કામો જલદી કરો.
પ્રભુને અર્પણ થઈ જવું એટલે શું?
ઈશ્વરની અલૌકિક કૃપા વિષે.
પ્રભુના ગુણ ગાવાના બેહદ લાભ.

સ્વર્ગની કુંચી, સ્વર્ગનું વિમાન ઇ૦ ઘેરેઘેર પ્રિય થઇ પડેલાં પુસ્તકો જેવાજ વધારે ખુલાસાવાળા એક ભક્તરાજની કૃપા પ્રસાદીરૂપ દાખલાઓ આમાં આપેલા છે

અમૃતલાલ સુંદરજી પઢીયાર, હાથીબીલ્ડીંગ, મુંબઈ નં. ૨.

સચિત્ર સુન્દરી સુબોધમાં શું શું આવે છે'

૧. ઓછામાં ઓછું એક મનોહર ચિત્ર.

૨. ચાલુ નવલકથા. (આકર્ષક અને ચમત્કારિક વાર્તા).

૩. સમાજ, સાહિત્ય અને વિજ્ઞાનને લગતા ખાસ વિષયો.

૪. કર્મક્ષેત્ર ચારિત્ર્ય અને ઉદ્યોગ. મહાન સ્ત્રી પુરૂષોનાં ચરિત્રો.

૫. વિદ્યાકળા–વૈદક; પાકશાસ્ત્ર–ગૂથણકળા; ગૃહધર્મ; અને બીજા અનેક પ્રકારના સામાજિક વિષયો.

૬. હિન્દુસ્તાન અને દુનિયાના બનાવોનો અહેવાલ.

૭. કાવ્યો, બાળકો માટે ખાસ વાર્તાઓ, યાત્રા તથા મુસાફરી.

૮. સપૂર્ણ, સુબોધક અને આનન્દન, રસીલી વાર્તાઓ.

૯. ગમ્મતના લખાણ, રંગભૂમિ, ચાલુ ચર્ચા, ઉત્તમ પુસ્તકોનો સાર, વાચવા લાયક ઉતારા, વિવિધ વિષયો.

૧૦. વર્ષમાં ત્રણવાર ખાસ અંક પ્રકટ થાય છે; વાર્તાઓનો અને બાળકો માટેનો સાધારણ કદના. સ્ત્રી લેખનો ખાસ અંક ઘણો મોટો અને સુન્દર ચિત્રો, છબીઓથી ભરપૂર!

" પોતાનું અને પોતાના કુટુંબનું હિત ચ્હાનાર દરેક ગૃહસ્થે સુન્દરી સુબોધ વાંચવું અને સ્વજનમાં વંચાવવું ખાસ જરૂરનું છે."